ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૪ના વર્ષની પ્રથમ સભા, ગુરુવાર, તા. ૩૦-૫-૧૯૭૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૫-૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	આચાર્ય ય. પ્રા. શુક્લ	હાજર
૩.	આચાર્ય કે. એન શાહ	હાજર
૪.	આચાર્ય જી. એમ. પટેલ	હાજર
૫.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૬.	શ્રી. એ. કે. મહેતા	ગેરહાજર
૭.	ડૉ. આર. એમ. ચોકસી	હાજર
૮.	આચાર્ય સી. એસ. શાહ	ગેરહાજર
૯.	ડૉ. એ. એમ. મલાવવાલા	ગેરહાજર
૧૦.	ડૉ. એચ. સી. ભાયાણી	હાજર
૧૧.	શ્રી. કે. આર. ચંદ્રશેખરન	ગેરહાજર
૧૨.	ડૉ. સી. જી. ખત્રી	હાજર
૧૩.	ડૉ. પરેશ એમ. મજમુદાર	હાજર
૧૪.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૫.	આચાર્ય ડી. એમ શીખ	હાજર
૧૬.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૧૭.	શ્રી. એ. એમ. રાવળ	હાજર
૧૮.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૧૯.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. 30-૫-૭
૨૦.	ડૉ. સી. આર. નાયક	હાજર
૨૧.	ડૉ. આર. કે. ધારૈયા	હાજર
૨૨.	શ્રી. ડી. એન. પાઠક	હાજર
૨૩.	ડૉ. જે. એ. વાજિક	હાજર
૨૪.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	હાજર
૨૫.	શ્રી. એચ. એન. રાવળ	હાજર
૨૬.	શ્રી. એન. જે. પટેલ	હાજર
૨૭.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર
૨૮.	આચાર્ય વી. એસ. ભટ્ટ	હાજર
૨૯.	આચાર્ય પી. આર. દેસાઈ	હાજર
૩૦.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૩૧.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર
૩૨.	ડૉ. કે. ભાર્ગવ	ગેરહાજર
૩૩.	આચાર્ય બી. ડી. પરીખ	ગેરહાજર
૩૪.	શ્રી. બી. વેણુગોપાલાચારૂ	હાજર
૩૫.	ડૉ. એસ. કે. મજમુદાર	ગેરહાજર
૩૬.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર.

૧. તા. ૨૩-૧૨-૧૯૭૩ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૩ના વર્ષની છઠ્ઠી સભાના કામકાજની નોંધને બાહાલી આપવા બાબત.

તા. ૨૩-૧૨-૧૯૭૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૩ના વર્ષની છઠ્ઠી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ચાલુ વર્ષે પ્રવર્તમાન વિશિષ્ટ સંજોગોમાં અને ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલના અધ્યક્ષશ્રીના પત્રના સંદર્ભમાં ચાલુ વરસે અપવાદરૂપે યુનિવર્સિટી દ્વારા લેવાનાર ફર્સ્ટ ઇયર (ડિપ્લોમા) ફાર્મસીની પરીક્ષામાં સ્વૈચ્છિક રીતે બેસવાની અને તેમાં નાપાસ થાય અથવા ન બેસે તેવા વિદ્યાર્થીઓને આગામી સત્રથી ઇન્ટર ફાર્મસીના વર્ગમાં જોડાવા માટે છૂટ આપવાની, પરંતુ આવા વિદ્યાર્થીઓએ આગામી ઑક્ટોબર માસમાં યુનિવર્સિટી દ્વારા લેવાનાર ફર્સ્ટ ઇયર (ડિપ્લોમા)ની પરીક્ષા આપે તે પહેલાં તેમણે ફર્સ્ટ ઇયર (ડિપ્લોમા) ફાર્મસી પરીક્ષા પાસ કરવાની રહેશે તે અંગે; તેમ જ

(૨) પહેલી, બીજી અને ત્રીજી બી.ફાર્મ.ની પરીક્ષાઓ જે કૉલેજ દ્વારા લેવાનું નક્કી કરેલ છે, તે પરીક્ષામાં બેસવું વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક રહેશે તેમ જ સદરહુ પરીક્ષાઓમાં જેઓને સત્રો ભરવાની પરવાનગી (એ.ટી.કે.ટી.) મળેલ હોય કે નાપાસ થયા હોય તેઓને પણ ઉપલા વર્ગમાં જવા માટે પાત્ર ગણવામાં આવશે.

(**નોંધ.**—આ વ્યવસ્થા ચાલુ વર્ષે વિશિષ્ટ સંજોગોના ઉપલક્ષ્યમાં અપવાદરૂપે જ કરવામાં આવી છે અને ભવિષ્યમાં તેને પ્રથારૂપ લેખવામાં આવશે નહિ.)

(૩) ગુજરાત રાજ્યના વિશિષ્ટ સંજોગોને ધ્યાનમાં લઈ ૧૯૭૪ના મે માસમાં લેવાનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ.બી.બી.એસ. પરીક્ષામાં આંતરિક ગુણ ગણતરીમાં લેવાનું સ્થગિત કરેલ હોઈ આ વરસે સદરહુ પરીક્ષામાં પ્રશ્નપત્રો ૭૦ ગુણને બદલે ૧૦૦ ગુણ પ્રમાણેના રાખ્યાના;

(૪) ત્રીજા વર્ષ બી.કોમ.ના નવા માળખા પ્રમાણેના એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વૈકલ્પિક વિષયમાં પ્રશ્નપત્ર ૩ અને ૪ના અભ્યાસક્રમો જૂન ૧૯૭૪થી અમલમાં મૂકયાના;

(૫) દ્વિતીય વર્ષ બી.એ અર્થશાસ્ત્રના પ્રશ્નપત્ર ૩, પ્રશ્નપત્ર ૪, પ્રશ્નપત્ર ૫, પ્રશ્નપત્ર ૫ (મરજિયાત)નો નવો અભ્યાસક્રમ મંજૂર કરી તેને લગતો રેગ્યુલેશન આર્ટ્સ ૭ સુધારી જૂન ૧૯૭૪થી નિયત કર્યાના;

(૬) તૃતીય વર્ષ બી.કોમ. અર્થશાસ્ત્રના પ્રશ્નપત્ર ૩નો નવો અભ્યાસક્રમ મંજૂર કરી તેને લગતો રેગ્યુલેશન કોમ. ૨૩ સુધારી જૂન ૧૯૭૪થી નિયત કર્યાના;

(૭) એમ.એસસી. ભાગ ૨ ભૌતિકશાસ્ત્રનો નવો અભ્યાસક્રમ મંજૂર કરી તેને લગતો રેગ્યુલેશન એમ.એસસી. ૬ સુધારી જૂન ૧૯૭૪થી નિયત કર્યાના;

(૮) એમ.એસસી. ભાગ ૧ ભૌતિકશાસ્ત્રનો નવો અભ્યાસક્રમ મંજૂર કરી તેને લગતો રેગ્યુલેશન એમ.એસસી. ૪ સુધારી માર્ચ/એપ્રિલ ૧૯૭૪ની પરીક્ષાથી નિયત કર્યાના;

(૯) હિન્દી વિષયના પાઠ્યક્રમોમાં નીચે મુજબ ફેરફાર કરી તેને માર્ચ/એપ્રિલ ૧૯૭૪ની પરીક્ષા માટે નિયત કર્યાના :

દ્વિતીય વર્ષ બી.એ.—પ્રશ્નપત્ર ૩ (પદ્ય)

(અ) મહાદેવી વર્મા, પૃષ્ઠ ૧થી ૯૩ સુધી, એટલે કે પ્રારંભથી સાધ્ય ગીત સુધી

(બ) "હલદીઘાટી" આખું પુસ્તક અભ્યાસક્રમ માટે નિયત કરી તેના ૧થી ૧૨ સર્ગ સંદર્ભ માટે રાખ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. સમાજ વિદ્યાભવનમાં અર્થશાસ્ત્રના રીડરની જગ્યા માટે તા. ૨૬-૪-૧૯૭૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૨૬-૪-૧૯૭૪ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સદરહુ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૨૬-૪-૧૯૭૪ની સભાની ભલામણ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૪. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯ તરફથી જૂન ૧૯૭૪થી (૧) પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન સોશિયલ સાયકોલોજી (ડી.એમ. એન્ડ એસ.પી.), અને (૨) પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી (બી.એસસી. એન્ડ એસ.ટી.)ના અભ્યાસક્રમો શીખવવા ચાલુ માન્યતા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને (૧) પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન સોશિયલ સાયકોલોજી (ડી.એમ. એન્ડ એસ.પી.) અને (૨) પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી (બી.એસસી. એન્ડ એસ.ટી.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધી ચાલુ માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલીની તપાસ માટે નિયુક્ત થયેલી સમિતિના અહેવાલના સંદર્ભમાં સદરહુ કૉલેજને તા. ૧૫-૬-૧૯૭૪થી ચાલુ જોડાણ આપવું નહીં, તેવા આ સભાગૃહના અભિપ્રાય સાથે આ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી અંગે નીમવામાં આવેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો ડૉ. કે. જી. દેસાઈનો તા. ૧૫મી માર્ચ ૧૯૭૪નો તથા યુનિવર્સિટી કાર્યાલયના ડેપ્યુટી એકાઉન્ટન્ટ શ્રી. વી. વી. શાહનો તા. ૨૫મી માર્ચ ૧૯૭૪નો અહેવાલ તથા આ કૉલેજની બાબતમાં સંબંધકર્તા કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. ત્યાર બાદ સદરહુ કૉલેજોના ચાલુ જોડાણની અરજીની બાબતમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

> કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી (૧) યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર વિદ્યાર્થી સંખ્યા પ્રમાણમાં જરૂરી એવા પૂર્ણ સમયના શિક્ષકગણ વિના તથા જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલ વિના આ કૉલેજે કામ ચલાવ્યું છે, તથા (૨) આચાર્યશ્રીની નિમણૂકની બાબતમાં નિવૃત્તિવયમર્યાદા અંગેના યુનિવર્સિટીના નિયમોનો ભંગ કરેલ છે, તથા (૩) ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે છાત્રાલયની વ્યવસ્થા નથી, તથા (૪) કૉલેજના મકાન અંગેની સુવિધાઓ પૂરતી સંતોષકારક નથી, તથા (૫) યુનિવર્સિટીની મંજૂરી વિના ૧૯૭૩-૭૪ના વરસમાં સાત વધુ વિદ્યાર્થીઓને બી.એડ.ના વર્ગમાં પ્રવેશ આપ્યો છે—એ બધું જોતાં સદરહુ કૉલેજનું જોડાણ ચાલુ રાખવાનું યોગ્ય થશે નહીં એમ આ સભાગૃહનો અભિપ્રાય છે, અને તેથી આ બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૧૨-૧૯૭૩ની સભાએ કરેલી ભલામણ રદ કરીને, એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી કે તા. ૧૫મી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવું નહીં.

૬. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં સવારનું શિક્ષણકાર્ય બંધ કરીને જૂન ૧૯૭૫થી બપોરની કૉલેજો કરવા અંગેના એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૭-૨-૧૯૭૩ની સભાના ઠરાવના સંદર્ભમાં સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદે વર્ગ-ખંડોના બાંધકામ માટે જરૂરી આર્થિક સહાય મેળવવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને કરેલી અરજી પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કરેલા સૂચનને અનુલક્ષીને રાજ્ય સરકારની આર્થિક સહાયથી

ઉપલબ્ધ સુવિધાઓનો પૂરો ઉપયોગ કરવા માટે સદરહુ આદેશ પાછો ખેંચવાનું ઇષ્ટ છે કે કેમ તે અંગે વિચારણા કરવા માટે જણાવતા રાજ્ય સરકારના શિક્ષણ ખાતાનો તા. ૬-૩-૧૯૭૪નો પત્રાંક એનજીસી-૧૦૭૪-૪૨૦૮ કે.એચ., જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે આ સભાગૃહની વિચારણા માટે મોકલેલ છે તે પરત્વે વિચારણા કરવા અંગે.

In this connection, I am to state that in view of the present financial crisis and dearth of resources the Commission is of the opinion that the present physical facilities available in the country may be pooled together and used in such a manner that maximum benefit could be derived. It is, therefore, requested that the State Government may please consider the question of staggering working hours in the colleges so that facilities provided with the Commission's assistance could be utilised by the colleges to its optimum. It may be stated in this connection that the University Grants Commission can not earmark large amounts for construction of additional classrooms as the above decision of Gujarat University means that class room accommodation will have to be increased considerably. The academic desirability of having two separate colleges as C. U. Shah Science College, Ahmedabad and a C. U. Shah Commerce College, Ahmedabad may also please be looked into.

આથી ઠરાવવામાં આવે છે કે સવારની કૉલેજો જૂન ૧૯૭૫થી બંધ કરવા માટેની આ સભાગૃહની ભલામણ પરથી લેવામાં આવેલો નિર્ણય રદ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. તબીબી વિદ્યાશાખાની તા. ૪-૧૨-૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પહેલી એમ.બી., બી.એસ. ના વિદ્યાર્થીઓ માટે ફિઝિકલ ટ્રેનિંગ રદ કરવા અને ઑડિનન્સમાં જરૂરી સુધારો કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) પહેલી એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓ માટે શારીરિક તાલીમ રદ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧)માં શારીરિક તાલીમ રદ કરવાને કારણે કોઈ પણ સંલગ્ન તબીબી કૉલેજમાંથી, વ્યાયામ શિક્ષકને, કૉલેજમાં રમત-ગમતનું કામ પણ તેમણે સંભાળવાનું હોય છે તે જોતાં, છૂટા કરી શકાશે નહીં એમ સ્પષ્ટતા કરવી.

૮. હિન્દીની અભ્યાસસમિતિની તા. ૮-૧૧-૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"પરીક્ષકોની પેનલ માટે આવેલી અરજીઓની ચકાસણી કરતાં એવું જણાયું છે કે જે તે અધ્યાપકને જે ક્રેડિટ ગુણાંક આપવામાં આવેલા છે તેમાં અસ્પષ્ટતા છે. આજની આ સભા

કરાવે છે કે ક્રેડિટ ગુણાંક ગણતી વખતે (૧) પીએચ. ડી.ની ડિગ્રી જે વિષયમાં હોય તે વિષયમાં ગુણાંક ગણવા જોઈએ (૨) અધ્યાપકનો અનુભવ જે વિષયના અધ્યાપનનો હોય તેનો જ શૈક્ષણિક અનુભવ ગણવો જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ તમામ વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવો.

૯. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદના પ્રો. પી. એફ. પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક શિક્ષણ આપતા અધ્યાપકોએ તેમના અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રાખવા ઓછામાં ઓછા ત્રણ સંશોધન-લેખો પ્રકાશિત કરવા એવો નિયમ આપણી યુનિવર્સિટીમાં છે. પરંતુ આ નિયમથી અધ્યાપક જે સંશોધનો કરશે તેમાંનાં ઘણાંખરાં સંશોધનો જે વિષયનું તે અનુસ્નાતક શિક્ષણ આપે છે તે વિષય પરત્વે હોવા સંભવ નથી. આમ થવાથી આ સંશોધનો તેમની અધ્યાપન કાર્ય કરવાની કાર્યક્ષમતામાં કંઈ પણ વિશેષ વધારો કરવામાં નિષ્ફળ જશે. તેથી આ સભા એવી માન્યતા ધરાવે છે કે અનુસ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક શિક્ષણકાર્યમાં ઉપયોગી થઈ પડે એવા જુદા વિષયોના "એડવાન્સ્ડ કોર્સીસ"ના ઓછામાં ઓછા ત્રણ માણસના રિફ્રેશર કોર્સીસ ઉનાળાના વૅકેશનમાં રાખવા અને એવા કોર્સમાં તે તે વિષયનું અધ્યયન કાર્ય કરતા અનુસ્નાતક શિક્ષકોને જોડાવા ફરજ પાડવી. આ અંગે ઘટતું કરવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

અને

૧૦. પ્રા. પી. એફ. પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક શિક્ષણ આપતા અધ્યાપકોને અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રાખવા ઓછામાં ઓછા ત્રણ સંશોધન લેખો પ્રકાશિત કરવા એવો નિયમ છે. આપણી યુનિવર્સિટીમાં મુખ્યત્વે વિજ્ઞાનમાં એમ.એસસી.ની ડિગ્રી માત્ર પેપર્સ લઈને મેળવી શકાય છે સંશોધન વડે નહિ તેથી એમ.એસસી. ડિગ્રી લઈ અધ્યાપક બનતા અધ્યાપકને સંશોધનનો બિલકુલ અનુભવ હોતો નથી. સંશોધન કરવું એ એક ટેકનિકલ કળા છે. તેને માટે ટ્રેનિંગની જરૂર છે. આવી ટ્રેનિંગની સુવિધા સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા અધ્યાપકોને યુનિવર્સિટી ભવનોમાં સંશોધન અંગેનું માર્ગદર્શન તથા સુવિધા મળે તે અંગેની વ્યવસ્થા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ઍકેડેમિક કાઉન્સિલની આ સભા ભલામણ કરે છે."

બાબત નં. ૯ અને ૧૦ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સંશોધનપદ્ધતિ (research methodology)ની બાબતમાં સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે પ્રસંગોપાત્ત પરિસંવાદ યોજવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષકોની માન્યતા ચાલુ રાખવાની બાબતમાં ઓછામાં ઓછા ત્રણ સંશોધન લેખો પ્રકાશિત કરવા માટે જે જરૂરિયાત નિયત કરવામાં આવી છે તે અંગેનો પ્રસ્તાવ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવો.

૧૧. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩-૧૨-૧૯૭૩ની સભામાં વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો (કોરસ્પોન્ડન્સ કોર્સ) દાખલ કરવા બાબતમાં યોજના તૈયાર કરવા અંગે નીમેલ સમિતિના તા. ૧૨-૩-૧૯૭૪ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર તરફથી જરૂરી આર્થિક સહાય મળી શકે તે માટે જરૂરી મંજૂરી આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવા અને રાજ્ય સરકારનો જવાબ મળ્યેથી આ બાબત અંગે ઘટતી વિચારણા કરવાનું રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની સભામાં થયેલ સૂચનો પૈકીનું નીચેનું સૂચન એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૬-૩-૧૯૭૪ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

"કૉલેજમાં બે જ વિદ્યાશાખાઓ હોવા અંગેના નિયમની પુનર્વિચારણા કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવાની જરૂર આ સભાગૃહને જણાતી નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૩. મહાત્મા ગાંધી નેચર ક્યોર સોસાયટીના માનાર્હ મંત્રી તરફથી બૅચેલર ઑફ નેચર ક્યોરની પદવી દાખલ કરવા અંગે આવેલ સૂચન પર પુનર્વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— આ અભ્યાસક્રમને તબીબી વિદ્યાશાખાના અભ્યાસક્રમ સાથે ભેળવવો નહિ અને તેને બીજી રીતે વિચારણા કરવા તબીબી વિદ્યાશાખાએ ભલામણ કરી હતી તે બાબતની એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૬-૧૯૭૩ની સભામાં નોંધ લેવી એવો ઠરાવ કર્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. આર. એમ. ચોકસી
(૨) ડૉ. એસ. સી. પંડ્યા
(૩) આચાર્ય ગોવિંદભાઈ એમ. પટેલ
(૪) પ્રો. ડી. એન. પાઠક
(૫) ડૉ. પરેશ મજમુદાર
(૬) ડૉ. ઓ. પી. ગુપ્તા
(૭) ડૉ. જયન્તી ઠાકોર.

૧૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ મુજબ ઑર્ડિ. ૩૧૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"એમ.એસસી.ની પદવી સ્ટેટિસ્ટિક્સ વિષય સાથે પસાર કરનાર વિદ્યાર્થી પણ વિનયન વિદ્યાશાખામાં અગર વાણિજ્ય વિદ્યાશાખામાં સ્ટેટિસ્ટિક્સ વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાઈ

શકે અને તે અનુસાર ઑર્ડ. ૩૧૬માં "Similarly, a candidate in the Faculty of Arts including Education or Commerce" પછી "or Science" શબ્દ ઉમેરી ઑર્ડ. ૩૧૬ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

સુધારેલો ઑર્ડિ. ૩૧૬ નીચે મુજબ વંચાશે :

No candidate shall be permitted to appear for the Ph.D. Degree in a Faculty different from the one in which he has obtained his Master's Degree or M D. Degree in the Faculty of Medicine. But a candidate in the Faculty of Arts who has taken a Master's Degree in Mathematics shall be permitted to appear for the Ph.D. Degree in Science in the subject of Mathematical Physics. Similarly a candidate in the Faculty of either Arts including Education or Commerce or Science, who has taken his Master's Degree in Economics or Statistics or Geography shall be permitted to appear in Ph.D. Degree in any one of these Faculties.

Notwithstanding anything contained above, a candidate who has obtained a Master's Degree in Pharmacy of this University or of any other University recognised as equivalent thereto may be permitted to register his name as a research student for the Ph.D. Degree in the Faculty of Science; provided that his subject of research for the Ph.D. Degree falls within the area of Pharmaceutical Chemistry.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૧૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિચર્સની તા. ૧૫-૨-૧૯૭૪ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સૌ પ્રથમ પીએચ.ડી. માટે સંશોધન કામનું માર્ગદર્શન આપવા માટેના ઓછામાં ઓછા જરૂરી અનુભવની બાબતમાં ઠરાવવામાં આવ્યું છે કે જે શિક્ષકોની પાસે જરૂરી શૈક્ષણિક લાયકાત ઉપરાંત પાંચ વર્ષનો અનુસ્નાતક શિક્ષણ અને/અથવા સંશોધન કામનો અનુભવ હોય તો તે પર્યાપ્ત ગણવો અને તે હેતુ માટે ઑર્ડ. ૬૫-એચ ની કલમ (એ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O.65-H (*a*) of Arts including Education, Science, Commerce and Medicine be amended to read as under :

(*a*) A research degree of a recognised University in the subject in which recognition is sought with five years' standing

as a recognised post-graduate teacher for Master's Degree and/or as a research worker.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એચ(એ) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"અગાઉ આયુર્વેદ વિદ્યાશાખામાં માન્ય અનુસ્નાતક શિક્ષક અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા અંગેના અનુક્રમે ઑર્ડિ. ૬૫-કે હેઠળનો "એ"વાળો ભાગ અને ઑર્ડિ. ૬૫-એમ(૨) હેઠળનો નોંધ (૪) તરીકે આપવામાં આવેલો ભાગ રદ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

O. 65-K(*a*) : A Professor in an affiliated college the subject with five years' teaching experience at a similar college will be recognised as a post-graduate teacher.

Note.—For Modern subjects in Medicine, the same qualifications as in the Faculty of Medicine will hold good.

O. 65-M(2) Note (*iv*) : In the Ayurvedic Faculty any one who is a Professor in an affiliated college in the subject with three years' teaching experience at similar college.

OR

a Lecturer in an affiliated college in the subject with five years' teaching experience at a similar college shall be considered eligible for an Assistant's post.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરીને તે મુજબ સુધારેલો ઑર્ડિ. ૬૫-કે અને સુધારેલો ઑર્ડિ. ૬૫-એમ મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"એમ.ડી.એસ.ના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગેના નિયમો અનુક્રમે ઑર્ડિ. ૬૫-કે(બી) અને ઑર્ડિ. ૬૫-એમ(૨)ની નોંધ (૨) (એ) આ સાથે આપ્યા મુજબ વંચાય તે રીતે સુધારવાની ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ નિયમો સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઑર્ડિ. ૬૫-કે(બી) અને ઑ.૬૫-એમ(૨) સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પ્રત્યે વિચારણા કરવા બાબત :

"ડિપ્લોમા ઇન મેડિકલ ઍન્ડ સોશિયલ સાયકોલોજી (ડી. એમ. ઍન્ડ એસ. પી.) તથા બી.એસસી. ઇન ઑડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપી (બી.એસસી.એ.એસ.ટી.)ના વિષયમાં માન્યતા મેળવવા અંગેના અનુક્રમે ઑર્ડિ. ૬૫-એફ(૨)(ડી)(ઇ) તથા ઑર્ડિ. ૬૫-એમ(૨)ની નોંધ (૫) આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઑર્ડિ. ૬૫(૨)(ડી)(ઇ) તથા ઑર્ડિ. ૬૫-એમ(૨) સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૯. મે-જૂન ૧૯૭૪માં લેવાનાર આ યુનિવર્સિટીની અનુસ્નાતક ડિગ્રી-ડિપ્લોમા પરીક્ષાઓમાં હાલની પરિસ્થિતિને અનુલક્ષીને તથા આ પરીક્ષાનાં પરિણામો વહેલાં બહાર પડે તે હેતુથી બેવડી મૂલ્યાંકન પદ્ધતિ (ડબલ એસેસમેન્ટ)ને બદલે ફક્ત એક જ મૂલ્યાંકન કરાવી પરિણામ જાહેર કરવાનો પ્રશ્ન એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે હવે પછી થનાર નીચેની પરીક્ષાઓ માટે બેવડા મૂલ્યાંકનની પદ્ધતિ તાત્કાલિક રદ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી, અને તે મુજબ ત્વરિત પગલાં લેવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી :

(૧) એમ.એ., પાર્ટ ૧ (૩) એમ.કૉમ., પાર્ટ ૧

(૨) એમ.એસસી., પાર્ટ ૧ (૪) એમ.એલ.ડબલ્યુ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં તમામ અનુસ્નાતક પરીક્ષાઓમાંથી બેવડી મૂલ્યાંકન પદ્ધતિ રદ કરવા તથા પ્રત્યેક પ્રશ્નપત્ર બે વિભાગમાં કઢાવવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. શ્રી. એમ. એન. કોલેજ ઑફ ફાર્મસી, ખંભાતને જોડાણ આપવાના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં આ બાબત નીચેનાં સૂચનો સાથે એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

સૂચનો

શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને તેણે માંગેલ જોડાણ જૂન ૧૯૭૪થી ચાલુ ન રાખતાં —

(૧) ફાર્મસીના ડિપ્લોમાના અભ્યાસક્રમો માટેનું જોડાણ તા. ૧૫મી જૂન ૧૯૭૪થી ચાલુ રાખવામાં આવે;

(૨) ડિગ્રી પરીક્ષા માટે નવા વિદ્યાર્થીઓને દાખલ કરવા નહીં એમ સદરહુ કૉલેજને સૂચના આપવી;

(૩) ડિગ્રી અભ્યાસક્રમના બીજા અને ત્રીજા વર્ષમાં આવેલા વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૪થી તેમનો અભ્યાસ તે વર્ષ માટે સદરહુ કૉલેજમાં ચાલુ રાખવા માટે મંજૂરી આપવામાં આવે; અને

(૪) જૂન ૧૯૭૪માં ડિગ્રી પરીક્ષાના ચોથા અને ત્રીજા વર્ષમાં આવેલા વિદ્યાર્થીઓને ગયા વર્ષની જેમ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીમાં સમાવવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઉપરોક્ત ઠરાવમાં કરવામાં આવેલ સૂચનાના સંદર્ભમાં શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત જૂન ૧૯૭૪થી જોડાણ મેળવવા માટેની અરજી પર મૂકેલી શરતોનું સંપૂર્ણ પરિપાલન કરીને તેની જાણ યુનિવર્સિટીને મોડામાં મોડી તા. ૨૯-૬-૧૯૭૪ સુધીમાં કરે તો સદરહુ કૉલેજના જોડાણ અંગે ઘટતી વિચારણા કરવી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની ખાતરી કરી અહેવાલ આપવા માટે સમિતિની રચના કરવી અને સદરહુ સમિતિને તા. ૩૦મી જૂન ૧૯૭૪ના રોજ કૉલેજની મુલાકાત લઈ અહેવાલ આપવા માટે જણાવવું.

(નોંધ. — બી.ફાર્મ.ના અભ્યાસક્રમના ચોથા વર્ષના વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૪માં અમદાવાદની ફાર્મસી કૉલેજમાં લાવવા આ સંદર્ભમાં ચોથા વર્ષ માટેના શિક્ષણ માટે શિક્ષકગણ અને સાધનસામગ્રીની જરૂરિયાત અંગે આગ્રહ રાખવો નહીં.)

૨૧. શિક્ષણમાં નવરચના અંગે વાતવિચાર માટે કુલપતિશ્રી દ્વારા તા. ૨૫-૪-૧૯૭૪ના રોજ બોલાવાયેલી અવિધિસરની સભાની નોંધ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૨. જૂન ૧૯૭૫થી નીચેની સંસ્થાઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાઓની કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજીઓ અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિનો અહેવાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલના અભિપ્રાયાર્થે મોકલવાનું ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	અરજી કરનારનું નામ	કૉલેજનું સ્થળ	વિદ્યાશાખા
૧.	ચતુર્ભુજ લાજપતરાય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	વિનયન-વાણિજ્ય (હિન્દી માધ્યમ)
૨.	નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	વિનયન-વાણિજ્ય

ક્રમાંક	અરજી કરનારનું નામ	કૉલેજનું સ્થળ	વિદ્યાશાખા
૩.	મહર્ષિ અરવિંદ એજ્યુકેશન ટ્રસ્ટ, સોજીત્રા	સોજીત્રા	વિનયન-વાણિજ્ય
૪.	બલોલ કેળવણી મંડળ, બલોલ, જિ. મહેસાણા	બલોલ	વિનયન-વાણિજ્ય
૫.	શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર (જિ. વડોદરા)	છોટાઉદેપુર	વાણિજ્ય
૬.	નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	કાયદો

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ચતુર્ભુજ લાજપતરાય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪-૫-૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) પ્રસ્તુત કૉલેજની જોડાણઅરજીની બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે તેના સંદર્ભમાં સદરહુ ટ્રસ્ટના તા. ૧૮-૫-૧૯૭૪ના પત્ર તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

> નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪-૫-૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) મહર્ષિ અરવિંદ એજ્યુકેશન ટ્રસ્ટ, સોજીત્રા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪-૫-૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૪) બલોલ કેળવણી મંડળ, બલોલ, જિ. મહેસાણા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪-૫-૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૫) શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર, જિ. વડોદરા, પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪-૫-૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૬) પ્રસ્તુત કૉલેજની જોડાણઅરજીની બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે તેના સંદર્ભમાં સદરહુ ટ્રસ્ટના તા. ૧૪-૫-૧૯૭૪ના પત્ર તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪-૫-૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

૨૩. ૧૯૭૫માં લેવાનારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની થર્ડ ઇયરની પરીક્ષાઓમાં ફર્સ્ટ ઇયર અને સેકન્ડ ઇયરના ક્રેડિટ ગુણ ગણતરીમાં કયા ધોરણે લેવા તે પ્રશ્ન એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૫માં લેવાનારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની થર્ડ ઇયરની પરીક્ષાઓમાં ફર્સ્ટ ઇયર કે સેકન્ડ ઇયરની પરીક્ષાઓના ક્રેડિટ ગુણ ગણતરીમાં લેવાનું બંધ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા તે મુજબ સંબંધકર્તા ઑર્ડિનન્સોમાં ઘટતો સુધારો કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને મોકલવા.

૨૪. ટેક્સ્ટાઇલ કેમિસ્ટ્રી અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમો સ્થાપવા તથા તે અંગેની યોજના મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં ટેક્સ્ટાઇલ કેમિસ્ટ્રી અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના ડિગ્રી અભ્યાસક્રમ સ્થાપવા તથા તે અંગેની યોજના મંજૂર કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(મંજૂર કરવામાં આવેલી યોજનાની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૫. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં વ્યાખ્યાતા તરીકે લાયકાત ધરાવતા ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરને જુનિયર વ્યાખ્યાતા તરીકેનું નામાભિધાન આપવાનું ઠરાવ્યું હોઈ ઑર્ડિ. ૧૨૦-એ (૩) નીચેની પેટાકલમો (i) અને (ii) સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

(*i*) Demonstrators : 25 periods of 45 minutes each (or 18–45 hours) (A Demonstrator with a post-graduate degree may be assigned lecturers or tutorials not exceeding 6 periods).

(*ii*) Tutors : 22 periods of 45 (40 plus 5) minutes each (or 16–30 hours) of which lectures shall not exceed 9.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકો માટે પગારસુધારાની બાબતમાં ભારત સરકાર અને/અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કક્ષાએ હાલ વિચારણા ચાલી રહી છે તેના સંદર્ભમાં ડેમોન્સ્ટ્રેટરો, ટ્યૂટરો અને ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરોનાં નામાભિધાન સુધારવા માટેના એક્ઝિક્યુટિવ કાઉન્સિલના નિર્ણયોનો અમલ સ્થગિત કરવા તથા ત્રણેય કક્ષાના આ શિક્ષકોનાં જૂનાં નામાભિધાનો ચાલુ રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૬. (૧) મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન એન્ડ સોશિયલ વેલ્ફેર પરીક્ષા સુધારણા અંગે નીમેલી સમિતિના હેવાલની બાબતમાં તા. ૭-૪-૧૯૭૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાએ નીમેલી સમિતિની ભલામણો, અને (૨) આ યુનિવર્સિટીમાં શિક્ષણનું ધોરણ ઊંચું આવે તે ધ્યેય નજરમાં રાખીને વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પરીક્ષાપદ્ધતિ અને તે અંગેની સમગ્ર પ્રક્રિયા પર વિચારણા કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાએ નીમેલી સમિતિના હેવાલ પર તા. ૨૩-૧૨-૧૯૭૩ની એકેડેમિક કાઉન્સિલે ઉપરોક્ત બન્ને સમિતિઓની ભલામણોનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરી તેના અમલની બાબતમાં વ્યાવહારિક દૃષ્ટિએ જે ફેરફાર જણાય તે ફેરફારો સાથે ચોક્કસ નિયમો ઘડવા માટે નીમેલી સમિતિની બીજી સભા જે તા. ૧-૫-૧૯૭૪ના રોજ મળી હતી તેણે કરેલ ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. વાણિજ્યની અભ્યાસસમિતિની તા. ૧૩-૫-૧૯૭૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(અ) આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.કૉમ.ના ઇકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટ ઑપ્શન પેપર ૪ના એસે માટે જૂના અભ્યાસક્રમમાં જે ૨૫ ટોપિક્સ નિયત કર્યા છે તે ચાલુ રાખવા ભલામણ છે.

(બ) ત્રીજા વર્ષ બી.કૉમ.ના નવા માળખા પ્રમાણેના બૅન્કિંગ ઑપ્શનલ વિષયના પ્રશ્નપત્ર ૩ અને ૪ના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને સંબંધકર્તા રે. કૉમર્સ-૧૩ને જૂન, ૧૯૭૪થી અમલમાં મૂકવા ભલામણ છે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ સમિતિની ઉપરની ભલામણ (અ) મંજૂર કરવી, તથા તે મુજબ વિષયો (ટોપિક્સ)ની યાદી સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવી.

(૨) સદરહુ સમિતિની ઉપરની ભલામણ (બ) મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા રેગ્યુ. કૉમર્સ ૧૩ને જૂન, ૧૯૭૪થી અમલમાં મૂકવો.
(સુધારેલા રેગ્યુ. કૉમર્સ ૧૩ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૮. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૮-૫-૧૯૭૪ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે ઇજનેરીના સેમેસ્ટર પદ્ધતિના નિયમ આર. એન્જિ. એસ.-૧૧ (એ) (બી) નીચે પ્રમાણે સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં લાવવા ભલામણ કરવામાં આવે છે :

R. Eng. S-1 (a) (b) :

Notwithstanding anything contained under R. Eng. S-3 to R. Eng. S-11 a candidate will be permitted to keep terms for any Semester, provided he has completely passed the two previous Semesters and has failed in not more than one subject in the Semester preceding the above two."

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાની તા. ૮-૫-૧૯૭૪ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તેને અનુલક્ષીને શ્રી. એ. પી. રામચંદ્રનના કેસમાં નીચેની ભલામણ સ્વીકારવા પણ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

" ઇજનેરીના સેમેસ્ટર પદ્ધતિના સુધારવામાં આવેલ રેગ્યુ. એન્જિ. એસ. ૧૧(એ)-(બી)ને અનુલક્ષીને શ્રી. એ. પી. રામચંદ્રનની તા. ૬-૫-૧૯૭૪ની આવેલ અરજી પરત્વે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી ખાસ કેસ તરીકે તેને ઇજનેરીના બી.ઈ. ૪ (મિકેનિકલ)ના આઠમા સેમેસ્ટરમાં કૉલેજે આપેલ પ્રવેશને માન્ય રાખવા અંગે કુલપતિશ્રીને વિનંતી કરવી. "

૨૯. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૮-૫-૧૯૭૪ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

" આ સભા ઠરાવે છે કે ઇજનેરીના સેન્ડવિચ કોર્સના નિયમ ઑ. ઑન્જ. એસ-૬ માં નીચે મુજબનો પ્રોવિઝો ઉમેરવા અને તેનો અમલ જૂન ૧૯૭૪થી કરવા ભલામણ કરવામાં આવે છે :

(1) No additional training will be required for present batch of students who have completed two phases of training with a total period of five months.

(2) For all other remaining batches total training of six months should be completed after VIth Semester and before declaration of result for obtaining the degree such that the training period is not less than two months at a time in any phase of training."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણો મંજૂર કરવા તથા તે મુજબ ઑર્ડિ. એન્જિ. એસ-૬ માં ઉપર મુજબનો "પ્રોવિઝો" ઉમેરીને, સુધારેલા તે ઑર્ડિનન્સને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૦. બિઝનેસ મેનેજમેન્ટની ઍડ-હૉક સમિતિની તા. ૧૫/૨૪-૫-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.કૉમ.ના બિઝનેસ મેનેજમેન્ટ (ઑપ્શનલ) પેપર ૪-પાર્ટ ઈ ડિઝર્ટેશનના 'ટોપિક' આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને સંબંધકર્તા રેગ્યુ. કૉમ.-૧૩માં સુધારો કરી જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍડહૉક સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ડિઝર્ટેશન માટેના વિષયો (ટોપિક્સ)ની યાદી વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજોને પરિપત્રિત કરવી.

૩૧. તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ના રોજ મળેલી કોર્ટની સભામાં થયેલાં સૂચનો પર વિચારણા કરી અહેવાલ આપવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિના અહેવાલમાં નીચેના સૂચન ૮ પર થયેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

સૂચન : "પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે ખર્ચનો બોજો વિદ્યાર્થીઓ પર ન પડે તે જોવું જોઈએ."

ભલામણ : "પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. પરંતુ શિષ્યવૃત્તિની સંખ્યા વધારવા માટે યોગ્ય કરવા કમિટી ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સૈદ્ધાંતિક રીતે સ્વીકારીને તે અંગે જરૂરી વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી શિષ્યવૃત્તિ સમિતિને મોકલવું.

૩૨. ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાન વિદ્યાર્થી આંદોલનને લઈને યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો અને વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય અડી માસ સુધી બંધ રહ્યા બાદ પુનઃ શરૂ થતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં પરીક્ષાઓ અંગેની બાબતો માટે વિચારણા કરવા નીમેલ સમિતિની ભલામણો અન્વયે કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૩. બિઝનેસ મેનેજમેન્ટની ઍડ-હૉક સમિતિના તા. ૧૫/૨૪-૫-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ ઍડ-હૉક સમિતિ પર ચાર સભ્યો છે તેથી આ વિષય શીખવતા નીચેના બે શિક્ષકોને વધારાના સભ્યો તરીકે નિયુક્ત કરવા આ સમિતિ ભલામણ કરે છે :

(૧) પ્રો. ડી. ડી. ત્રિવેદી, અમદાવાદ

(૨) પ્રો. એન. એન. મહેતા, અમદાવાદ".

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍડ-હૉક સમિતિ ઉપર ઉપરોક્ત બેઉ સભ્યોને વધારાના સભ્યો તરીકે નીમવા.

૩૪. ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષમાં સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થી પ્રવેશ અંગે નીચે જણાવેલ 'ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ' મંજૂર કરવા બાબત :

"Transitory Ordinance:

Notwithstanding anything contained in Ordinance 120-B, during the academic year 1974-75—

(*i*) an affiliated college in the Faculty of Arts including Education and/or the Faculty of Commerce, such college not being a Teachers' Training College, may, on its submitting an application so as to reach the Registrar on or before 25th July 1974 be permitted by the Vice-Chancellor to admit such number of students as may not exceed 1800, provided it satisfies the Standing Committee appointed by the Executive Council in this behalf and the Vice-Chancellor in the matter of physical facilities, teaching staff, timetable, etc. in the College.

(*ii*) An affiliated college in the Faculty of Law may, with prior approval of the Vice-Chancellor, admit such number of additional divisions as it may need to accommodate its own students on promotion from the 1st LL.B. Class to the 2nd LL.B. Class."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે મુજબનો ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

Notwithstanding anything contained in Ordinance 120-B, during the academic year 1974-75 —

(*i*) an affiliated college in the Faculty of Arts including Education and/or the Faculty of Commerce, such college not being exclusively a Teachers' Training College, may, on its submitting an application so as to reach the Registrar on or before 25th July, 1974 be permitted by the Vice-Chancellor to admit such number of students as may not exceed 1800, provided it satisfies the Standing Committee appointed by the Executive Council in this behalf and the Vice-Chancellor in the matter of physical facilities, teaching staff, time-table, etc. in the college.

(*ii*) An affiliated college in the Faculty of Law may, with prior approval of the Vice-Chancellor, open such number of additional divisions as it may need to accommodate its own students on promotion from the 1st LL.B. class to the 2nd LL.B. class.

૩૫. ચાલુ વર્ષના વિશિષ્ટ સંજોગોના ઉપલક્ષ્યમાં અપવાદરૂપે યુનિવર્સિટી તરફથી કૉલેજો પર કેટલીક પરીક્ષાઓ લેવાનું છોડયું છે તેમાં વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ પરીક્ષામાં બેસે અને નાપાસ થાય કે પરીક્ષામાં ન બેસે તેમને ઉપરના વર્ગમાં ચઢાવવામાં આવશે તે બાબત કાર્યાલયે સૂચવેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં કાર્યાલયે સૂચવેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ સુધારેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૬. ૧૯૭૩-૭૪ના વર્ષના વિશિષ્ટ સંજોગોના ઉપલક્ષ્યમાં રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં તેમના વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસે અને નાપાસ થાય કે પરીક્ષામાં ન બેસે તેમને ઉપરના વર્ગમાં ચઢાવવામાં આવે તે વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે આવે તેમને પારસ્પરિક ધોરણે પ્રવેશપાત્ર ગણવા અંગે કાર્યાલયે સૂચવેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ ૭૦ને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં કાર્યાલયે સૂચવેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિ. ૭૦ મંજૂર કરવો, તથા તે મુજબ ભલામણ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારેલા ટ્રાન્ઝિટરી ઑર્ડિ. ૭૦ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૭. ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૪-૫-૧૯૭૪ની સભામાં થયેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૫-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪-૫-૧૯૭૪ની ભલામણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૮. સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને સ્વાયત્તતા આપવા અંગે ધારાધોરણો ઘડવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની ભલામણો એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૮-૫-૧૯૭૪ની સભાએ મંજૂર કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો સ્વીકારવી.

(સદરહુ ભલામણોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૯. ૧૯૭૩-૭૪ના વર્ષમાં ઊભી થયેલી પરિસ્થિતિના સંદર્ભમાં એમ.ઈ. સેમેસ્ટર-૧ અને/અથવા ૨માં નાપાસ થનાર વિદ્યાર્થીઓને અપવાદ તરીકે સેમેસ્ટર-૩-૪ના ડિઝર્ટેશન માટે સત્રો ભરવાની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૦. યુનિવર્સિટીના સેન્ટર ફૉર મૅનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગના ઉપક્રમે અને ૧૯૭૪ના વર્ષથી સ્ટેનોગ્રાફી તથા સેક્રેટરિયલ પ્રૅક્ટિસના વર્ગો શરૂ કરવા અંગેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સેન્ટરના ઉપક્રમે સ્ટેનોગ્રાફી તથા સેક્રેટરિયલ પ્રૅક્ટિસના વર્ગો શરૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૭-૫-૧૯૭૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયનની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષા માટે નિયત કરવામાં આવેલ "મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ : ચૂનીલાલ મડિયા"માંથી નીચેની વાર્તાઓ અભ્યાસક્રમમાંથી રદ કરવા ભલામણ છે :

૧. ઊજડેલો બાગ

૨. નીલાંજસા

૩. સીન નદીને કિનારે

૪. કમાઉ દીકરો

૫. એક રોમેન્ટિક વાર્તા

૬. પરિતોષ

૭. તંડેલજી ધીજો પુતર

૮. રાણી બાગનાં જનાવર.

(૨) (અ) આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયનની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષા માટે નિયત કરવામાં આવેલ હાલના ગુજરાત યુનિવર્સિટી સંપાદિત 'કાવ્યસંચય'માંથી નીચેનાં કાવ્યો અભ્યાસક્રમમાંથી રદ કરવા ભલામણ છે :

(૧) દેવયાની

(૨) ધન્ય હો ધન્ય

(૩) સુખદુઃખ

(૪) અહો પૃથ્વી મૈયા

(૫) મહાપ્રસ્થાન

(૬) યામિનીને

(૭) કરોળિયો.

(બ) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ કાવ્યસંચયની નવી આવૃત્તિ છપાવવાની થાય ત્યારે તેમાંથી ઉપરનાં કાવ્યો કાઢી નાખીને છપાવવી અને આ પુસ્તક ૧૯૭૫ની પરીક્ષા માટે જ નિયત કરવામાં આવ્યું છે તેવી અપેક્ષા છે.

(૩) પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર માટે ગુણનું વિભાજન નીચે મુજબ રાખવું અને તે માટે રેગ્યુ. પ્રી-આર્ટ્સ–૨, રેગ્યુ. પ્રી-સાયન્સ–૨, રેગ્યુ. પ્રી-કૉમર્સ–૨ માં સુધારો કરી આ સુધારાઓ જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા ભલામણ છે :

રેગ્યુ. પ્રી-આર્ટ્સ–૨, રેગ્યુ. પ્રી-સાયન્સ–૨, રેગ્યુ. પ્રી-કૉમર્સ–૨

વિનયન	**ગુણ**	**વિજ્ઞાન અને વાણિજ્ય**	**ગુણ**
નિબંધ	૧૫	નિબંધ	૧૫
ગદ્યકૃતિ	૨૫	ગદ્યકૃતિ	૫૦
પદ્યકૃતિ	૨૫	*ભાષાશુદ્ધિ	૫
*ભાષાશુદ્ધિ	૫		

(**નોંધ.**— *ભાષાશુદ્ધિ માટે જોડણી, વ્યાકરણ અને વિરામચિહ્નો ઇત્યાદિની ભૂલો સુધારવા માટે પરિચ્છેદ મૂકવામાં આવશે.)

(૪) પ્રથમ વર્ષ બી.એ.ની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૧મા નિયત કરવામાં આવેલ "છંદોલય (૧૯૫૭) : નિરંજન ભગત"માંથી સાથે આપેલા પરિશિષ્ટ મુજબનાં કાવ્યો અભ્યાસક્રમ માટે નિયત કરવા ભલામણ છે.

(૫) દ્વિતીય વર્ષ બી.એ. તથા તૃતીય વર્ષ બી.એ.ની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓના અનુક્રમે પ્રશ્નપત્ર ૫ અને પ્રશ્નપત્ર ૬ (ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ)ની હાલની નીચેની નોંધ રદ કરવી અને તેને બદલે નીચેની નોંધ મૂકવા ભલામણ છે :

રદ કરવાની નોંધ :

નોંધ.— આ પ્રશ્નપત્રના ગુણની વહેંચણી નીચે મુજબ રહેશે:

સાંસ્કૃતિક સંદર્ભને લગતા મુદ્દાઓ	.....	૨૦ ગુણ
સાહિત્યને લગતા મુદ્દાઓ	.....	૫૦ ગુણ

નવી મૂકવાની નોંધ :

સાંસ્કૃતિક પશ્ચાદ્ભૂને લગતો અલાયદો પ્રશ્ન પૂછવો ફરજિયાત નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૪૨. અમદાવાદની ચાર સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોના આચાર્યોની સંયુક્ત સહીથી આવેલ તા. ૨૯–૫–૧૯૭૪ના પત્રમાં આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિ. વિજ્ઞાનમાં પ્રવેશ માટે એસ.એસ.સી. અથવા સમકક્ષ પરીક્ષા હાયર મેથ્સ અથવા એલિમેન્ટરી મેથ્સ. વિષયમાં ૫૦ ટકા કે તેથી વધારે માર્ક્સ મેળવી પસાર કરનારને પાત્ર ગણવા તથા તેનો અમલ તા ૧–૭–૧૯૭૪થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વિજ્ઞાન વિદ્યાશાખાના અભિપ્રાય માટે મોકલવો.

૪૩. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૯-૫-૧૯૭૪ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે વ્યાખ્યાતાની નિમણૂક માટેની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત અંગે નીચે જણાવેલ નિયમ ઉમેરવા ભલામણ કરવી :

OR

'LL.B. with ten years' practice'."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ કાનૂની વિદ્યાશાખાની કૉલેજોમાં લેકચરરની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધારાધોરણોમાં જરૂરી સુધારો કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪૪. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૯-૫-૧૯૭૪ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે ત્રીજી એલએલ.બી.ની પરીક્ષા માટે ઑક્ટોબર ૧૯૭૨ કે તે પહેલાં બન્ને સત્રો ભર્યા હોય તેવા વિદ્યાર્થીઓને મે-જૂન ૧૯૭૪ની પરીક્ષામાં બેસે તેમને હાલના વિશિષ્ટ સંજોગોમાં જૂના અભ્યાસક્રમ મુજબ બેસવાની વધુ એક તક આપવી.

નોંધ.— આવા વિદ્યાર્થીઓને "English for Lawyers"ના પ્રશ્નપત્રમાં બેસવાનું આવશ્યક રહેશે નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી, તથા તે અંગે ત્વરિત પગલાં લેવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૪૫. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૯-૫-૧૯૭૪ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે કાયદાની વિદ્યાશાખાના સેમેસ્ટર પદ્ધતિના નિયમો એલ.ઓ. ૧, એલ.આર. ૨, એલ.આર. ૨(એ), એલ.આર. ૩, એલ.આર. ૪, એલ.આર. ૫, એલ.આર. ૬, એલ.આર. ૭, એલ.આર. ૮, એલ.આર. ૯, એલ.આર. ૧૦, એલ.આર. ૧૧, એલ.આર. ૧૨, એલ.આર. ૧૩, એલ.આર. ૧૪, એલ.આર. ૧૫, એલ.આર. ૧૮, એલ.આર. ૧૯, એલ.આર ૨૦, એલ.આર. ૨૧, એલ.આર. ૨૨, એલ.આર. ૨૩, એલ.આર. ૨૪, એલ.આર. ૨૫, એલ.આર. ૨૬, એલ.આર. ૨૭ સુધારવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઉપરના રેગ્યુલેશનો તા. ૧ જુલાઈ ૧૯૭૪થી અમલમાં મૂકવા.

૪૬. રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ "ધી રિપોર્ટ ઑફ ધી કમિટી ઓન કૉલેજ ફાઈનાન્સ, ૧૯૭૧" માટેની કેટલીક ભલામણો પૈકીની ભલામણ ક્રમાંક ૩૨ પર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૧૨-૧૯૭૩ની સભાએ નિયુક્ત કરેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે સમિતિએ નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવ્યું : જ્યારે કોઈ પણ વિષય વિભાગમાં એક અથવા બે તાસ જેટલા વધતા હોય ત્યારે કુલપતિશ્રીની પૂર્વમંજૂરી લઈને તે વિભાગના કોઈ પણ એક કે બે અધ્યાપકોને એકથી વધુ નહીં તેટલાં વ્યાખ્યાનોનો તાસ વધારી શકાય એવી આ સમિતિની ભલામણ છે. જે અધ્યાપકનો વ્યાખ્યાનનો એક તાસ આ રીતે વધારવામાં આવ્યો હોય તેમનો વ્યાખ્યાનનો અને ટયુટોરિયલનો કુલ કાર્યભાર ૨૦ તાસથી વધવો ન જોઈએ એટલે કે આવા પ્રકારનું અધ્યાપકને ૪ તાસથી વધુ ટયુટોરિયલનું કાર્ય સોંપી શકાય નહીં.

વધુમાં આ સમિતિ ભારપૂર્વક સ્પષ્ટતા કરવા માગે છે કે કોઈ પણ વિષય વિભાગમાં વ્યાખ્યાનનો કાર્યભાર ૨ તાસ કરતાં વધુ હોય તે દાખલામાં અવશ્ય કરીને વધારાની નિમણૂક થવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો સ્વીકારીને ઑર્ડિ. ૧૨૦-એમાં જરૂરી સુધારો કરીને તેને તા. ૧ જુલાઈ ૧૯૭૪થી અમલમાં મૂકવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકે. કાઉ. /૦૮૬૪૯/ ૧૯૭૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૩૮૦૦૦૯.
તા. ૪-૭-૧૯૭૪.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક 3

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Economics in the University School of Social Sciences was held on 26-4-1974 the Friday at 3-00 p.m. at the office of the Gujarat University. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University presiding:

The following was the attendance of the members:

1.	Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor and Chairman	Present
2.	Dr. Samuel Paul	Absent
3.	Dr. Y. K. Alagh	Present
4.	Dr. M. B. Desai	Present.

Prof. M. P. Bhatt, Head of the University Department of Economics was present by invitation.

The following candidates were called for interview:

1.	Dr. A. C. Angrish	Absent
2.	Dr. V. P. Bharadwaj	Present
3.	Shri P. K. Dave	Absent
4.	Dr. (Mrs.) Indira A. Hirway	Absent
5.	Smt. Pramilaben A. Joshipura	Present
6.	Shri R. R. Mehta	Absent
7.	Dr. S. K. Patel	Absent
8.	Shri R. L. Sanghvi	Present
9.	Dr. S. T. Sewant	Absent
10.	Dr. H. V. Suthar	Present
11.	Dr. D. S. Thakur	Present.

After interviewing the candidates present and discussing their relative merits, the Committee is of the opinion that the post of the Reader in Economics be readvertised.

Ishwarbhai J. Patel
Vice-Chancellor
Y. K. Alagh
M. B. Desai
M. P. Bhatt, (Invitee).

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૨૪

Scheme for Textile Chemistry

The city of Ahmedabad is well known for its textile industry and it is therefore known as the Manchester of India. The Industry employs 1,50,000/- people directly. Equal number of people are employed in its subsidiary industries. The welfare of the city is therefore largely dependent on this Industry.

The Textile Industry consists of about 55 composite mills having spinning, weaving and chemical processing departments. In addition, at other centres in Gujarat, there are about 25 other mills many of which have also got full-fledged chemical processing departments. The total volume of processed cloth is increasing both for the domestic as well as the expert markets. At the same time, chemical processing is becoming increasingly sophisticated with a greater volume of dyed, printed and specially finished (such as easy care) cloth being manufactured by mills. Thus, the demand for textile chemists in mills is steadily increasing. On an average each mill would need about 10 technically qualified textile chemists. Thus the requirement for the textile industry in Gujarat would be approximately 1800 textile chemists. In addition, there will be need to more quality control and other testing Laboratories,

If we consider a very modest turn-over rate of 5% per year (including retirement and resignations), the annual requirements of qualified textile chemists for the textile industry in Gujarat is about 50. At present, the supply of such personnel being limited, it is very difficult for Mills in Ahmedabad and Gujarat to get their requirements.

To satisfy the personnel requirements of the industry in Gujarat and to provide for the needed trained manpower to cater to the increasing scientific and technological demands from textile processing, it is essential that necessary training facilities in textile chemistry are established in Gujarat, preferably in Ahmedabad. Besides satisfying the urgent needs of the industry, such a step would also open up an excellent job opportunity to the Science Graduates of Universities in Gujarat.

With this end in view it is proposed to start two years' course leading to the degree of M.Sc. (Textile).

Admission :

Science Graduates with Chemistry will be eligible for admission to this course.

Teaching Faculty :

The teaching faculty will consist of, one Professor, one Reader, two Lecturers, (one Field Work Supervisor) and (two) Demonstrators in the University scales of pay. They will also be assisted by visiting faculty from other institutions like ATIRA etc. and the industry.

Syllabii :

A detailed syllabii for the course will be formulated hereafter. The course will be formulated hereafter. The course will include 50% practicals out of which 25% will be on job training. It is hoped that the Ahmedabad Textile Industry's Research Association and the Textile Mills of Ahmedabad will co-operate and extend their full support to this programme. The Laboratory facilities etc. available with these institutions, will be fully utilised. After taking into consideration the facilities available at present, requirements for the programmes will be as under :

	Rs. P.A.	*Estimate Rs.*
(1) *Teaching Faculty*		
(1) One Professor (Rs. 1100-50-1300-60-1600)	19,000/-	74,000/-
(2) One Reader (Rs. 700-50-1250)	13,000/-	
(3) Two Lecturers (Rs. 400-40-800-50-950)	18,000/-	
(4) One Field Work Supervisor (Rs. 400-40-800-50-950)	9,000/-	
(5) Visiting faculty	15,000/-	
	74,000/-	
(2) *Supporting Staff :*	*Rs. (P.A.)*	*Estimate Rs.*
(1) Two Demonstrators (Rs. 250-15-400)	14,000/-	41,000/-
(2) Two Laboratory Asst. (Rs. 153-465)	10,000/-	
(3) One Steno-typist (Rs. 215-520)	7,000/-	
(4) One Junior Clerk (Rs. 153-465)	5,000/-	
(5) One Store-keeper (Rs. 153-465)	5,000/-	
	41,000/-	

(3)	Laboratory Expense	50,000/-
(4)	Office contingencies, Postal, Telephone, Stationery etc.	25,000/-
(5)	Study trips, teaching materials	25,000/-
	Total recurring ..	2,15,000/-
(6)	*Building* :	
	10,000/- sq. feet area Rs. 40/- per sq. feet	4,00,000/-
(7)	Equipment	6,00,000/-
(8)	Furniture	25,000/-
	Total non-recurring ..	10,25,000/-
	Grand total recurring and non-recurring ..	12,40,000/-

Scheme for an institute of Pharmaceutical Chemistry

The country to-day produces drugs worth about 350 crores. 25% of this drugs are being manufactured in Gujarat itself. More than 70% of the drugs are produced in the manufacturing houses of Gujarat and Bombay. By the end of Fifth Five Year Plan the target for production of drugs has been fixed at 600 crores. At present the country imports the drugs of the value of Rs. 35 crores. To meet the Fifth Five Year Plan target the production of the bulk drugs will have to be stepped up to about 200 crores. In all there are about 2300 units manufacturing pharmaceuticals of which 107 are in the organised sector and the remainder in the small medium sector. The industry employs directly 65,000 people. The indirect employment in supporting industries would be nearly 3 lacs.

In 1971 the pharmaceutical industry in India spent not less than 5 crores on research. In the private sector there are 3 established research centres in the country viz. Ciba, Sarabhai and Hoescht. In addition about dozen other pharmaceutical firms have organised research and development activities. The industry generally engages in various types of research activities drug syntheses, process development, import substitution, formulation and packaging development. In all these research and development activities, pharmaceutical chemist with the Master's degree plays an important role.

In India we have 38 institutes imparting training in Pharmacy courses. There are 12 Institutes offering Master's degree programme. According to the recent estimate of Ministry of Education the country requires 6200 degree holders per year, out of which the facility exists only for 627 leaving a deficit of 5573 graduates per year. The maximum number of pharmacists with M.Pharm. degree in Pharmaceutical Chemistry available from the 12 institutes is 30 about which falls far below the requirement of Pharmaceutical industry and research institutes. It is no wonder, therefore, only last year the 25th Annual Session of Indian Pharmaceutical Congress Association passed the following resolution, drawing the attention of Union Government to the " Facilities for training Pharmacists at higher levels are woefully inadequate to meet the increased demand of Pharmacists during the Fifth Five Year Plan."

On one hand the development of new and potent drugs has increased the longevity of an Indian from 38 years to 52 years; on the other hand, increase in birth rate means more and more people will require medicines and modern therapy not only in urban areas but also in rural areas. Today per capita consumption of drugs of an Indian is only Rs. 10/- which is far lower than the figure of 200 to 300 Rs. in the developed countries.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કિશોર પટેલને ડર્બનની ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્ડિયન એફેર્સની સીનિયર સર્ટિફિકેટની પરીક્ષા પસાર કર્યાના આધારે તદર્થ ધોરણે પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૪૪. કુમાઉન યુનિવર્સિટી, નૈનીતાલ તરફથી લેવામાં આવતી "બી.એ., બી.એડ., બી.એસસી., એમ.એસસી., બી.કૉમ., એમ.કૉમ, પીએચ.ડી., ડી.લિટ., ડી. સાયન્સની પરીક્ષાને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલા તા. ૫-૫-૧૯૭૪ના પત્રાંક એડીએમઆઈ-૭(૨)૪૨૧ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. આ યુનિવર્સિટી ૧લી ડિસેમ્બર, ૧૯૭૩થી અસ્તિત્વમાં આવી છે અને આગ્રા યુનિવર્સિટીના જેવો જે તે પરીક્ષાનો અભ્યાસક્રમ રહેશે.

૨. આગ્રા યુનિવર્સિટીની બી.એ., બી એડ., બી.એસસી., એમ.એસસી., બી.કૉમ. અને એમ.કૉમ. પરીક્ષાઓ માન્ય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુમાઉન યુનિવર્સિટી, નૈનીતાલની નીચે જણાવેલ પરીક્ષાઓને જ આ યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

બી.એ., બી.એસસી, બી.કૉમ.
બી.એડ., એમ.એસસી., એમ કૉમ.

૪૫. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી તરફથી તે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજ દ્વારા લેવાનાર ફર્સ્ટ બી એસસી. પરીક્ષા પસાર કરી આગળ અભ્યાસ માટે આવનાર વિદ્યાર્થીઓને પ્રવેશપાત્ર ગણવા તેમ જ તેમની જે પરીક્ષાઓનાં પરિણામ મોડાં બહાર પડે તે વિદ્યાર્થીઓને પણ અપવાદ કરી પ્રવેશપાત્ર ગણવા અંગેના પત્રાંક નં. એ-૪૦૭૭, તા. ૧૮-૫-૧૯૭૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજ દ્વારા લેવાનાર ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા ઉત્તીર્ણ કરી આગળ અભ્યાસ માટે આ યુનિવર્સિટીમાં આવવા ઇચ્છતા વિદ્યાર્થીઓને તે પરીક્ષાને આ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા પારસ્પરિક ધોરણે સમકક્ષ ગણીને આગળ અભ્યાસ માટે પ્રવેશપાત્ર ગણવા એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૪૬. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત પર વિચારણા કરવામાં આવી :

કાલીકટ યુનિવર્સિટીની પ્રી-ડિગ્રી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા સમકક્ષ ગણવા અંગેના તે યુનિવર્સિટીના કુલસચિવશ્રીના પત્રાંક જી.એ. (બી-૪), ૩૫૧૫૧, તા. ૩૦-૪-૧૯૭૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાલીકટ યુનિવર્સિટીની પ્રી-ડિગ્રી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિનયન પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "અ"

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિવર્સિટી અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યું તે
૧	૨	૩	૪
૧.	શ્રી. ચૌહાણ દેવપ્રસાદ	પ્રી-યુનિ. કોમર્સ (રાંચી)	ફર્સ્ટ બી.કોમ.
૨.	શ્રી. મૂકેશકુમાર સીંઘ	ફર્સ્ટ બી.એસસી., પ્રી-યુનિ. (બિહાર)	પ્રી-મેડિકલ
૩.	શ્રી. કાંતેસરા કીર્તિકાન્ત પી.	એમ.બી.,બી.એસ. (રાંચી)	એમ.એસ.
૪.	શ્રી. દેસાઈ નરેન્દ્ર રતિલાલ	,,	એમ.એસ.
૫.	શ્રી. દેશપાન્ડે અશોક એલ.	બી.એસસી. (ઓ.ટી., નાગપુર)	ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રિક ઓકયુપેશનલ થેરાપી
૬.	શ્રી. ચાવડા કે. ખીમરાજ	,,	,,
૭.	શ્રી. ખંડેવાલ અશોક એમ.	,,	,,
૮.	કુ. સ્ટેનલી ઇલિયન ડી.	,,	,,
૯.	શ્રી. દવે ગિરીશ જી.	બી.એસસી. (ઓ.ટી., મુંબઈ)	,,
૧૦.	શ્રી. ઠાકર પંકજ આર.	,,	,,
૧૧.	કુ. જોશી વત્સલા એન.	બી.એસસી. (હોમસાયન્સ) એસ.એન.ડી.ટી.	સ્પેશિયલ એજ્યુકેશન ઇન નોન-નોર્મલ ચિલ્ડ્રન કોર્સ
૧૨.	શ્રી. પટેલ મણિલાલ	ફર્સ્ટ બી.કોમ. (જબલપુર)	સેકન્ડ બી.કોમ.
૧૩.	કુ. શાહ આશા બી.	બી.એ. પાર્ટ ૧ મુંબઈ	થર્ડ બી.એ.
૧૪.	શ્રી. પંચોલી પ્રભાત	બી.એસસી. (ખાનગી વિદ્યાર્થી તરીકે) ભોપાળ યુનિવર્સિટી, ભોપાળ	ફર્સ્ટ એલએલ.બી.
૧૫.	શ્રીમતી પટેલ સરોજબહેન આર.	લોકભારતી-સણોસરાની સ્નાતક, ૧૯૬૯માં પાસ	એમ.એ. પાર્ટ-૧

૧	૨	૩	૪
૧૬.	શ્રી. ઠક્કર સુરેન્દ્ર સી.	એમ.એડ. મુંબઈ	પીએચ.ડી.
૧૭.	શ્રી. માર્ટિન બી. જી.	પ્રી-યુનિ.કોમર્સ બોર્ડ ઑફ પ્રી-યુનિ. એજ્યુકેશન, બેંગ્લોરના બે વર્ષના અભ્યાસક્રમની	ફર્સ્ટ બી.એ., લેંગ્વેજ ટેસ્ટ પાસ કરવાની શરતે
૧૮.	શ્રી. એમ. વિજયન્ટ	એમ.કોમ. (કેરાલા)	ડિપ્લોમા ઇન ઇકોનોમેટ્રિક્સ
૧૯.	કુ. શેઠના રૂકસાના	પ્રી-યુનિ. કોરસપોન્ડન્સ (પંજાબ)	ફર્સ્ટ બી.એ.
૨૦.	કુ. વર્મા વિમળા	બી.એસસી. (રાંચી)	એમ.એસસી. પાર્ટ ૨
૨૧.	શ્રી, દવે માસ્ટર કૃપાશંકર	મેટ્રિકયુલેશન બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (ઇન્ડોનેશિયા)	પ્રી-યુનિ. વિનયન
૨૨.	શ્રી. કોલપ્પા પિલ્લાઈ કે.	બી.ફાર્મ. (મદુરાઈ)	એમ.ફાર્મ.
૨૩.	શ્રી. પટેલ ગોપાલભાઈ પી.	પ્રી-એગ્રિ. સરદાર પટેલ યુનિ.	ફર્સ્ટ બી.એ., લેંગ્વેજ ટેસ્ટ પાસ કરવાની શરતે
૨૪.	શ્રી. પટેલ રજનીકાન્ત આઈ.	બી.એસસી. (એગ્રિ.) એમ.એસસી. (એગ્રિ.) (દક્ષિણ ગુજરાત)	ફર્સ્ટ એલએલ બી.
૨૫.	કુ. રગબ ફાતમા અભેદ-ઇ	...	ફર્સ્ટ બી.ફાર્મ.
૨૬.	શ્રી. વરંચાઈ વી. પર્નશોન	ગ્રેડ ૧૨ની મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન (થાઇલેન્ડ)	,,
૨૭.	શ્રી. ગુલજાર દેવેન્દ્રનાથ	ફર્સ્ટ બી.એસસી. (ઉદેપુર)	સેકન્ડ બી.એસસી.
૨૮.	શ્રી. ખૂબલાલ એન.	,,	,,
૨૯.	શ્રી. હરિહરન એ. આર.	સેકન્ડ બી.એ. (મદુરાઈ)	થર્ડ બી.એ.
૩૦.	કુ. ગેંડીવાલ બીના	ફર્સ્ટ બી.એસસી. (જીવાજી)	સેકન્ડ બી.એસસી.
૩૧.	શ્રી. શાહ શરદ શાંતિલાલ	સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ ઇમ્પીરિયલ ઇથોપિયન ગવર્નમેન્ટ ઍન્ડ ફાઈન આર્ટ્સ.	પ્રી-યુનિ. વિજ્ઞાન
૩૨.	કુ. પટેલ રમિલાબહેન સી.	પ્રી-યુનિ. (ગૌહતી)	ફર્સ્ટ બી.એ.

૧	૨	૩	૪
૩૩.	શ્રી. રોય આર. ડી.	બી.એસસી. (એગ્રિ.) ગોરખપુર યુનિ.	ફર્સ્ટ એલએલ.બી.
૩૪.	કુ. ઉપાધ્યાય ઇલા આર.	સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ ૧૨મા ગ્રેડની ઇમ્પીરિયલ ઇથોપિયન ગવર્નમેન્ટ, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ઍન્ડ ફાઇન આર્ટ્સ	પ્રી-યુનિ, વિજ્ઞાન
૩૫.	શ્રી. દહાલે સુહાસ એમ.	પ્રી-પ્રોફેશનલ મેડિકલ (પૂના)	ફર્સ્ટ બી.ફાર્મ.
૩૬.	શ્રી. પ્રભાકરન ટી.	ફર્સ્ટ બી.કૉમ. (બેંગ્લોર)	સેકન્ડ બી.કૉમ.
૩૭.	શ્રી. એ. વી. એન. અપ્પારાવ	બી.ફાર્મ. (મદ્રાસ)	એમ.ફાર્મ.
૩૮.	શ્રીમતી કેન્ગ્રી જોસેફાઈન એચ.	બી.એ. (ઓલ્ડ કોર્સ) તથા બી.એડ. ૧૯૭૩માં પાસ એસ.એન.ડી.ટી.	એમ.એડ.
૩૯.	કુ. તાહેરેહ તાલાઇઝાદેહ	હાઈસ્કૂલ કક્ષાની છઠ્ઠા વર્ષની ફાઇનલ (ઇરાન)	પ્રી-યુનિ. વિનયન
૪૦.	કુ. મહેતા ભાવના બી.	સર્ટિફિકેટ ઑફ સેકન્ડરી એજ્યુકેશન મિડલસેક્સરિજિઓનલ પરીક્ષા બોર્ડ (યુ.કે.)	પ્રી-યુનિ. વાણિજ્ય
૪૧.	શ્રી. મોહન ગોડેશ્વર	બી.કૉમ., એમ.કૉમ. (ગૌહતી)	ફર્સ્ટ એલએલ.બી.
૪૨.	શ્રી. નાકરાણી લલિતકુમાર કે.	સ્નાતક લોકભારતી (સણોસરા)	ફર્સ્ટ એલએલ.બી.
૪૩.	શ્રી. પટેલ ગણેશભાઈ ડી.	બી.એસસી. (એગ્રિ.) (દક્ષિણ ગુજરાત)	ફર્સ્ટ એલએલ.બી.
૪૪.	શ્રી. પટેલ દેવેન્દ્ર સી.	બી.કૉમ. પાર્ટ ૧ (જબલપુર)	સેકન્ડ બી.કૉમ.
૪૫.	શ્રી. અભ્યંકર એનઃ વી.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ., (ઇન્દોર)	સેકન્ડ એમ.બી.,બી.એસ.,
૪૬.	શ્રી. શાહ કિરણકુમાર કે.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ. (રાંચી)	સેકન્ડ એમ.બી.,બી.એસ.,
૪૭.	શ્રી. દલાલ શ્રીપાલ એન.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ., (કર્ણાટક)	સદર
૪૮.	શ્રી. સામટેટી ધર્મરાજ	બી.એસસી. (જન.) (વેસ્ટ ઇન્ડીઝ)	પ્રા-મેડિકલ

૧	૨	૩	૪
૪૯.	શ્રી. મિસ્રા મનુકાન્ત એચ.	બી.એ. (રાંચી)	ફર્સ્ટ એલએલ.બી.,
૫૦.	શ્રી. રામદાસન પી.	પ્રી-ડિગ્રી. કાલિકટ	ફર્સ્ટ બી.કોમ.
૫૧.	શ્રી. શાહ પ્રદીપ સી.	સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ ઇમ્પીરિયલ (ઇથોપિયન ગવર્નમેન્ટ)	પ્રી-યુનિ. વાણિજ્ય
૫૨.	શ્રી. જૈન આમોદકુમાર	બી.ફાર્મ., બીરલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (પિલાણી, રાજસ્થાન)	એમ.ફાર્મ
૫૩	શ્રી. દેસરાજ	બી.એસસી. (એગ્રિ.) (પંજાબ)	ફર્સ્ટ એલએલ.બી.
૫૪.	શ્રી. મડેતા મૂકેશ જી.	ઇન્ટર સાયન્સ, મુંબઈ યુનિવર્સિટી એસ.એસસી.માં હાયર ગણિત નથી.)	ફર્સ્ટ ઇયર ફાર્મસી, ડિપ્લોમા
૫૫.	શ્રી. ડેનિયલ જ્યોર્જ પી.	બી.એ એડ. (માયસોર)	એમ.એ. પાર્ટ ૧
૫૬.	શ્રીમતી જાની મંજુલા આર.	બી.એ. પાર્ટ ૧ (રાંચી)	સેકન્ડ બી એ.
૫૭.	શ્રી. ટીબા રમેશચન્દ્ર	એમ.ઇ. કેમિકલ, બીરલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (પિલાણી (રાજસ્થાન)	ફર્સ્ટ એલએલ.બી,
૫૮.	શ્રી. જાની હર્ષદરાય મણિલાલ	સર્ટિફિકેટ ઇન ટીચિંગ ધી બ્લાઇન્ડ ટ્રેનિંગ સેન્ટર બ્લાઇન્ડ ઇન્સ્ટિટ્યૂટ (મુંબઈ)	ફર્સ્ટ બી.એ.
૫૯.	શ્રી. પાંડેય દિવાકર પ્રસાદ	બી.એસસી. (એગ્રિ.) (કાનપુર)	ફર્સ્ટ એલએલ.બી.
૬૦.	શ્રી. ગોસ્વામી જિતેન્દ્રનાથ	એમ.એસસી. (ગોહત્તી)	પીએચ.ડી.
૬૧.	કુ. અચલા મણિભાઈ	બી.એ. પ્રિલિમિનરી પ્રી-યુનિ. વિનયન (રવિશંકર)	ફર્સ્ટ બી.એ.
૬૨.	શ્રી. નરતી મધુર રમેશ	સેકન્ડ બી.કોમ. (બેંગ્લોર)	થર્ડ બી.કોમ.
૬૩.	શ્રી. મજીદી એ.	છઠ્ઠા ગ્રેડની પરીક્ષા (ઇરાન)	ફર્સ્ટ બી.એસસી.
૬૪.	કુ. પરવિન દોખા ટાડી	,,	,,
૬૫.	કુ. આફ્રીન મરિયમ આબેદી	,,	,,
૬૬.	શ્રી. ગઢવી માધવસંગ અમેરસંગ	ફર્સ્ટ બી.એસસી. (એગ્રિ.) (દક્ષિણ ગુજરાત)	ફર્સ્ટ બી.એ.
૬૭.	શ્રી. દેવાહલ્લી સુધીન્દ્ર જી.	બી.એસસી. (ટેક્ષ) (બેંગલોર)	ફર્સ્ટ એલએલ.બી.

૧	૨	૩	૪
૬૮.	શ્રી. ગોસ્વામી બી. એન.	એમ.એસસી. (ગોહત્તી)	પીએચ.ડી.
૬૯.	શ્રી. મકવાણા બાલકૃષ્ણ આઈ.	બી.એસસી. (એગ્રિ.) (દક્ષિણ ગુજરાત)	ફર્સ્ટ એલએલ.બી
૭૦.	શ્રી. અનિલકુમાર નગીનદાસ	ફિઝિ. જુનિયર સર્ટિફિકેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુ. (ન્યૂઝીલેન્ડ)	પ્રી-યુનિ. વાણિજ્ય
૭૧.	શ્રી. પટેલ મહેશ બી.	હાયર સેકન્ડરી, શ્રી અરબિન્દો ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન, પોંડીચેરી	પ્રીયુનિ. વાણિજ્ય
૭૨.	શ્રી. પાન્ડે રામસુરેશ	ફાઇનલ પરીક્ષા, સેકન્ડરી એજ્યુકેશન, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન (બેંગકોક, થાઇલેન્ડ)	ફર્સ્ટ બી.ફાર્મ.
૭૩.	શ્રી. પટેલ અજયકુમાર કે.	સીનિયર ગ્રેડ (૧૨ ગ્રેડની) બોર્ડ ઑફ એજ્યુકેશન વિલ્સબર્ગ હાઈસ્કૂલ (ન્યૂયોર્ક, યુ.એસ.એ.)	પ્રી-યુનિ. વિજ્ઞાન
૭૪.	કુ. પટેલ સ્મિતા કે.	,,	પ્રી-યુનિ. વિજ્ઞાન
૭૫.	શ્રી. પટેલ અશ્વિનકુમાર જે.	ઇસ્ટ આફ્રિકન સ્કૂલ સર્ટિફિકેટ કેમ્બ્રિજ (રેગ્યુ. ૭ની શરતો પૂરી થતી નથી)	પ્રી-યુનિ. વિજ્ઞાન
૭૬.	કુ. પટેલ રસિલાગૌરી બી.	મલયેશિયા સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશન	પ્રી-યુનિ. વિનયન
૭૭.	કુ. જાની રેખાબહેન એમ.	બી.એ. પાર્ટ ૨ (પદવી) (રાંચી)	બી.એડ.
૬૮.	શ્રી. દોશી કિરીટકુમાર એમ.	હાયર સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન (સુદાન)	પ્રી-યુનિ. વિજ્ઞાન
૭૯.	કુ. શાહ સંધ્યા પી.	ઇસ્ટ આફ્રિકન સ્કૂલ સર્ટિફિકેટ (એડવાન્સ) (કેમ્બ્રિજ)	ફર્સ્ટ બી.ફાર્મ.

૧	૨	૩	૪
૮૦.	શ્રી. વ્યાસ પ્રકાશ એન.	ફર્સ્ટ બી.એસસી. સેમેસ્ટર પદ્ધતિની સરદાર પટેલ યુનિવર્સિટી	ઇન્ટર ફાર્મસી અથવા સેકન્ડ બી.એસસી.
૮૧.	શ્રી. શેઠ શૈલેષકુમાર સો.	,,	,,
૮૨.	શ્રી. પટેલ વસંતલાલ એન.	ન્યુઝીલેન્ડ સ્કૂલ સર્ટિફિકેટ	પ્રી-યુનિ. વાણિજ્ય
૮૩.	શ્રી. ભગવાન ચંપક એલ.	,,	,,
૮૪.	શ્રી. અશોક ગોવિંદ કે.	,,	,,
૮૫.	શ્રી. ગોલવાલા પ્રવીણકુમાર એન.	પ્રા-યુનિ. વિજ્ઞાન (દક્ષિણ ગુજરાત) (હાયર સેકન્ડરી પરીક્ષામાં ગણિત નથી)	પ્રી-ડેન્ટલ
૮૬,	શ્રી. પુરતફા હકમમહંમદ	જનરલ સેકન્ડરી એજ્યુકેશન સર્ટિફિકેટ મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ (કુવેત, ઈરાન)	ફર્સ્ટ બી.ફાર્મ.
૮૭.	શ્રી. અલ-અબદ જમાલ અબ્દુલકાદર શરીફ	"જનરલ સેકન્ડરી એજ્યુકેશન સર્ટિફિકેટ" મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ (જોર્ડન, ઈરાન)	,,
૮૮.	શ્રી. મ્યુન ફારેસ ઓથમન મહંમદ આજુની	,,	,,
૮૯.	શ્રી. ગોસાઈ જયંતીલાલ	બી.એસસી. (એગ્રિ.) દક્ષિણ ગુજરાત	ફર્સ્ટ એલએલ.બી.
૯૦.	શ્રી. દયાલ પ્રમોદકુમાર	બી.ડી.એસ., લખનૌ	એમ.ડી.એસ.
૯૧.	શ્રી. પટેલ ધીરુભાઈ ગોરધનભાઈ	એમ.બી.બી.એસ (રાંચી)	એમ.એસ.
૯૨.	શ્રી. ડી. વી. રંગારેડ્ડી (ડી.વી.)	બી.ઈ. વેંકટેશ્વર	એમ.ઈ.
૯૩.	શ્રી. એમ. સી. વિલિયમ્સ હેરોલ્ડ આર્થર	એમ.એ. (યુનિ. ઑફ ચિકાગો)	પીએચ.ડી.
૯૪.	શ્રી. સોમપુરા અશ્વિન	બારમા ગ્રેડની બ્યાને મેમોરિયલ હાઈસ્કૂલ (મિશિગન, યુ.એસ.એ.)	પ્રી-યુનિ. વિજ્ઞાન
૯૫.	શ્રી. કતારે સન્તકુમાર	એમ.બી.,બી.એસ. પદવી (જબલપુર)	એમ.ડી.ડી.વી.ડી.
૯૬.	કુ. નરસીમપુરા વિદ્યા એસ.	પ્રી-યુનિ. (બેંગ્લોર)	ફર્સ્ટ બી.એ. (એકસ્ટર્નલ

૧	૨	૩	૪
૯૭.	શ્રીમતી એસ. માલહાન	એમ.એસસી. (ઓટિયા સ્ટેટ યુનિવર્સિટી, કોલંબિયસ, યુ.એસ.એ.)	પીએચ.ડી.
૯૮.	શ્રી. ડૉક્ટર દિનયાર	ફર્સ્ટ બી.ડી.એસ. (માઈસોર)	સેકન્ડ બી.ડી.એસ.
૯૯.	ડૉ. વાઘડિયા વલ્લભદાસ બાવનજી	એમ.બી.બી.એસ (રાંચી)	એમ.એસ.
૧૦૦.	કુ. ગુનબાલા દગા	બી.ઈ. (ઓનર્સ) બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ સાયન્સ (પીલાણી, રાજસ્થાન)	ડિપ્લોમા ઈન સ્પેસ સાયન્સ
૧૦૧.	શ્રી. મહેતા હર્ષદરાય માવજી	એડિશનલ ઈલેક્ટ્રિકલ એન્જિ. ડિપ્લોમા વિક્ટોરિયા જયુબિલી ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ, મુંબઈ	ફર્સ્ટ પી.પી.ડી સી.
૧૦૨.	શ્રી. ચૌધરી પ્રિયરાજ	બી.એસસી. (મદુરાઈ)	બી.એસસી. ઈન ઓડિયોલોજી એન્ડ સ્પીડીથેરાપી
૧૦૩.	કુ. દેસાઈ સ્મિતા ચંદ્રવદન	સેકન્ડ બી.એ.ના વર્ગમાં ઈન્દોર યુનિવર્સિટીમાં એક સત્ર રાખીને બીજા સત્રથી આ યુનિવર્સિટીમાં સેકન્ડ બી.એ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર	સેકન્ડ બી.એ.
૧૦૪.	શ્રી. વ્યાસ ધીરેન્દ્ર ધનેશ્વર	ફર્સ્ટ એમ.બી.બી.એસ. (રાંચી)	સેકન્ડ એમ.બી.,બી.એસ.
૧૦૫.	કુ. પટેલ વિરાજ અંબુકુમાર	,,	,,
૧૦૬.	શ્રી. મહેતા જગદીપ છોટાલાલ	ફર્સ્ટ એમ.બી.બી.એસ. (મગધ)	સેકન્ડ એમ.બી.બી.એસ.
૧૦૭.	શ્રી. રાવ મુદુકતે જે.	એમ.એસસી. (આઈ.આઈ.ટી., મુંબઈ)	પીએચ.ડી.
૧૦૮.	શ્રી. ઝમીર એહમદ	થર્ડ ઈયર ડિપ્લોમા ઈન ઈલે. (અલીગઢ-મુસ્લિમ)	ફર્સ્ટ પી.પી.ડી.સી.

૧	૨	૩	૪
૧૦૯.	કુ. મોદી બેલા	એમ એ. (પેન્સિલ્વાઈનમ ફિલાડેલ્ફીઆ, યુ.એસ.એ.)	પીએચ.ડી.
૧૧૦.	શ્રી. સેટીઆ વિનોદકુમાર	બી.એસસી. (પેટ્રોલિયમ ટેકનો.) (રાંચી)	ફર્સ્ટ એલએલ.બી.
૧૧૧.	શ્રી. શાસ્ત્રી નીતિનકુમાર આર.	ફર્સ્ટ એમ.બી.બી.એસ. (બિહાર યુનિવર્સિટી, મુઝફરપુર.)	સેકન્ડ એમ.બી.બી.એસ.

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૩૮

Norms for grant of Autonomy to affiliated Colleges/Recognised Institutions and University Departments

(i) Academic requirements :

1. The college applying for an autonomous status ought to provide at least in six subjects under the Arts faculty and in four subjects in Commerce and Science faculties.
2. As these are centres for the pursuit of excellence and for creating a climate of scholarship, the college applying for an autonomous status ought to be enjoying a background of reputation for its standards and results.
3. The management should be liberal in the outlook and only academically interested in this proposal.
4. It should be open to all castes and creeds.
5. It should have created a sense of respect in their students and teachers for their devotion to the cause of education.
6. It should have given ample signs that their first consideration is advancement of education and not financial viability.
7. It should agree to establish its own Boards of Studies and Academic Council and secure total enrolment of the Faculty in building up and implementing academic programmes.
8. Teachers in such institution should have a high level of academic achievement and involvement.

(ii) Environmental requirements :

9. It should have a good building with playground and other student welfare activities.
10. It should have a decent library, laboratory and other prerequisites.
11. It should be financially sound.

(iii) **Procedural requirements :**

12. The concurrence of the University Grants Commission should be secured before granting autonomous status.

13. The institution seeking this status be requested to send its scheme for autonomy with specific reference to new programmes in view of local needs. They may also state that how they envisage to implement the envisaged programme in terms of methods of teaching, use of new techiques, etc. be spelt out in details.

14. Its scheme should also indicate its detailed designs for evaluation and research.

15. A proforma for this be evolved and the same be filled in by the institution, and a committee should go into this and report to the University.

16. Admission requirements in the institution should be properly laid down.

17. The autonomous college will be required to comply with the usual rules of the University regarding conditions of service of the teaching as well as the non-teaching staff. However, in view of its special ameliorative obligations it shall be free to prescribe its own fees.

18. Autonomy be granted in the first instance for three years. A review committee be appointed to assess the development of the college annually and report the same. The second extension be for a period of five years and thereafter a permanent autonomous status be granted if the achievements of the college are quite satisfactory.

19. In the case of an autonomous college, an autonomous recognised institution or an autonomous University Department, the University shall continue to exercise general supervision over such college, institution or Department and to confer degrees on the students of the college, institution or Department, passing an examination qualifying for the degree of the University.

20. (1) For the purpose of enabling it to exercise the powers conferred on it under Section 38-B, an autonomous college or an autonomous recognised institution or an autonomous University Department shall appoint a Standing Committee consisting of—

(*i*) the Principal of the college, or the head of the institution or the Department, as the case may be, as its ex-officio Chairman,

(*ii*) Heads of the Departments in the special subjects taught at degree level in the case of a college and Heads of Department, and in case of a recognised institution or a University Department, as its ex-officio members, and

(*iii*) Such other members not exceeding five as the college, institution or Department may think fit to appoint.

(2) The Standing Committee shall exercise such of the powers of the college, institution or Department under Section 38-B as the college, institution or Department may delegate to it.

(3) The Standing Committee may appoint a Special Committee or committees for the purpose of exercising such powers and porforming such functions of an authority of the University other than the Court, the Executive Council and the Academic Council, in relation to the college, institution or Department as the Standing Committee may, subject to such conditions as it thinks fit to impose, assign to it or them.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૪ના વર્ષની બીજી સભા, બુધવાર, તા. ૨૧-૮-૧૯૭૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧—૮—૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	આચાર્ય કે. એન. શાહ	હાજર
૩.	આચાર્ય જી. એમ. પટેલ	હાજર
૪.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૫.	ડૉ. આર. એમ. ચોકસી	હાજર
૬.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૭.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર
૮.	ડૉ. એચ. સી. ભાયાણી	હાજર
૯.	શ્રી. કે. આર. ચંદ્રશેખરન	ગેરહાજર
૧૦.	ડૉ. સી. જી. ખત્રી	ગેરહાજર
૧૧.	ડૉ. પરેશ એમ. મજમુદાર	હાજર
૧૨.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૩.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર
૧૪.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૧૫.	શ્રી. એ. એમ. રાવળ	હાજર
૧૬.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૧૭.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર
૧૮.	ડૉ. સી. આર. નાયક	હાજર
૧૯.	ડૉ. આર. કે. ધારૈયા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧—૮—૧૯૭૪
૨૦.	શ્રી. ડી. એન. પાઠક	હાજર
૨૧.	ડૉ. જે. એ. યાજ્ઞિક	હાજર
૨૨.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	હાજર
૨૩.	શ્રી. એચ. એન. રાવળ	હાજર
૨૪.	શ્રી. એન. જે. પટેલ	ગેરહાજર
૨૫.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર
૨૬.	આચાર્ય વી. એસ. ભટ્ટ	હાજર
૨૭.	આચાર્ય પી. આર. દેસાઈ	ગેરહાજર
૨૮.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૨૯.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર
૩૦.	ડૉ. કે. ભાર્ગવ	હાજર
૩૧.	શ્રી. બી. વેણુગોપાલાચાર	હાજર
૩૨.	ડૉ. એસ. કે. મજમુદાર	હાજર
૩૩.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર.

૧. તા. ૩૦-૫-૧૯૭૪ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૪ના વર્ષની પ્રથમ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૩૦-૫-૧૯૭૪ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૪ના વર્ષની પ્રથમ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ઑક્ટોબર ૧૯૭૪માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક અંગે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ પ્રાશ્નિકો/પરીક્ષકોનાં નામોની કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ યાદીઓ આ સભાગૃહના સભ્યોને સભાનું કામકાજ શરૂ થતાં પહેલાં વહેંચવામાં આવી હતી અને તે યાદીઓ સાંજ પહેલાં કાર્યાલયને પરત કરવા સભ્યોને વિનંતી કરવામાં આવી હતી.

સદરહુ બાબત અંગે કુલપતિશ્રીએ સૂચવ્યું કે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ કરેલી ભલામણોની બાબતમાં જે કોઈ સભ્યને પોતાનાં સૂચનો કરવાનાં હોય તેમણે તે સૂચનો લેખિત સ્વરૂપે તા. ૨૩-૮-૧૯૭૪ સુધીમાં કુલપતિશ્રીને પહોંચાડવાં.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ભલામણો એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જરૂરી નિર્ણય માટે મોકલી આપવી.

૩. શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ

જોડાણ મેળવવા માટેની અરજી પરની બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૬-૧૯૭૪ની સભામાં સદરહુ કૉલેજે છૂટા કરવામાં આવેલા અધ્યાપકોને તથા બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓને તેમની નોકરીનું સાતત્ય જળવાઈ રહે તે રીતે ચાલુ રાખવાના યુનિવર્સિટીના આદેશનું પાલન કર્યું નથી તેમ જ બાકી નીકળતા પગારની ચુકવણી કરવામાં આવી નથી તે જોતાં એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવાનું ઠરાવેલું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કૉલેજના સંચાલક મંડળના તા. ૧૯-૮-૧૯૭૪ના બે પત્રો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે હાલ સંબંધકર્તા પક્ષો વચ્ચે વાટાઘાટો ચાલે છે તે જોતાં એકેડેમિક કાઉન્સિલ વતી જરૂરી નિર્ણય લઈને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ઘટતી ભલામણ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદને સ્વાયત્તતા આપવા અંગે તપાસ કરી અહેવાલ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં સદરહુ કૉલેજને સ્વાયત્તતા આપવા અંગે સમગ્ર પાસાંઓની તપાસ માટે નીમેલી સમિતિના આવેલ અહેવાલ પર વિચારણા કરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૪ની સભાએ સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલવાનું ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા અન્ય સંબંધકર્તા કાગળો જોઈ-તપાસીને નીચે મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું :

૧. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં, (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણ, વિદ્યાવિતરણ અને તાલીમની બાબતમાં, તથા (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા મુજબની શરતોનું પરિપાલન તા. ૩૦મી એપ્રિલ ૧૯૭૫ સુધીમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.ઈ. સિવિલ, મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ અને કેમિકલ એન્જિનિયરિંગ તથા બી. ઈ. ઇલેક્ટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન અને બી.ઈ. ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કૉન્ટ્રોલ (સેન્ડવિચ પેટર્ન) વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ, શિક્ષણ અને પરીક્ષાની બાબતમાં તા. ૧૫મી જૂન ૧૯૭૫થી તા. ૧૪મી જૂન ૧૯૭૮ સુધીના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ ૩૮-બી હેઠળ પ્રથમ વર્ષ (એફ.ઈ.) થી શરૂ કરીને એકેક વર્ષ આગળ વધે તે રીતે ઉત્તરોત્તર (progressively) જરૂરી સ્વાયત્તતા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણો ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવો :

શરતો

૧. પ્રવેશપાત્રતા અંગે ઓછામાં ઓછાં જે ધારાધોરણો ગુજરાત યુનિવર્સિટીએ નિયત કરેલાં હોય તેનું યથાર્થ પરિપાલન કરવામાં આવે;

૨, પ્રવેશ અંગે સંલગ્ન કૉલેજોમાં કૉલેજવાર અને વર્ગવાર ઑ. ૧૨૦-બી માં વિદ્યાર્થીઓની

સંખ્યા અંગે જે ગુરુતમ મર્યાદાઓ મૂકેલી છે તેનાં કરતાં વધુ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે નહીં;

૩. વિદ્યાર્થીઓની ટયૂશન ફીમાં યુનિવર્સિટીની પૂર્વમંજૂરી વિના કશો વધારો કરવામાં આવે નહીં;

૪. પ્રત્યેક શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમો સ્વાયત્ત કૉલેજોની સ્થાયી સમિતિની જે તે વિષયના નિષ્ણાતોનાં સલાહસૂચનો લઈને નિયત કરવા જોઈશે અને શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ કૉલેજે પ્રસિદ્ધ કરવા જોઈશે, અને તે પછી તરતજ તેની ઓછામાં ઓછી ૨૫ નકલો યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવી આવશ્યક રહેશે;

૫. પ્રસિદ્ધ કરેલા અભ્યાસક્રમમાં વર્ષની અધવચ્ચે સામાન્ય રીતે કશો ફેરફાર કરી શકાશે નહીં, પરંતુ ખાસ સંજોગોમાં તેમ કરવાની જરૂર ઊભી થાય તો તેનાં કારણો લેખિત સ્વરૂપે નોંધીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી આવશ્યક રહેશે;

૬. અભ્યાસક્રમ નિયત કરતી વખતે જે તે કક્ષાએ શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો લક્ષમાં રાખવાં આવશ્યક રહેશે;

૭. શિક્ષણની પ્રક્રિયામાં જ્યારે ફેરફાર કરવામાં આવે ત્યારે તે અંગે કૉલેજોમાં શિક્ષકોને તેમાં સાંકળવામાં આવે;

૮. નવા માળખા તરફ કૉલેજોના શિક્ષકોનો અભિગમ કેળવવા માટે પરિસંવાદો યોજવા અને આ વિચારનો જે સંસ્થાઓમાં અમલ થયો હોય ત્યાંની મુલાકાત કૉલેજોના શિક્ષકો લઈ શકે તેવી સગવડ તેઓને આપવામાં આવે;

૯. શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો જાળવવા અને સુધારવા માટે સતત મથામણ કરવી કૉલેજ માટે આવશ્યક રહેશે, અને તે હેતુ માટે અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે;

૧૦. સંલગ્ન કૉલેજો માટે નિયત કરેલ ઓછામાં ઓછી લાયકાત અને વેતનનાં ધોરણો કરતાં કોઈ પણ સંજોગોમાં નીચાં નહીં એવાં ધોરણોનું પરિપાલન કરવાનું આવશ્યક રહેશે, અને તે બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ કે તે માટે તેણે જે અધિકારીને સત્તા આપેલી હોય તે વખતોવખત જે સૂચનાઓ આપે તેનો અમલ કરવો આવશ્યક રહેશે;

૧૧. વર્ગખંડો અને તેના ક્ષેત્રફળની બાબતમાં તથા ગ્રંથાલય, વાચનખંડ, પ્રયોગશાળા/વર્કશોપ, છાત્રાલય અને રમતગમતનાં સાધનસગવડની બાબતમાં સંલગ્ન કૉલેજો માટે નિયત થયેલાં ધોરણો કરતાં નીચાં નહીં એવાં ધોરણો કૉલેજે પાળવાં આવશ્યક રહેશે;

૧૨. ઉપર નં. ૧, ૨, ૩ અને ૪ અંગેની હાલ પ્રવર્તતી નીચેની ઊણપો/ક્ષતિઓ દૂર કરવામાં આવે :

(૧) ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશનના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

(૨) ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન વિષયને લગતા બે વ્યાખ્યાતાઓ નીમવામાં આવે;

(૩) ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કોમ્યુનિકેશન માટેનાં પ્રયોગશાળાનાં તમામ જરૂરી સાધનો વસાવવામાં આવે;

(૪) પ્રયોગશાળા માટે વિશાળ ખંડની જોગવાઇ કરવામાં આવે, તેને ડસ્ટપ્રૂફ બનાવવામાં આવે;

(૫) ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કોમ્યુનિકેશન વિષયને લગતાં જરૂરી પુસ્તકો વસાવવામાં આવે;

(૬) સ્થાનિક તપાસસમિતિએ તા. ૧૩-૧૨-૧૯૭૩ના રોજ કોલેજની મુલાકાત લીધી તે પછી કોઇ શિક્ષકની બદલી કરવામાં આવી હોય તે શિક્ષકોને બદલે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતી વ્યક્તિઓને નીમવામાં આવેલી છે તેની ખાતરી યુનિવર્સિટી કાર્યાલયને કરાવવામાં આવે, અને તે મુજબ કોઇ એક કે વધુ વ્યક્તિઓની નિમણૂક ન થઇ હોય તો તે તા. ૧૫-૩-૧૯૭૫ સુધીમાં કરવામાં આવે;

૧૩. પ્રતિ વિદ્યાર્થીની નોંધણી યુનિવર્સિટી કાર્યાલયમાં કરાવવી તથા તે માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે એકઠી કરીને વેળાસર મોકલી આપવી કોલેજ માટે આવશ્યક રહેશે;

પ્રશ્નપત્રોની ગુપ્તતા અને પરીક્ષા સંચાલનની પવિત્રતા અને ગુણાંકનની નિષ્પક્ષતા બાબતમાં ઉત્કૃષ્ટ ધોરણોની જાળવણી કરવી આવશ્યક રહેશે, તથા તેમાં બની શકે તેટલા સુધારા કરવા માટે કોલેજ હંમેશાં જાગ્રત અને પ્રયત્નશીલ રહેશે; અને તેમાં અધ્યાપકો તથા અન્ય નિષ્ણાતો અને કર્મચારીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે.

૧૪. કોલેજ તરફથી વખતોવખત લેવાતી પરીક્ષાઓનાં દફતર (રેકર્ડ્ઝ) સ્વચ્છ અને ભૂલચૂક વિનાનાં રાખવાં આવશ્યક રહેશે, અને તે પરીક્ષાઓના ગુણાંકનની જાણ યુનિવર્સિટી કાર્યાલય નિયત કરે તે રૂપમાં અને તેટલી નકલોમાં કરવી આવશ્યક રહેશે.

૧૫. પરીક્ષા અંગે યુનિવર્સિટી કાર્યાલયમાં કેટલાંક રેકર્ડ્ઝ રાખવાં આવશ્યક બનશે અને તે માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે ફી કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી વેળાસર એકઠી કરીને યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડવી આવશ્યક રહેશે.

૧૬. ઉપરની કોઇ પણ બાબત સંબંધકર્તા અન્ય બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલય તરફથી જે કોઇ માહિતી માગવામાં આવે તે માહિતી પૂરી પાડવી આવશ્યક રહેશે તથા તે અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની કે તેણે નીમેલી સમિતિને કે વ્યક્તિને જ્યારે જ્યારે તપાસ કરવાની જરૂર જણાય ત્યારે ત્યારે તે તપાસનડ કામમાં કોલેજે પૂરેપૂરો સહકાર આપવો આવશ્યક રહેશે.

૫. યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકો (પ્રાધ્યાપક, રીડર, લેક્ચરર)નો કાર્યભાર નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે મુજબ સમિતિ નીમવી :

(૧) યુનિવર્સિટીનાં ચારેય વિદ્યાભવનોના અધ્યક્ષો

(૨) કુલપતિશ્રી નીમે તે અન્ય સભ્યો.

૬. વાલીની બદલી થતાં યા અન્યત્ર રહેઠાણ બદલવાનું થતાં સંજોગોને કારણે ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા માટે રાખેલ મુખ્ય કે ગૌણ વિષય પૈકીનો કોઈ વિષય બદલવા પરવાનગી આપવા અંગે કોઈ નિયમ નહિ હોવાથી તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને સેકન્ડ ઈયર બી.એ.માં દાખલ થતા કોઈ વિદ્યાર્થીને તેના વાલીની બદલી કે અન્ય કોઈ યોગ્ય કારણે કોલેજ બદલવાનું આવશ્યક બને તો તેને ફર્સ્ટ ઈયરનો મુખ્ય કે ગૌણ વિષય બદલવાની મંજૂરી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. જનરલ એજ્યુકેશન વિષયનું શિક્ષણ જૂન ૧૯૭૩થી ફર્સ્ટ ઇયર અને સેકન્ડ ઇયરની ત્રણે વિદ્યાશાખાઓના અભ્યાસક્રમમાંથી રદ કરવામાં આવ્યું હોઈ, ૧૯૭૪ના ઑકટોબરમાં લેવાનાર ફર્સ્ટ બી.એ. તથા સેકન્ડ બી.એ. એકસ્ટર્નલની પરીક્ષાઓમાંથી પણ જનરલ એજ્યુકેશનનો વિષય રદ કરી તે અંગેના સંબંધકર્તા રેગ્યુલેશનો સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓના અભ્યાસક્રમોમાંથી જનરલ એજ્યુકેશનનો વિષય રદ કરીને ઉપરના રેગ્યુલેશનો તથા ઑર્ડિનન્સ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૮. (૧) મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ઍન્ડ સોશિયલ વેલ્ફેર પરીક્ષા સુધારા અંગે નીમેલી સમિતિના હેવાલની બાબતમાં તા. ૭-૪-૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ નીમેલી સમિતિની ભલામણો અને (૨) આ યુનિવર્સિટીમાં શિક્ષણનું ધોરણ ઊંચું આવે તે ધ્યેય નજરમાં રાખીને વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પરીક્ષા પદ્ધતિ અને તે અંગેની સમગ્ર પ્રક્રિયા પર વિચારણા કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાએ નીમેલી સમિતિના હેવાલ પર તા. ૨૩-૧૨-૧૯૭૩ની એકેડેમિક કાઉન્સિલે ઉપરોક્ત બન્ને સમિતિઓની ભલામણોનો સૈદ્ધાંતિક સ્વીકાર કરી તેના અમલની બાબતમાં વ્યાવહારિક દૃષ્ટિએ જે ફેરફાર જણાય તે ફેરફારો સાથે ચોક્કસ નિયમો ઘડવા માટે નીમેલી સમિતિની બીજી સભા જે તા. ૧-૫-૧૯૭૪ના રોજ મળી હતી તેણે કરેલ ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪-૭૫ના વર્ષની પરીક્ષાઓ (ઑકટોબર-નવેમ્બર અને માર્ચ-એપ્રિલની પરીક્ષાઓ સહિત) તથા તે પછીની તમામ યુનિવર્સિટીની પરીક્ષાઓ યુનિવર્સિટીનાં નિયત ધારાધોરણો મુજબ લેવામાં આવશે અને તેમાં આંતરિક ગુણાંકન, પ્રશ્નોના વિકલ્પો, ઇત્યાદિ અંગે કોઈ પણ પ્રકારની ખાસ રાહત આપવામાં આવશે નહિ એ સ્પષ્ટતા તમામ સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પરિપત્ર દ્વારા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. તા. ૩-૭-૧૯૭૪ના રોજ મળેલ તબીબી વિદ્યાશાખાની સભામાં પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.બી.એસ.ની ઑકટોબર ૧૯૭૪માં લેવાનારી પરીક્ષાઓ માટે હાલના વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લેતાં તબીબી વિદ્યાશાખાની ભલામણ મુજબ આંતરિક મૂલ્યાંકન

નહીં રાખવા અને એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાઓ માટે હાલના નિયમો મુજબ આંતરિક મૂલ્યાંકન ફરીથી પૂર્વવત્ ચાલુ રાખવાની સ્પષ્ટતા કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦. પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા-ઇન-સ્પેઇસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશન્સ પરીક્ષાનું પાસિંગ ધોરણ એમ.એસસી. પરીક્ષાના પાસિંગ ધોરણ મુજબ રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે અંગે નીચેનો રે.ડિપ. એસપી.એસસી. ૪ મંજૂર કરવા બાબત.

R. Dip. Sp. Sc. 4 :

To pass the examination for Diploma in Space Sciences and their Applications a candidate shall be required to obtain at least 36% of the marks separately each in (*a*) each of the courses and (*b*) Term-work with Viva-voce for each semester at the examination. Award of classes shall be as under :

1. A successful candidate obtaining 70% or more marks of the total marks of Semester I & II Examinations taken together will be placed in First Class with Distinction.
2. A successful candidate obtaining 60% or more marks but less than 70% of the total marks of Semester I & II Examinations taken together will be placed in First Class.
3. A successful candidate obtaining 48% or more marks but less than 60% of the total marks of Semester-I & II Examinations taken together will be placed in Second Class.
4. The remaining candidates passing the examinations will be placed in Pass Class.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા ઉપરનો રેગ્યુ. ડિપ. સ્પે. સાયન્સ-૪ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૧. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) (અ) પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીના ફરજિયાત અંગ્રેજીનો લેંગ્વેજ વર્કનો અભ્યાસક્રમ સુધારવામાં આવ્યો છે, અને તે માટે રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, રેગ્યુ પ્રી-કોમર્સ-૨, રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ તથા ફાર્મ. રેગ્યુ. ૪ને સુધારી જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(બ) પ્રથમ વર્ષ બી.એ.,બી.એસસી. અને બી.કૉમ. તથા બીજા વર્ષ બી.એ. અને બી.એસસી.ના ફરજિયાત અંગ્રેજીનો લેંગ્વેજ-વર્કનો અભ્યાસક્રમ સુધારવામાં આવ્યો છે અને તે માટે રેગ્યુ. આર્ટ્સ-૨, રેગ્યુ. સાયન્સ-૨, રેગ્યુ. કૉમર્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. સાયન્સ-૮ને સુધારી જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

[**નોંધ.**—ઉપર (અ) અને (બ)માં જણાવેલ પરીક્ષાઓ માટે અગાઉ નિયત કરેલો લેંગ્વેજ-વર્કનો અભ્યાસક્રમ આથી રદ કરવામાં આવે છે અને આ પરીક્ષાઓ માટેનો સુધારેલા રેગ્યુલેશનો મુજબનો નવો અભ્યાસક્રમ જૂન ૧૯૭૪થી અમલમાં આવે છે.]

(૨) પ્રથમ વર્ષ બી.એ., બી.એસસી., બી.કૉમ., બી.એસસી. (નર્સિંગ), પ્રી-મેડિકલ તથા બીજા વર્ષ બી.એ., બી.એસસી., બી.કૉમ. તથા ત્રીજા વર્ષ બી.એ ના ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી અંગ્રેજી વિષયની પરીક્ષાઓ માટે નિયત કરેલાં પાઠ્યપુસ્તકો-અભ્યાસક્રમો અંગે સ્પષ્ટતા કર્યાના;

(૩) પ્રથમ વર્ષ બી.એ.ની સંસ્કૃતની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પ્રશ્નપત્ર ૨ માટે **दशकुमार चरित** પૂર્વ પીઠિકાના ઉચ્છ્વાસ ૧ અને ૨ અભ્યાસક્રમ માટે નિયત કરવામાં આવ્યા છે તેમ સ્પષ્ટતા કર્યાના;

(૪) ત્રીજા વર્ષ બી.એ.ની સંસ્કૃતની ૧૯૭૫ની પરીક્ષા માટે નિબંધના મુદ્દાઓ નિયત કર્યાના;

(૫) એમ.એ. ભાગ ૨ની સંસ્કૃત વિષયની ૧૯૭૬ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પ્રશ્નપત્ર ૪ માટે (૩) બાણકૃત **कादंबरी** દર્શાવ્યું છે તે છાપભૂલ હોઈ રદ ગણવું. પ્રશ્નપત્ર ૪ માટેનાં પુસ્તકો હવે નીચે મુજબ સુધાર્યાના :

૧. **नैषधचरित** — ૧, ૨

૨. **हर्षचरित** — ૧, ૨ અને ૩;

(૬) એમ.એ. ભાગ ૨ મનોવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમમાં પ્રત્યેક વિદ્યાર્થીએ ડિઝર્ટેશન કરવાનું ફરજિયાત છે તે બાબતમાં હવે જુલાઈ, ૧૯૭૪માં દાખલ થયેલા વિદ્યાર્થીઓ માટે ડિઝર્ટેશન વૈકલ્પિક રાખવામાં આવ્યું છે, અને ડિઝર્ટેશનના વિકલ્પે પ્રશ્નપત્ર રાખી નીચે મુજબ સુધારો કર્યાના :

(1) *Area of Experimental Psychology* : In lieu of dissertation the student may offer Psychological Testing.

(2) *Area of Clinical Psychology* : In lieu of dissertation, the student may offer either Statistical Inference or Human Relations in Industry.

(3) *Area of Industrial Psychology* : In lieu of dissertation the student may offer Statistical Inference.

(૭) એમ.એ. ભાગ ૨ એન્ટાયર સોશિયોલોજી ગ્રુપ 'એફ'—એડવાન્સ્ડ સોશિયોલોજી (ન્યૂ કોર્સ)ના માસ્ટર એસેના પ્રશ્નપત્રને વૈકલ્પિક પ્રશ્નપત્ર તરીકે રાખવામાં આવેલ છે અને તેને લગતો

સંબંધકર્તા રેગ્યુ. એમ.એ.-૮ નીચે પ્રમાણે સુધારી તેને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવાના :

Group 'F' — Advanced Sociology (New Course) (In force from June 1974) :

1. Master Essay
2. Social Psychology
3. Industrial Sociology
4. Social Institutions & S cial Stratification
5. Social Control & Social Change
6. Sociology of Education
7. Urban Sociology
8. Rural Sociology

N.B —A student will be required to offer any four papers from I to VIII above according to the convenience of the Department.

Master Essay :

The student is required to conduct field work on a topic approved by the Head of the Department of Sociology and an essay based on the field work prepared in consultation with his teacher should be sumitted together with the form of application for admission to the examination.

(૮) ત્રીજા વર્ષ બી.કોમ.ના બિઝનેસ મેનેજમેન્ટ વૈકલ્પિક પ્રશ્નપત્ર ૪, પાર્ટ 'ઈ'— ડિઝર્ટેશનના મુદ્દાઓ નીચે આપેલી નોંધ નીચે મુજબ સુધાર્યાના :

Note.— Candidates must submit one typewritten copy on each of the dissertations on at least three topics to be selected from topics listed above.

(૯) બી.એ.ની પરીક્ષા અર્થશાસ્ત્ર વિષય સાથે પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને બી.કોમ.નો અભ્યાસક્રમ કરવા અંગેનો ઓર્ડિનન્સ કોમ. ૫-બી સુધારી તેને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(૧૦) ઇજનેરીના બી.ઈ.-૫. સેમેસ્ટર ૯, પાર્ટ ૧, મિકેનિકલ એન્જિનિયરિંગનો સુધારવામાં આવેલ ટીચિંગ અને એકઝામિનેશન સ્કીમ અને તેને લગતો રેગ્યુ. એન્જિ.-૧૭ સુધારી જુલાઈ ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(૧૧) ઇજનેરીના બી.ઈ.-૫, સેમેસ્ટર ૧૦, પાર્ટ ૨—મિકેનિકલ એન્જિનિયરિંગની સુધારવામાં આવેલી ટીચિંગ અને એકઝામિનેશન સ્કીમ અને તેને લગતો રેગ્યુ. એન્જિ. ૧૭ સુધારી જુલાઈ ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(૧૨) મિકેનિકલ એન્જિનિયરિંગના એમ. ૯૦૧ ઇન્ડસ્ટ્રિયલ ઑર્ગેનાઇઝેશન ઍન્ડ મૅનેજમેન્ટનો નવો અભ્યાસક્રમ અને તેને લગતો રેગ્યુ. એન્જિ. ૧૭ સુધારી જુલાઈ ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(૧૩) મિકેનિકલ એન્જિનિયરિંગના એમ. ૧૦૦૧—"પ્રોડકશન ટેકનોલોજી" નો નવો અભ્યાસક્રમ મંજૂર કરવામાં આવ્યો છે અને તેને લગતો રેગ્યુ. એન્જિ. ૧૭ સુધારી જુલાઈ ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(૧૪) મિકેનિકલ એન્જિનિયરિંગના ઇલેકિટવ પેપર ૧, ગ્રુપ ૨ એમ. ૧૦૦૩-૨ "પ્રોડકશન પ્લાનિંગ ઍન્ડ કોન્ટ્રોલ ઍન્ડ ઑપરેશન્સ રિસર્ચ" નો અભ્યાસક્રમ "પ્રોડકશન એન્જિનિયરિંગ" ને બદલે તેને લગતો રેગ્યુ. એન્જિ.-૧૭ સુધારી જુલાઈ ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(૧૫) મિકેનિકલ એન્જિનિયરિંગના ઇલેકિટવ પેપર ૨, ગ્રુપ-૨ એમ. ૧૦૦૪-૨ "ઇન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ" નો અભ્યાસક્રમ અને તેને લગતો રેગ્યુ. એન્જિ.-૧૭ સુધારી જુલાઈ ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(૧૬) ત્રીજા વર્ષ બી.એ.ની ગૃહવિજ્ઞાન વિષયની પરીક્ષાના નિબંધના પ્રશ્નપત્રના મુદ્દાઓ મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

(નોંધ: ઉપરોક્ત પૈકી ૧૧(૧), ૧૧(૨), ૧૧(૪) અને ૧૧(૧૬)ની વિગત અનુક્રમે **પરિશિષ્ટ** "ક-૧", "ક-૨", "ક-૩", "ક-૪" તરીકે સામેલ છે.)

૧૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૯-૬-૧૯૭૪ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવામાં અનુક્રમે સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ(૧) ની નોંધ ૫ હેઠળ નોંધ ૬ તરીકે તથા ઑર્ડિ. ૬૫-એમ(૧) ની નોંધ ૩ હેઠળ નોંધ ૪ તરીકે નીચેનો ભાગ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી:

In case of a Tutor, Demonstrator, who possesses the necessary qualification for being appointed as a lecturer, the teaching experience gained by him in the said post, shall be considered for the recognition to a maximum period of two years only. The rest of the required teaching experience shall be as per rules in force from time to time."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એફ(૧)માં ઉપરની નોંધ નોંધ નં. ૬ તરીકે તથા ઑર્ડિ. ૬૫-એમ(૧)માં ઉપરની નોંધ નોંધ નં. ૪ તરીકે ઉમેરીને તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૬૫-એમ (૧) મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૯-૬-૧૯૭૪ની સભાની હાલના માન્ય અનુસ્નાતક શિક્ષક અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગેના અનુક્રમે ઑર્ડિ. ૬૫-એફ (૧) હેઠળ તથા ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળ કરેલી જોગવાઈમાં "been accepted or published" શબ્દો ઉમેરી તે તે જોગવાઈઓ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"વધુમાં આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે હાલમાં માન્યતા ધરાવતા એવા તમામ માન્ય અનુસ્નાતક શિક્ષક તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકને તેમની માન્યતા લંબાવી આપવા માટે ઑર્ડ. ૬૫-એફ(૧) અને ઑર્ડ. ૬૫-એમ (૧) હેઠળ કરેલી જોગવાઈથી પ્રકાશિત થયેલાં સંશોધન પેપરો-લેખો-મોનોગ્રાફ આવશ્યક ગણવાં છે તેને બદલે "been accepted or published" શબ્દો ઉમેરી જે તે પ્રોવિઝો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા :

ઑર્ડિ. ૬૫-એફ(૧) હેઠળ કરેલી જોગવાઈ (માન્ય અનુ. શિક્ષક માટે)

"Notwithstanding anything contained above, those teachers who have already been recognised as post-graduate teachers on or before 14th June, 1972 shall continue to be recognised as post-graduate teachers in their respective subjects or papers, as the case may be, for a period of two years during which period such teachers shall be required as a condition for further renewal of their recognition to have to their credit published or accepted for publication at least three research papers or three articles of high quality or a monograph in a subject provided that their research papers, or articles or the monograph, as the case may be, as adjudged by a competent person to be of a sufficiently high quality.

ઑર્ડિ. ૬૫-એમ(૧) હેઠળની જોગવાઈ (મદદનીશ અનુસ્નાતક શિક્ષક માટે)

(2) (*a*) Those teachers who have been recognised as Assistants to recognised post-graduate teachers on or before 14th June, 1972 shall continue to be recognised as Assistants to post-graduate teachers in their respective subjects or papers, as the case may be, as for a period of two years during which period, such teachers shall be required as a condition of renewal of their recognition, to have to their credit published or accepted for publication at least three research papers other than his Ph.D. work, or the monograph, if any, shall be adjudged by an expert."

આથી કરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એફ (૧) અને ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળનો પ્રોવિઝો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (૧) અને ઑર્ડિ. ૬૫-એમ (૧)ને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ઑર્ડિ. ૬૫-એફ (૧) હેઠળ કરેલી જોગવાઈ (માન્ય અનુસ્નાતક શિક્ષક માટે)

"Notwithstanding anything contained above, those teachers who have already been recognised as post-graduate teachers on or before 14th June, 1974 shall continue to be recognised as post-graduate teachers in their respective subjects or papers, as the case may be, upto 14th June 1976 during which period such teachers shall be required as a condition for further renewal of their recognition to have to their credit published or accepted for publication at least three research papers or three articles of high quality or a monograph other than their Ph.D. work, in the subject, provided that their research papers, or articles or the monograph, as the case may be, are adjudged by a competent person to be of a sufficiently high quality."

ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળની જોગવાઈ (મદદનીશ અનુસ્નાતક શિક્ષક માટે)

"(2)(a) Those teachers who have been recognised as Assistants to recognised Post-graduate teachers on or before 14th June, 1974 shall continue to be recognised as Assistants to Post-graduate teachers in their respective subjects or papers, as the case may be, upto 14th June 1976 during which period such teachers shall be required as a condition of renewal of their recognition, to have to their credit published or accepted for publication at least three research papers or three articles of high quality or a monograph other than their Ph.D. work in the subjects, provided that their research papers, or articles or the monograph, as the case may be, are adjudged by a competent person to be of a sufficiently high quality."

૧૪. સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની તા. ૨૩-૭-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ ઇજનેરી વિદ્યાશાખાએ તેની તા. ૭-૮-૧૯૭૪ની સભામાં મંજૂર કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે બી.ઈ.-૪(સી) સેમેસ્ટર-૮, ૮૦૬ 'ફાઉન્ડેશન એન્જિનિયરિંગ'નો અભ્યાસક્રમ આ સાથે આપેલ **પરિશિષ્ટ "ખ"** મુજબ રાખવા અને તેને લગતો સંબંધકર્તા રેગ્યુ. એન્જિ.-૧૮ સુધારી તેને નવા સત્રથી એટલે કે તા. ૧૮-૧૧-૧૯૭૪થી અમલમાં લાવવો."

અને

૧૫. સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની તા. ૨૩-૭-૧૯૭૪ની સભાની ભલામણ ઇજનેરી વિદ્યાશાખાએ તેની તા. ૭-૮-૧૯૭૪ની સભામાં મંજૂર કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે સિવિલ એન્જિનિયરિંગના ઇલેક્ટિવ ગ્રુપમાં ડેમ એન્જિનિયરિંગ અને એપ્લાઈડ ફ્લ્યુડ મિકેનિકસને બદલે વોટર રિસોર્સીઝ એન્જિનિયરિંગ-૧ અને ૨નો નવો અભ્યાસક્રમ આ સાથે આપેલ **પરિશિષ્ટ "ગ"** મુજબ રાખવો તથા તેને લગતો સંબંધકર્તા રેગ્યુ. એન્જિ.-૧૮ સુધારી તેને નવા સત્રથી એટલે કે તા. ૧૮-૧૧-૧૯૭૪થી અમલમાં લાવવો."

અને

૧૬. સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની તા. ૨૩-૭-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ ઇજનેરી વિદ્યાશાખાએ તેની તા. ૭-૮-૧૯૭૪ની સભામાં મંજૂર કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

'આ સભા ઠરાવે છે કે ૭૦૩ (અ) 'સોઈલ મિકેનિકસ'ના અભ્યાસક્રમને બદલે 'સોઈલ એન્જિનિયરિંગ'નો નવો અભ્યાસક્રમ આ સાથે આપેલ **પરિશિષ્ટ "ઘ"** મુજબ રાખવો તથા તેને લગતો સંબંધકર્તા રેગ્યુ. એન્જિ.-૧૮ સુધારી તેને નવા સત્રથી એટલે કે તા. ૧૮-૧૧-૧૯૭૪થી અમલમાં લાવવો."

બાબત નં. ૧૪, ૧૫ અને ૧૬ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણો મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલ રેગ્યુ. એન્જિ.-૧૮, તા. ૧૮-૧૧-૧૯૭૪થી અમલમાં મૂકવો.

(**પરિશિષ્ટો "ખ", "ગ"** અને **"ઘ"** આ સાથે સામેલ છે.)

૧૭. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૭-૮-૧૯૭૪ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે એમ.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગને લગતો ઑા.ડ. ૦.૩ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં લાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા ઑા.ડ. ૦.૩ને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(ઑા. ૦.૩ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૮. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૭-૮-૧૯૭૪ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત:

"આ સભા ઠરાવે છે કે પાર્ટ-ટાઈપ પોસ્ટ-ડિપ્લોમા-ડિગ્રી કોર્સને લગતા રેગ્યુલેશન આર. પો. એન્જિ.-૯ એ-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં લાવવો."

R. P. Engg.-9 A-B

"Notwithstanding anything contained under R. P. Engg. 3 to R. P. Engg. 9, a candidate will be permitted to keep terms

for any semester provided he has completely passed the two previous semesters and has failed in not more than one subject in the semester preceding to the above two."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણ મુજબ રેગ્યુ. આર. પી. એન્જિ. ૯-એ-બી સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૯. ઑ. કોમ. ૫-બી અન્વયે થર્ડ બી.કોમ. પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને એલિમેન્ટ્સ ઑફ સ્ટેટિસ્ટિકસ વિષયમાં મુક્તિ આપવા તથા ઑર્ડિ. કોમ. ૫-બી સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. કોમ ૫-બી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારેલા ઑ. કોમ.૫(b)ની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેની તા. ૭-૫-૧૯૭૪ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"The Commission was of the view that it would be desired to extend the National Service Scheme to cover all the students who join the first degree course in Universities and Colleges on a compulsory basis. This would, however, have to be suitably phased out, while it would not be practicable to link the National Service Scheme with all the University disciplines, it should be possible to integrate this programme with the curricula of some selected subjects. The Academic bodies of the Universities may consider how much of integration is possible in what disciplines, the manner in which this would be done is best left to Universities."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રત્યેક વિષયમાં ક્ષેત્રકાર્ય (field work) કે કાર્યાનુભવ (work experience)નું તત્ત્વ અભ્યાસક્રમમાં સમન્વિત (integrate) કરવાના સૂચન સાથે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ઉપરની ભલામણ તમામ વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

૨૧. મૂલ્યાંકનમાં એકસરખાં ધોરણ જળવાય તે માટે થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. અને થર્ડ બી.કોમ.ની પરીક્ષામાં પણ જ્યાં ૫ કરતાં વધુ પરીક્ષકો નીમવામાં આવે ત્યાં એક મોડરેટર રાખવાની અને જો દશ કરતાં વધુ પરીક્ષકો હોય તે વિષયમાં જરૂર મુજબ બે કે તેથી વધુ મોડરેટરો રાખવાની પદ્ધતિ દાખલ કરવા અંગે કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનનો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાથી કરવો અને તે દૃષ્ટિએ વિચારણા કરીને ઘટતા નિયમોનો પ્રસ્તાવ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૨૨. ઓ. કોમ. ૭ મુજબ બી.કોમ.ની પરીક્ષા એક વાર પાસ કર્યા બાદ વૈકલ્પિક વિષય બદલી ફરી બેસનાર વિદ્યાર્થીઓએ ફર્સ્ટ અને સેકન્ડ બી.કોમ. પરીક્ષાના જે તે વૈકલ્પિક પ્રશ્નપત્રમાં બેસવાનું હોય છે, પરંતુ તે પરીક્ષાઓ ચાલુ વર્ષે લેવામાં ન આવી હોવાથી ખાસ કેસ તરીકે થર્ડ બી.કોમ. પરીક્ષામાં બેસવા પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત, તથા વિદ્યાર્થીઓનાં પરિણામ ઓ. ૧૨૭ મુજબ અટકાવવામાં આવ્યા છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૩. ૧૯૭૫માં લેવાનારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની થર્ડ ઇયરની પરીક્ષાઓમાં ફર્સ્ટ ઇયર કે સેકન્ડ ઇયરની પરીક્ષાઓના ક્રેડિટ ગુણ ગણતરીમાં લેવાનું બંધ કરવા અંગેના તા. ૩૦-૫-૧૯૭૪ની એકેડેમિક કાઉન્સિલના ઠરાવ અન્વયે સંબંધકર્તા રેગ્યુલેશનો આર. આર્ટ્સ-૧૩, આર. સાયન્સ-૧૫-એ અને આર. કોમ.-૧૪ સુધારવાના પાઠને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૫ અને તે પછી લેવાનાર થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. અને થર્ડ બી.કોમ.ની પરીક્ષાઓનાં પરિણામ તૈયાર કરતી વખતે ફર્સ્ટ ઇયર અને સેકન્ડ ઈયરની પરીક્ષાઓના ક્રેડિટ ગુણો ગણવાનું બંધ કરવું અને તે માટે સંબંધકર્તા રેગ્યુ. આર. આર્ટ્સ-૧૩, આર. સાયન્સ-૧૫-એ અને આર. કોમ.-૧૪ સુધારવા તથા તેને માર્ચ-એપ્રિલ ૧૯૭૫ અને તે પછીની પરીક્ષાઓને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવા.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૪. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી સદરહુ કૉલેજની યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી(૧) અન્વયે સ્વાયત્તતા માટેની તેની તા. ૧-૭-૧૯૭૪ની અરજી પર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા અન્ય સંબંધકર્તા કાગળો જોઈ તપાસીને નીચે મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું :

૧. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં, (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણ, વિદ્યાવિતરણ અને તાલીમની બાબતમાં, તથા (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા મુજબની શરતોનું પરિપાલન તા. ૩૦મી એપ્રિલ ૧૯૭૫ સુધીમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને (૧) બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા (૨) બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, મનોવિજ્ઞાન (૩) બી.એ. (સબો.)માં તત્ત્વજ્ઞાન,

ઉર્દૂ, ઇતિહાસ, ફારસી અને રાજ્યશાસ્ત્ર વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ, શિક્ષણ અને પરીક્ષાની બાબતોમાં તા. ૧૧મી જૂન ૧૯૭૫થી તા. ૧૪મી જૂન ૧૯૭૮ સુધીના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ ૩૮-બી હેઠળ એક વર્ષ આગળ વધે તે રીતે ઉત્તરોત્તર (progressively) જરૂરી સ્વાયત્તતા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણો ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એકિઝક્યુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવો.

શરતો

(૧) પ્રવેશપાત્રતા અંગે ઓછામાં ઓછાં જે ધારાધોરણો ગુજરાત યુનિ.એ નિયત કરેલાં હોય તેનું યથાર્થ પરિપાલન કરવામાં આવે;

(૨) પ્રવેશ અંગે સંલગ્ન કૉલેજોમાં કૉલેજવાર અને વર્ગવાર ઑ. ૧૨૦-બીમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંગે જે ગુરુતમ મર્યાદાઓ મૂકેલી છે તેના કરતાં વધુ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે નહીં;

(૩) વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીમાં યુનિવર્સિટીની પૂર્વસંમતિ વિના કશો વધારો કરવામાં ન આવે;

(૪) પ્રત્યેક શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમો સ્વાયત્ત કૉલેજની સ્થાયી સમિતિઓ જે તે વિષયના નિષ્ણાતોની સલાહ-સૂચના લઈને નિયત કરવા જોઈશે અને શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ કૉલેજે પ્રસિદ્ધ કરવા જોઈશે, અને તે પછી તરત જ તેની ઓછામાં ઓછી ૨૫ નકલો યુનિવર્સિટીને મોકલી આપવી આવશ્યક રહેશે;

(૫) પ્રસિદ્ધ કરેલ અભ્યાસક્રમમાં વર્ષની અધવચ્ચે સામાન્ય રીતે કશો ફેરફાર કરી શકશે નહીં, પરંતુ ખાસ સંજોગોમાં તેમ કરવાની જરૂર ઊભી થાય તો તેનાં કારણો લેખિત સ્વરૂપે નોંધીને યુનિ. કાર્યાલયને તે અંગે રિપોર્ટ કરવો આવશ્યક રહેશે;

(૬) અભ્યાસક્રમ નિયત કરતી વખતે જે તે કક્ષાએ શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો લક્ષમાં રાખવાં આવશ્યક રહેશે;

(૭) શિક્ષણની પ્રક્રિયામાં જ્યારે જ્યારે ફેરફાર કરવામાં આવે ત્યારે ત્યારે તે અંગે કૉલેજોના શિક્ષકોને તેમાં સાંકળવામાં આવે;

(૮) નવા માળખા તરફ કૉલેજના શિક્ષકોનો અભિગમ કરવા માટે પરિસંવાદો યોજવા અને આ વિચારનો જે સંસ્થાઓમાં આગળ અમલ થયો હોય (જેવી કે એમ.એસ. યુનિ., વડોદરા, મિરત યુનિવર્સિટી, મિરત) ત્યાંની મુલાકાત કૉલેજના શિક્ષકો ત્યાં લઈ શકે તેવી સગવડ તેમને આપવામાં આવે;

(૯) શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો જાળવવા અને સુધારવા માટે સતત મથામણ કરવી કૉલેજ માટે આવશ્યક રહેશે અને તે હેતુ માટે અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે;

(૧૦) સંલગ્ન કૉલેજો માટે નિયત કરેલ ઓછામાં ઓછી લાયકાતનાં અને વેતનનાં ધોરણો કરતાં કોઈ પણ સંજોગોમાં નીચાં નહીં એવાં ધોરણોનું પરિપાલન કરવું આવશ્યક રહેશે, અને તે બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ કે તે માટે તેણે જે અધિકારીને સત્તા આપેલી હોય તે વખતોવખત જે સૂચનાઓ આપે તેનો અમલ કરવો આવશ્યક રહેશે;

(૧૧) આ હેતુ માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પોતે કે કોઈ સમિતિ કે વ્યક્તિને જરૂરી તપાસ કરવા માટે નીમી શકશે અને તેની તપાસના કામમાં કૉલેજે જરૂરી માહિતી પૂરી પાડવી અને જરૂરી સહકાર આપવો આવશ્યક રહેશે;

(૧૨) વર્ગ ખંડો અને તેના ક્ષેત્રફળની બાબતમાં તથા ગ્રંથાલય, વાચનખંડ, પ્રયોગશાળા, છાત્રાલય અને રમતગમતનાં સાધન-સગવડની બાબતમાં સંલગ્ન કૉલેજો માટે નિયત થયેલાં ધોરણો કરતાં નીચાં નહીં એવાં ધોરણો કૉલેજે પાળવાં આવશ્યક રહેશે;

(૧૩) વિદ્યાર્થીઓની નોંધણી યુનિવર્સિટી કાર્યાલયમાં કરાવવી તથા તે માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે એકઠી કરીને વેળાસર મોકલી આપવી કૉલેજ માટે આવશ્યક રહેશે;

પ્રશ્નપત્રોની ગુપ્તતા અને પરીક્ષા સંચાલનની પવિત્રતા અને ગુણાંકનની નિષ્પક્ષતા બાબતમાં ઉત્કૃષ્ટ ધોરણોની જાળવણી કરવી આવશ્યક રહેશે તથા તેમાં બની શકે તેટલા સુધારા કરવા માટે કૉલેજ હમેશાં જાગ્રત અને પ્રયત્નશીલ રહેશે અને તેમાં અધ્યાપકો, અન્ય નિષ્ણાતો અને કર્મચારીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે;

(૧૪) કૉલેજ તરફથી વખતોવખત લેવાતી પરીક્ષાઓનાં દફતર, રેકૉર્ડ્ઝ સ્વચ્છ અને ભૂલચૂક વિનાનાં રાખવા આવશ્યક રહેશે અને તેની જાણ યુનિવર્સિટી કાર્યાલય નિયત કરે તે રૂપમાં અને તેટલી નકલોમાં કરવી આવશ્યક રહેશે;

(૧૫) પરીક્ષા અંગે યુનિવર્સિટી કાર્યાલયમાં કેટલાંક રેકર્ડ્ઝ રાખવાં આવશ્યક બનશે અને તે માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે ફી કૉલેજે વિદ્યાર્થીઓ પાસેથી વેળાસર એકઠી કરીને યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડવી આવશ્યક રહેશે.

(૧૬) ઉપરની કોઈ પણ બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલય તરફથી જે કોઈ માહિતી માગવામાં આવે તે માહિતી પૂરી પાડવી આવશ્યક રહેશે તથા તે અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની કે તેણે નીમેલી સમિતિને કે વ્યક્તિને જ્યારે તપાસ કરવાની જરૂર જણાય ત્યારે ત્યારે તે તપાસના કામમાં કૉલેજે પૂરેપૂરો સહકાર આપવો આવશ્યક રહેશે.

૫. તા. ૨૯-૮-૧૯૭૪ના રોજ રીડર-ઇન-ઇકોનોમિકસની જગ્યા માટે મળેલ વરણી-સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ મંજૂર કરવા અને તે પ્રમાણે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-ઇકોનોમિકસની એક જગ્યા માટે નીચેના ઉમેદવારો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) શ્રી. વી. પી. ભરદ્વાજ
(૨) ડૉ. બી. એચ. ધોળકિયા.

(સદરહુ વરણીસમિતની તા. ૨૯-૮-૧૯૭૪ની ભલામણ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૬. ઇલેકટ્રોનિકસ એન્જિનિયરની બે જગ્યાઓ માટે તા. ૫-૯-૧૯૭૪ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૯-૧૯૭૪ની સભાની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઇલેકટ્રોનિકસ એન્જિનિયરની બે જગ્યાઓ માટે નીચે જણાવેલા સભ્યોની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) શ્રી. એસ. એન. દેસાઈ
(૨) શ્રી. આર. વી. મોદી.

(સદરહુ વરણીસમિતિની તા. ૫-૯-૧૯૭૪ની ભલામણ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૭. (૧) પ્રથમ વર્ષ ડિપ્લોમા અને દ્વિતીય વર્ષ ડિપ્લોમા-ઇન-લિંગ્વિસ્ટિકસની પરીક્ષાઓમાં મેળવેલા ગુણના આધારે દ્વિતીય વર્ષ ડિપ્લોમા-ઇન-લિંગ્વિસ્ટિકસની પરીક્ષાના વિદ્યાર્થીઓનું ૧૯૭૪ના વર્ષનું પરિણામ જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત;

(૨) એમ.એ.ની પરીક્ષા લિંગ્વિસ્ટિક્સ વિષય સાથે પાસ કરીને બીજા વર્ષની પરીક્ષા માટે સીધા પ્રવેશની જોગવાઈ હેઠળ જેઓ પ્રવેશ મેળવીને પરીક્ષા આપે તેમના ફક્ત બીજા વર્ષની પરીક્ષામાં મેળવેલ ગુણાંકને આધારે પરિણામ જાહેર કરવાની જોગવાઈ રેગ્યુ. ૨૬૪-સીમાં કરવા માટે તેમ જ જેઓ પ્રથમ અને બીજા વર્ષની ડિપ્લોમા પરીક્ષાઓ આપે તેમના બન્ને વર્ષની પરીક્ષાઓમાં મેળવેલ ગુણાંકને આધારે પરિણામ ગણવાની જોગવાઈ કરવા રેગ્યુ. ૨૬૪-સીમાં સુધારો કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(૨) (ક) સુધારેલો રેગ્યુ. ૨૬૪-સી નીચે મુજબ વંચાય તે રીતે મંજૂર કરવો, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

R. Dip. in Linguistics 4 :

R. 264-C :

A candidate obtaining at least 36% marks in each paper and at least 48% of the total marks obtainable in the grand total of Second Year Examination will be declared to have passed the examination.

For the purpose of awarding a class the marks obtained by a candidate in First Year and Second Year examinations will be added and counted together; while in the case of a candidate admitted directly to the Second Year of the Diploma Course in Linguistics, as per provision contained in O. 379-A herebelow, the class will be awarded on the basis of the marks obtained in the examination of the Second Year of the Diploma in Linguistics.

The successful candidates obtaining 60% or more marks in the grand total will be declared to have passed the examination in the First Class and those obtaining less than 60% marks in the grand total will be declared to have passed the examination in Second Class.

(ખ) સુધારેલો ઑર્ડિ. ૩૭૯-એ નીચે મુજબ વંચાય તે રીતે મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

O. Diploma in Linguistics 2 :

O. 379-A :

No candidate who has not passed the First Year of the Diploma Course In Linguistics shall be eligible for admission directly

to the Second Year of the Diploma Course in Linguistics, provided that a candidate having passed the M.A. Degree examination with two papers in Linguistics in lieu of a subordinate subject will be held eligible for admission directly to the Second Year of the Diploma Course in Linguistics.

૮. આચાર્ય દર્શનસિંહ શીખે તેમના તા. ૨૧-૮-૧૯૭૪ના પત્રથી રજૂ કરેલા નીચેના ત્રણ પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧

"એકેડેમિક કાઉન્સિલની આ સભા માર્ચ ૧૯૭૫ની તૃતીય વર્ષની પરીક્ષામાં મોડરેશનની પ્રથા દાખલ કરવાનું ઠરાવે છે."

પ્રસ્તાવ ૨

"એકેડેમિક કાઉન્સિલની આ સભા ટ્યૂટર તરીકેની લાયકાતમાં જેમના અનુસ્નાતક કક્ષાએ તૃતીય વર્ગ હોય તેમને આ પદ માટે પાત્ર ગણવાનું ઠરાવે છે."

પ્રસ્તાવ ૩

"એકેડેમિક કાઉન્સિલની આ સભા તૃતીય વર્ષ પરીક્ષાનું પરિણામ જાહેર કરતી વખતે પ્રથમ વર્ગમાં આવેલ વિદ્યાર્થીઓનું પરિણામ ગુણાંકને આધારે ગોઠવીને જાહેર કરવાનું ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ પ્રસ્તાવ નં. ૧ પર ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે તૃતીય વર્ષ બી.એ., બી.એસસી., અને બી.કોમ.ની પરીક્ષામાં મોડરેશનની પ્રથા હાલને તબક્કે દાખલ કરવાની જરૂર નથી, અને તેથી આ સભાગૃહે તેની તા. ૨૧-૮-૧૯૭૪ની સભામાં કરેલો નીચેનો ઠરાવ રદ કરવો :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનનો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષાથી કરવો અને તે દૃષ્ટિએ વિચારણા કરીને ઘટતા નિયમોનો પ્રસ્તાવ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું."

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ નં. ૨ મંજૂર કરવો નહીં.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ નં. ૩ મંજૂર કરવો નહીં.

૯. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭-૯-૧૯૭૪ની સભામાં મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૯-૭-૧૯૭૪ની સભાની નીચેની ભલામણો મંજૂર કરવા ભલામણ કરેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

૧. This Board resolves that at T.Y.B.A. Psychology Practicals, one batch for performance of practicals should not consist of more than 10 pairs of students during the year.

૨. આ સભા ઠરાવે છે કે તૃતીય વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના પ્રશ્નપત્ર-૮ : 'એકસપરિમેન્ટલ સાયકોલોજી (પ્રેકિટકલ)' નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો અને તેને લગતો સંબંધકર્તા રેગ્યુલેશન સુધારી તેને તાત્કાલિક અમલમાં લાવવો :

T.Y.B.A. Paper VIII : Experimental Psychology (Practicals)

Note.—The experimental practical examination will be held for five hours.

Two experiments will have to be performed, the report of the experiments to be written and viva-voce will also be taken.

Distribution of marks

(1)	Two practicals, each practical will be of 20 marks ...	40 marks
(2)	Journal	15 marks
(3)	Viva-voce	15 marks
	Total ...	70 marks

(Viva-voce totest candidate's knowledge of principles of experimentation, procedure & Instrumentation.)

3. This Board resolves that this Board approves the action taken by the Vice-Chancellor regarding making dissertation in Psychology at M.A. Part II Optional and giving options to it and recommends that the addition of the following options with immediate implementation :

(1) *Area of Experimental Psychology :* add (*ii*) Clinical Psychology and (*iii*) Psychology of Personality.

(2) *Area of Clinical Psychology :* add (*iii*) Psychology of Personality and (*iv*) Educational and Vocational Guidance.

(3) *Area of Industrial Psychology* : add (*ii*) Psychology of Personality (*iii*) Educational and Vocational Guidance and (*iv*) Statistical inference.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. ૧ મંજૂર કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૧૨નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને માર્ચ ૧૯૭૫ની પરીક્ષાને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવો

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિતી ઉપરની ભલામણ નં. ૩ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. એમ.એ.—૮નો સંબંધકર્તા ભાગ સુધારીને સુધારેલા તે રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તરફથી ગુજરાત રાજ્યમાં હાયર સેકન્ડરી અભ્યાસક્રમ દાખલ કરવામાં આવનારા છે તેના સંદર્ભમાં ધોરણ ૧૧ અને ૧૨ માટે અનુભવી શિક્ષકો તૈયાર કરવા માટે "ડિપ્લોમા-ઇન-હાયર એજ્યુકેશન"નો એક વર્ષનો પાર્ટ-ટાઇમ ડિપ્લોમા અભ્યાસક્રમ દાખલ કરવા અંગે તા. ૧૨-૯-૧૯૭૪ના પત્રથી આવેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા માધ્યમિક શિક્ષણ અંગેની નવી તરાહ બાબતમાં રાજ્ય સરકારનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી મોકૂફ રાખવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે માધ્યમિક કક્ષાએ હાયર સેકન્ડરી એકઝામિનેશન્સના સંદર્ભમાં નવી તરાહની જે વ્યવસ્થા રાજ્ય કક્ષાએ વિચારવામાં આવી છે તેની સંલગ્ન કૉલેજો પર નાણાંકીય, શિક્ષકગણ સંબંધી અને અન્ય પ્રકારેની શી અસર થશે તેનો ક્યાસ કાઢીને તથા તે પ્રશ્ન અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. કે. જી. દેસાઈ
(૨) આચાર્ય દર્શનસિંહ શીખ
(૩) આચાર્ય કે. એન. શાહ
(૪) પ્રો. એન. જે. પટેલ
(૫) પ્રો. કે. એસ. શાસ્ત્રી.

૧૧. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાની શરતો નિયત કરવા માટેની જોગવાઈ સુધારેલા ગુજરાત યુનિવર્સિટી ધારામાં કરવામાં આવી છે તેના સંદર્ભમાં બધી જોડાયેલી કૉલેજો અંગે સામાન્ય ધોરણે ઠરાવવામાં આવ્યું કે કૉલેજોની જોડાણ-અરજીઓના સંદર્ભમાં જે શરતો મૂકવામાં આવે તેમાં ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારા અન્વયે હવે પછી વેતન, ભથ્થાં ઇત્યાદિ અંગે શિક્ષકગણ માટે શરત મૂકવામાં આવે છે તે શરતમાં બિનશિક્ષકગણના કર્મચારીઓને પણ આવરી લેવાનું રાખવું.

તે પછી બાબત નં. ૧૧ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :
(૧) વાણિજ્યના પ્રાધ્યાપક
(૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

(૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૪) વાણિજ્ય કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

૧૨. ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.-(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિ-વિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૧૩. શ્રી એમ. એન. શુક્લ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫ થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એમ. એન. શુક્લ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫ થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૧૪ શ્રી રજની પારેખ આર્ટ્સ અન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૫ થી બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેના શિક્ષકગણ અને બિનશિક્ષકગણના કર્મચારીઓને તેમના વેતન તથા પ્રોવિડન્ટ ફંડ અંગે જે રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ચૂકવવાની બાકી રહેલ હોય તે વિના વિલંબે ચૂકવીને તેની જાણ યુનિવર્સિટી કાર્યાલયને ત્વરિત કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું. માહિતી આવ્યા બાદ વિચારણા કરવી.

૧૫. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫ થી દ્વિતીય વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી. (નર્સિંગ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી.(નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫ થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧ કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન વહેલી તકે તૈયાર કરવામાં આવે;

૨. શિક્ષકગણમાંના બે શિક્ષકો જે દિલ્હી ડેપ્યુટ કરવામાં આવ્યા છે તેની અવેજીમાં શિક્ષણ-કાર્ય માટે વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે; તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૧૬. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદે તેમની કૉલેજમાંથી છૂટા થયેલા ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. એમ. જે. પાઠકજીને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના સુધારેલા પગારધોરણના સંબંધમાં મળવા પાત્ર રકમની ચુકવણી કરવાના એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૯-૬-૧૯૭૪ની સભાના ઠરાવનો અમલ ન કર્યો હોવાથી, એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તે સભાના ઠરાવ અન્વયે સદરહુ કૉલેજ સાથે ઘટતાં પગલાં લેવા અંગે ઘટતી કાર્યવાહી કરવાની વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા તરફથી જૂન ૧૯૭૫ થી બી.એસસી.-(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)-માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને

બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૧૮. વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫ થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉલેજના મકાન ઉપર બીજો માળ બાંધવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધોરાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ૮૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની છૂટ આપવી નહીં.

૧૯. પ્રિ. વી. એસ. ભટ્ટના તા. ૨૦-૯-૧૯૭૪ના પત્રથી આવેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"Resolved that those teachers in the Faculty of Commerce who hold both M.Com. & LL.M. degrees be permitted to teach Mercantile Law in the Third Year of B.Com. class."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરીને વાણિજ્યની વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતના ધોરણમાં જરૂરી સુધારાઓ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ ૧૯૭૪માં શહેરની અશાંત પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓની બીજી એમ.બી.,બી.એસ.ના પ્રથમ સત્રની કસોટી પરીક્ષા તથા ત્રીજી એમ.બી.,બી.એસ.ના પ્રથમ સત્રની કસોટી પરીક્ષા (ઇન્ટર્નલ ટેસ્ટ) લઈ શકાઈ નથી તે સંજોગોમાં નવેંબર ૧૯૭૩ થી માર્ચ ૧૯૭૪ સુધીના સત્રની કસોટી પરીક્ષા રદ થઈ હોઈ માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષા માટે ઉપરોક્ત સત્ર સિવાયનાં બાકીનાં બે સત્રોની કસોટી પરીક્ષાઓને આધારે આંતરિક મૂલ્યાંકન ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષા માટે ૧૯૭૩-૭૪ના વર્ષમાં બીજા સત્રમાં જે કસોટી (test) લઈ શકાઈ નથી તે રદ ગણીને બાકીનાં બે સત્રોની કસોટી(test)ને આધારે આંતરિક મૂલ્યાંકન ગણવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. શ્રી બી. કે. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી તરફથી જૂન ૧૯૭૫ થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.-(સબો.)માં મનોવિજ્ઞાન, ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં

ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૨) અંગ્રેજીના ટ્યૂટર
   (૩) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૪) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૫) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૬) વાણિજ્ય કાયદાના (ખંડ સમયના) વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગખંડો અને ટ્યુટોરિયલ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા એકાઉન્ટન્સી એ પ્રત્યેક મુખ્ય વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો તથા મનોવિજ્ઞાન અને ઇતિહાસ એ પ્રત્યેક ગૌણ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને, તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૨૨. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૨૩. શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર અને અંગ્રેજી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતીમાં અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે ચંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૨૪. ભવન્સ આર. એ. કોલેજ ઑફ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ, બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર અને હિન્દી તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર અને હિંદી તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઇતિહાસના વિષયના કાર્યભારને અનુલક્ષીને જરૂરી શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૨૫. ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ મંત્રાલય તરફથી, જુદા જુદા દેશો તરફથી મળતી જુદી જુદી શિષ્યવૃત્તિઓ અને ભારત સરકારની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો યોગ્ય સમન્વય કરી તેનો વધુમાં વધુ સારો ઉપયોગ થઈ શકે તેવી યોજના ઘડી કાઢવા બાબતમાં આવેલ તા. ૨૦-૯-૧૯૭૪ના પત્રાંક ડી.ઓ.(એફ.) ૧-૮-૭૪ ડબ્લ્યુએસ : ૩ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટી અંગેની માહિતી/મન્તવ્યોનો મુસદ્દો તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) અધ્યક્ષશ્રી, સમાજવિદ્યા ભવન
(૨) અધ્યક્ષશ્રી, ભાષા-સાહિત્ય ભવન
(૩) અધ્યક્ષશ્રી, વિજ્ઞાન વિદ્યાભવન
(૪) અધ્યક્ષશ્રી, મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન
(૫) અધ્યક્ષશ્રી (ડીન), વિજ્ઞાન વિદ્યાશાખા.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકે. કાઉ./ ૦૨૯૨૨૭/૧૯૭૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
નવેંબર ૨૭, ૧૯૭૪.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૫

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Economics in the University School of Social Sciences, Gujarat University, was held on Thursday the 29th August 1974 at 12-30 p.m. Shri Ishwarbhai J. Patal, Vice-Chancellor, Gujarat University, presided.

Prof. M. P. Bhatt, Head of the Economics Department, was also present.

The attendance of the Selection Committee members was, as under :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2. Dr. S. Paul	Present
3. Dr. Y. K. Alagh	Present
4. Dr. M. B. Desai	Present.

The following candidates were called for interview :

1. Dr. A. C. Angrish	Absent
2. Dr. V. P. Bharadwaj	Present
3. Shri P. K. Dave	Present
4. Dr. B. H. Dholakia	Present
5. Dr. (Mrs.) Indira A. Hirway	Present
6. Shri S. K. Patel	Absent
7. Dr. H. V. Suthar	Present
8. Shri P. S. Vashishtha	Absent.

After interviewing the candidates the Committee resolved that the following two candidates be considered for the post of Reader in Economics :

1. Shri V. P. Bharadwaj
2. Dr. B. H. Dholakia.

I. J. Patel
Vice-Chancellor
Dr. S. Paul
Dr. Y. K. Alagh
Dr. M. B. Desai.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૬

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Electronics Engineer in the University School of Sciences, Gujarat University, was held on Thursday the 5th September 1974 at 12-30 p.m. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Shri Ishwarbhai J. Patel (Vice-Chancellor)	Present
2. Dr. S. R. Thakore	Present
3. Dr. O. P. N. Calla	Present
4. Prof. P. D. Pathak	Present.

The following candidates were called for interview :

1. Shri S. N. Desai	Present
2. Shri R. K. Patel	Absent
3. Shri J. G. Dave	Present
4. Shri R. V. Modi	Present
5. Shri K. B. Patel	Present
6. Shri R. J. Arora	Present.

After interviewing the candidates we recommend the following two persons :

(1) Shri S. N. Desai

(2) Shri R. V. Modi.

I. J. Patel
Dr. S. R. Thakore
Dr. O. P. N. Calla
P. D. Pathak.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૯.

ગુજરાત યુનિવર્સિટી

એકેડેમિક કાઉન્સિલની ૧૯૭૫ના વર્ષની પ્રથમ સભા બુધવાર, તા. ૧–૧–૧૯૭૫ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યોનાં નામ	તા. ૧–૧–૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩.	પ્રિ. કે. એન. શાહ	હાજર
૪.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર
૫.	પ્રિ. એમ. એસ. પંડિત	હાજર
૬.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૭.	ડૉ. એસ. જે. દામાણી	હાજર
૮.	પ્રિ. સી. એસ. શાહ	હાજર
૯.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર
૧૦.	ડૉ. એચ. સી. ભાયાણી	હાજર
૧૧.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૨.	ડૉ. પરેશ એમ. મજમુદાર	હાજર
૧૩.	ડૉ. સી. જી. ખત્રી	ગેરહાજર
૧૪.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૫.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૧૬.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૭.	શ્રી. ડી. ડી. માલવણિયા	ગેરહાજર
૧૮.	ડૉ. એ. એસ. પટેલ	હાજર
૧૯.	ડૉ. કે. જી. દેસાઈ	ગેરહાજર
૨૦.	ડૉ. લીલાબહેન સી. શાહ	ગેરહાજર
૨૧.	પ્રો. એ. ટી. દેસાઈ	હાજર
૨૨.	પ્રિ. જે. જે. ત્રિવેદી	હાજર
૨૩.	ડૉ. જી. ટી. પંડ્યા	ગેરહાજર

ક્રમાંક	સભ્યોનાં નામ	તા. ૧--૧--૧૯૭૫
૨૪.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૨૫.	શ્રી. એમ. એન. શાહ	ગેરહાજર
૨૬.	ડૉ. પી. સી. મહેરા	હાજર
૨૭.	પ્રો. એન. આર. દવે	હાજર
૨૮.	ડૉ. આર. એમ. ચોકસી	હાજર
૨૯.	ડૉ. એમ. બી. દેવાણી	હાજર
૩૦.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૩૧.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૩૨.	ડૉ. કે. ભાર્ગવ	ગેરહાજર
૩૩.	પ્રિ. આર. વી. શાસ્ત્રી	હાજર
૩૪.	ડૉ. સુમંત કે. મજમુદાર	ગેરહાજર
૩૫.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર.

સભાના પ્રારંભમાં કુલપતિશ્રીએ સૌ નવા સભ્યોને આવકાર્યા હતા અને સૌને ખ્રિસ્તના નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

૧. તા. ૧૪-૧૦-૧૯૭૪ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૪ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૪-૧૦-૧૯૭૪ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૪ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) બીજા વર્ષ બી.એ.ની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી અંગ્રેજી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૫ માટે નિયત કરવામાં આવેલ Classical Literary Criticism, Penguin અપ્રાપ્ય હોવાથી તેના વિકલ્પે [B. Prasad : A Background to English Criticism (Macmillan & Co.) (3 chapters dealing with Aristotle, Horace and Longinus) નિયત કર્યાના;

(૨) ત્રીજા વર્ષ બી.એ.ની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી અંગ્રેજી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૧૦ માટે નિયત કરવામાં આવેલાં પુસ્તકો પૈકીનું "Meredith : Ordeal of Rechard Feverel" અપ્રાપ્ય હોવાથી તેના વિકલ્પે "Dickens : A Tale of Two Cities" નિયત કર્યાના;

(૩) બીજા વર્ષ બી.એ.ની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી સંસ્કૃત વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૪ માટે "સાહિત્યદર્પણ" પરિચ્છેદ ૧, ૨ અને ૧૦માંથી ૪૦ અલંકારો (અગાઉ યાદી આપી છે.) નિયત કર્યા છે તે પૈકી નીચેનો ભાગ કાઢી નાખ્યાના :

(અ) બીજા પરિચ્છેદમાં નિર્ણયસાગર (૧૯૧૫)ની આવૃત્તિમાં પાના ૪૪ ઉપર ૧૦મી કારિકાના પૂર્વાર્ધથી વ્યંજન શરૂ થતાં સુધીનો ભાગ અર્થાત્ કારિકા ૧૨ના પૂર્વાર્ધ સુધીનો ભાગ પાના ૪૪ની લીટી ૩થી પાના ૫૨ની લીટી ૩ સુધીનો ભાગ અભ્યાસ-

ક્રમમાંથી રદ કરવામાં આવ્યો છે અને કારિકા ૧૨ના ઉત્તરાર્ધમાંથી શરૂ થતો ભાગ અભ્યાસક્રમમાં રહે છે.

(બ) ઉત્પ્રેક્ષાના ભેદો કાઢી નાખવામાં આવ્યા છે.

(ક) સંસૃષ્ટિ અને સંકર અલંકારો અભ્યાસક્રમમાંથી રદ કરવામાં આવ્યા છે.

(૪) બીજા વર્ષ બી.એ.ની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી સંસ્કૃત વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૩ માટે નિયત કરેલાં પાઠ્યપુસ્તકો પૈકી "નીતિશતક"—કોસામ્બી આવૃત્તિની જુદી જુદી આવૃત્તિ હોવાથી અને તે બંને આવૃત્તિઓ અપ્રાપ્ય હોવાથી સસ્તું સાહિત્ય કાર્યાલયની આવૃત્તિ પ્રમાણે શ્લોકો નિયત કર્યાના;

(૫) S.Y.B.A. Philosophy Paper V (Logic and Scientific Method)ના અભ્યાસક્રમના નીચેના વિષયોમાંથી નીચેના પેટાવિષયો રદ કરી સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ-૭માં સુધારો કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવાના :

Topic No. ૪માંથી

Symbols : Their function and value, the Calculus of Classess, The Calculus of Propositions.

Topic No. ૫માંથી

The Mathematics of Calculus Probability,

Topic No. ૯માંથી

The Mechanism of Sampling;

(૬) T.Y.B.A. Philosophy—Paper VII (Philosophical Analysis)ના અભ્યાસક્રમના નીચેના ટોપિકસમાંથી નીચેના પેટાવિષયો રદ કરી સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ-૧૨માં સુધારો કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવાના:

Topic No. ૪માંથી

Determinism and Indeterminism, Determinism as Compatible with Freedom. Determinism as in compatible with Freedom.

Topic No. ૫માંથી

(*ii*) The distinction between mental and physical events, our knowledge of other minds, The relation between mental and physical (Interactionism, Parallelism, Epiphenomenalism, The double aspect theory and the identity theory, The nature of Self and Personal Identity.

(૭) T.Y.B.A. Philosophy Essay પેપરને લગતી નિબંધની યાદી છે તેમાં નં. ૧૪ તરીકે "Sources and Validity of knowledge in Indian Philosophy (Pramanavada and Pramanyavadaને બદલે Relation between Mind and Bodyનો ટોપિક નિબંધ માટે મૂકી સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ-૧૨માં સુધારો કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવાના;

(૮) ત્રીજા વર્ષ બી.કોમ.ના બિઝનેસ મેનેજમેન્ટ ઓપ્શનલ પેપર ૪, પાર્ટ-ઈ ડિઝર્ટેશનના નોંધ નીચે મુજબ વંચાય તે રીતે સુધારી તેને તાત્કાલિક એટલે કે માર્ચ-એપ્રિલ, ૧૯૭૫ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે સુધારી સંબંધકર્તા રેગ્યુ. કોમ.-૧૨માં સુધારો કર્યાના;

Note :

(1) Candidates must sumbit one type-written copy on each of the dissertations on at least two topics to be selected from topics listed above.

(2) Each dissertation will not be exceeding 20 type-written foolscap pages.

(3) Candidates will be required to submit their dissertation through the Principal of the respective college before 1st March of every year.

(૯) ત્રીજા વર્ષ બી.એ.ના ગૃહવિજ્ઞાન વિષયના નિબંધના મુદ્દાઓ નવા નિયત કરવામાં આવ્યા છે તે જૂન ૧૯૭૪થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી એટલે કે ૧૯૭૫ની પરીક્ષાથી અમલમાં મૂકી તેની જાણ આ વિષય શીખવતા સંલગ્ન કોલેજોને કર્યાના;

(૧૦) (અ) બી.એસસી. નર્સિંગના પહેલા વર્ષના સોશિયોલોજી વિષયનો અભ્યાસક્રમ સુધારવામાં આવ્યો છે તે જૂન, ૧૯૭૪થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકયાના;

(બ) બી.એસસી. નર્સિંગના બીજા વર્ષનો ઇકોનોમિક્સ અને પોલિટિકલ સાયન્સ વિષયના અભ્યાસક્રમો સુધારવામાં આવ્યા છે અને તે જૂન ૧૯૭૪થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકયાના;

(૧૧) પાર્ટ-ટાઈમ પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સને લગતો રેગ્યુલેશન આર. પી. એન્જિ. ૯-એ, બી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકયાના :

R. P. Engg. 9-A-B :

Notwithstanding anything contained under R.P. Engg. 3 to R.P. Engg. 9, a candidate will be permitted to keep terms for any semester provided he has completely passed the two previous Semester and has failed in not more than one subject in the Semester preceding to the above two.

(૧૨) એમ.ઈ. સિવિલ. મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગને લગતો સુધારેલો ઑ. ૩ મંજૂર કરી તેને તાત્કાલિક અમલમાં મૂકયાના;

(૧૩) બી.ઈ. ૪ (સિવિલ) સેમેસ્ટર-૮/૮૦૬ "ફાઉન્ડેશન એન્જિનિયરિંગ"નો અભ્યાસક્રમ મંજૂર કરવામાં આવ્યો છે અને તેને નવા સત્રથી એટલે કે તા. ૧૮-૧૧-૧૯૭૪થી અમલમાં મૂકયાના;

(૧૪) ૭૦૩-સી.સોઇલ મિકેનિકસના અભ્યાસક્રમને બદલે સોઇલ એન્જિનિયરિંગનો નવો અભ્યાસક્રમ મંજૂર કરી તેને લગતો સુધારેલો રેગ્યુ. એન્જિ. ૧૮ આગામી નવા સત્રથી એટલે કે તા. ૧૮-૧૧-૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(૧૫) ઇલેક્ટિવ ગ્રુપના ડેમ એન્જિનિયરિંગ અને એપ્લાઇડ ફ્લ્યુડ મિકેનિકસને બદલે વૉટર રિસોર્સિંગ એન્જિનિયરિંગ-૧ અને ૨ નો નવો અભ્યાસક્રમ મંજૂર કરી તેને લગતો સુધારેલો રેગ્યુ. એન્જિ. ૧૮ આગામી નવા સત્રથી એટલે કે તા. ૧૮-૧૧-૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(નોંધ. — ઉપરના સુધારેલા નવા અભ્યાસક્રમો હાલમાં જે વિદ્યાર્થીઓએ ટર્મ ભરી છે તેમને લાગુ પડશે નહિ.)

(૧૬) (અ) પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને ડિપ્લોમા ઇન ફાર્મસીના પહેલા વર્ષની ૧૯૭૫ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે ફરજિયાત અંગ્રેજી અભ્યાસક્રમમાં તથા તે વિષયના ગુણની વહેંચણી અંગે સુધારા કર્યાના;

(બ) પહેલા વર્ષ બી.એ., બી.એસસી., બી.કૉમ. અને પ્રી-મેડિકલ ડેન્ટલના ફરજિયાત અંગ્રેજીના અભ્યાસક્રમમાં લેંગ્વેજ વર્કનો અભ્યાસક્રમ સુધારી તે માટેનો સુધારેલો રેગ્યુલેશન માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાથી અમલમાં મૂકવાના;

(ક) બીજા વર્ષ બી.એ. અને બી.એસસી.ના ફરજિયાત અંગ્રેજી વિષયના લેંગ્વેજ વર્કનો અભ્યાસક્રમ સુધારી તે માટેનો સુધારેલો રેગ્યુલેશન માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાથી અમલમાં મૂકવાના;

(ડ) ત્રીજા વર્ષ બી.એ. અને બી.એસસી. ની ૧૯૭૫ ના વર્ષની ફરજિયાત અંગ્રેજી વિષયની પરીક્ષા માટે ઇડિયમ્સની યાદી નિયત કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. માર્ચ-એપ્રિલ ૧૯૭૫માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક અંગે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ પ્રાશ્નિક-પરીક્ષકોનાં નામોની કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ પરીક્ષા સમિતિઓની ભલામણોની યાદી હાજર રહેલ તમામ સભ્યોને આપવામાં આવી.

તે પછી જણાવવામાં આવ્યું કે સદરહુ યાદીમાં જે કોઇ સભ્યને સૂચનોમાં કોઇ સુધારો કરવા જેવું લાગતું હોય તે સૂચનો કારણો સહિત ખાનગી રાહે કુલપતિશ્રીને બે દિવસમાં યાદી સહિત મોકલી આપે. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ યાદી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

૪. પ્રોફેસર ઓફ પર્શિયનની જગ્યા માટે તા. ૬-૧૨-૧૯૭૪ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. આર. નાયકને એઓશ્રીની તદ્વિષયક ઉત્તમ કામગીરીના ઉપલક્ષ્યમાં એમની હાલની રીડરની જગ્યાને એમના સેવાકાળ પૂરતી પ્રોફેસરની જગ્યામાં ઉપ્વકૃત કરી પર્શિયનના પ્રોફેસર તરીકે નીમવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(વરણીસમિતિની ભલામણ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫. એમ.એસસી. મેથ્સ. ગ્રુપ "બી" માં અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે કરાવેલ રજિસ્ટ્રેશન એમ.એ. મેથ્સ. ગ્રુપ "બી"માં ટ્રાન્સફર કરવા માટે શ્રી. એમ. પી. પટેલ તરફથી આવેલ પત્રના સંદર્ભમાં શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીએ મજકૂર બાબત માટે મેથેમેટિક્સ બોર્ડનો અભિપ્રાય મેળવવા જણાવેલ હોઈ ગણિતની અભ્યાસસમિતિની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાના નીચેના અભિપ્રાય પર વિચારણા કરવા બાબત :

"એમ.એસસી. મેથ્સ. ગ્રુપ "બી" માં અનુસ્નાતક વિદ્યાર્થીઓ તરીકે કરાવેલ રજિસ્ટ્રેશન એમ.એ. મેથ્સ. ગ્રુપ "બી" માં ટ્રાન્સફર કરવા માટે શ્રી. એમ. પી. પટેલ તરફથી આવેલ પત્રના સંદર્ભમાં શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીએ મજકૂર બાબત માટે મેથેમેટિક્સ બોર્ડનો અભિપ્રાય મેળવવા જણાવેલું તે બાબતમાં આ અભ્યાસસમિતિનો અભિપ્રાય છે કે વિષયમાં તાલીમને લાગેવળગે છે તે જોતાં બન્ને વિદ્યાશાખાઓમાં સરખો અભ્યાસક્રમ છે; તેથી કોઈ વિદ્યાર્થી તેમાંથી ગમે તે વિદ્યાશાખામાં નોંધાય તેથી તેની વિષયની તાલીમમાં ફેર પડતો નથી. જો નિયમાનુસાર વિદ્યાશાખા બદલી શકાતી હોય તો આ અભ્યાસસમિતિને આ માટે વાંધો નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા અને વિજ્ઞાન વિદ્યાશાખાના અભિપ્રાય અર્થે મોકલવી.

૬. ગુજરાત યુનિ.ના અધ્યાપન ક્ષેત્રે ટયૂટર તરીકે સેવાઓ આપવા સ્નાતક કક્ષાએ અને અનુસ્નાતક કક્ષાએ તૃતીય વર્ગ મેળવનારને જૂના નિયમો પ્રમાણે લાયક ગણવામાં આવતા હતા તે પ્રમાણે નવા નિયમોમાં સુધારો કરી મૂળ જોગવાઈ ચાલુ રાખવાની સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ અને સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલયના અધ્યાપકોની વિનંતી આચાર્ય ડી. એમ. શીએ તેમના તા. ૯-૧૨-૧૯૭૪ના પત્રથી મોકલી છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યથાવત્ પરિસ્થિતિ ચાલુ રાખવી અને સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૭. તબીબી વિદ્યાશાખાની અનુસ્નાતક પરીક્ષાઓમાં એક સીનિયર પરીક્ષક નીમવા અંગે નિયમ સુધારવા વિદ્યાશાખાના ડીનના સૂચન પર તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૬-૧૧-૧૯૭૪ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"The Faculty resolves to recommend by majority that for Post-graduate Degree Examinations there should be at least one Internal Examiner of more than 15 years' teaching experience. He should also have experience of examinership at the same degree examination. Such an examiner cannot be appointed for more than two turns continuously.

Similar rule is in effect at under-graduate level."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૮. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ક્લિનિકલની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે માટે ઑર્ડિ. એમ.ડી. ૧-એ તથા રેગ્યુ. એમ.ડી. ૧ માં ડર્મેટોલોજીને બદલે 'વેનેરિયોલોજી ઍન્ડ ડર્મેટોલોજી' નામ રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ સુધારેલા ઑ. એમ.ડી. ૧ અને એમ.ડી. ૧-એ ને મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા સદરહુ સુધારેલા ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનનો જૂન ૧૯૭૫થી અમલ કરવો.

૯. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે અભ્યાસસમિતિની રચના અંગે સ્ટે. ૪ની જોગવાઈ જોતાં તબીબી વિદ્યાશાખા હેઠળ ક્લિનિકલ અભ્યાસસમિતિ છે તેને બદલે (૧) મેડિસન (૨) સર્જરી અને (૩) ગાયનેકોલોજીની એમ ત્રણ જુદી જુદી અભ્યાસસમિતિઓ રચવા અને તે મુજબ સ્ટે. ૧૦૮ માં સુધારો કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાને સર્વગ્રાહી વિચારણા અર્થે મોકલવી.

૧૦. પ્રી-મેડિકલ-પ્રી-ડેન્ટલનો અભ્યાસક્રમ બંધ કરવા અંગે તબીબી વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની સભાની ભલામણ તથા ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

તબીબી વિદ્યાશાખાની ભલામણ

"પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ તબીબી અભ્યાસક્રમ તરફ ઝોક આપી તબીબી અભ્યાસક્રમને મદદરૂપ થાય તે હેતુથી પ્રી-યુનિ. વિજ્ઞાન પછી તબીબી વિદ્યાશાખાના ભાગરૂપે દાખલ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસક્રમ છેલ્લાં ત્રણ વર્ષથી ચાલતો હોઈ તેનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરતાં આ વિદ્યાશાખા દૃઢપણે માને છે કે પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ દાખલ કરવાનો હેતુ સફળ થયો નથી તેથી આ અભ્યાસક્રમ જૂન ૧૯૭૬ થી રદ કરી અગાઉની જેમ પ્રથમ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષા કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને બાયોલોજી વિષયો સાથે પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા ભલામણ છે."

ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની ભલામણ

"પ્રી-ડેન્ટલનો અભ્યાસક્રમ ડેન્ટલ સર્જરીના અભ્યાસક્રમ તરફ ઝોક આપી ડેન્ટલના અભ્યાસક્રમને મદદરૂપ થાય તે હેતુથી પ્રી-યુનિ. વિજ્ઞાન પછી ડેન્ટલ વિદ્યાશાખાના ભાગરૂપે દાખલ કરવામાં આવ્યો

હતો. આ અભ્યાસક્રમ છેલ્લાં ત્રણ વર્ષથી ચાલતો હોઈ તેનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરતાં આ વિદ્યાશાખા દૃઢપણે માને છે કે પ્રી-ડેન્ટલનો અભ્યાસક્રમ દાખલ કરવાનો હેતુ સફળ થયો નથી તેથી આ અભ્યાસક્રમ જૂન ૧૯૭૬થી રદ કરી અગાઉની જેમ ફર્સ્ટ બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષા કેમિસ્ટ્રી, ફિઝિકસ અને બાયોલોજી વિષયો સાથે પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની સભાની વિચારણા અર્થે મોકલવી અને એ મંતવ્ય આવ્યા બાદ આ સભા સમક્ષ પુનઃ રજૂ કરવી.

૧૧. એકચ્યુઆરયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિની તા. ૧૫-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે શ્રી. જી. આર. દેસાઈ તરફથી એકચ્યુઅરિયલ સાયન્સ વિષયમાં 'લેવલ રિઝર્વ્સ ઍન્ડ એપ્રોક્સિમેટ વેલ્યુએશન્સ' નાં સંશોધનપત્રો ડી.લિટ.ની પદવી માટે રજૂ કર્યાં છે તે તપાસવા નીચેના ક્રમમાં ત્રણ રેફરીઓ નીમવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

1. Shri D. S. Subramanian, M.A., B.Ed., F.S.S., A.S.A., F.I.S. (London) Principal, College of Federation of Insurance Institute, University Bldg., Sir P. M. Road, Fort, Bombay.
2. Shri M. V. Sohonie, M.Sc., A.S.A., F.I.A. (London), Thakur Nivas Flat 22/A, 173, J. N. Tata Road, Church Gate, Bombay—20.
3. Shri V. H. Vohra, B.Sc., F.I.A. (London), 28, Altra Mount Road, Bombay—26.
4. Shri Gajanan Shambu Priolkar,' M.Sc., F.I.A. (London), 2/F, Saraswat Colony, Shitladevi Temple Road, Mahim, Bombay-16."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકચ્યુઅરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિને નવેસર વિચારણા માટે મોકલવી.

૧૨. ઇતિહાસની અભ્યાસસમિતિની તા. ૧-૧૦-૧૯૭૪ની સભાની ભલામણના સંદર્ભમાં બીજા વર્ષ બી.એ.ના ઇતિહાસના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૪માં મુદ્દા ૫માં "રશિયન રિવોલ્યુશન-સોવિયેટ રશિયા-લેનિન ઍન્ડ સ્ટેલિન ઍન્ડ સોવિયેટ ફોરેન પોલિસી"ના વિષય ઉમેરી સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ-૭માં સુધારો કરી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇતિહાસની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુલેશન આર્ટ્સ ૭ સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવી.

૧૩. કેમિકલ એન્જિનિયરિંગની ઍડહૉક સમિતિની તા. ૧૬-૧૦-૧૯૭૪ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે કેમિકલ એન્જિનિયરિંગની ઍડહૉક સમિતિ ઉપર, નીચે જણાવેલ સભ્યોને કો–ઑપ્ટ કરવા :

(૧) પ્રિ. ડૉ. એચ. એમ. દેસાઈ : ડી. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ

(૨) ડૉ. સી. એન. રામસ્વામી : પ્રોફેસર અને હેડ ઑફ ધી કેમિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, ડી. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ."

આથી ઠરાવવામાં આવે છે કે આવી કોઈ આવશ્યકતા નથી.

૧૪. શ્રી. પી. સી. પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત:

"One who has passed B.E. (Electronics) a three year specialised degree course after B.Sc. degree from any recognised University, should be considered equivalent to M.Sc. (Electronics) for appointment, promotion, pay-scales, other benefits and accademic purposes."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખા અને ઇજનેરી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૫. ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ્ઝ કમિશનની ભલામણ બાબતમાં યુનિવર્સિટી બોર્ડ ઑફ ટીચિંગ ઍન્ડ રિસર્ચે તેની તા. ૨૪–૮–૧૯૭૩ની સભામાં કરેલો નીચેનો ઠરાવ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩-૧૨-૧૯૭૩ની સભામાં ઇતિહાસની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલેલ. તા. ૧-૧૦–૧૯૭૪ના રોજ મળેલ ઇતિહાસની અભ્યાસસમિતિ સદરહુ ઠરાવ સાથે સહમત છે તેમ ઍકેડેમિક કાઉન્સિલ તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને અભિપ્રાય આપવા જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ્ઝ કમિશનની ભલામણ માન્ય રાખવા ઍકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. નૉન-ઇંગ્લિશ કોર્સમાં સ્નાતક થઈ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે એમ. એ. ભાગ ૨ ના ગુજરાતીના અભ્યાસક્રમના પ્રશ્નપત્રમાં અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવાનો પ્રશ્ન ફરજિયાત હોય છે તે વિકલ્પે પૂછવા બાબતમાં ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૪–૧૦–૧૯૭૪ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આ મુદ્દો યુનિવર્સિટીની સમગ્ર નીતિને સ્પર્શતો હોવાને કારણે યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આને અંગે ઘટતી વિચારણા કરીને નિર્ણય લે અને આ અભ્યાસસમિતિને જણાવે તે પછી એને અંગે વિચારણા થઈ શકે એમ આ અભ્યાસસમિતિનો અભિપ્રાય છે, એમ ચર્ચાવિચારણાને અંતે ઠર્યું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૭. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૭-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"(૧) આ સભા ઠરાવે છે કે દ્વિતીય એલએલ.બી.ની પરીક્ષામાં એક વિષય સાથે પરીક્ષા પાસ કર્યા પછી વિદ્યાર્થી જે સેમેસ્ટરમાં ભણ્યો હોય તેના વૈકલ્પિક વિષયોમાં તે વિષય બદલીને ફેર પરીક્ષા આપી શકશે.

(૨) ડિગ્રી પરીક્ષાના પ્રમાણપત્રમાં વિદ્યાર્થી જે વિષય બદલીને પરીક્ષામાં પાસ થયો હોય તેનો તેમાં જનરલ ઉલ્લેખ કરવો."

(આનો અમલ આગામી નવા સત્રથી કરવો.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કાયદા વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૧૮. ઑર્ડિ. ૧૨૦માંના પ્રોવિઝોને નીચે પ્રમાણે સુધારવા અંગેના વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત:

"For part-time teachers in various categories the maximum periods shall not exceed nine including tutorials in a week provided that the total number of lectures shall not exceed four in a week for part-time Tutor. However, for part-time Demonstrator the maximum periods shall not exceed twelve provided that total number of tutorials/lectures shall not exceed four in a week."

આથી ઠરાવવામાં આવે છે કે ઑ. ૧૨૦-એ ના પ્રોવિઝો ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને ૧૯૭૫-૭૬ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

૧૯. વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની કૉલેજોના શિક્ષકો માટેની શૈક્ષણિક પાત્રતાનાં ધારાધોરણમાં નીચે પ્રમાણેની નોંધ ઉમેરવા અંગે યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્યશ્રીના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"વિજ્ઞાન વિદ્યાશાખામાં જે ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટર બે વિષયોમાં અનુસ્નાતકની પદવી ધરાવતા હોય છે તેની નિમણૂકના વિષયમાં મુખ્ય વિષય તરીકેનું અધ્યાપન અને પરીક્ષણ કાર્ય કરી શકશે, જ્યારે બીજા વિષયમાં તે પ્રી-યુનિવર્સિટી કક્ષાએ શિક્ષણનું કાર્ય કરવા માટે પાત્ર ગણાશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૨૦. શિક્ષણની અભ્યાસસમિતિએ તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં કરેલ નીચેની ભલામણ મંજૂર કરવા બાબત :

"બી.એડ.નાં કેટલાંક પેપરોમાં કેટલાક પરીક્ષકોનું મૂલ્યાંકન બંને છેડા તરફ જતું હતું. આથી કેટલાક વિદ્યાર્થીઓને અન્યાય થવા સંભવ રહે છે જે નિવારવા માટે દરેક પેપર દીઠ

માર્કિંગ સ્કીમ વધુ ચોક્કસ બનાવવી અને બની શકે તો મોડરેશનની પ્રથા દાખલ કરવા શિક્ષણની આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. સને ૧૯૭૪ના વર્ષની પરીક્ષાઓમાં આંતરિક મૂલ્યાંકન સ્થગિત કરેલ હોઈ માર્ચ-એપ્રિલ અને ઑકટોબર ૧૯૭૪ની પરીક્ષાઓમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માર્ચ-એપ્રિલ ૧૯૭૫ અને તે પછીની પરીક્ષાઓમાં બેસે તો તેમના આંતરિક ગુણ અંગે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવા નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષા અંતિમ ટ્રાવલ ગણવી અને ફક્ત તેમના માટે જ આંતરિક ગુણને સ્થગિત થયેલા ગણવા.

વધુમાં એ સ્પષ્ટતા કરવી કે માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાના અન્ય વિદ્યાર્થીઓ માટે આંતરિક ગુણની જોગવાઈ ચાલુ જ રહે છે.

૨૨. આંતરિક ગુણાંકનમાં નાપાસ થનાર વિદ્યાર્થીને યુનિવર્સિટી પરીક્ષામાં બેસવા દેવો અને તેનું પરિણામ આંતરિક મૂલ્યાંકન અને યુનિવર્સિટીની પરીક્ષામાં મેળવેલા કુલ ગુણના આધારે નક્કી કરવાનું રાખવા અને વર્ગ નક્કી કરવામાં ફક્ત યુનિવર્સિટીની પરીક્ષામાં જ મેળવેલ ગુણ ગણતરીમાં લેવાનું રાખવાના આચાર્ય બી. આર. પટેલના તા. ૬-૧૨-૧૯૭૪ના પત્રથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સ્વીકારવું નહીં.

૨૩. બી.એ.ની પદવી પરીક્ષા એક વખત પસાર કર્યા પછી બીજા વિષય સાથે ફરીથી બી.એ.ની પરીક્ષા આપવા માટેના રેગ્યુલર તથા એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ માટેના અનુક્રમે ઑર્ડિ. આર્ટ્સ-૧ (એ) તથા ઑર્ડિ એકસ્ટર્નલ આર્ટ્સ-૧ (એ)માં અંગ્રેજી વિષયમાં મુક્તિ રાખનારને વર્ગ મળે તે માટે જરૂરી સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑ. આર્ટ્સ ૧-એ તથા ઑ. એક્ષટર્નલ આર્ટ્સ-૧ સુધારવા અને સુધારેલ ઑર્ડિનન્સને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ સુધારેલા ઑ. આર્ટ્સ ૧-એ તથા ઑ. એક્ષટર્નલ આર્ટ્સ-૧ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અૅન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"માસ્ટર ઑફ લેબર વેલ્ફેરના અભ્યાસક્રમ માટે યુનિવર્સિટી વિદ્યાભવનમાં શિક્ષણ, સંશોધન અને ફિલ્ડવર્ક માટે નિમાતા પ્રોફેસર, રીડર અને લેકચરરની નિમણૂક માટેના નિયમો આ સાથે પરિશિષ્ટ 'અ' (અત્રે છાપ્યું નથી)માં આપ્યા મુજબ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"ભારતીય લશ્કરી દળમાં ઓછામાં ઓછાં ત્રણ વર્ષની સેવાઓ આપેલ હોય તેવા ભારતીય લશ્કરી દળના તબીબ, તબીબી વિદ્યાશાખાના વિષયોમાં જ્યાં અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમની જોગવાઈ છે તે વિષયોમાં અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવે તો તેવા તબીબને જે તે ડિપ્લોમાના અનુસ્નાતક અભ્યાસક્રમમાંથી વધુમાં વધુ બે સત્રોની મુક્તિ આપવાની જોગવાઈ કરવી અને તે અંગેનો ઑર્ડિ. ૩૫૬ નીચે મુજબ વંચાય તે રીતે ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O. 356 :

Candidates entering upon a post-graduate diploma courses in the Faculty of Medicine as have worked in the Indian Army for at least three years, will at their option be entitled to claim remission of one year towards the hospital work which the post-graduate students are normally required to be put in for qualifying themselves for admission to an examination under the relevant rules of the University. Such a candidate shall be required to spend at least 12 months as a post graduate student under a recognised post-graduate teacher before he is admitted to the diploma examination."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ એન્ડ રિસર્ચની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑ. ૩૫૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"(૧) એમ.ડી. બ્રા. ૭ પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન તથા (૨) એમ.ડી. બ્રા. ૧૨ સાયકોલોજિકલ મેડિસિનના વિષયના અનુસ્નાતક કેન્દ્રની સ્થાપના માટે ૧૯૭૭ના માર્ચ સુધી જે તે વિષયમાં એક માન્ય અનુસ્નાતક શિક્ષક અને એક માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકને પર્યાપ્ત ગણવામાં આવ્યો હોવાથી તેના સંદર્ભમાં ઑર્ડિ. ૬૫-પી ના (ઈ) વાળા ભાગ (*ii*) હેઠળ (*iii*) તરીકે નીચેનો ભાગ ટ્રાન્ઝિટરી પ્રોવિઝો તરીકે ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(*iii*) Provided that for instituting post-graduate centre in M.D. Branch VII-Preventive and Social Medicine, and M.D, Branch XII-Psychological Medicine, at least one recognised post-graduate teacher in the Branch or the subject concerned and one Assistant to post-graduate teacher in the Branch or the subject concerned shall be considered sufficient for the purpose. [This proviso (*iii*) will remain in force upto March 1977]."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑ. ૬૫–પી નો (ઈ)વાળો ભાગ (ii) હેઠળ (iii) તરીકે ઉપરનો ભાગ ટ્રાન્ઝિટરી પ્રોવિઝો તરીકે ઉમેરી તેનો જૂન ૧૯૭૫થી અમલ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ, ન્યૂ દિલ્હીને પીએચ.ડી. પદવીના સંશોધન માટે એજ્યુકેશન ઍન્ડ સોશિયલ સાયન્સીઝ (મનોવિજ્ઞાન સહિત)ના વિષયોમાં આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા (એપ્રુવ્ડ ઈન્સ્ટિટ્યૂશન) તરીકે આ યુનિવર્સિટીના ઑર્ડ. ૬૫—ડબલ્યુ અનુસાર માન્ય રાખવા ઍકેડેમિક કાઉન્સિલને અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચની ઉપરની ભલામણ સ્વીકારવી અને નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ, ન્યૂ દિલ્હીને પીએચ.ડી. પદવીઅર્થે સંશોધન માટે મનોવિજ્ઞાન સહિત એજ્યુકેશનલ ઍન્ડ સોશિયલ સાયન્સમાં આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા (એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન) તરીકે ઑ. ૬૫—ડબલ્યુ અનુસાર માન્ય રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"મલ્ટિ-કેમ રિસર્ચ સેન્ટર, નાંદેસરીને આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫-ડબલ્યુ અનુસાર સ્વીકૃત સંસ્થા (એપ્રુવ્ડ ઈન્સ્ટિટ્યૂશન) તરીકે પીએચ.ડી. પદવીના સંશોધન માટે માન્ય રાખવા ઍકેડેમિક કાઉન્સિલને અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચની ઉપરની ભલામણ સ્વીકારવી અને 'મલ્ટિ-કેમ' રિસર્ચ સેન્ટર, નાન્દેસરીને ઑ. ૬૫-ડબલ્યુ અનુસાર સ્વીકૃત સંસ્થા (એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન) તરીકે રસાયણશાસ્ત્રમાં પીએચ.ડી. પદવીના સંશોધન માટે માન્ય રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"માન્ય અનુસ્નાતક શિક્ષક કે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકની માન્યતા માટે હાલના નિયમોમાં લઘુતમ શૈક્ષણિક લાયકાતની સાથે જે જોગવાઈઓ અંગે સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (૧) તથા ઑર્ડ. ૬૫-એમ. (૧) જોતાં પુનર્વિચારણા કરવાની જરૂર નથી એમ ઍકેડેમિક કાઉન્સિલ તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચને ઉપરની ભલામણ સ્વીકારવી અને આ અંગે યથાવત્ પરિસ્થિતિ રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ત્રણ સંશોધન પેપરની આવશ્યકતા યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના શિક્ષકોને પણ લાગુ પાડવા અંગે વિચાર કરવા બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચને વિચાર કરવા મોકલવી.

૩૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સુધારેલા ઑર્ડિ. ૬૫-એમ(૧) હેઠળ આપવામાં આવેલો (સી) વાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી:

O. 65—M (1) (c):

Three years' teaching experience in the subject to the degree class as a Lecturer or Professor before or after his obtaining the Ph.D. degree."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચની ઉપરની ભલામણ સ્વીકારવી અને ઑ. ૬૫-એમ(૧) હેઠળ આપવામાં આવેલો (સી) વાળો ભાગ ઉપર વંચાય તે રીતે સુધારીને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૧. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧-૧૦-૧૯૭૪ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"In view of the Papers VII (Methodology of Psychology) and VIII (Experimental Psychology practicals) at the T.Y.B.A. Examination in Psychology, it being of specialised nature they should be examined by properly qualified examiners having a sound qualification and training in Psychology there should be a separate board of paper-setters and examiners be appointed for examing these two papers at the T.Y.B.A. Examination.

This panel should consist of this paper-setters and four or more examiners depending upon the number of candidates appearing at the examination.

(This should come into operation from March/April, 1975.)"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૨. નીચે જણાવેલ અભ્યાસસમિતિઓએ/એડહૉક સમિતિઓએ નીચે જણાવેલ પરીક્ષાઓ માટે ભલામણ કરેલાં પાઠ્યપુસ્તકો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	અભ્યાસસમિતિ / એડહૉક સમિતિનું નામ		પરીક્ષાઓ
૧.	ગુજરાતી	...	પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય; પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧ની ૧૯૭૬ની પરીક્ષાઓ માટે
૨.	મરાઠી	...	પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ તથા તૃતીય વર્ષ બી.એ.ની ૧૯૭૬ની પરીક્ષાઓ માટે
૩.	સંસ્કૃત	...	પ્રી-યુનિ. વિનયન; પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧ની ૧૯૭૬ના વર્ષની પરીક્ષાઓ માટે તથા એમ.એ ભાગ ૨ની ૧૯૭૭ના વર્ષની પરીક્ષા માટે
૪.	પ્રાકૃત-પાલિ	...	પ્રી-યુનિ. વિનયન; પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.ની તથા એમ.એ. ભાગ ૧ની ૧૯૭૬ના વર્ષની તથા એમ.એ. ભાગ ૨ની ૧૯૭૭ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે
૫.	ફ્રેંચ-જર્મન (એડહૉક)	...	પ્રી-યુનિ. વિનયન; પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.ની ફ્રેંચ-જર્મનની પરીક્ષાઓ માટે ૧૯૭૫ની પરીક્ષાઓ માટે નિયત કરેલાં પાઠ્યપુસ્તકો ૧૯૭૬ના વર્ષની પરીક્ષાઓ માટે ચાલુ રાખવા ભલામણ કરી છે.
૬.	પર્શિયન-અરેબિક અને ઉર્દૂ	...	(અ) પ્રી-યુનિ. વિનયન, પ્રથમ વર્ષ બી.એ., દ્વિતીય વર્ષ બી.એ., તૃતીય વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧ની ૧૯૭૬ના વર્ષમાં લેવાનારી તથા એમ.એ. ભાગ ૨ની ૧૯૭૭ના વર્ષમાં લેવાનારી પર્શિયનની પરીક્ષા માટે (બ) પ્રી-યુનિ. વિનયન, પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ બી.એ. ૧૯૭૬ના વર્ષમાં લેવાનારી અરેબિક વિષયની પરીક્ષા માટે (ક) પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧ની ૧૯૭૬માં લેવાનારી તથા એમ.એ. ભાગ ૨ની ૧૯૭૭ના વર્ષમાં લેવાનારી ઉર્દૂ વિષયની પરીક્ષાઓ માટે
૭.	સિંધી (એડહૉક)	...	પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.ની ૧૯૭૬ના વર્ષની પરીક્ષાઓ માટે.

ક્રમાંક	અભ્યાસસમિતિ / એડહૉક સમિતિનું નામ		પરીક્ષાઓ
૮.	અંગ્રેજી	...	પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ફાર્મસીના વધારાના અંગ્રેજી તથા પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ, તૃતીય વર્ષ બી.એ. તથા પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ બી.કૉમ. તથા પ્રથમ વર્ષ, દ્વિતીયવર્ષ અને તૃતીય વર્ષ બી.એસસી. તથા પ્રી-મેડિકલ તથા ફર્સ્ટ ઇયર એન્જિનિયરિંગની અને ફર્સ્ટ ઇયર કેમિકલની એન્જિનિયરિંગની તથા એમ.એ. ભાગ ૧ અને ભાગ ૨ની ૧૯૭૬ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓના માટે
૯.	હિન્દી	...	પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા પ્રથમ વર્ષ બી.એ., દ્વિતીયવર્ષ બી.એ. અને તૃતીય વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧ અને એમ.એ. ભાગ ૨ની ૧૯૭૬ના વર્ષમાં લેવાનારી હિંદી વિષયની પરીક્ષાઓ માટે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ અભ્યાસસમિતિઓએ/ એડહૉક સમિતિઓએ તેમનાં નામ સામે જણાવેલ પરીક્ષા માટે ભલામણ કરેલ પાઠ્યપુસ્તકો મંજૂર કરવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મંજૂર કરેલાં પાઠ્યપુસ્તકો પૈકી કોઈ પુસ્તક અપ્રાપ્ય જણાય તો જે તે વિદ્યાશાખાના અધ્યક્ષ અને સંબંધક અભ્યાસસમિતિના અધ્યક્ષની સલાહ લઈ વૈકલ્પિક પાઠ્યપુસ્તકો મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં, અંગ્રેજી, હિન્દી અને બંગાળીના વિષયો માટેનાં પાઠ્યપુસ્તકો જે તે અભ્યાસસમિતિની યાદી આવ્યેથી નિયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ મંજૂર કરવામાં આવેલ પાઠ્યપુસ્તકોની યાદી **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૩. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

બી.ઈ. ૫ સેમેસ્ટર ૧૦ (સિવિલ)ના ઇલેક્ટિવ વિષય સી ૧૦૦૩-૮ અને સી ૧૦૦૪-૮ના બદલે "એનાલિસિસ ઍન્ડ ડિઝાઇન ઑફ ફ્રેમ્ડ સ્ટ્રકચર્સ"નો નવો અભ્યાસક્રમ મંજૂર કરી તેને લગતો રેગ્યુ. એન્જિ. ૧૮ સુધારી તેને તા. ૧-૧૨-૧૯૭૪થી અમલમાં લાવ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩૪. શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલયમાં ઇતિહાસના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉ. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૫. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.એ.(સમો.)માં સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદ નિમણૂકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.એ. (સમો.)માં સમાજશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી કાયમી જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમર્સના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૬. સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્ર, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૭. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એ.(સબો.)માં હિંદી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં હિન્દી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૬-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :

(૧) જોડાણના નિયમો માટે ઑ. ૧૨૦-એ અન્વયે જરૂરી શિક્ષકો

(૨) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૮. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાનું જૂન ૧૯૭૫થી વિભાગીકરણ કરી (૧) મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, મહેસાણા, તથા (૨) મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, મહેસાણાને સ્વતંત્ર કૉલેજો તરીકે (૧) મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, મહેસાણાને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિંદી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની પદ્ધતિઓના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું મંજૂર જોડાણ ચાલુ રાખવા તથા (૨) મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, મહેસાણાને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું મંજૂર જોડાણ ચાલુ રાખવા માટેની જોડાણઅરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાની જૂન ૧૯૭૫થી વિભાગીકરણ કરવા માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને જૂન ૧૯૭૫થી સદરહુ કૉલેજનું વિભાગીકરણ કરવાની અરજીનો અસ્વીકાર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૯. શ્રી સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંક કરવામાં આવે :
   (૧) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૨) ગુજરાતીના વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગુજરાતીના મુખ્ય વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકોને તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૦. વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગર તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગર નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ અને સંસ્કૃત; તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના પ્રાધ્યાપક
   (૨) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૪) કોમર્સ અને એકાઉન્ટન્સીના વિષયોમાં ઓ. ૧૨૦-એ મુજબ જરૂરી શિક્ષકગણ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. અંગ્રેજીના મુખ્ય વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકોને તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીમાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૧. ચંદનબહેન ઍન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.(સમો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ચંદનબહેન ઍન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સમો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૨. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ (પંચમહાલ) તરફથી જૂન ૧૯૭૫થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી, બી.એ.(સમો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ (પંચમહાલ) નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ.(સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક

(૩) વાણિજ્યના પ્રાધ્યાપક

(૪) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

(૫) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. ગુજરાતી, અર્થશાસ્ત્ર અને એકાઉન્ટન્સી એ પ્રત્યેક વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો તથા ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દી એ પ્રત્યેક ગૌણ વિષયને લગતાં રૂ. ૧,૦૦૦નો પુસ્તકો અંગે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૩. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કોલેજ, તલોદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. સંલગ્ન કૉલેજમાં બિનશૈક્ષણિક કર્મચારીની નિમણૂક અંગે યુનિવર્સિટીએ ઘડેલાં ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૪. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન, ૧૯૭૫થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ કૉલેજ, કડી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. શાળા માટેનું પુસ્તકાલય કૉલેજના મકાનની બહાર ખસેડવામાં આવે;

૩. કૉલેજની કુલ વિદ્યાર્થીસંખ્યાના ૧૦ ટકા વિદ્યાર્થીઓ બેસી શકે તેવા વિદ્યાર્થી કૉમનરૂમની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે, અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૫. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ તરફથી જૂન. ૧૯૭૫થી પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન. ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને જીવશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ/વધારા જોડાણ તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા જીવશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક
(૨) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૩) વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૪) જીવશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર (પેશી રસાયણ)
(૫) ભૌતિકવિજ્ઞાનના વિષય માટે જરૂરી ડેમોન્સ્ટ્રેટર;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. રસાયણવિજ્ઞાન વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન એ પ્રત્યેક વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૬. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. આંકડાશાસ્ત્રના વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્ર વિષય લેનાર પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ કેલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને, તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૭. શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :
   (૧) બિઝનેસ મૅનેજમેન્ટના પૂરા સમયના પ્રાધ્યાપક
   (૨) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. બિઝનેસ મૅનેજમેન્ટ વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૮. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૭૫થી તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૯. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૫૦. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલીની જૂન ૧૯૭૪ની જોડાણઅરજી પર સદરહુ કૉલેજની કેટલીક ફરિયાદના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે જોડાણ ન આપવા કરેલ ઠરાવના સંદર્ભમાં સદરહુ કૉલેજના સંચાલક મંડળે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રિટ અરજી પર ઉભય પક્ષે સમજૂતી થયેલી તે સમજૂતીને આધારે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરી, એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૧૨-૧૯૭૪ની સભાએ સદરહુ સમિતિનો અહેવાલ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવાનું ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલીને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે, શ્રી. ઘનશ્યામભાઈ ઓઝાને ચાલુ રાખવાની શરતે, એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫૧. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં પ્રાશ્નિક, પરીક્ષક અને મોડરેટરોની નિમણૂકો માટેના અગ્રતાક્રમ અંગે ગુણાંકના ધોરણમાં સંશોધન મદદનીશ—"રિસર્ચ ફેલો" તરીકેની કામગીરીનો અનુભવ ગણતરીમાં લઈ ગુણાંક આપવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'રિસર્ચ ફેલો'ની તત્કાલીન નિયુક્તિ સ્કેલવાળી હતી, સંબંધિત રિસર્ચ ફેલોને શિક્ષણકાર્ય સોંપાયું હતું અને હવે રિસર્ચ ફેલો નિમાતા નથી એ ધ્યાનમાં લેતાં રિસર્ચ ફેલો તરીકેની સંબંધિત કામગીરીને શૈક્ષણિક અનુભવ તરીકે ગ્રાહ્ય રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં પ્રાશ્નિકો, પરીક્ષકો અને મોડરેટરોની નિમણૂકો માટેના અગ્રતાક્રમો અંગે ગુણાંકનાં ધોરણો બાબત વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ

૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ

૩. વાણિજ્યની વિદ્યાશાખાના અધ્યક્ષ.

૫૨. તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન વિદ્યાશાખામાં ઑનર્સ કોર્સ દાખલ કરવા બાબતમાં વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૬-૧૨-૧૯૭૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(*i*) To produce good scientist it is necessary to have intensive training in various branches of Science to very bright students from Pre-Science.

(*ii*) There should be an autonomous University College to run this intensive training course.

(*iii*) The maximum students to be admitted in this course is 50 for one year.

(*iv*) Admission should be after Pre-Science strictly according to the merit.

(*v*) All of them should be given a scholarship of Rs. 100/- per month. They should not be charged any fees. The accommodation should be free of charge.

(*vi*) In this training course, the courses of basic sciences should be made compulsory. The courses of various subjects should be of equal importance. However, a student may be provided a choice to have a major in any subject taking more courses in any one subject.

(*vii*) The college shall also institute M.Sc. (Special) course for about one year, followed by a dissertation on original piece of work. He may be allowed to choose any subject for Ph.D.

(*viii*) It is necessary to revise the B.Sc. (General and Special) Course.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં ઑનર્સ કોર્સ દાખલ કરવા બાબતમાં સરદાર પટેલ યુનિવર્સિટીએ કરેલા પ્રયોગનાં પરિણામ જોઈ, મૂલવી આગળ વધવાનું વિચારવું.

૫૩. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૧૨-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાના અનુસ્નાતક અભ્યાસક્રમ માટે સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવી અને ચાર સેમેસ્ટરનો અભ્યાસક્રમ રાખવો તથા આ દરેક સેમેસ્ટરની પરીક્ષા યુનિવર્સિટીએ લેવાની થતી હોવાથી આ અંગેના ખર્ચના વધારા અંગે બજેટમાં જોગવાઈ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાને પુનર્વિચારણા માટે મોકલવી.

૫૪. એમ.એ. અથવા એમ.એસસી.ના મેથેમેટિક્સ વિષયના એક ગ્રુપ સાથે પરીક્ષા પસાર કર્યા પછી વિદ્યાર્થી બીજા ગ્રુપ સાથે પરીક્ષા આપે તો તેને વર્ગ આપવા બાબતમાં ગણિતની અભ્યાસસમિતિની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા અને તે મુજબ ઑર્ડિ. એમ.એસસી.–૨ સુધારવાની વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯–૧૨–૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. અથવા એમ એસસી.ની મેથેમેટિક્સ વિષયની એક ગ્રુપ સાથે પરીક્ષા પાસ કર્યા પછી વિદ્યાર્થી બીજા ગ્રુપ માટે રજિસ્ટ્રેશન કરાવે અને પરીક્ષા આપે તો તેને નીચેની શરતોએ પરીક્ષા આપવા દેવી :

(૧) આ વિદ્યાર્થીએ બીજા ગ્રુપ માટે ભાગ ૨ની પરીક્ષામાં બે સત્રો રાખવાનાં રહેશે.

(૨) આ વિદ્યાર્થીએ ભાગ ૨ના ગ્રુપના પ્રશ્નપત્ર ૬, ૭ અને ૮ પ્રશ્નપત્રો તથા ભાગ ૧ના તે ગ્રપના બાકી રહેલ એટલે કે પ્રશ્નપત્ર ૪ની પરીક્ષા આપવાની રહેશે અને આ પ્રશ્નપત્રોમાં નિયમ મુજબ પાસ થવાનું રહેશે અને તેને આ પરીક્ષામાં મળેલા ગુણના આધારે વર્ગ આપવાનો રાખવો. આ વિદ્યાર્થી પ્રાઈઝ, મેડલ વગેરે મેળવી શકે નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિનાં નીચેનાં સૂચનો મંજૂર કરવા વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯–૧૨–૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) જર્નલનાં પાનાં પર જેમ પ્રયોગોના ચાર્જમાં જે શિક્ષક હોય તે સહી કરે છે તેમ વિદ્યાર્થીઓ મારફતે રજૂ કરવામાં આવતા હરબેરિયમ શીટ્સ પર શિક્ષક તારીખ સાથે સહી કરે તે જરૂરી છે.

(૨) કુલ હરબેરિયમ શીટ્સની યાદી (લિસ્ટ) પર શિક્ષક અને વિભાગના વડાની સહી કરી સર્ટિફાઈડ કરે તે જરૂરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ સૂચનો સ્વીકારવાં નહીં.

૫૬. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯–૧૨–૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર બોટનીની અભ્યાસસમિતિની તા. ૧૦–૧૧–૧૯૭૩ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા અને તે માટે રેગ્યુ. સાયન્સ–૧માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

"માર્ચ એપ્રિલ ૧૯૭૩માં લેવાયેલી ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષાના બાયોલોજી વિષયના અધ્યક્ષશ્રીએ પ્રૅક્ટિકલની પરીક્ષા માટે ચાર કલાકનો સમય જે નિયત કરેલ છે તેને બદલે તે વધારીને પાંચ કલાકનો કરવા જે સૂચન કરેલ છે તે સાથે આ સભા સંપૂર્ણપણે સહમત છે અને તેનો અમલ કરવા ભારપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી નહીં.

૫૭. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૧૨-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ ઉપર વિચારણા કરી આ વિદ્યાશાખા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે—

બી.એસસી.માં માઇક્રોબાયોલોજી વિષય સાથે પાસ થયેલા વિદ્યાર્થી એમ.એસસી. ભાગ ૧ની પરીક્ષામાં બોટેની અથવા ઝૂલોજી વિષય પસંદ કરી શકે તેવી જોગવાઈ કરવી અને તે માટે રેગ્યુ. એમ.એસસી.—૧ નીચે મુજબ સુધારવો :

Regulation M.Sc.—1 :

No candidate for the M.Sc. Degree Examination can select a subject other than the one offered by him as a special subject at the B.Sc. (Sp.) Examination or as a Principal subject at the B.Sc. Degree Examination provided, however, that a candidate who was passed in second or first class will be considered eligible for admission to M.Sc. Degree course in any subject, provided further that a candidate passing B.Sc. with Microbiology as a principal or special subject will be allowed to offer Botany or Zoology at M.Sc. course."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુલેશન એમ.એસસી.—૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો.

૫૮. ભૌતિકવિજ્ઞાનની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૧૨-૧૯૭૪ ની સભાએ મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે અનુસ્નાતક કક્ષાએ 'માઇક્રોવેવ્સ'નો સ્પેશિયલ વિષય દાખલ કરવો અને તેને જૂન, ૧૯૭૫થી અમલમાં લાવવો.

આ કોર્સમાં આશરે દસ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો તેમ જ તે માટે એક લેક્ચરરની નિમણૂક કરવી.

સાધનો માટે જરૂરી ગ્રાન્ટ આશરે રૂ. ૫૦,૦૦૦ તથા લેબોરેટરી ખર્ચ માટેની જોગવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણો સ્વીકારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫૯. સેકન્ડ બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષાના ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમમાં પેપર પાંચના "બી" વિભાગમાં પ્રાયોગિક પરીક્ષાઓ લેવાની જોગવાઈ છે. એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક કામ કરવાની વ્યવસ્થા ન હોવાથી ગણિતનો વિષય મુખ્ય વિષય

તરીકે એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ નીચેની શરતે રાખી શકે તે બાબતમાં ગણિતની અભ્યાસ-સમિતિની તા. ૨૪-૩-૧૯૭૨ અને તા. ૯-૧૦-૧૯૭૪ની સભામાં કરેલી નીચેની ભલામણ સ્વીકારવાની વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૧૨-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ગણિતની અભ્યાસસમિતિની તા. ૨૪-૩-૧૯૭૨ અને તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બીજા વર્ષ બી.એ.ની એકસ્ટર્નલ પરીક્ષામાં ગણિત વિષયમાં પ્રશ્નપત્ર ૫(બી)માં પ્રાયોગિક કામ આવતું હોવાથી તે માટેના જર્નલને વિદ્યાર્થીઓએ આ કામ કોઈ સંલગ્ન કોલેજમાં કરી આચાર્યશ્રી પાસે પ્રમાણિત કરાવવાનું રાખવું જોઈએ અને જો તે શક્ય ન હોય તો ગણિતનો વિષય એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ મુખ્ય વિષય તરીકે લઈ ના શકે તેવી જોગવાઈ કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી.

૬૦. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૧૨-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"(૧) ભૌતિકશાસ્ત્રની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ મુજબ એમ.એસસી. ભાગ ૨-પ્રશ્નપત્ર ૨ ભૌતિકશાસ્ત્રને લગતા 'સૉલિડ સ્ટેટ ફિઝિક્સ"નો સુધારવામાં આવેલ અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને લગતો રેગ્યુ. એમ.એસસી.-૬ સુધારી તેને તાત્કાલિક અમલમાં લાવવો.

(૨) ભૌતિકશાસ્ત્રની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ મુજબ એમ.એસસી. ભાગ ૨ ભૌતિકશાસ્ત્રના પ્રશ્નપત્ર ૧ "ઇલેક્ટ્રોડાયનેમિક્સ"નો સુધારવામાં આવેલ અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને લગતો રેગ્યુ. એમ.એસસી.-૬ સુધારી તેને તાત્કાલિક અમલમાં લાવવો.

(૩) ભૌતિકશાસ્ત્રની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ મુજબ એમ.એસસી. ભાગ ૨ ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમના ઇલેક્ટ્રોનિક્સ ૧ અને ૨નો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને લગતો રેગ્યુ. એમ.એસસી. ૬ સુધારી તેને તાત્કાલિક અમલમાં લાવવો.

(૪) ભૌતિકશાસ્ત્રની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ મુજબ એમ.એસસી. ભાગ ૧ ભૌતિકશાસ્ત્રના પ્રશ્નપત્ર ૩માં નીચેના મુદ્દા ઉમેરવા અને તે મુજબ રેગ્યુ. એમ.એસસી.-૪માં સુધારો કરી તેને તાત્કાલિક અમલમાં લાવવો.

M.Sc . Part I—Paper III

(1) Half-wave and full-wave rectifiers—ripple factor with resistive load,

(2) *Amplifiers :*

In place of self-biasing in triodes and R. C. couple amplifier, and following topics may be included :

Symbols & terminology, graphical analysis-potential source equivalent, representation of triodes line or analysis of electron tube circuits biasing methods.

Scope : Electron tube circuits.

Chapter 6 : 5.1 to 6.3

Chapter 2 : 2.1 to 2.6.

(૫) રસાયણવિજ્ઞાનની તા. ૧૦-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ મુજબ પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન, પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ના રસાયણવિજ્ઞાનના પ્રશ્નપત્રમાં દાખલાના પ્રશ્નો ફરજિયાત પૂછવા અને તે માટે રેગ્યુ. પ્રી-સાયન્સ ૨, રેગ્યુ. સાયન્સ ૨, રેગ્યુ. સાયન્સ ૮ અને રેગ્યુ. ૧૧માં રસાયણવિજ્ઞાનના દરેક પ્રશ્નપત્રમાં નીચે મુજબ નોંધ ઉમેરવી અને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવી :

Note.—About 30% of the questions will be based on examples and problems.

(૬) ગણિતની અભ્યાસસમિતિની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ મુજબ એમ.એ., એમ.એસસી. પાર્ટ ૧ના બી-૪ પેપરનો અભ્યાસક્રમ તથા એમ.એ., એમ.એસસી. પાર્ટ ૨ના પ્રશ્નપત્ર-બી (૭-૮) ૪નો અભ્યાસક્રમ સુધારવો તથા પાર્ટ ૧ની પરીક્ષાનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૫થી અને પાર્ટ ૨નો અભ્યાસક્રમ જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવો.

(૭) રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૯-૧૧-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર બીજા વર્ષ અને ત્રીજા વર્ષ બી.એસસી.ના રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમમાં શાબ્દિક સુધારા તથા એમ.એસસી. ભાગ ૧ના રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમમાં સુધારા કરવા અને સુધારેલા અભ્યાસક્રમો જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણો સ્વીકારવી અને તે મુજબ—

(૧)થી (૩) રેગ્યુલેશન એમ.એસસી. ૬ સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો.

(૪) રેગ્યુલેશન એમ.એસસી. ૪ સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો.

(૫) રેગ્યુલેશન પ્રી-સાયન્સ ૨, રેગ્યુ. સાયન્સ ૨, રેગ્યુ. સાયન્સ ૮ અને રેગ્યુ. સાયન્સ ૧૧ સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા.

(૬) ગણિતનો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૫થી ક્રમશઃ અમલમાં મૂકવો.

(૭) સદરહુ અભ્યાસક્રમમાં શાબ્દિક સુધારો કરવો અને તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશનો **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૬૧. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૧૨-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ ઉપર વિચારણા કરી આ વિદ્યાશાખા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, પીએચ.ડી.માં રજિસ્ટ્રેશન કરાવવા અંગે નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે :

Admission to Ph.D. in Botany or Zoology may also be open for students passing M.Sc. with Biochemistry, Microbiology, Botany or Zoology. This provision should also be applied to students passing M.Sc. with Chemistry provided they have offered Botany or Zoology as a subsidiary subject at T.Y. B.Sc. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬૨. ઈક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૧-૧૧-૧૯૭૪ની સભામાં થયેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈક્વિવેલેન્સ ઑફ એક્ઝામિશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૧-૧૧-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની ભલામણો **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૩. લાઇબ્રેરી સાયન્સના અભ્યાસક્રમમાં જુદાં જુદાં ગ્રંથાલયોની મુલાકાત ફરજિયાત કરવા મૌખિક પરીક્ષા દાખલ કરવા અને અન્ય સુધારાઓ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ કરવાની લાઇબ્રેરી સાયન્સની ઍડહૉક સમિતિની તા. ૧૦-૧૦-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ ભલામણ મંજૂર થાય તો ૧૯૭૫ અને તે પહેલાંની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને જૂના અભ્યાસક્રમ મુજબ જૂન ૧૯૭૬, ૧૯૭૭ અને ૧૯૭૮ એમ ત્રણ ટ્રાયલ આપવા ઍડહૉક સમિતિએ ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૬૪. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૩/૨૪-૧૦-૧૯૭૪ની સભાએ કરેલ નીચેના ઠરાવો અંગે વિચારણા કરવા બાબત :

"૧. આ સભા ઠરાવે છે કે તૃતીય વર્ષ બી.એ. અર્થશાસ્ત્રનાં પ્રશ્નપત્રોના સુધારેલા અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને તેને લગતો સંબંધકર્તા રેગ્યુલેશન સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં લાવવો.

વધુમાં આ સભા ઠરાવે છે કે તૃતીય વર્ષ બી.એ. અર્થશાસ્ત્ર વિષયના 'એલિમેન્ટ્સ ઑફ સ્ટેટિસ્ટિક્સ'ના અભ્યાસક્રમમાં અત્યારે જે વૈકલ્પિક વિષય છે તે ચાલુ રાખવો અને જેણે દ્વિતીય વર્ષ બી.એ.માં ગૌણ વિષય તરીકે લીધો હોય તે આ પેપર લઈ શકે નહીં પણ તેઓ 'એલિમેન્ટ્સ ઑફ ઇકોનોમેટ્રિક્સ'નું પેપર લઈ શકશે."

આથી ઠરાવવામાં આવે છે કે અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી, અને સંબંધકર્તા રેગ્યુલેશન આર્ટ્સ-૧૨ સુધારી તેનો જૂન ૧૯૭૫થી અમલ કરવો.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશન આર્ટ્સ-૧૨ની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

[સંબંધિત અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચનાથી ભલામણનો બીજો પ્રેરેગ્રાફ વિચારણામાંથી પડતો મૂકવામાં આવ્યો.]

૬૫. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત:

ઇજનેરીના અભ્યાસક્રમના એસ્ટિમેટિંગ સ્પેસિફિકેશન ઍન્ડ એન્જિનિયરિંગ ઇકોનોમિક્સના પેપરના સેમેસ્ટર (સિવિલ)-૬ પી.ડી.ડી.સી, તેમજ બી.ઈ. ૫ (સિવિલ) સેમેસ્ટર ૯ની પરીક્ષાઓ માટે ત્રણ કલાકના સમયને બદલે ચાર કલાકનો સમય પેપરો માટે નિયત કરી તેને ઑક્ટોબર-નવેમ્બર ૧૯૭૪ની પરીક્ષાથી અમલમાં લાવ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૬૬. ભારત સરકારની અને વિદેશોની જુદી જુદી સ્કૉલરશિપોનો યોગ્ય સમન્વય કરી તેનો વધુમાં વધુ સારો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે બાબતમાં ભારત સરકારને યુનિવર્સિટીનો અભિપ્રાય મોકલી આપવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૭-૧૨-૧૯૭૪ની સભાની કાર્યવાહી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો સ્વીકારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૬૭. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૩/૨૪-૧૨-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર પહેલા અને બીજા વર્ષ બી.એ.ના સમાજશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમો સુધારવા અને તે માટે રેગ્યુ. આર્ટ્સ-૨ અને રેગ્યુ. આર્ટ્સ-૭માં સુધારો કરી તેને એક સાથે જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા અંગેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપરની ભલામણો સ્વીકારવી અને તે મુજબ રેગ્યુલેશન આર્ટ્સ-૨ અને રેગ્યુલેશન આર્ટ્સ-૭ સુધારી તેનો જૂન ૧૯૭૫થી ક્રમશઃ અમલ કરવો.

(સદરહુ સુધારેલ રેગ્યુલેશન્સ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૬૮. ત્રીજા વર્ષ બી.એસસી. બોટેનીના પ્રશ્નપત્ર ૧૦ના એસેના ટોપિક નીચે મુજબ નિયત કરી તેને તાત્કાલિક એટલે કે માર્ચ–એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષાથી અમલમાં મૂકવાની વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૩૦–૧૦–૧૯૭૪ની સભાની ભલામણ ઉપર વિચારણા કરી સંબંધકર્તા રેગ્યુ. પમાં સુધારો કરવા બાબત :

1. Energy Transfer Systems in plants
2. Laws of Thermodynamics as applied to Ecosystem
3. Pollution
4. Origin of Angiosperms
5. Life cycles in Algae
6. Heterospory and seed habit
7. The nutrition of embryo
8. The gene
9. Plants and drugs
10. Vegetation of Gujarat
11. Plant diseases—their causes and cures
12. Growth and development in plants.

આથી ઠરાવવામાં આવે છે કે વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસ સમિતિની ઉપરની ભલામણ ઓછામાં ઓછા ૨૦ ટોપિકસ રાખવાની સૂચના સાથે સદરહુ અભ્યાસસમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

૬૯. માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિના અધ્યક્ષના તા. ૨૪–૧૨–૧૯૭૪ના પત્રથી આવેલ સૂચન અનુસાર એમ.એસસી. ભાગ ૧ માઇક્રોબાયોલોજી વિષયના પ્રશ્નપત્ર ૩નું હાલનું શીર્ષક Cytology and Taxonomy of Viruses Rickettsiae છે તેને બદલે Biology of Viruses and Rickettsiae સુધારી સંબંધકર્તા રેગ્યુ. એમ.એસસી–૪માં સુધારો કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનું સૂચન સ્વીકારવું અને સંબંધકર્તા રેગ્યુલેશન એમ.એસસી.–૪માં સુધારો કરી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો.

૭૦. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.-(પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૫થી તા. ૧૪–૬–૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. હિન્દીના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના

ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. હિન્દી મુખ્ય વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો માટે આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૭૧. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.-(પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :

(૧) રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક

(૨) રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. રાજ્યશાસ્ત્ર મુખ્ય વિષયને લગતાં પુસ્તકો માટે પ્રતિવર્ષ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને, તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા

થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૭૨. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૭૩. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૭૪. લૉ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૫થી દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા તૃતીય એલએલ.બીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે લૉ કૉલેજ, ગોધરા નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૫ સુધીમાં કરે તો તેને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂક કરવામાં આવે :

કાયદાના એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા અને એક ખંડ સમયના વ્યાખ્યાતા (ટેક્ષેશન શીખવવાની લાયકાત ધરાવતા) અથવા કાયદાના ત્રણ ખંડ સમયના વ્યાખ્યાતા;

(ત્રણ પૈકી એક ટેક્ષેશન શીખવવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમને લગતાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૭૫. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયા તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) બૅન્કિંગના પ્રાધ્યાપક

(૨) આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. આંકડાશાસ્ત્ર અને બૅંકિંગ એ પ્રત્યેક વિષય દીઠ પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. આંકડાશાસ્ત્રના પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-

ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૭૬. એમ. ડી. શાહ કૉમર્સ ઍન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ડી. શાહ કૉમર્સ ઍન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૭૭. શ્રી લાલશંકર ઉમિયાશંકર કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી લાલશંકર ઉમિયાશંકર કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ શિક્ષકગણની નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો જૂન ૧૯૭૫થી સદરહુ કૉલેજનું ૧) શ્રી લાલશંકર ઉમિયાશંકર આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ તથા (૨) શ્રી લાલશંકર ઉમિયાશંકર એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ એમ વિભાગીકરણ કરવા તથા (૧) શ્રી લાલશંકર ઉમિયાશંકર આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધી મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર, અંગ્રેજી અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા તથા (૨) શ્રી લાલશંકર ઉમિયાશંકર એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ ચાલુ રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંક કરવામાં આવે :

(૧) મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક

(૨) શિક્ષણની કૉલેજ માટે આચાર્ય

(૩) શિક્ષણની કૉલેજના પ્રાધ્યાપક, વ્યાખ્યાતા અને ટ્યૂટર વચ્ચે ૨ : ૫ : ૩નું પ્રમાણ જાળવવામાં આવે

(૪) લાયકાત ધરાવતા ગ્રંથપાલ (શિક્ષણની કૉલેજ માટે);

૨. ગ્રંથાલયમાં અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. મનોવિજ્ઞાન મુખ્ય વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. મનોવિજ્ઞાન વિષયને લગતાં સાધનો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. શિક્ષણની કૉલેજમાં વિજ્ઞાનની પ્રયોગશાળામાં સાધનો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. શિક્ષણની કૉલેજના આચાર્ય માટે અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૮. શિક્ષણની કૉલેજમાં જૂથ-કાર્ય માટે અલગ ખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૯. પ્રત્યેક કૉલેજ દ્વારા યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે;

૧૦. પ્રત્યેક કૉલેજ દ્વારા પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૧૧. પ્રત્યેક કૉલેજ દ્વારા યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

૧૨. શિક્ષણની કૉલેજના આચાર્યને માટે ૧૦૦ ચોરસ વારના ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૧૩. શિક્ષણની કૉલેજના આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૭૮. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી જૂન, ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :
(૧) મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક
(૨) મનોવિજ્ઞાનના યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના વ્યાખ્યાતા;

૨. પ્રયોગશાળા માટે કૉલેજના મુખ્ય મકાનમાં જ આશરે ૮૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળ ધરાવતા એક અલગ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. મનોવિજ્ઞાન મુખ્ય વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૭૯. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા તરફથી જૂન, ૧૯૭૫થી બી.એડ. તથા દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એડ. તથા દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કાર્યભારને અનુલક્ષીને જરૂરી કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતાઓ નીમવામાં આવે;

૨. એક વધુ વર્ગખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૩. શિક્ષણનો અભ્યાસક્રમ શીખવવા માટેના વિજ્ઞાનખંડની વ્યવસ્થામાં થોડીક વધારે સગવડો ઊભી કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૮. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૮૦. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા (કચ્છ) તરફથી જૂન ૧૯૭૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા (કચ્છ) નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બિનુપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે જે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એ. કા. / ૪૯૯૩૩ / ૧૯૭૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૮-૨-૧૯૭૫.

જ. મ. મહેતા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

૪ ફારસી અધ્યાપક

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor in Persian in the University School of Languages, Gujarat University was held on Friday the 6th December 1974 at 3–00 p.m. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2. Prof. B. M. Gai	Present
3. Prof. S. M. Mehta	Present
4. Prof. A. S. Kadri	Present.

Dr. C. R. Naik was called for the interview and he remained present.

We have great pleasure in recommending Dr. C. R. Naik's promotion as Professor of Persian in the Gujarat University. Throughout his professional career of more than 30 years, he has rendered commendable services to the cause of popularisation of Persian language and literature in India. He is one of the most senior Professors of Persian in India and it is in the fitness of things that he should be elevated to the post of a Professor of Persian in the Gujarat University.

Ishwarbhai Patel

Prof. B. M. Gai

Prof. S. M. Mehta

Prof. A. S. Kadri.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૩

O. Ext. Arts–1 :

A candidate who has already passed the B.A. Examination under the Three-year Degree Course will be permitted to reappear at the B.A. Degree (External) Examination with a new set of subjects under the following conditions :

(*i*) A candidate who chooses as his Principal subject with which he has already passed the B.A. Degree Examination under the Three-year Degree Course of this University as a Subordinate subject will be required to register his name for the Third B.A. (External) Examination and also pass the fifth paper in that subject either previously or in the same examination season at the Second B.A. (External) Examination, for which purpose he shall be required to apply for the registration separately, provided that the result of the B.A. Degree Examination with a new Principal subject shall not be declared until he passes in the paper concerned at the Second B.A. (External) Examination, and provided further that the result of the B.A. Degree (External) Examination so held in abeyance shall be forfeited, if he fails to pass in the paper concerned at the S.Y.B.A. (External) Examination within two years of the declaration of the result so held in abeyance.

(*ii*) A candidate who chooses as his Principal and Subordinate subjects, a set of subjects entirely different from the subjects with which he has passed the B.A. Degree Examination in Three-year Degree Course of this University, previously will be required to register a name as an external student and pass the Second B.A. (External) Examination and having passed it or having failed in it but allow to keep terms for the T.Y.B.A. (External) Examination as also register a name as an external student for

the Third B.A. (External) Examination under the existing rules and pass the examination as per provision under the relevant regulations, provided further that such a candidate shall be held eligible for a class at the examination at which he appears, but shall not be held eligible for a prize, scholarship or any other award at the examination, and provided further that the marks equal to the percentage or marks obtained by him at the First B.A. Examination at which he has passed while passing the previous B.A. Degree Examination shall be credited to him for the purpose of determining his class at the Second or subsequent Third B.A. (External) Examination at which he appears under the provisions of this Ordinance.

(*iii*) They will be allowed to claim exemption in compulsory subject or subjects in which they have already passed and which they repeat at the Second B.A. and/or at the Third B.A. (External) Examination, as the case may be, but if they claim exemptions they will not be entitled to a class, scholarship or prize or award.

(*iv*) A candidate who has already passed the B.A. Degree Examination under the Old Course can appear at the Second B.A. Examination, under the Three-year Degree Course with a new set of subjects. He will not be required to pass Compulsory English Paper at the Second B.A. (External) Examination and the Compulsory English Paper at the Third B.A. (External) Examination; but if he claims exemptions he will not be entitled to a class, scholarship or prizes or award.

O. Arts 1—A :

A candidate who has already passed the B.A. Examination under Three-year Degree Course will be permitted to reappear at the B.A. Degree Examination with a new set of subjects under the following conditions :

(*i*) A candidate who chooses as his Principal subject with which he has already passed the B.A. Degree Examination under the Three-year Degree Course of this University as a subordinate subject will be required to keep two fresh terms for the Third

B.A. Examination and also pass the Third Paper in that subject either previously or in the same examination season at the Second B.A. Examination, for which purpose he shall be required to apply for admission to the examination separately, and pay the necessary fees, provided that the result of the B.A. Degree Examination with a new Principal subject shall not be declared until he passes in the paper or papers concerned at the S.Y.B.A. Examination, and provided further that the result of the B.A. Degree Examination so held in abeyance shall be forfeited, if he fails to pass in the paper or papers concerned at the S.Y.B.A. Examination within two years of the declaration of the result so held in abeyance.

(ii) A candidate who chooses as his Principal and Subordinate subjects, a set of subjects entirely different from the subjects with which he has passed the B.A. Degree Examination in the Three-year Degree Course of this University previously will be required to keep two fresh terms and pass the Second B.A. Examination, and having passed it or having failed in it, but allowed to keep terms for the T.Y.B.A. Examination as also keep further two terms for the Third B.A. Examination and pass the examination as per provisions under the relevant Regulations, provided further that such a candidate shall be held eligible for a class at the examination at which he appears, but shall not be held eligible for a prize, scholarship or any other award at the examination and provided further that the marks equal to the percentage or marks obtained by him at the First B.A. Examination at which he has passed while passing the previous B.A. Degree Examination shall be credited to him for the purpose of determining his class at the Second or subsequent Third B.A. Examination at which he appears under the provisions of this Ordinance.

(iii) They will be allowed to claim exemption in compulsory subject or subjects in which they have already passed and which they repeat at the Second B.A. and/or at the Third B.A. Examination, as the case may be, but if they claim exemptions they will not be entitled to a class or scholarship or prizes or award.

(*iv*) A candidate who has already passed B.A. Degree Examination under the old course can appear at the Second B.A. Examination under the Three-year Degree Course with a new set of subjects. He will not be required to pass Compulsory English paper at Second B.A Examination and the Compulsory English paper at the Third B.A. Examination but if he claims exemptions he will not be entitled to a class or scholarship or prize or award.

(*v*) A candidate who has passed B.Sc. Examination under old course or under the Three-year Degree Course will be permitted to join Second B.A. Examination with the subject of Home Science. He will be eligible to claim exemption in Compulsory English at the Second B.A. Examination and Compulsory English at the Third B.A. Examination, but if he claims exemptions, he will not be entitled to a class or scholarship or prize or award.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૨

ગુજરાતી

પ્રી-યુનિવર્સિટી વિનયન (૧૯૭૬)ની પરીક્ષા માટે

૧. 'સ્મરણયાત્રા' : કાકા કાલેલકર (પ્રકા. નવજીવન કાર્યાલય, અમદાવાદ)
૨. 'કાવ્યસંચય' (નવો) : ગુજરાત યુનિ. પ્રકાશિત.

પ્રી-યુનિ. વિજ્ઞાન અને વાણિજ્ય (૧૯૭૬)ની પરીક્ષાઓ માટે

'દરિયાલાલ' : ગુણવંતરાય આચાર્ય (પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય).

સૂચના.—કૃતિના અભ્યાસ માટે નીચેના મુદ્દાઓ અપેક્ષિત છે :

૧. લેખકનું જીવન
૨. સમય-સંદર્ભ, લેખકના જમાનાનો પરિચય
૩. કૃતિમાંનું વક્તવ્ય
૪. નિરૂપણ શૈલી
૫. તેના સાહિત્યસ્વરૂપનાં લક્ષણો.

નોંધ.—ભાષાશુદ્ધિ માટે જોડણી, વ્યાકરણ અને વિરામચિહ્ન ઇત્યાદિની ભૂલો સુધારવા માટે પરિચ્છેદ મૂકવામાં આવશે.

આ પ્રશ્નપત્રના ગુણનું વિભાજન નીચે મુજબ થશે :

વિનયન	**ગુણ**	**વિજ્ઞાન અને વાણિજ્ય**	**ગુણ**
ગદ્યકૃતિ	૨૫	ગદ્યકૃતિ	૫૦
પદ્યકૃતિ	૨૫	નિબંધ	૧૫
નિબંધ	૧૫	ભાષાશુદ્ધિ	૫
ભાષાશુદ્ધિ	૫		

પ્રથમ વર્ષ બી.એ. (૧૯૭૬)ની પરીક્ષા માટે

પ્રશ્નપત્ર ૧ (પદ્ય)

૧. 'સુદામાચરિત્ર' : નરસિંહ અને પ્રેમાનંદ
૨. 'પરિક્રમા' : બાલમુકુન્દ દવે (પ્રકા. વોરા ઍન્ડ કંપની, અમદાવાદ).

પઠિત યા અપઠિત પદ્યખંડનાં છંદ, અલંકાર, કાવ્યભાષા આદિ અંગોને આવરી લેતા વસ્તુલક્ષી પ્રશ્નો દ્વારા સમીક્ષા. આ પ્રશ્નના ૧૫ ગુણ રહેશે.

પ્રશ્નપત્ર ૨ (ગદ્ય)

૧. 'સ્વપ્નદ્રષ્ટા' : કનૈયાલાલ મુનશી
૨. ગુજરાતી એકાંકી સંગ્રહ : સંપાદક અનંતરાય રાવળ,
(પ્રકા. નેશનલ બુક ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા, વિક્રેતા-વોરા ઍન્ડ કંપની, અમદાવાદ.)

પઠિત યા અપઠિત ગદ્યખંડના વસ્તુલક્ષી પ્રશ્નો દ્વારા વિગતે સમીક્ષા. આ પ્રશ્નપત્રના ૧૫ ગુણ રહેશે.

મુદ્દાઓ : કૃતિઓનો અભ્યાસ નીચેની બાબતો ધ્યાનમાં રાખી કરાવવો :

૧. લેખકોનો સાહિત્યકાર તરીકેનો પરિચય
૨. કૃતિનો સાહિત્યસ્વરૂપની દૃષ્ટિએ અભ્યાસ
૩. કૃતિનો એના જમાના સાથેનો સંબંધ
૪. કૃતિનિષ્ઠ વિવેચનાત્મક પ્રશ્નોની ચર્ચા અપેક્ષિત છે.
૫. આ કૃતિઓનો પાઠ્યપુસ્તક તરીકે તલસ્પર્શી અને કૃતિનિષ્ઠ વિવેચનાત્મક અભ્યાસ અપેક્ષિત છે. પૂર્વાપર સંદર્ભને લગતા પ્રશ્નને પણ અવકાશ છે.

(**નોંધ.**— ઉપરના મુદ્દાઓના અભ્યાસને અનુલક્ષીને દર સત્રે પ્રશ્ન દીઠ ઓછામાં ઓછાં બે લખાણો દરેક વિદ્યાર્થીએ તૈયાર કરવાં આવશ્યક છે.)

દ્વિતીય વર્ષ બી.એ. (૧૯૭૬)ની પરીક્ષા માટે

પ્રશ્નપત્ર ૩

નિબંધ.— નિબંધિકાનો સાહિત્યસ્વરૂપ તરીકે અભ્યાસ—નીચેના પુસ્તકોના ખાસ અધ્યયન સાથે :

'બાળવિલાસ' : મ. ન. દ્વિવેદી (પ્રકા. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ)
'સ્વૈરવિહાર', ભાગ ૧ : રામનારાયણ પાઠક

મુદ્દાઓ.— ૧. સાહિત્યકલામાં સ્વરૂપ (ફૉર્મ)ની વિભાવના
૨. જે તે સાહિત્યસ્વરૂપનાં મુખ્ય લક્ષણો
૩. એનાં વ્યાવર્તક લક્ષણો
૪. ગુજરાતી સાહિત્યમાં એનો વિકાસ
૫. મુખ્ય કૃતિઓ અને સર્જકો
૬. એની આધુનિક સ્થિતિ

સૂચના.—૧. કૃતિઓમાંથી પૂર્વાપર સંબંધના પ્રશ્નો પુછાશે નહિ.
૨. નમૂનારૂપ કૃતિઓનો સ્વરૂપદૃષ્ટિએ ઘનિષ્ઠ અભ્યાસ અપેક્ષિત છે.

પ્રશ્નપત્ર ૪ : 'કલાપી'—નીચેનાં નિયત પુસ્તકોને અનુલક્ષીને :

૧. 'કલાપીનો કાવ્યકલાપ' : સં. અનંતરાય રાવળ, પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
૨. 'કાશ્મીરનો પ્રવાસ'
૩. 'કલાપીના સંવાદો' : સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ.

(**નોંધ.**—આ પ્રશ્નપત્રમાં ગ્રંથકારનો જ અભ્યાસ કરવાનો હોવાથી એ માટે નિયત કરેલાં પુસ્તકોમાંથી પૂર્વાપર સંબંધના પ્રશ્નો પુછાશે નહિ.)

મુદ્દાઓ : (૧) લેખકના જન્મ સમયની સાંસ્કૃતિક પરિસ્થિતિ, લેખકના વ્યક્તિત્વનું ઘડતર
(૨) લેખકનું સાહિત્યસર્જન (મુખ્ય કૃતિઓ)
(૩) લેખક તરીકેની વિશેષતાઓ, લેખકના સાહિત્યિક કાર્યનો પ્રભાવ, અતિહાસિક અને તાત્ત્વિક દૃષ્ટિએ એમનાં સાહિત્યિક પ્રદાનનું મૂલ્યાંકન.

પ્રશ્નપત્ર ૫ : ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (મધ્યકાલીન યુગ : હેમચંદ્રાચાર્યથી દયારામ)

પ્રાસ્તાવિક :

સાહિત્યનો ઇતિહાસ—એ વિશેના ખ્યાલ
ઇતિહાસ દૃષ્ટિ—સાહિત્યપ્રવાહ
સહાનુભૂતિશીલ કલ્પના—સંસ્કૃતિ અને સાહિત્ય

૧. પ્રાક્ નરસિંહ સમય

(૧) અપભ્રંશનો ગુર્જર પ્રવાહ—જૂની ગુજરાતી

(૨) સમકાલીન સાંસ્કૃતિક સંદર્ભ—સોલંકીઓનું રાજત્વ—સિદ્ધરાજ જયસિંહના સમયનું ગુજરાત—ધાર્મિક સહિષ્ણુતા અને સમન્વયકારી વલણ—સાંસ્કૃતિક સમુત્થાન—સાંસ્કૃતિક વ્યક્તિત્વ—જૈન અને શૈવ સાહિત્યની પરંપરાઓ

(૩) કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય
'સિદ્ધહેમ વ્યાકરણ'માંનાં અવતરણોનો પરિચય

(૪) (અ) વાઘેલાઓના સમયનું સાંસ્કૃતિક વાતાવરણ : અલ્લાઉદ્દીનના આક્રમણ પર્યંત
(બ) આ સમયના સાહિત્યનાં સામાન્ય લક્ષણો (રાસ-ફાગુ-પ્રબંધ-બારમાસ-એ સાહિત્ય-પ્રકારનો પરિચય)
(ક) નીચેની કૃતિઓનો વસ્તુ વગેરેની દૃષ્ટિએ સામાન્ય પરિચય : ભરતેશ્વર બાહુબલિ રાસ—શાલિભદ્ર—નેમિનાથ ચતુષ્પદિકા, સ્થૂલિભદ્ર ફાગ.

(૫) (અ) ઈ.સ. ૧૨૯૭માં ખીલજીનું આક્રમણ—ત્યાર પછી ગુજરાતની બદલાતી સાંસ્કૃતિક આબોહવા—ગુજરાતનું અલગ રાજ્ય—સાંસ્કૃતિક સંક્ષોભ—સાહિત્ય પર અસર, 'મારુ ગુર્જર'માંથી રાજસ્થાની અને ગુજરાતીનું જુદું પડવું.
(બ) અસાઈત—પદ્યવાર્તા—વિશિષ્ટ સાહિત્યસ્વરૂપ, હંસાઉલિ—લોકનાટ્ય અને ભવાઈ વેશ
(ક) વિશિષ્ટ કૃતિઓ
માધવાનલ કામકંદલા દોગ્ધક કૃતિઓ—ગણપતિ—ત્રિભુવન દીપકપ્રબંધ—સદયવત્સ-ચરિત્ર—ભીમ—રણમલ્લ છંદ—વસંતવિલાસ.

(૬) ગદ્યસાહિત્ય
'પૃથ્વીચંદ્ર ચરિત્ર'—માણિક્યસુંદર—દૃષ્ટાંતકથાઓ—તરુણપ્રભ અને સોમસુંદર—પ્રાચીન ગુજરાતી સંદર્ભ.

૨. પંદરમાથી સોળમા શતક પર્યન્તનો સમયગાળો

(૧) ગુજરાતી મુસ્લિમ સલ્તનત—રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિ

(૨) ભાગવત સંતપરંપરા અને ભક્તિપ્રવાહ—ભારતમાં અને ગુજરાતમાં પ્રેમલક્ષણા ભક્તિ—રામાયણ—મહાભારત—ભાગવત અને પુરાણસાહિત્ય

(૩) નરસિંહ—જીવન અને સાહિત્ય—'આદિકવિ'—સમય—પદકવિતા અને પદસ્વરૂપ—ભક્તિ અને જ્ઞાનનો કવિતામાં વિનિયોગ—નરસિંહની કૃતિઓ—આખ્યાનનું બીજ—પદાવલિરૂપ—આખ્યાન—કાવ્યસિદ્ધિ

(૪) ભાલણ—સમય—સાહિત્યસેવા—કૃતિઓ—આખ્યાનનું સ્વરૂપ 'કાદંબરી'—અનુવાદ, 'નળાખ્યાન', પદ

(૫) અન્ય વિશિષ્ટ કૃતિઓ
કાન્હડદે પ્રબંધ, પદ્મનાભ તથા અન્ય પ્રબંધ—કવિતા પંચદંડ—નંદબત્રીસી—નરપતિ
(૬) પંદરમી સદીના અન્ય નોંધપાત્ર કવિઓ તથા કૃતિઓનો નિર્દેશ.
(૭) મીરાં : સમય—જીવન—મીરાનાં પદ—ભાષાની વિશિષ્ટતા—પદ કવિતાનો પ્રવાહ—કવિત્વ
(૮) મધ્યકાલીન રાસસાહિત્ય—જ્ઞાનાશ્રયી શાખા
(૯) માંડણ : 'પ્રબોધબત્રીસી'
(૧૦) કેટલીક કૃતિઓ—
માધવાનલ—કામકંદલા દોઝક (ગણપતિ), 'હંસાઉલિ', 'વિક્રમચરિત્ર' મધુસૂદન વ્યાસ, 'કર્પૂર મંજરી'—મતિસાર, માધવાનલ અને મારઢોલા (કુશળ લાભ), રૂપચંદ, કુંવરરાસ (નયસુંદર)—વિમલપ્રબંધ—લાવણ્યસમય.

૩. (૧) (અ) મુગલ સમય—સાંસ્કૃતિક પરિસ્થિતિ—સાહિત્યચર્ચા
(બ) (૧) જ્ઞાનમાર્ગી કવિતા—નરહરિ વગેરે
(૨) જ્ઞાની કવિ અખો—જીવન—કૃતિઓ—છપ્પા, અનુભવબિન્દુ—'અખેગીતા' ભાશાષ, કટાક્ષ, કવિતા

(૨) (ક) આખ્યાનપ્રવાહ અને આખ્યાનવિકાસ; આખ્યાનો અને માણભટ્ટની પરંપરા; ભાલણથી નાકર—વિશ્વનાથ, પ્રેમાનંદ : 'મહાભારતનાં પર્વો'
(ડ) પ્રેમાનંદ—જીવન અને કૃતિઓ : નળાખ્યાન, દશમસ્કંધ, મામેરું, સુદામાચરિત્ર, ઓખાહરણ, અભિમન્યુ, ચંદ્રહાસ, રણયજ્ઞ, નરસિંહનાં જીવનવિષયક આખ્યાનો
(ફ) પ્રેમાનંદ અને સમકાલીન સમાજ
(ગ) સમકાલીન સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભ. મુગલો, મરાઠાઓનાં આક્રમણો, શિવાજી, દુર્ગાદાસ રાઠોડ વગેરે.

(૩) (અ) મરાઠાઓનાં આક્રમણો—રાજકીય અનવસ્થા—મરાઠાસત્તા—ગાયકવાડ—અંગ્રેજોનું આગમન.
(બ) (૧) મધ્યકાલીન પદ્યવાર્તા—ગુજરાતી પરંપરા—લોકવાર્તા, પદ્યવાર્તામાં વપરાતા રહેલા કેટલાક કથાઘટકો.
(૨) વાર્તાકાર શામળ—કૃતિઓ, સિંહાસનબત્રીસી, મદનમોહના, પદ્માવતી, નંદબત્રીસી.
(ક) અખા પછીની જ્ઞાનમાર્ગી કવિતા—ધીરાની કાફી, ભોજાના ચાબખા, નિતાંતનાં પદો.
(ડ) મીરાં પછીની ભક્તિમાર્ગીય કવિતા—રાજે-પ્રીતમ-ગરબી-વલ્લભ-નરભો-સ્ત્રીકવિઓ
(ઈ) દયારામ : જીવન અને કવિતા—પુષ્ટિસંપ્રદાય—ગરબીઓ—ગદ્યશાસ્ત્રીય ગ્રંથો—ગુજરાતીમાં ઇતર ભાષાના ગ્રંથો.

(૪) સહજાનંદ સ્વામી : જીવન અને સામાજિક કાર્ય, વૈષ્ણવ ધર્મ અને સ્વામીનારાયણ સંપ્રદાય. 'વચનામૃત', સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ, પ્રેમાનંદ સખી, નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ.
(૫) ઈ.સ. ૧૬૫૦ પછીનું ગદ્ય : બાલાવબોધો, વર્ણકો, પારસી લેખકો.

૪. સમગ્ર દર્શન
૧ મધ્યકાલીન કવિતામાં છંદોરચના, દેશીઓ, શૈલી, બાની વગેરેની દૃષ્ટિએ નોંધપાત્ર મુદ્દા
૨. મધ્યકાલીન કવિઓની સંસ્કૃતસેવા
૩. મધ્ય ગુજરાતના કવિઓએ વ્રજભાષામાં કરેલી રચનાઓના નિર્દેશ
૪. મધ્યકાલીન ગુજરાતનાં સમાજ અને સાહિત્ય

૫. મધ્યકાલીન સાહિત્યનું મૂલ્યાંકન.

નોંધ.—સાંસ્કૃતિક પશ્ચાદ્‌ભૂને લગતો અલાયદો પ્રશ્ન પૂછવો ફરજિયાત નથી.

નોંધ.—ઉપરના ત્રણે પ્રશ્નપત્રોના મુદ્દાઓને આવરી લે તેવાં ઓછામાં ઓછાં ત્રણ લખાણો વિદ્યાર્થીએ સત્ર દીઠ તૈયાર કરવાં આવશ્યક છે.

તૃતીય વર્ષ બી.એ. (૧૯૭૬)ની પરીક્ષા માટે

પ્રશ્નપત્ર ૬ : ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ :

અર્વાચીન યુગ, ખંડ ૧ (પ્રથમ ભૂમિકા)

૧. (અ) સાંસ્કૃતિક ભૂમિકા

૧. અંગ્રેજ રાજ્યસત્તા સ્થપાઈ તે પૂર્વેની અંધાધૂંધી–ગુજરાતમાં અંગ્રેજી રાજ્ય–પશ્ચિમની સંસ્કૃતિ સાથેના સંપર્કનું નિમિત્ત—પશ્ચિમી સંસ્થાઓનું અવતરણ–વર્તમાનપત્રો–મુદ્રણાલયો, થિયેટર, શાળાઓ, યુનિવર્સિટીઓ.

૨. પશ્ચિમી કેળવણી પામેલા વર્ગ ઉપર અંગ્રેજી અને અંગ્રેજી દ્વારા યુરોપિયન સાહિત્યનો પ્રભાવ.

૩. અંગ્રેજી સાહિત્યની મુક્તતા, પ્રકૃતિપ્રેમ, મનુષ્યકેન્દ્રી પ્રણયભાવ વગેરે તત્ત્વોની ગુજરાતી સાહિત્ય પર અસર.

૪. એ અસરના પરિણામે ઉદય પામેલાં નવાં સાહિત્યસ્વરૂપો—નવલકથા, નાટક, ટૂંકી વાર્તા, નિબંધ, ચરિત્રસાહિત્ય, પ્રવાસ, ઇતિહાસ.

૫. પરંપરાગત સ્વરૂપોમાં નૂતન ભાવસંચાર.

૬. ગદ્યાશ્રિત સાહિત્ય –મનુષ્ય અને પ્રકૃતિને કેન્દ્રમાં રાખીને સર્જાયેલું સાહિત્ય.

૨. સાંસ્કૃતિક નવજાગૃતિનો પૂર્વાર્ધ :

બુદ્ધિત્વ(Reason)નો મહિમા, વૈચારિક સંચલનો—'સુધારક' પ્રવૃત્તિઓ, સાહિત્યપ્રવૃત્તિ

(અ) દુર્ગારામ મહેતાજી અને માનવધર્મસભા

(આ) ફાર્બસ અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા)

(ઇ) બુદ્ધિવર્ધક સભા

(ઈ) દલપતરામ—વ્યક્તિ, પ્રવૃત્તિ, સાહિત્યકાર્ય

(ઉ) નર્મદ—વ્યક્તિ, પ્રવૃત્તિ, સાહિત્યકાર્ય

(એ) નવલરામ—વિવેચનપ્રવૃત્તિનો ઉદય

(ઐ) પત્રકારત્વનો વિકાસ.

૩. સાંસ્કૃતિક નવજાગૃતિનો ઉત્તરાર્ધ :

(૧) ધર્મજાગૃતિ, સંરક્ષક પરિબળો સામે બુદ્ધિપૂત ધર્મશ્રદ્ધા, બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, થિયોસોફી–આર્યસમાજ

(૨) પારસીઓનું રચેલું ગુજરાતી સાહિત્ય—મલબારી

(૩) નંદશંકર—'કરણઘેલો'

(૪) મ. ન. ત્રિવેદીની બુદ્ધિપૂત સંરક્ષક પ્રવૃત્તિ

(૫) 'સરસ્વતીચંદ્ર'—ગો. મા. ત્રિપાઠીનું પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓનું સમન્વયદર્શન

(૬) બાળાશંકર

(૭) 'કુસુમમાળા'—શુદ્ધ કાવ્યની સમાજની દિશામાં લઈ જતો વળાંક

(૮) 'ગુજરાતી ગદ્યનો વિકાસ–૧.'

૪. યુનિવર્સિટી શિક્ષણનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ :

(૧) મણિલાલ
(૨) રમણભાઈ
(૩) નરસિંહરાવ
(૪) કે. હ. ધ્રુવ
(૫) આનંદશંકર
(૬) મણિશંકર (કાન્ત)
(૭) બળવંતરાય
(૮) ન્હાનાલાલ
(૯) કલાપી.

૫. કેટલાંક સાહિત્ય સામયિકો :
બુદ્ધિપ્રકાશ, દાંડિયો, જ્ઞાનસુધા, સુદર્શન, પ્રિયંવદા, વસંત.

૬. સંસ્કૃત સાહિત્યના અનુવાદો.

૭. ગુજરાતી રંગભૂમિ :
સાહિત્યકારો અને રંગભૂમિ વચ્ચે સેતુ બાંધવાનો પ્રયત્ન

(૧) ભવાઈ

(૨) પારસીઓનો રંગભૂમિનો ફાળો

(૩) શેક્સ્પિયરનો પ્રભાવ
'શેક્સ્પિયર કથાસમાજ' સંગ્રહ

(૪) રણછોડભાઈ ઉદયરામ
કેટલીક કૃતિઓ—નાટકો :
'મિથ્યાભિમાન', 'ભટ્ટનું ભોપાળું', 'વીરમતી', 'લલિતાદુઃખદર્શક', 'કાન્તા',
'રાઈનો પર્વત', 'ઈન્દુકુમાર', 'જયાજયંત'.
રંગભૂમિનાં નાટકો—
ડાહ્યાભાઈ ધોળશાજી, મૂળશંકર મુલાણી.

૮. ઉપસંહાર

(૧) સ્વરાજ્ય માટેના આંદોલનની ભૂમિકા
(૨) ગુજરાતી ગદ્યનો વિકાસ
(૩) કાવ્યભાવના સ્પષ્ટતા—કાન્ત, કલાપી, નાનાલાલ, બ. ક. ઠાકોર—પરિબળો તરીકે
(૪) ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના.

અર્વાચીન યુગ—બીજી ભૂમિકા—સાંસ્કૃતિક ભૂમિકા

૧. (૧) ગાંધીજીનું સ્વદેશાગમન—અસહકારનાં આંદોલનો
રાષ્ટ્રભાવનાનો વિકાસ—ગ્રામ-અભિમુખતા—નવી પ્રવૃત્તિઓ, નવાં દૃષ્ટિબિંદુઓ, જીવન અને કલાનાં નવાં મૂલ્યો—"નવાં" ધોરણો.

(૨) ગાંધીજીનો સાહિત્ય પર પ્રભાવ

(૩) ગાંધીજીનું સાક્ષરમંડળ—ગાંધીજી, કાલેલકર, રા. વિ. પાઠક, મહાદેવભાઈ દેસાઈ, નરહરિ પરીખ, કિશોરલાલ મશરૂવાળા

(૪) કનૈયાલાલ મુનશી, સરસતાવાદ—મુનશીનું વાર્તાસાહિત્ય—પરાક્રમી, સ્વતંત્ર અને આદર્શવાંચ્છુ પાત્રોની સૃષ્ટિ, મુનશીની ઐતિહાસિક નવલકથાઓ, મુનશીની સામાજિક નવલકથાઓ; મુનશીનાં નાટકો—કાકાની શશી—પૌરાણિક નાટકો, સામાજિક નાટકો, મુનશીની ટૂંકી વાર્તાઓ, મુનશીના નિબંધો—તેમનું વિવેચન

૨. (૧) **ગાંધીદર્શન** અને સમાજવાદનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ, **'દરિદ્રનારાયણ'** —દીનજનવાત્સલ્ય—**માનવતાવાદ**

(૨) શુદ્ધ કવિતા—અંતર્મુખતા, કંઈક વધુ રસલક્ષિતા
બાનીના પ્રયોગો—છંદપ્રયોગો, મિશ્રણો, યતિસ્વાતંત્ર્ય, પ્રવાહિતા, પરંપરિત છંદો, ખંડ છંદો વગેરે છંદશાસ્ત્રનો અભ્યાસ

(૩) લોકસાહિત્યનું સંશોધન તથા તેનો પ્રભાવ

(૪) સૉનેટ—કથાકાવ્ય—ખંડકાવ્ય—મુક્તકો—ગીતો

(૫) શ્રીધરાણી, ચંદ્રવદન મહેતા, શેષ, ઉમાશંકર, સુંદરમ્, મેઘાણી

(૬) બ. ક. ઠા., વિશ્વનાથ ભટ્ટ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી,—રા. વિ. પાઠક, વિજયરાય વૈદ્ય.

૩. (૧) પ્રગતિશીલ સાહિત્ય—સાહિત્યમાં વાસ્તવિકતા—પ્રચારલક્ષિતા

(૨) ધૂમકેતુ, દ્વિરેફ, મેઘાણી, ર. વ. દેસાઈ, પન્નાલાલ, દર્શક, જયંતી દલાલ, ચૂનીલાલ મડિયા આદિનું વાર્તાસાહિત્ય.

ત્રીજી ભૂમિકા

૧. (૧) સ્વતંત્રતા, પરચક્રમાંથી મુક્તિ—સ્વરાજ્યનો પ્રથમાનુભવ, ઉત્સાહ, રાજકીય અને આર્થિક પરિબળો—સામાજિક ગતિશીલતા.

(૨) મૂલ્ય—વિરોધો, યુદ્ધોત્તર હતાશા અને છિન્નતાનો ભાવ—માનવભાવિની અનિશ્ચિતતા, સાંસ્કૃતિક સંકર, આંતરરાષ્ટ્રીયતા

(૩) સાહિત્યમાં પ્રયોગશીલતા

(૪) વધુ અંતર્મુખ, વધુ આત્મલક્ષી, પ્રગલ્ભ, પ્રયોગશીલ રચનાઓ

(૫) શુદ્ધ સૌંદર્યલક્ષિતાનો આગ્રહ, નવી આકારનિર્મિતિઓ, અછાંદસ પ્રયોગો

(૬) પ્રત્યાયનનો, સમાજસંદર્ભનો અને કાવ્યમાં અર્થનો વિરોધ.

અર્વાચીન યુગ, ખંડ ૨

(અ) સાહિત્યસ્વરૂપોનો વિકાસ અને પ્રવાહો

૧. નવલકથા :

(ક) 'કરણઘેલો', 'સરસ્વતીચંદ્ર', 'ગુજરાતનો નાથ', 'માનવીની ભવાઈ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી' (તથા અન્ય નવલકથાઓ)

(ખ) અર્વાચીન પ્રયોગો.

૨. ટૂંકી વાર્તા

(ક) 'ગોવાલણી': ધૂમકેતુ, દ્વિરેફ, સુંદરમ્, જયંતી દલાલ તથા અન્ય લેખકો

(ખ) 'અર્વાચીન'—'આધુનિક' અથવા 'નવી નવલિકા' (સુરેશ જોશી વગેરે).

૩. નાટક

(ક) 'મિથ્યાભિમાન', 'લલિતાદુઃખદર્શક', 'કાન્તા', 'રાઈનો પર્વત', 'જયાજયંત', 'ઠાઠાની શશી', 'આગગાડી', 'શર્વિલક'.

(ખ) નાટચક્ષેત્રે રણછોડભાઈ, નાનાલાલ, ચંદ્રવદન વગેરેનું પ્રદાન

(ગ) એકાંકી : બટુભાઈ, ઉમાશંકર, જયંતી દલાલ વગેરે અર્વાચીન પ્રયોગો

(ઘ) પદ્યનાટકના પ્રયોગો.

૪. ચરિત્રસાહિત્ય (આત્મ-જીવન, ડાયરી વ.)

૫. નિબંધસાહિત્ય

૬. ગુજરાતી વિવેચનાનો વિકાસ

૭. ભાષાવૈજ્ઞાનિક સંશોધન—અધ્યયનની તવારીખ

૮. અનુવાદ-પ્રવૃત્તિ.

(બ) સાહિત્યપ્રવૃત્તિઓ, સંસ્થાઓ, સામયિકો વ.

૧. સામયિકો : 'યુગધર્મ', 'પ્રસ્થાન', 'કૌમુદી', 'કુમાર', 'સંસ્કૃતિ'

૨. ગુજરાતી સાહિત્ય પરિષદ : સાહિત્યસભા, ફાર્બસ સભા, નર્મદ સભા, પ્રેમાનંદ સાહિત્ય સભા વગેરે.

૩. સાહિત્યિક પારિતોષિકો અને ચંદ્રકો.

નોંધ.—સાંસ્કૃતિક પાશ્ચાદ્ભૂમિને લગતો અલાયદો પ્રશ્ન પૂછવો ફરજિયાત નથી.

પ્રશ્નપત્ર ૭ : ગુજરાતી ભાષાના ઐતિહાસિક વિકાસના અને ગુજરાતી ભાષાના સ્વરૂપનો અભ્યાસ

વિભાગ પહેલો : ભાષાનો સામાન્ય પરિચય ... ૨૦ ગુણ

(ક) ૧. ભાષાનું માનવવ્યવહારમાં સ્થાન અને ભાષાના વિવિધ ઉપયોગો (ભાષા—લાગણી અને વિચાર વ્યક્ત કરવાનું સાધન, સામાજિક વ્યવહારનું સાધન, સાહિત્યનું માધ્યમ, જ્ઞાનસાધન ઇ.)

૨. "ભાષા — શબ્દના વિવિધ અર્થો અને અહીં અભિપ્રેત અર્થ (યાદચ્છિક ધ્વનિસંકેતોની વ્યવસ્થા)ની સ્પષ્ટતા

૩. 'ભાષા' અને 'વાણી'નો સંબંધ અને ભેદ

૪. ઉચ્ચાર અને જોડણીનો સંબંધ.

(**સૂચના.**—ભાષાના ઉદ્ભવને લગતી ચર્ચા અપેક્ષિત નથી તેમ જ ભાષાની વ્યાખ્યાની અલગ ચર્ચા પણ અપેક્ષિત નથી.)

(ખ) ૧. ભાષાના સ્વરૂપ કે માળખાનો ખ્યાલ (ભાષાનાં મુખ્ય અંગો—ઉચ્ચારણ, વ્યાકરણ એટલે કે પદસિદ્ધિ, પદાન્વય અને વાક્યરચના તથા શબ્દકોશનો પરિચય)

૨. બોલીઓનું સ્વરૂપ, માન્ય ભાષા અને પ્રાદેશિક બોલીઓનો સંબંધ, વ્યવહારભાષાના સામાજિક, સાંસ્કૃતિક, પ્રાસંગિક સ્વરૂપભેદોનો ઉલ્લેખ

૩. ભાષાઓમાં બંધારણોના વૈવિધ્યનો વ્યાપક ભાવે ખ્યાલ

૪. ભાષાની પરિવર્તનશીલતાનો ખ્યાલ (ભાષાનાં ભિન્ન ભિન્ન અંગો — ધ્વનિ, વ્યાકરણ, અર્થ, શબ્દરાશિમાં આવતા પરિવર્તનના ઉલ્લેખ સાથે.)
(સૂચના. — ભાષા-પરિવર્તનનાં કારણોની ચર્ચા અપેક્ષિત નથી.)

વિભાગ બીજો : ગુજરાતીનો વિકાસક્રમ ... ૩૫ ગુણ

(ક) ૧. ભારત-યુરોપીય અને દ્રાવિડી ભાષાકુલનો પરિચય

૨. ભારત-યુરોપીય ભાષાકુલનો એની મુખ્ય શાખાઓના નામનિર્દેશ સાથે ખ્યાલ, ભારત-યુરોપીય પ્રજાનું સ્થાનાંતર અને ભારતીય આર્યો સુધીનો વિકાસક્રમ.

(સૂચના. — ભારતીય આર્યની ભિન્ન ભિન્ન ભૂમિકાઓનાં ભાષાકીય લક્ષણોની જાણકારી આવશ્યક નથી.)

૩. ભારતીય આર્યનો વિકાસ—એની ત્રણ ભૂમિકાઓ (વેદકાલની ભાષાવિષયક સ્થિતિ, પાલિ, અર્ધમાગધી, સાહિત્યની પ્રાકૃતો, અભિલેખોની પ્રાકૃતો, અપભ્રંશ વગેરેના ઉલ્લેખપૂર્વક).

૪. અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધીનો વિકાસક્રમ—ભાષાજૂથો કેમ અલગ પડતાં ગયાં તેના ઉલ્લેખ સાથે; મુખ્ય વળાંકોને સ્પષ્ટ કરતાં અગત્યનાં ભાષાકીય સ્વરૂપ-લક્ષણોની નોંધ.

૫. ગુજરાતીની પડોશ-ભાષાઓનો સ્થાનનિર્દેશ સાથે ઉલ્લેખ.

(ખ) ૧. ગુજરાતીનું ધ્વનિપરિવર્તન—"અનુપૂર્તિ — ૧" માં દર્શાવેલા ઉત્સર્ગો પૂરતું મર્યાદિત.

(સૂચના. — એ ઉત્સર્ગો સિદ્ધ અને પ્રસિદ્ધ ઉદાહરણો દ્વારા જ સમજાવવાના છે અને વ્યુત્પત્તિ પણ જેમાં મુખ્યત્વે એ ઉત્સર્ગો પ્રવર્તતા હોય તેવા સિદ્ધ અને પ્રસિદ્ધ શબ્દોની જ પૂછી શકાશે.)

૨. ગુજરાતી વ્યાકરણમાં કાળક્રમે થયેલા પરિવર્તનનો વ્યાપક ભાવે ખ્યાલ.

૩. ગુજરાતીના શબ્દભંડોળમાં કાળક્રમે થયેલું પરિવર્તન—ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભો સાથે સાંકળીને (તત્સમ, તદ્ભવ, દેશ્ય, વિદેશી ભાષાઓમાંથી અને ભારતની અર્વાચીન ભાષાઓમાંથી સ્વીકૃત શબ્દોના ઉલ્લેખ સાથે).

વિભાગ ત્રીજો : અર્વાચીન ગુજરાતીનું સ્વરૂપ ... ૪૫ ગુણ

(ક) ગુજરાતના બોલી વિભાગો અને મુખ્ય બોલીઓ (સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની)ના માન્ય ગુજરાતીથી થોડાક લાક્ષણિક ભેદો—ઉચ્ચારણ, વ્યાકરણ અને શબ્દપ્રયોગોના.

(ખ) ૧. માન્ય ગુજરાતીના ધ્વનિઘટકોનો સ્થાન-પ્રયત્ન સાથે પરિચય (અનુનાસિક-અનુનાસિક સ્વરો, મર્મર સ્વરો અને ઉપઘટકોના ઉલ્લેખ સાથે, મહાપ્રાણ ધ્વનિઓને મૂળભૂત ઘટકો તરીકે ગણાવવા).

(સૂચના.—ઉચ્ચારણ પ્રક્રિયા વિષે પ્રશ્નો પૂછી શકાશે નહિ.)

૨. શબ્દસિદ્ધિ (નામ, વિશેષણ ઇત્યાદિ બનાવતા નામિક અને આખ્યાતિક અંગને લગતા) એટલે કે તદ્ધિત અને કૃત પ્રત્યયો (સંસ્કૃત તત્સમ, ગુજરાતી તદ્ભવ અને ફારસી પ્રત્યયોના અલગ ઉલ્લેખ સાથે)

(**સૂચના.**—ગુજરાતીમાં જે પ્રત્યયોથી થતું શબ્દઘડતર પ્રચારમાં હોય તેવા પ્રત્યયો અને વ્યાપક રીતે પ્રચલિત શબ્દો ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું. સંસ્કૃત તદ્ભવ અને ફારસી પ્રત્યયોનો અનુપૂર્તિ-૨માં આપેલી યાદી પૂરતો પરિચય અપેક્ષિત છે. અપૂર્વંગ અને ઉપસર્ગની જાણકારી અપેક્ષિત નથી.)

૩. તત્સમ સંધિ.

૪. સમાસો.

(ગ) ૧. નામ(સંજ્ઞા, વિશેષણ અને સર્વનામ)નાં રૂપાખ્યાન, વિકારી અને અવિકારી સંજ્ઞા અને વિશેષણ; વચનવ્યવસ્થા, બહુવચનના "ઓ" પ્રત્યયના વિનિયોગની વિશિષ્ટતાઓ અને બહુવચનના વિવિધ અર્થો. લિંગ વાચન પ્રત્યયો અને લિંગના વિવિધ અર્થો, વિભક્તિદર્શક અનુગો, એ અનુગોથી થતા નામના રૂપાખ્યાનની લાક્ષણિકતાઓ, એ અનુગોના મુખ્ય અર્થો.

૨. આખ્યાનનાં રૂપાખ્યાન :

આખ્યાનનાં મૂળ અને સાધિત (કર્મણિ, પ્રેરક, પુનઃપ્રેરક) અંગ, કાળ, અવસ્થા, અર્થ, પુરુષ અને લિંગવાચક પ્રત્યયોથી બનતાં વિવિધ આખ્યાતિક રૂપો, એ રૂપોના અર્થો (કૃદંતોના અલગ પરિચય સાથે).

સહાયકવાળાં સંયુક્ત રૂપો—એની મુખ્ય ખાસિયતો.

પ્રયોગો (કર્તરિ, કર્મણિ અને ભાવે) અને એના અર્થો.

સંયુક્ત ક્રિયાપદો.

૩. ક્રિયાવિશેષણ—વ્યયી અને અવ્યયી, વિશેષણો, કૃદંતો વગેરે ક્રિયાવિશેષણ તરીકે, સ્વરૂપ અનુસાર વિવિધ પ્રકારો.

૪. સંયોજકો.

૫. સ્વાનુકારી અને દ્વિરુક્ત પ્રયોગો.

(ઘ) વાક્યરચના :

પદસંવાદ (Concord) અને પદક્રમની લાક્ષણિકતાઓ, ક્રિયાપદવાળાં અને ક્રિયાપદ વિનાનાં વાક્યો, કાકુથી થતો અર્થફેર.

વાક્યપરિવર્તન—વિધિવાક્ય પરથી નિષેધવાક્ય, કર્તરિ પરથી કર્મણિ, સાદા ઉપરથી પ્રેરકની લાક્ષણિકતાઓ.

અનુપૂર્તિ ૧ : ધ્વનિપરિવર્તનના નિયમો (ઉત્સર્ગો)

(ક) સંસ્કૃતથી ગુજરાતી સુધીમાં થયેલાં પરિવર્તનો :

૧. એકવડા (અસંયુક્ત) સ્પર્શવ્યંજનોનું પરિવર્તન

(૧) આદ્યસ્થાને મૂળગત રીતે જળવાઈ રહે છે.

(૨) અંત્યસ્થાને લુપ્ત થાય છે.

(૩) મધ્યસ્થાને :

(*i*) અલ્પપ્રાણ વ્યંજનોમાંથી "ક્", "ગ્", "ચ્", "જ્", "ત્", "દ્" લુપ્ત થાય છે અને ક્વચિત્ એમને બદલે "ય" શ્રુતિ આવે છે.

(*ii*) "ટ્"નો "ડ્" થાય છે.

(*iii*) "પ્"નો "વ્" થાય છે.

(*iv*) મહાપ્રાણ વ્યંજનોમાંથી "ખ્", "ઘ્", "થ્", "ધ્", "ફ્", "ભ્"નો પ્રાકૃત અપભ્રંશ "હ્" થાય છે. જે પછી ગુજરાતીમાં કાં તો એમ ને એમ રહે છે અથવા તો લુપ્ત થાય છે, અથવા તેનો સ્થાનફેર થાય છે, અથવા તો તે આસપાસના કોઈ અલ્પપ્રાણ વ્યંજનમાંથી ભળી જઈ એને મહાપ્રાણ બનાવે છે.

૨. સ્પર્શવ્યંજન અને ઉષ્મવ્યંજનના સંયોગનું પરિવર્તન

(૧) અનાદ્ય "ક્ષ્"નો પ્રાકૃત-અપભ્રંશ "ક્ખ્" થઈ ગુજરાતીમાં "ખ" થાય છે. આદ્ય "ક્ષ્"નો સીધો "ખ્" થાય છે. ક્વચિત્ અનાદ્ય "ક્ષ"નો "ચ્છ" થઈ "છ" અને આદ્ય "ક્ષ"નો સીધો "છ" થાય છે.

(૨) અનાદ્ય "ત્સ"નો "ચ્છ" થઈ "છ" થાય છે.

૩. ઉષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનના સંયોગનું પરિવર્તન

ઉષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનનો સંયોગ જ્યારે અનાદ્યસ્થાને હોય ત્યારે પ્રાકૃત અપભ્રંશમાં તેને બદલે તે સ્પર્શવ્યંજનને અનુરૂપ અલ્પપ્રાણ અને મહાપ્રાણનો સંયોગ આવે છે અને પછી ગુજરાતીમાં એકલો મહાપ્રાણ રહે છે. એ સંયોગ આદ્યસ્થાને હોય ત્યારે એને બદલે સીધો જ મહાપ્રાણ વ્યંજન આવે છે; જેમ કે :

૧. અનાદ્ય "સ્ક"નો "ક્ખ" થઈ "ખ" આદ્ય "સ્ક"નો "ખ"

૨. અનાદ્ય "શ્ચ"નો "ચ્છ્" થઈ "છ્"

૩. અનાદ્ય "ષ્ટ્", "ષ્ઠ્"નો "ટ્ઠ્" થઈ "ઠ્"

૪. અનાદ્ય "સ્ત"નો "ત્થ" થઈ "થ", આદ્ય "સ્ત", "સ્થ"નો "થ"

૫. અનાદ્ય "સ્પ", "સ્ફ"નો "પ્ફ" થઈ "ફ", આદ્ય "સ્પ", "સ્ફ"નો "ફ".

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અથવા વ્યાખ્યાતા
(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૪) વાણિજ્યના પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
(૬) વ્યાયામ શિક્ષક
(૭) લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. વધારાના વર્ગો માટે વિદ્યાર્થી ખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. ગુજરાતી, અર્થશાસ્ત્ર અને પ્રત્યેક મુખ્ય વિષયને લગતા રૂ. ૨,૦૦૦/-નો, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર એ પ્રત્યેક ગૌણ વિષયને લગતા રૂ. ૧,૦૦૦/-નો તથા એકાઉન્ટન્સી વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦/-નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦/-નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૬. પણજી (ગોવા) મુકામે મળેલ ૧૫મી ટુરિસ્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"Resolved that other Universities should also be persuaded to introduce Tourism as an internal part of their curricula.

Resolved further that suitable text-books be prepared for this purpose."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવની નોંધ લેવી.

બાબત નં. ૭ અને ૪૯ની વિચારણા સાથે કરવામાં આવી.

૭. પ્રા. એસ. બી. વોરાના તા. ૩૧-૧૨-૧૯૭૪ના પત્રથી આવેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત:

(1) No teacher should be given work-load of more than 12 periods a week.

(2) The system of internal evaluation must be cancelled because it has miserably failed.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એસ. બી. વોરાના ઉપરના સૂચન નં. ૧ અને ૨ સ્વીકારી શકાય તેમ નથી.

૪૯. પ્રા. એસ. બી. વોરાના તા. ૯-૨-૧૯૭૫ના પત્રથી આવેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) શિક્ષકોને અઠવાડિયામાં ૧૨ લેકચર્સ(પિરિયડ્સ)થી વધુ બોજો આપવો જોઈએ નહિ.

(૨) આંતરિક મૂલ્યાંકનની પદ્ધતિ-ટયુટોરિયલની પદ્ધતિ હવે આપણે કાઢી નાખીએ.

(૩) અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ આપવાની લાયકાતના કાયદા-ઑર્ડિનન્સમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ—બંને કક્ષાએ પાસ કલાસમાં ઉત્તીર્ણ થનાર શિક્ષક ગમે તેટલો અનુભવી હોય તો પણ તે અનુસ્નાતક શિક્ષણકાર્ય ન કરી શકે એ ઘણું અન્યાયી અને ગેરવાજબી પગલું છે તેથી ૧૯૬૧ પહેલાં જે પાસ થયા હોય તેવા શિક્ષકોને તેમનો ગમે તે કલાસ હોય ત્રણ પેપર લખવાની શરત પૂરી કરે તો તેમને અનુસ્નાતક શિક્ષણ કરવાની છૂટ આપવી જોઈએ.

(૪) અનુસ્નાતક શિક્ષકોની માન્યતા માટે ત્રણ પેપરો લખવાની બાબતમાં સમયમર્યાદા હવે વધારવી જોઈએ નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રો. એસ. બી. વોરાનાં ઉપરનાં સૂચનો નં. ૧, ૨ અને ૪ સ્વીકારી શકાય તેમ નથી.

(૨) પ્રો. એસ. બી. વોરાનું ઉપરનું સૂચન નં. ૩ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવું

૮. શિક્ષણની અભ્યાસસમિતિએ તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં કરેલ નીચેની ભલામણ મંજૂર કરવા બાબત :

"બી.એડ.નાં કેટલાંક પેપરોમાં કેટલાક પરીક્ષકોનું મૂલ્યાંકન બંને છેડા તરફ જતું હતું. આથી કેટલાય વિદ્યાર્થીઓને અન્યાય થવા સંભવ રહે છે જે નિવારવા માટે દરેક પેપર દીઠ માર્કિંગ સ્કોર વધુ ચોક્કસ બનાવવો અને બની શકે તો મોડરેશનની પ્રથા દાખલ કરવા શિક્ષણની આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ.ની પરીક્ષાના પ્રાશ્નિકોને મૂલ્યાંકનની યોજના વધુ વિગતવાર અને ચોકસાઈભરેલી બનાવવા માટે જણાવવું.

૯. યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં થયેલ નીચેનાં સૂચનો પર બી. યુ. ટી. એન્ડ આર.ની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.એ. કક્ષાએ પણ એક્સ્ટર્નલ પરીક્ષા લેવાની પ્રથા દાખલ કરીએ તો સાંજના વર્ગોની આવશ્યકતા રહે કે કેમ તે અંગે વિચારણા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તથા પી. જી. સેન્ટર્સ અંગે ચર્ચાના સંદર્ભમાં સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. અધ્યક્ષ, વિનયન વિદ્યાશાખા
૨. અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાશાખા
૩. અધ્યક્ષ, વાણિજ્ય વિદ્યાશાખા
૪. પ્રા. અંબુભાઈ દેસાઈ
૫. ડૉ. અંબુભાઈ પટેલ
૬. પ્રો. ડી. એન. પાઠક
૭. પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
૮. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૯. આચાર્ય આર. વી. શાસ્ત્રી
૧૦. ડૉ. સી. ટી. ભોપટકર
૧૧. ડૉ. એમ. એન. દેસાઈ

વધુમાં સૂચવવામાં આવે છે કે આ બાબત અંગે સમિતિને પોતાનો અહેવાલ એક માસની મુદ્દતમાં આપવા માટે જણાવવું.

૧૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક શિક્ષક-મદદનીશ શિક્ષકની માન્યતા ચાલુ રાખવા માટે આવશ્યક ગણેલી ત્રણ સંશોધન લેખોના પ્રકાશનની શરત અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં થયેલ ઠરાવનો વિરોધ કરતા અધ્યાપકો તરફથી આવેલ સંખ્યાબંધ પત્રો પર વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક શિક્ષક અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શિક્ષકોએ તેમની જે તે વિષયની માન્યતા તા. ૧૪-૬-૧૯૭૬ પછી ચાલુ રાખવા માટે હાલના સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ(૧) અને ઑર્ડિ. ૬૫-એમ(૧) હેઠળ

૩ સંશોધન પેપરો અથવા ઉચ્ચ કક્ષાના ત્રણ સંશોધન લેખો અથવા એક મોનોગ્રાફ આ શિક્ષકના પ્રકાશિત થયેલા હોવા જોઈએ અથવા પ્રકાશન માટે સ્વીકૃત થયેલા હોવા જોઈએ એવી જે શરત મૂકેલી છે તેમાં કોઈ ફેરફાર નહીં કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સાથે આ સભાગૃહ સંમત છે એમ એકિઝકયુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૧. માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકો તરીકેની માન્યતા માટે હાલના નિયમોમાં લઘુતમ શૈક્ષણિક લાયકાત અંગે જે જોગવાઈઓ સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (૧) તથા ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળ કરવામાં આવેલી છે તે જોગવાઈઓ યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોને લાગુ પાડવી કે કેમ તે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચને તા. ૧-૧-૧૯૭૫ની એકેડેમિક કાઉન્સિલની સભાએ વિચારણા માટે મોકલી હતી તે પર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૧-૧-૧૯૭૫ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે પણ ઑર્ડિ. ૬૫-એફ(૧) અને ઑર્ડિ. ૬૫-એમ(૧) હેઠળ ત્રણ સંશોધનપેપરો અથવા ઉચ્ચ કક્ષાના ત્રણ સંશોધનલેખો અગર એક મોનોગ્રાફ પ્રકાશિત કરવાની જોગવાઈ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સાથે આ સભાગૃહ સંમત છે એમ એકિઝકયુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૨. ઑર્ડિ. ૬૫-એફ (૧) (*ii*) (બી)વાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 65-F (*ii*) (*b*)

"A person holding qualification of a Professor in the Faculty of Commerce possessing B.Com. degree in at least Second Class in Advanced Accounting and Auditing and holding M.Com. degree alongwith a Pass in final Examination of I.C.W.A. Diploma of the Indian Institute of Cost and Works Accountants, Calcutta and possessing at least five years' experience of teaching the subject in a college."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મુજબ સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (ii)(બી) મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(**નોંધ.**—આ નિયમ હવે પછી નિમાનાર અધ્યાપકોને લાગુ પડશે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

૧૩. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં અનુસ્નાતક શિક્ષણ આપવા નીમવામાં આવતા પ્રોફેસરો, રીડરો અને વ્યાખ્યાતાઓને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે આપોઆપ માન્ય થયેલા ગણવા અને તેના સંદર્ભમાં ઑર્ડિ. ૫૫-એલ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 65-L :

Full-time Professors, Readers and Lecturers who appointed by the University for the Post-graduate teaching work in the various University Departments be considered as Post-graduate teachers in their respective subjects as Asst. or Post-graduate teachers according to O. 65-M(1) or O. 65-F(1), as the case may be.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલો ઑર્ડિ. ૬૫-એલ મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(**નોંધ.**—આ નિયમ હાલ કામ કરતા ભવનોના અધ્યાપકોને જ લાગુ પડશે અને હવે પછી નિમાનાર અધ્યાપકોને લાગુ પડશે નહિ એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

૧૪. એમ.એ. અથવા એમ.એસસી.ની મૅથેમેટિક્સ વિષયના એક ગ્રુપ સાથે પરીક્ષા પસાર કર્યા પછી વિદ્યાર્થી બીજા ગ્રુપ સાથે પરીક્ષા આપે તો તેને વર્ગ આપવા બાબતમાં ગણિતની અભ્યાસસમિતિની તા. ૯-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા અને તે મુજબ ઑર્ડિ. એમ.એસસી.-૨ સુધારવાની વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૧૨-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. અથવા એમ.એસસી.ની મૅથેમેટિક્સ વિષયની એક ગ્રુપ સાથે પરીક્ષા પાસ કર્યા પછી વિદ્યાર્થી બીજા ગ્રુપ માટે રજિસ્ટ્રેશન કરાવે અને પરીક્ષા આપે તો તેને નીચેની શરતોએ પરીક્ષા આપવા દેવી :

(૧) આ વિદ્યાર્થીએ બીજા ગ્રુપ માટે ભાગ ૨ની પરીક્ષામાં બે સત્રો રાખવાનાં રહેશે;

(૨) આ વિદ્યાર્થીએ ભાગ ૨ના ગ્રુપના પ્રશ્નપત્ર ૬, ૭ અને ૮ પ્રશ્નપત્રો તથા ભાગ ૧ના તે ગ્રુપના બાકી રહેલ એટલે કે પ્રશ્નપત્ર ૪ની પરીક્ષા આપવાની રહેશે અને આ પ્રશ્નપત્રોમાં નિયમ મુજબ પાસ થવાનું રહેશે અને તેને આ પરીક્ષામાં મળેલા ગુણના આધારે વર્ગ આપવાનો રાખવો. આ વિદ્યાર્થી પ્રાઈઝ, મેડલ વગેરે મેળવી શકે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઉપર બાબત નં. ૯ હેઠળ નીમેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"માસ્ટર ઑફ લેબર વેલ્ફેરના અભ્યાસક્રમ માટે યુનિવર્સિટી વિદ્યાભવનમાં શિક્ષણ, સંશોધન અને ફીલ્ડવર્ક માટે નિમાતા પ્રોફેસર, રીડર અને લેકચરરની નિમણૂક માટેના નિયમો આ સાથે પરિશિષ્ટ "ક"માં આપ્યા મુજબ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં લેબર વેલ્ફેર વિભાગમાં પ્રોફેસર, રીડર અને લેકચરરની નિમણૂંકો માટેના ઓછામાં ઓછી લાયકાત અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ સુધારેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૬. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"This faculty accepts in principle that the Post-Diploma Degree Course in Electronics and Communication be instituted for Diploma holders in Electronics and Radio Engineering (D.E.R.E.). The duration of course should be of 3½ years and admission qualification should be Pre-University Science with Diploma in Electronics and D.E.R.E. and with two years' professional experience.

This should come into effect from June 1-75."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

બાબત નં ૧૭ અને ૪૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૭. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"This faculty is of opinion that five-year integrated degree course in Engineering be made of four years' course after First Year Science. Admission to the course should be made after F.Y. Science as it is envisaged in the Medical Faculty in order to keep uniformity for admission to professional courses."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી તથા તે મુજબ યુનિવર્સિટીના ધારાધોરણોમાં જરૂરી નિયમો ઘડીને તેને ૧૯૭૬ના જૂનથી અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪૩. પ્રી-મેડિકલ, પ્રી-ડેન્ટલનો અભ્યાસક્રમ બંધ કરવા અંગે તબીબી વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની સભાની ભલામણ તથા ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

તબીબી વિદ્યાશાખાની ભલામણ

"પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ તબીબી અભ્યાસક્રમ તરફ ઝોક આપી તબીબી અભ્યાસક્રમને મદદરૂપ થાય તે હેતુથી પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન પછી તબીબી વિદ્યાશાખાના ભાગરૂપે દાખલ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસક્રમ છેલ્લાં ત્રણ વર્ષથી ચાલતો હોઈ તેનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરતાં આ વિદ્યાશાખા દૃઢપણે માને છે કે પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ દાખલ કરવાનો હેતુ સફળ થયો નથી તેથી આ અભ્યાસક્રમ જૂન ૧૯૭૬થી રદ કરી અગાઉની જેમ પહેલાં એમ.બી. બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષા કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને બાયોલોજી વિષયો સાથે પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા ભલામણ છે."

ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની ભલામણ

"પ્રી-મેડિકલ ડેન્ટલનો અભ્યાસક્રમ ડેન્ટલ સર્જરીના અભ્યાસક્રમ તરફ ઝોક આપી ડેન્ટલના અભ્યાસક્રમને મદદરૂપ થાય તે હેતુથી પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન પછી ડેન્ટલ વિદ્યાશાખાના ભાગરૂપે દાખલ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસક્રમ છેલ્લાં ત્રણ વર્ષથી ચાલતો હોઈ તેનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરતાં આ વિદ્યાશાખા દૃઢપણે માને છે કે પ્રી-ડેન્ટલનો અભ્યાસક્રમ દાખલ કરવાનો હેતુ સફળ થયો નથી તેથી આ સભા જૂન ૧૯૭૬થી તે રદ કરી અગાઉની જેમ ફર્સ્ટ બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષા કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને બાયોલોજી વિષયો સાથે પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા ભલામણ છે."

(**નોંધ.** – એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧-૧-૧૯૭૫ની સભામાં આ બાબત ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની સભાની વિચારણા માટે મોકલવા અને એ મંતવ્ય આવ્યા બાદ આ સભા સમક્ષ પુનઃ રજૂ કરવા ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બન્ને વિદ્યાશાખાઓની ઉપરની ભલામણો મંજૂર કરવી તથા તે મુજબ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જરૂરી ફેરફાર કરીને જૂન ૧૯૭૬થી અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ફેરફારની જાણ રાજ્ય સરકારને તથા ઓલ-ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશનને કરવી.

૧૮. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑકયુપેશનલ હેલ્થ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી (૧) ડિપ્લોમા ઇન ઑકયુપેશનલ હેલ્થ અને (૨) એમ.ડી. ઇન ઑકયુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા ચાલુ રાખવા તથા (૩) એમ.એસસી. ઇન ઑકયુપેશનલ હેલ્થ અને (૪) પીએચ.ડી. ઇન ઑકયુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થાને ડિપ્લોમા ઇન ઑકયુપેશનલ હેલ્થ તથા એમ.ડી. ઇન ઑકયુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે તથા ઑકયુપેશનલ હેલ્થના વિષયમાં પીએચ.ડી.ની પદવીના સંશોધન માટે ચાલુ માન્યતા વધુ એક વર્ષ માટે એટલે કે તા. ૧૪મી જૂન ૧૯૭૬ સુધી લંબાવવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૯. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે બીજા વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્રના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૪નું નામ ભારતની આર્થિક સમસ્યાઓ-પેપર ૧ (Indian Economic Problems-Part I) રાખવું અને આ સુધારો જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા ભલામણ કરવી.

(૨) બીજા વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્ર ૫-એલિમેન્ટ્સ ઑફ મેથેમેટિકલ ઇકોનોમિકસના અભ્યાસક્રમના મુદ્દા ૩માં પેટામુદ્દા Hicks-Hansen-IS-LM Model રદ કરવો અને આ સુધારો તાત્કાલિક અમલમાં મૂકવો.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ નં. (૧) મંજૂર કરવી તથા તે મુજબ પ્રશ્નપત્ર ૪નો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા માટે સુધારેલો રેગ્યુ. આર્ટ્સ-૭ મંજૂર કરવો; અને

(૨) સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ નં. (૨) મંજૂર કરવી તથા તે મુજબ પ્રશ્નપત્ર ૫નો સુધારેલો અભ્યાસક્રમ તાત્કાલિક એટલે કે એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવા માટે સુધારેલો રેગ્યુ. આર્ટ્સ-૭ મંજૂર કરવો.

૨૦. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૩૦-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે તૃતીય વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના પ્રાયોગિક કાર્ય અંગે ૨૦ વિદ્યાર્થીઓની (૧૦ પેર) માટે એક પિરિયડનો કાર્યભાર બરાબર દોઢ કલાકનું પ્રાયોગિક કાર્ય ગણવાનું રાખવું." (આને તાત્કાલિક અમલમાં લાવવું.)

આથી ઠરાવવામાં આવે છે કે તૃતીય વર્ષ બી.એ.માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્ય માટે બબ્બે વિદ્યાર્થીઓની એક એવી ૧૦ જોડી એટલે કે ૨૦ વિદ્યાર્થીઓની ટુકડી માટે દોઢ કલાકના પ્રાયોગિક કાર્યને શિક્ષકોના કાર્યબોજના હેતુ માટે એક તાસ તુલ્ય ગણવો.

૨૧. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૩૧-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ત્રીજા વર્ષ બી.એ.ના પ્રશ્નપત્ર ૮ના અભ્યાસક્રમની વિગતો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવાની અને પ્રશ્નપત્ર ૯માં ભાષાંતરના પરિચ્છેદ માટે નીચેનું પુસ્તક સૂચિત

પુસ્તક તરીકે રાખવું અને સુધારેલા સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ ૧૨ને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા ભલામણ કરવી.

'Judgment in Literature': W. Worstold"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૨ને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુલેશન આર્ટ્સ-૧૨ની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૨. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"ત્રીજા વર્ષ બી.એ.ના ગુજરાતી વિષયના ભાષા-વિજ્ઞાનના પ્રશ્નપત્ર ૭ અને એમ.એ. ભાગ ૨ના ભાષા-વિજ્ઞાનના પ્રશ્નપત્ર ૧ની વિગતો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારી સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ-૧૨ અને રેગ્યુ. એમ.એ. ૭ને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૨ અને રેગ્યુ. એમ.એ. ૭ને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૨ અને રેગ્યુ. એમ.એ. ૭ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"હાલમાં અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થી પ્રવેશ માટેની પાત્રતા સ્નાતક પદવી પરીક્ષામાં ઓછામાં ઓછો દ્વિતીય વર્ગ રાખવો અને સંબંધકર્તા ઑર્ડિનન્સીઝમાં જરૂરી સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ ઉપર બાબત નં. ૯ હેઠળ નિમાયેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૪. સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેની કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના ખંડ સમયના ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે;

૨. યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે નિયત કરેલ મહેકમ પ્રમાણે, બિનશૈક્ષણિક કર્મચારીઓની જરૂરી નિમણૂકો કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૫. શ્રી. સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. એન. પટેલ ફરતીકુઈવાળા આર્ટ્સ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧૧-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તેમ જ બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિક-વિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગણિતનો કાર્યભાર જોતાં એક અધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને, તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં પગારધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૬. ફાર્મસી વિદ્યાશાખાની તા. ૬-૨-૧૯૭૫ની સભાની ભલામણ મુજબ ફાર્મસી કૉલેજોના શિક્ષકોની લાયકાતનાં ધોરણો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણ મુજબ ફાર્મસીની વિદ્યાશાખામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની લાયકાત અંગેના ઓછામાં ઓછા ધોરણ અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

(સદરહુ સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૭. ફાર્મસી વિદ્યાશાખાની તા. ૬-૨-૧૯૭૫ની સભાની ભલામણ મુજબ ફાર્મસીની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકો નીમવા માટે લાયકાત, અનુભવનાં ધોરણો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખામાં પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં સુધારેલાં ધોરણો મંજૂર કરવાં.

(સદરહુ સુધારેલાં ધોરણોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૮. ફાર્મસી વિદ્યાશાખાની તા. ૬-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૬-૨-૧૯૭૫ની સભાની ભલામણ પર વિચારણા કરી આ વિદ્યાશાખા ઠરાવે છે કે ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના નિયમો મુજબ સેશનલ ગુણ ગણવા માટે કુલ ત્રણ ટેસ્ટ વર્ષ દરમ્યાન લઈ આમાંથી જે બે ટેસ્ટ પરીક્ષાઓમાં સૌથી વધુ ગુણ વિદ્યાર્થીએ મેળવ્યા હોય તે ગુણ સેશનલ ગુણની ગણતરીમાં લેવાની જોગવાઈ ફાર્મસીની ડિપ્લોમા અને ડિગ્રી પરીક્ષાઓ માટે કરવી અને આ સેશનલ ગુણ ખાનગી રાહે જે તે વિષયના પરીક્ષકોને પરીક્ષા શરૂ થતી વખતે આપવાની જોગવાઈ કરવા અને આ માટે ફાર્મસી રેગ્યુ. ૫,

૧૩, ૨૦, ૨૭, ૩૫ અને ૩૮-ઈ નીચે મુજબ સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી. :

Pharm R. 5, 13, 20, 27, 35 & 38E :

A regular record of both Theoretical and Practical class work, examinations conducted at an affiliated college imparting training for this course shall be maintained for each student and 30 per cent of the total marks for each subject in Theory and 40 per cent of the total marks for each subject in Practical shall be allotted for these records.

There shall not be less than three periodic examinations during the year. The highest aggregate of minimum of two performances shall form the basis of calculating the average for computation of sessional marks. The average sessional marks thus calculated will be made available confidentially to all examiners in theory and practicals in each subject at the commencement of the relevant examination."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા ફાર્મસી રેગ્યુ ૫, ૧૩, ૨૦, ૨૭, ૩૫ અને ૩૮-ઈ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૨૯. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૮/૨૯-૧૧-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.એ. અને ત્રીજા વર્ષ બી.એસસી.ના ફરજિયાત અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવો અને તે માટે રેગ્યુ. આર્ટ્સ-૧ અને રેગ્યુ. સાયન્સ-૧૫ સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૨ અને રેગ્યુ. સાયન્સ-૧૫ને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૦. મિકેનિકલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની તા. ૩૦-૧૦-૧૯૭૪ની નીચેની ભલામણ ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાએ સ્વીકારેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે એમ. ૯૦૩ મશીન ડિઝાઈન-૩માં ટર્મવર્કના માર્ક્સ ૧૦૦ છે તેને બદલે ૫૦ કરવા અને આ સુધારો ૧૯૭૫ના નવા સત્રથી અમલી બનાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તેનો અમલ જૂન ૧૯૭૫થી કરવો.

૩૧. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૩૧-૧-૧૯૭૫ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"પ્રત્યેક વિષયનો અભ્યાસક્રમ નિયત થાય તેમાં તે વિષય શીખવતા અધ્યાપક સમુદાયનાં મંતવ્યો લક્ષમાં લઈ શકાય તે શિક્ષણના હિતમાં છે એવું આ અભ્યાસસમિતિ દૃઢપણે માને છે અને યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે કે દર વર્ષે પ્રથમ સત્રના આરંભમાં જે તે વિષયના અધ્યાપકોનાં મંતવ્યો કૉલેજોને મોકલીને મેળવી લેવાની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી નહીં.

૩૨. એસોસિયેશન ઑફ ઈન્ડિયા યુનિવર્સિટી, ન્યૂ દિલ્હીના ઈવેલ્યુએશન ઑફિસર તરફથી તા. ૨૨-૬-૧૯૭૪ના પત્રથી નીચેની ભલામણ આવી છે જે અંગે વિચારણા કરવા બાબત :

The recommendation of the panel is as follows :

"The Panel recommends that there might be a compulsory paper at the Post-graduate level on the theory and practice of socialism. There can also be an elective group of two papers which may provide for spacialisation in the theory and political institutions relating to socialist countries."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનની ઉપરની ભલામણ સ્વીકારવી નહીં.

૩૩. કાયદાની વિદ્યાશાખાની તા. ૭-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૨-૧૯૭૫ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

કાયદાની વિદ્યાશાખાની તા. ૭-૨-૧૯૭૫ની સભાની ભલામણ

"કાયદાની વિદ્યાશાખાની આ સભા તા. ૧૭-૧૦-૧૯૭૪ની અગાઉની સભામાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૧૯-૯-૧૯૭૪ના પત્રાંક વીસી આઈ. ૦૨૦૯૦૨-૧૯૭૪ તથા તેના રેઝોલ્યુશન નંબર ૫૪-૧૯૭૪ના સ્પષ્ટીકરણ ધ્યાનમાં લઈ કરેલા ઠરાવની પુનર્વિચારણા કરી આથી સ્પષ્ટીકરણ કરી ઠરાવે છે કે જે વિદ્યાર્થીઓએ પ્રથમ એલએલ.બી.ના નિયત વિષયોમાં ઉત્તીર્ણ થયા સિવાય દ્વિતીય એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ મેળવ્યો હોય તેઓને તૃતીય વર્ષ એલએલ.બી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ એલએલ.બી. સ્પેશિયલની ડિગ્રી મેળવતાં પહેલાં પ્રથમ એલએલ.બી.ના નિયત વિષયોની પરીક્ષામાં ઉત્તીર્ણ થવું આવશ્યક છે અને તેથી જ્યાં સુધી તેઓ તે વિષયોમાં તે રીતે ઉત્તીર્ણ થાય નહિ ત્યાં સુધી તેઓનું તૃતીય વર્ષ એલએલ.બી.નું પરિણામ જાહેર ન કરતાં અનામત રાખવું."

ઉપર્યુક્ત ઠરાવને કારણે જે તે વિદ્યાર્થીઓ દ્વિતીય એલએલ.બી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેથી તેઓનું દ્વિતીય એલએલ.બી.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં અને તેઓને એલએલ.બી. જનરલની ડિગ્રી પ્રદાન કરવાનો કોઈ બાધ આવશે નહિ તેવું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૪. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૩૦-૧-૧૯૭૫ની સભાએ કરેલ નીચેની ભલામણ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"In continuation with the changes introduced in T.Y.B.A. course and in view of the fact that this revised course has been implemented at T.Y.B.A. level in June 1974, it is recommended that Paper II (*a*) and Paper III at M.A. Part I in the proposed revised course should be implemented as Paper II as practicals and IV at M.A. Part I (current course) for June 1975. The theory portion and statistics portion in Paper II current course remains unchanged. This comes into effect from June 1975."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવી.

૩૫. સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની તા. ૨૧-૧-૧૯૭૫ની સભાએ કરેલ નીચેની ભલામણ ઇજનેરી વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે, પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ સિવિલ એન્જિનિયરિંગની સેમેસ્ટર ૩ તેમ જ સેમેસ્ટર ૪ની સુધારેલી સ્કીમમાં સી. ૩૩ જિયોલોજી અને સી. ૪૩ સોઈલ ઍન્ડ ફાઉન્ડેશન એન્જિનિયરિંગનો વિષય આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને લગતા રેગ્યુલેશન આર.પી. એન્જિ. ૧૬ સુધારી તેને ઑક્ટોબર ૧૯૭૫થી અમલી બનાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલો રેગ્યુ. આર.પી. એન્જિ. ૧૬ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૭થી અમલમાં મૂકવો.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશનની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૬. સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની તા ૨૧-૧-૧૯૭૫ની સભાએ કરેલ નીચેની ભલામણ ઇજનેરી વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે બી.ઈ. ૫-સી પાર્ટ ૨ના ઇલેક્ટિવ વિષય તરીકે ફાઉન્ડેશન એન્જિનિયરિંગના ઈલેક્ટિવ પેપર ૧ સ્ટેબ્થડીફોરમેશન ઑફ સોઈલ્સ અને ઇલેક્ટિવ પેપર ૨

સબ સ્ટ્રક્ચર એનાલિસિસ અંગેની સુધારેલી સ્કીમ તેમ જ વિસ્તૃત અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને લગતો સંબંધકર્તા રેગ્યુ. એન્જિ. ૧૮-એસ સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલી બનાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. એન્જિ. ૧૮-એસ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશનની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૩૭. એકચ્યુરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિની તા. ૭-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"શ્રી. જી. આર. દેસાઈ તરફથી એકચ્યુરિયલ સાયન્સ વિષયમાં લેવલ રિઝર્વ ઍન્ડ એપ્રોક્સિમેટ વેલ્યુએશન્સના સંશોધનપત્રો ડી.લિટ.ની પદવી માટે રજૂ કર્યા છે તે તપાસવા આ અભ્યાસસમિતિની તા. ૧૫-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ પર પુનર્વિચારણા કરી નીચેના ક્રમમાં રેફરીઓની નિમણૂક કરવા ભલામણ કરવામાં આવે છે:

1. Sir George Henry Maddex, K.B.E., F.S.A., Hon. F.F.A., F.I.A. (Lond.), (Past President, 1948-50), Health House, Colley Manor, Reigate, Usrrey, U.K.
2. Mr. Reginald Edward Underwood, M.E.E., F.I.A. (Lond.), Runton, 15, Wood Vale, Munswell Hill, London. N. 10. U.K.
3. Mr. D. S. Subramaniam, M.A., B.Ed, F.S.S., A.S.A.F.I.A. A.F.I. (Lond.), F.I.A. (Lond.), Principal, College of Federation of Insurance Institutes, Universal Insurance Building, Sir Phirozshah Mehta Road, Fort, Bombay-400 001.
4. Mr. M. V. Soyonie, M.Sc., A.S.A., F.I.A. (Lond.), Thakur Nivas, Flat 22A, 73, J. N. Tata Road, Churchgate, Bombay-400020.
5. Mr. William Harold Clough, F.S.S., F.I.A. (Lond.), M/s. Bacon & Woodrow, Empire House, St. Martin's-le-Grand, London. E.C. 1. U K.
6. Mr. V. H. Vora, B.Sc., F.I.A. (Lond.), 28, Altramount Road, Bombay-400026.

7. Mr. Gejman Shambhu Priolkar, M.Sc. F.I.A. (Lond.), 2F, Saraswati Colony, Shitladevi Temple Road, Mahim, Bombay-400016.

8. Mr. George Thomas Foster, A.S.F., F.I.S., F.I.A. (Lond.), Mercantile & General Reinsurnace Co. Ltd., Moorfields House, Moorfields, London. E.C. 2. U.K.

9. Mr. N. V. Nayadu, M.A., B.L., F.I.A. (Lond.), Dasa Naicken Palayam, P.O., Jakkar Palayam S.O., Coimbatoore District, 638-202. Tamil Nadu.

10. Mr. Arthur Joseph Males, F.I.A. (Lond.), Prudential Assurance Co. Ltd., Holbarn Bars, London. E.C. 1. U.K."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. કાયદાની વિદ્યાશાખાની તા. ૭-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે—

(૧) એલએલ.બી. જનરલ ડિગ્રી પરીક્ષાના પ્રમાણપત્રમાં વિદ્યાર્થી જે વૈકલ્પિક વિષય રાખી પરીક્ષામાં પાસ થયો હોય તેનો તેમાં ઉલ્લેખ કરવો.
(આનો અમલ આગામી સત્રથી કરવો.)

(૨) દ્વિતીય એલએલ.બી. (જનરલ)ની પરીક્ષામાં એક વિષય સાથે પરીક્ષા પાસ કર્યા પછી બીજા વૈકલ્પિક વિષયોમાં, તે વિષયો જે સત્રમાં ભણાવવામાં આવતા હોય તે સત્ર ભરી ફેર પરીક્ષા આપી શકશે.

(૩) જો વિદ્યાર્થી બીજો વૈકલ્પિક વિષય લઈને ફેર પરીક્ષા આપે અને તેમાં ઉત્તીર્ણ થાય તો તેને તે અંગેનું માત્ર સર્ટિફિકેટ આપવું. આવા બીજા વૈકલ્પિક વિષયોની પરીક્ષા આપતી વખતે એજ સેમેસ્ટરનાં ફરજિયાત પેપરોમાં તે બેસી શકશે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ (૧) મુજબ એલએલ.બી. (જનરલ ડિગ્રી)ની પરીક્ષા માટેના પાસિંગ સર્ટિફિકેટમાં વિદ્યાર્થીઓના વૈકલ્પિક વિષયનો ઉલ્લેખ કરવાનું રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી; અને

(૨) સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. (૨) અને (૩) મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૯. કાયદાની વિદ્યાશાખાની તા. ૭-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એલએલ.એમ. ભાગ ૧ અથવા ૨ની પરીક્ષામાં બેઠા પછી બાકીના ભાગના અભ્યાસક્રમનાં સત્રો રાખવા માટે અગાઉની પરીક્ષામાં બેઠા પછી સત્રો રાખવાની જોગવાઈ છે તે સુધારી લો ઑર્ડિ. ૬-એ (ન્યૂ) નીચે મુજબ વંચાય તેમ સુધારવા ભલામણ કરવી :

Law O. 6-A (New) :

A candidate for the Degree of Master of Laws must have obtained (1) the Degree of Bachelor of Laws of this University or a Degree recognised as equivalent thereto, and (2) passed the LL.M. Degree Examination in two parts, the first called the LL.M. Part I Examination and the Second called the LL.M. Part II Examination, after keeping two terms for the LL.M. Part I Examination and two terms for the LL.M. Part II Examination, irrespective of a candidate passing LL.M. Part I and LL.M. Part II in the first instance.

It is provided that a candidate after keeping terms for either Part I or Part II may at his option appear at that examination and it is further provided that a candidate who has kept all four terms or Part I and Part II will be entitled to appear in all the papers of Parts I & II simultaneously."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ સુધારેલ લો ઑર્ડિ. ૬-એ (ન્યૂ)ને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪૦. તબીબી વિદ્યાશાખાની તા. ૮-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"તબીબી વિદ્યાશાખા હેઠળ સ્ટે. ૪ની જોગવાઈઓ જોતાં આ વિદ્યાશાખાની તા. ૬-૧૧-૧૯૭૪ની સભાની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧-૧-૧૯૭૫ની સભામાં આ વિદ્યાશાખાને સર્વગ્રાહી વિચારણા માટે મોકલી હતી તે બાબતમાં આ વિદ્યાશાખા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે—

(૧) ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિને બદલે (૧) મેડિસિન, (૨) સર્જરી અને (૩) ગાયનેકોલોજીની એમ ત્રણ જુદી અભ્યાસસમિતિઓ રચવી.

(૨) પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિને બદલે (૧) ઍનેટોમી, (૨) ફિઝિયોલોજી, (૩) ફાર્મકોલોજી અને (૪) પેથોલોજીની એમ ચાર જુદી અભ્યાસસમિતિઓ રચવી.

(૩) ઉપરની ભલામણ સ્વીકારી સ્ટે. ૧૦૮માં ઘટતો સુધારો કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૪૧. તબીબી વિદ્યાશાખાની તા. ૮-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે હોમિયોપેથીનો અભ્યાસક્રમ આ વિદ્યાશાખા હેઠળ આવતો નહિ હોવાથી તેનો ડિપ્લોમા પદવી અભ્યાસક્રમ સ્થાપવા બાબતમાં હોમિયોપેથીની કોલેજો પાસેથી માહિતી મંગાવી ઘટતો નિર્ણય લેવો."

અને

૪૭. મહાત્મા ગાંધી નેચર ક્યોર સોસાયટીના માનાર્હ મંત્રી તરફથી બૅચેલર ઑફ નેચર ક્યોરનો અભ્યાસક્રમ દાખલ કરવા આવેલી વિનંતી ઉપર એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી હતી તે બાબતમાં તબીબી વિદ્યાશાખાની તા. ૮-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

સમિતિની ભલામણ

"(૧) નેચર ક્યોરની પદવી દાખલ કરવા અંગેના સૂચન ઉપર વિચારણા કરી નક્કી કરવામાં આવ્યું કે 'નેચર ક્યોર ઍન્ડ હાઈજીન'નો ડિપ્લોમા તબીબી વિદ્યાશાખા હેઠળ સ્થાપવા ભલામણ કરવી.

(૨) આ ડિપ્લોમા અભ્યાસક્રમનો ગાળો સાડાચાર વર્ષનો રાખવો.

(૩) આ અભ્યાસક્રમ વહેલી તકે દાખલ થાય તે માટે ઘટતાં પગલાં લેવા ભલામણ કરવામાં આવે છે."

તબીબી વિદ્યાશાખાની તા. ૮-૨-૧૯૭૫ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નેચર ક્યોરનો અભ્યાસક્રમ એક જુદી ફેકલ્ટીમાં થાય અને તબીબી વિદ્યાશાખા હેઠળ ના થાય તેમ ઇચ્છનીય છે."

બાબત નં. ૪૧ અને ૪૭ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો અંગે સંબંધકર્તા કોલેજો પાસેથી જરૂરી માહિતી મંગાવવી.

૪૨. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧-૧-૧૯૭૫ની સભામાં ભૌતિકવિજ્ઞાનના (૧) એમ.એસસી. ભાગ ૧ના પ્રશ્નપત્ર ૩નો સુધારેલો અભ્યાસક્રમ (૨) એમ.એસસી. ભાગ ૨ના પ્રશ્નપત્ર સોલિડ સ્ટેટ ફિઝિકસનો સુધારેલો અભ્યાસક્રમ તથા (૩) એમ.-એસસી. ભાગ ૨ના પ્રશ્નપત્ર ૧ ઇલેકટ્રોડાઇનેમિકસનો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા ઠરાવ્યું છે તેના સંદર્ભમાં આર્ટ્સ ઍન્ડ સાયન્સ કોલેજ, ભાદરણના આચાર્યશ્રી તેમના તા. ૬-૨-૧૯૭૫ના પત્રથી જણાવે છે કે અભ્યાસસમિતિએ આ સુધારેલા અભ્યાસક્રમો તાત્કાલિક અમલમાં મૂકવા ભલામણ કરી છે અને અભ્યાસસમિતિઓની

સભાની નોંધ સભ્યોને પરિપત્રિત થયેલી હોઈ તેમના કેન્દ્રમાં સુધારેલો અભ્યાસક્રમ ચલાવ્યો છે તે જોતાં આ બાબતમાં શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારેલા અભ્યાસક્રમો જૂન ૧૯૭૪થી અમલમાં આવેલા ગણવા અને એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષા તે મુજબ લેવાનું રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૪. પ્રિ. વી. એસ. ભટ્ટનો નીચેનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલે મંજૂર કરી એકિઝકયુટિવ કાઉન્સિલને તે સ્વીકારવા ભલામણ કરી હતી તે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૧૧-૧૯૭૪ની સભામાં આ બાબત વાણિજ્ય વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી હતી તે બાબતમાં વાણિજ્ય વિદ્યાશાખાએ તેની તા. ૧૦-૨-૧૯૭૫ની સભામાં આ પ્રસ્તાવ મંજૂર કરવા ભલામણ કરેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"Resolved that these teachers in the Faculty of Commerce who held both M.Com. and LL.M. Degree be permitted to teach Mercantile Law in the Third Year at the B.Com. Class."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૪૫. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૦-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના અભ્યાસક્રમના બિઝનેસ મેથેમેટિકસ વિષયના પ્રશ્નપત્ર માટે ટયુટોરિયલ રાખવા ભલામણ કરવી.

(૨) જૂના માળખામાં આવતા આંકડાશાસ્ત્ર (ફરજિયાત) પ્રશ્નપત્ર એફ.વાય.બી.કૉમ.માં હતો તે નવા અભ્યાસક્રમમાં ટી.વાય.બી.કૉમ.માં લઈ જવાયો છે તે પ્રશ્નપત્ર માટે ટયુટોરિયલ રાખવાની આવશ્યકતા જણાતી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણો નં. (૧) અને (૨) મંજૂર કરવી.

૪૬. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૦-૨-૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર એકચ્યુરિયલ સાયન્સનો વિષય એમ.કૉમ. કક્ષાએ શીખવાતો નહીં હોવાથી એકચ્યુરિયલ સાયન્સના પ્રાધ્યાપક અને વ્યાખ્યાતાની નિમણૂક માટે નીચેનાં ધોરણો અપવાદ તરીકે બે વર્ષ માટે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત :

"એકચ્યુરિયલ સાયન્સ વિષયના વ્યાખ્યાતા માટે

(૧) બી.કૉમ. ફર્સ્ટ કલાસ (એકચ્યુરિયલ સાયન્સ સાથે)

અથવા

(૨) બી.કૉમ. સેકન્ડ ક્લાસ (એક્ચ્યુરિયલ સાયન્સ સાથે) અને એમ.કૉમ. સેકન્ડ ક્લાસ (સ્ટેટિસ્ટિક્સ સાથે)

એક્ચ્યુરિયલ સાયન્સ વિષયના પ્રાધ્યાપક માટે.

(૧) બી.કૉમ. ફર્સ્ટ ક્લાસ (એક્ચ્યુરિયલ સાયન્સ સાથે) અને એમ.કૉમ. સેકન્ડ ક્લાસ (સ્ટેટિસ્ટિક્સ સાથે) અને બે વર્ષના વ્યાખ્યાતાના અનુભવ પછી.

અથવા

(૨) બી.કૉમ. સેકન્ડ ક્લાસ (એક્ચ્યુરિયલ સાયન્સ સાથે) અને એમ કૉમ. સેકન્ડ ક્લાસ (સ્ટેટિસ્ટિક્સ સાથે) અને પાંચ વર્ષના વ્યાખ્યાતા તરીકેના અનુભવ પછી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ એક્ચ્યુરિયલ સાયન્સના શિક્ષકોની નિમણૂકો અંગેના સુધારેલા નિયમો સંક્રાન્તિકાળના (ટ્રાન્ઝિટરી) નિયમો તરીકે ૧૪મી જૂન ૧૯૭૭ સુધી અમલમાં મૂકવા.

૪૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૮. એ.એમ.આઈ.ઈ. પાસ થયેલા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીના અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા અંગેની ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"This Faculty basically agrees with the principle of admitting students to post-graduate courses of this University who has passed A.M.I.E. (India) Section A and Section B Examination by papers."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૫૦. નર્સિંગ કૉલેજ, અમદાવાદમાં બીજા વર્ષ બી.એસસી. નર્સિંગ અંગ્રેજીના અભ્યાસક્રમમાં આ વર્ષે Jane Eyre by C. Bronte અને The Living English Structure અભ્યાસક્રમમાં માર્ચ-એપ્રિલ, ૧૯૭૫ની પરીક્ષા માટે ચાલુ રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૧. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૫થી દ્વિતીય વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસી તથા ચતુર્થ વર્ષ બી.ફાર્મ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત નિમણૂકો અંગેની

શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :

(૧) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા

(૨) ફાર્માકોગ્નોસીના વ્યાખ્યાતા

(૩) ફાર્માસ્યુટિકસના વ્યાખ્યાતા

(૪) ફાર્માકોલોજીના વ્યાખ્યાતા

(૫) કીટાણુવિજ્ઞાનના વ્યાખ્યાતા

(૬) ફિઝિયોલોજીના વ્યાખ્યાતા;

૨. શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને તેમને ચૂકવવાની થતી સઘળી રકમ ચૂકવવામાં આવે;

૩. કૉલેજના મકાનનું બાંધકામ પૂરું કરવામાં આવે;

૪. સ્થાનિક તપાસસમિતિના અહેવાલના પરિશિષ્ટ "બ"માં જણાવેલ રૂ. ૧,૨૫,૦૦૦ની કિંમતનાં સાધનો વસાવવામાં આવે :

ઉપરની શરત ક્રમાંક ૨થી ૪ના પરિપાલનના વિકલ્પે રૂ. ૨,૨૫,૦૦૦ (બે લાખ પચીસ હજાર) યુનિવર્સિટી પાસે અનામત મૂકવામાં આવે;

૫. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૮, પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ત્રીજા અને ચોથા વર્ષના ડિગ્રી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષથી અમદાવાદમાં સમાવવા.

૫૨. શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા તરફથી જૂન ૧૯૭૫થી દ્વિતીય વર્ષ એલએલ.બીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું તથા તૃતીયવર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કાર્યભારના પ્રમાણે જરૂરી અધ્યાપકો નીમવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૫૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાની બી.એ (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાએ સંખ્યાબંધ ખંડસમયના શિક્ષકોની નિમણૂક કરીને યુનિવર્સિટીનાં ધારાધોરણોનો સરિયામ ભંગ કરેલો હોઈ તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ ન આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫૪. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી બી.ઈ. (ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કૉમ્યુનિકેશન) તથા બી.ઈ.(ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ) "સેન્ડવિચ પેટર્ન"ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.ઈ. (ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કૉમ્યુનિકેશન) તથા બી.ઈ. (ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ) સેન્ડવિચ પેટર્નના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) એક વધારાના પ્રાધ્યાપક

(૨) બે મદદનીશ પ્રાધ્યાપકો

(૩) ત્રણ વ્યાખ્યાતા;

૨. નવા મકાનનું બાંધકામ તાકીદે પૂરું કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે;

૮. ચાલુ પ્રયોગશાળાઓને એરકન્ડિશન્ડ બનાવવામાં આવે;

૯. પ્રોજેક્ટનું કામ તથા નવાં સાધનો બનાવવાનું કામ હાથ ધરવામાં આવે; અને

૧૦. વિદ્યાર્થીઓને પ્રાયોગિક તાલીમ આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિષયના અભ્યાસક્રમો અંગે ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ આવ્યેથી તે મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. યુનિવર્સિટીમાં ટેકસ્ટાઇલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનું ધોરણ નીચે પ્રમાણે રાખવાની બાબતમાં તે અંગેની તા. ૮-૨-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"The selection of the candidate should be according to the University results plus internal examinations and oral interview.

The minimum qualification should be B.Sc. with Chemistry and Physics."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેના ધોરણ અંગેનો નિયમ નીચે મુજબ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

"The selection of the candidates should be made on merits in accordance with the University examination results plus internal examinations and oral interview. The minimum qualification for admission to the course of studies in Textile Chemistry shall be a First Class B.Sc. either with Chemistry or Physics as his Principal subject."

૫૬. ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઇડર તરફથી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.-(સબો.)માં મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર અને અંગ્રેજી તેમ જ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ઈડર આંજણા પાટીદાર એચ. કે. આર્ટ્સ એન્ડ પી. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર તેમ જ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના પ્રાધ્યાપક
   (૨) ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સાહતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૫૭. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને સ્વાયત્તતા આપવા અંગે આવેલી અરજી ઉપર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૮. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"This faculty resolves that the following Boards may be constituted :

1. Electronics and Communication & Instrumentation and Control.
2. Structural and Geotechnical Engineering.
3. Production Engineering."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સ્ટે. ૧૦૮નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તથા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

Faculty of Technology including Engineering

1. Civil Engineering
2. Mechanical Engineering
3. Electrical Engineering
4. Chemical Engineering
5. Electronics and Communication & Instrumentation and Control.
6. Structural and Geotechnical Engineering
7. Production Engineering.

13. HEAT POWER

1. Properties of Steam :

Distinction between a gas and a vapour. Sensible heat, latent heat, total heat and super heat of steam. Internal energy of steam, Dryness fraction quality and specified volume. Use of steam tables, Pressure temperature, Latent heat, sensible heat and total curves, Critical pressure and temperature.

2. Steam Engine :

Simple steam engine and its details. P-V diagram theoretical and actual. Indicator, Diagram factor. M.E.P.. I.H.P., B.H.P., Mechanical, thermal and Overall efficiencies.

3. Boilers :

Vertical tank-Lancashire or Cornish, Loco, Smoke tube and water tube boilers, Boiler accessories and mountings. Draught-Natural and artificial. Steam raising capacity and efficiency.

4. Properties of Gases :

First and second law of thermodynamics. Laws of Gases-Boyle's Law, Charle's Regnault's Law, Joule's law, energy, equation. Characteristic equation, Gas constant-Internal energy. Specific heat at constant pressure and constant volume. Ratio of specific heats. Work done during isothermal, adiabatic and polytropic operations.

5. Internal Combustion Engine :

Theoretical Air cycles, constant volume-Otto, Constant pressure, Joule, constant temperature, Carnet and Diesel cycles. Air standard efficiencies of above cycles. Classification according to the type of fuel used and the working cycle-four strokes and two strokes, P-V diagram determination of I.H.P., B.H.P., mechanical and thermal efficiencies and relative efficiencies.

Laboratory practice, sessional work and term-work shall be based on the course under 'Heat Power-I.'

14. ENGINEERING MECHANICS

1. Introducion :

Scalar and Vector quantitites. Composition and resolution of vectors. Definitions and units of space, time, matter and force. C.G.S. and F.P.S. systems. The science of mechanics.

2. Statics :

Principles of statics. Rigid bodies. Support reactions. Types of supports-fixed, hinged and roller. Free body diagrams. Composition and resolution of forces. Moment of a force.

Coplanar, concurrent and non-current, parallel and non-parallel forces. Couples and their properties. Combination of coplanar couples and forces. Distributed forces. Analytical and graphical conditions of equilibrium for coplanar force system. Simple cases of concurrent forces in space. Concept of statistically determinate and indeterminate problems.

Plane frames-simplifying assumptions used in the analysis of frames. Perfect, imperfect and redundant frames. Analysis of frames, method of joints : Graphical and analytical method of sections. Method of substitution.

3. Centres of Gravity and Moments of Inertia :

Centres of gravity of lines, plane areas, volumes and bodies. Pappu's theorems. Moment of inertia of areas. Polar moment of inertia. Radius of gyration. Parallel axes theorem. Moment of inertia of bodies.

4. Friction :

Theory of friction, Static and sliding friction. Laws of friction. Angle and coefficient of friction. Function of friction in nature and Engineering. Wedges. Belt and rope friction. Screw friction.

5. Kinematics :

Motion of a particle. Speed, Velocity. Acceleration. Reactilinear motion-uniform and variable velocity and acceleration. Motion-Time curves. Relative velocity. Circular motion. Constant and variable angular acceleration. Relation between linear and angular acceleration. Simple Harmonic motion.

6. Kinetics :

Mass Inertia. Newton's law of motion. Force. Absolute and derived units. Gravitational force Engineer's units. Constant and variable forces. Motion along inclined planes. Momentum and impulse. Work. Energy–Kinetic and potential. Conservation of energy. Impact. Torque Angular acceleration. Energy of rotating bodies Flywheel and its function. Anguler momentum. Plane motion of rigid bodies. Instantaneous centre De Al embert's principle.

7. Simple Machines :

Velocity ratio. Mechanical advantage. Efficiency. Simple machines such as levels, inclined plane, pulley and pully blocks, wheel and axle, differential pulley blocks, worm and compound screw jacks, etc., Reversibility of machines.

Laboratory practice, sessional work and term-work shall be based on the course under Engineering Mechanics–I.

SEMESTER II : POST DIPLOMA DEGREE COURSE
(ELECTRONIC COMMUNICATION)

21. ELMENTS OF CONTROL THEORY

Simple auto-control systems; Concept of open loop and closed loop systems; Transfer function; S-phane concept; Linear control system analysis; Time response and Frequency response methods; Compensations; System stability requirements; Nyquist criteria.

22. PHYSICS

Particle Physics : Induction coil; Discharge of Electricity through gases at various pressures and voltages.

Cathode-rays; e/m by Thomson's method; Millikan's oil-drop experiment; Positive rays; Mass spectrographs; Isotopes; Structures of the atom; Periodic classification of the elements.

Radioactivities; Alpha, Beta and Gamma rays and their properties; Radioactive decay; Half-life period; Average life; Radioactive families.

Scattering of alpha particles and inferences therefrom; Bohr's theory of Hydrogen spectrum; Quantization of simple structures of Nucleus; Neutron proton theory; Rutherford model; Binding energy of nucleus; Artificial transmutation of elements; Position; Nuclear chemistry and fission; Fission and fusion chain reactions; Release of Nuclear energy; Cosmic rays; Mesons; Cloud and bubble chambers. Photo-electric effect; Photons; Photo-cells; X-rays; Bragg's law.

Crystal Structure, Geometry of crystals, Crystal lattias chemical bounds, Growth of crystals, Imperfactions, Band theory of solids fermi level.

Practical and term-work shall be based on the course as above.

23. ELECTRICAL MEASUREMENT & MEASURING INSTRUMENTS

Units, Dimensions and Standards; Galvanometers and detectors; Potentiometers.

Electrical Measurements : General, Bridge measurements; High voltage measurements.

Magnetic Measurements.

Measuring Instruments; Extension of Instrument range.

24. MATHEMATICS–II

Theory of Complex variable; solution of Bassel's and Legendre's equations; Applied Partial differential equations; Matrices; Laplace transform; Finite differences and differential equations; Elementary Statics.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૫ના વર્ષની ચોથી સભા શુક્રવાર, તા. ૧૮-૭-૧૯૭૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૮-૭-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩.	પ્રિ. કે. એન. શાહ	હાજર
૪.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર
૫.	શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૬.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૭.	ડૉ. એસ. જે. દામાણી	હાજર
૮.	પ્રિ. સી. એસ. શાહ	હાજર
૯.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર
૧૦.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૧.	ડૉ. પરેશ એમ. મજમુદાર	હાજર
૧૨.	ડૉ. સી. જી. ખત્રી	ગેરહાજર
૧૩.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૪.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૧૫.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૬.	શ્રી ડી. ડી. માલવણિયા	હાજર
૧૭.	ડૉ. એ. એસ. પટેલ	હાજર
૧૮.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૧૯.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર
૨૦.	પ્રો. એ. ટી. દેસાઈ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૮-૭-૧૯૭૫
૨૧.	પ્રિ. જે. જે. ત્રિવેદી	હાજર
૨૨.	ડૉ. જી. ટી. પંડ્યા	હાજર
૨૩.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૨૪.	શ્રી. એમ. એન. શાહ	ગેરહાજર
૨૫.	પ્રો. એન. આર. દવે	ગેરહાજર
૨૬.	ડૉ. આર. એમ. ચોકસી	ગેરહાજર
૨૭.	ડૉ. એમ. બી. દેવાણી	હાજર
૨૮.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૨૯.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૩૦.	ડૉ. કે. ભાર્ગવ	હાજર
૩૧.	પ્રિ. આર. વી. શાસ્ત્રી	હાજર
૩૨.	ડૉ. સુમંત કે. મજમુદાર	હાજર
૩૩.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર

૧. તા. ૨૨-૪-૧૯૭૫ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૫ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. કુલસચિવે બાબત નં. ૧૦ જે અમદાવાદ આર્ટ્સ કૉલેજના જોડાણને લગતી છે તે અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૩૦-૫-૧૯૭૫ના પત્રાંક ૨૩૪ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત ઉપરનો ઠરાવ બરોબર નોંધવામાં આવેલો છે, અને તેથી તે નોંધમાં કશો ફેરફાર કરવો નહીં.

તે પછી પ્રો. અંબુભાઈ દેસાઈએ બાબત નં. ૧૭(૩) પરના ઠરાવો તરફ સભાગૃહનું ધ્યાન ખેંચીને જણાવ્યું કે તેમાં જણાવ્યા મુજબ સ્નાતક પરીક્ષામાં પાસ વર્ગ મેળવનાર વિદ્યાર્થીઓને જો તેમને સંબંધકર્તા વિષયમાં ઓછામાં ઓછા ૪૮ ટકા ગુણાંક મળ્યા હોય તો માસ્ટર્સ ડિગ્રીના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવામાં આવેલા છે તે નોંધ બરોબર નથી.

તે પછી સભાગૃહે ઠરાવ્યું કે જે ઠરાવ નોંધવામાં આવેલો છે તે બરોબર છે અને તેમાં કશો પણ ફેરફાર કરવો નહીં.

તે પછી તા. ૨૨-૪-૧૯૭૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૫ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સીનિયર જગ્યાઓ રૂ. ૧,૬૦૦ થી રૂ. ૧,૮૦૦ના પગારધોરણ માટેની વરણીસમિતિની તા. ૨૪-૪-૧૯૭૫ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૪-૪-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. તામિલ ભાષા માટે ડિપ્લોમા અને/અથવા સર્ટિફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવા માટે તામિલ ભાષાના એક લેકચરરની જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. — ૧. તામિલ ભાષાના લેકચરરની જગ્યા માટે વાર્ષિક રૂ. ૧૨,૦૦૦ની આર્થિક સહાય સરકારશ્રી તરફથી આપવામાં આવશે.

૨. તામિલ ભાષાનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભાષાભવનમાં તામિલ ભાષાના શિક્ષણ માટે ડિપ્લોમા અને/અથવા સર્ટિફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવા માટે તથા તે માટે તામિલ ભાષાના લેકચરરની એક જગ્યા ઊભી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની વિનંતી પરથી એમ.એસસી. ભાગ ૧ના ઑર્ગેનિક કેમિસ્ટ્રીના પ્રેક્ટિકલના અભ્યાસમાં (c) Organic preparation involving not more than two stages (10 minimum) Small Scale આ સાથે આપેલા પરિશિષ્ટ "ક" મુજબ ઉમેરવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫. પૂર્વસ્નાતક અભ્યાસક્રમનાં પહેલાં બે વર્ષમાં સમાજકાર્ય (સોશિયલ વર્ક)ને વિષય વૈકલ્પિક વિષય તરીકે ઉમેરવા અથવા એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ દાખલ કરવા અંગે ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ઍન્ડ સોશિયલ વર્ક એન.એસ.એસ. વિભાગીય કેન્દ્રના ડેપ્યુટી પ્રોગ્રામ એડવાઈઝરના તા. ૧૭-૩-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખામાં બી.એ.ની પદવી માટેના અભ્યાસક્રમોમાં સમાજકાર્ય (સોશિયલ વર્ક)ના વિષયમાં સ્પેશિયલ કક્ષાનો અભ્યાસક્રમ એક વૈકલ્પિક વિષય તરીકે ઉમેરવાની સૂચના સાથે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧)માં જણાવેલ સમાજકાર્ય (સોશિયલ વર્ક) વિષયના અભ્યાસક્રમનું માળખું અને તેની વિગતો તથા તેના શિક્ષકોની લાયકાત અંગેનાં ધારાધોરણો ઈત્યાદિ અંગેની સંબંધકર્તા બાબતો અંગે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોનો તદર્થ (ઍડહૉક) સમિતિ નીમવી અને તેનો અહેવાલ આવ્યેથી તે વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવો :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. ડૉ. પરેશ મજમુદાર
૩. ડૉ. તારાબહેન પટેલ
૪. આચાર્ય જે. સી. ત્રિવેદી
૫. ડૉ. સુમન મજમુદાર
૬. ડૉ. સી. ટી. ભોપટકર.

૬. કવેશ્ચન બેંકસ, ગ્રેડિંગ સિસ્ટમ પૂર્વ સ્નાતક અભ્યાસક્રમોની ગોઠવણી ઇત્યાદિ અંગે વિદ્યાશાખાઓના અધ્યક્ષો તથા યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષોની કુલપતિશ્રીના પ્રમુખપદે મળેલી તા. ૨૧-૫-૧૯૭૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) કવેશ્ચન બેંક અંગેની યોજના શરૂઆતમાં ફર્સ્ટ ઇયર ઇન આર્ટ્સ કક્ષાએ પ્રયોગાત્મક ધોરણે દાખલ કરવાની સૂચના સાથે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી;

(૨) સદરહુ સમિતિએ સૂચવ્યા મુજબની ગ્રેડિંગની પદ્ધતિ યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પરિણામોમાં સદરહુ સમિતિએ સૂચવ્યા મુજબ પ્રયોગાત્મક ધોરણે એન્જિનિયરિંગની વિદ્યાશાખામાં દાખલ કરવા માટે સદરહુ બાબત ઇજનેરી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી; અને

(૩) યુનિવર્સિટીના અભ્યાસક્રમોનું માળખું સુધારવાની બાબતમાં સદરહુ સમિતિની ભલામણ તમામ વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

૭. ખાનગી રીતે અભ્યાસ કરીને એમ.એ.ની પરીક્ષામાં બેસવા ઇચ્છતા માધ્યમિક શાળાના શિક્ષકોને તે માટે સગવડ આપવા બાબત/તથા એકેડેમિક કાઉન્સિલથી તા. ૨૨-૪-૧૯૭૫ની સભાની ભલામણના સંદર્ભમાં નવો સ્ટે. ૧૭૭-બી ઉમેરવા તથા એમ.એ. બાહ્ય (એકસ્ટર્નલ) પરીક્ષા અંગેના જરૂરી ઑર્ડિનન્સો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ખાનગી રાહે અભ્યાસ કરીને એમ.એ.ની પરીક્ષામાં બેસવા ઇચ્છતા તમામ વિદ્યાર્થીઓને તે સગવડ મળે તે માટે સ્ટે. ૧૭૭-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલ અને યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

St. 177-B :

"The University shall award the Degree of Master of Arts (Ext.) to such students as have, being exempted from attendance at Courses of studies in affiliated colleges or recognised institutions where Post-graduate centres in the subject concerned have been instituted or at the University Departments, as the case may be, passed the qualifying examination for the degree of Master of Arts (External)."

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.એ. (એકસટર્નલ) ૧, એમ.એ. (એકસટર્નલ) ૨, એમ.એ. (એકસટર્નલ) ૩, અને એમ.એ. (એકસટર્નલ) ૪ મંજૂર કરવા અને તેને જૂન ૧૯૭૬ થી અમલમાં મૂકવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ ઑર્ડિનન્સોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૮. તબીબી વિદ્યાશાખાની અને બોર્ડ ઑફ ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૮-૪-૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૬૫-એ નીચે મુજબ વંચાય તે

રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. 65-A :

There shall be two types of teachers of the University for post-graduate instruction :

1. (*a*) Post-graduate teachers appointed by the University for its own department, and
   (*b*) Recognised teachers working in the affiliated Colleges or Recognised Institutions.
2. Recognised Assistant Post-graduate teachers.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૮-૪-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ઑ. ૬૫-એફ(૧) નીચે મુજબ વંચાય તેમ સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O.65-F (1) :

1. (*a*) (*i*) A recognised post-graduate teacher or (*ii*) a recognised Assistant post-graduate teacher with five years' teaching experience at post-graduate level in the subject concerned and three research papers, or three articles of high quality or a published monograph in the subject, provided that their research papers, or articles or the monograph, as the case may be, are adjudged by a competent person to be of a sufficiently high quality."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડ. ૬૫-એફ (૧) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 65-F (1) :

1 (*a*) (*i*) A recognised post-graduate teacher; who—

or

(*ii*) A recognised Assistant post-graduate teacher with five years' teaching experience at post-graduate level in the subject concerned, who—

has three research papers, or three articles of high quality or a published monograph in the subject, provided that his research papers, or articles or the monograph, as the case may be, are is adjudged by a competent person to be appointed by the Vice-Chancellor of a sufficiently high quality.

(**નોંધ.**—સંશોધનકાર્યની આવશ્યકતા અનુસ્નાતક શિક્ષકો તેમ જ મદદનીશ અનુસ્નાતક શિક્ષકો એ બેઉને માટે આવશ્યક રહેશે.)

૧૦. પ્રોફેસર જી. આર. દેસાઈએ ડિ.લિટ, પદવી માટે રજૂ કરેલા પ્રકાશિત સંશોધનકાર્ય, યુનિવર્સિટીનાં ધારાધોરણો તથા સંબંધકર્તા કાગળો જોઈતપાસીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨-૪-૧૯૭૫ની સભાએ નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી.

૧૧. અમદાવાદ કોમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫ થી બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ કોમર્સ કૉલેજ, અમદાવાદ નીચેની શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને, તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૧૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૮-૪-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ તથા શ્રી એ. ટી. દેસાઈના તા. ૧૬-૪-૧૯૭૫ના પત્રથી આવેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચની ભલામણ

"શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા, વિજ્ઞાનની વિદ્યાશાખા અને વાણિજ્યની વિદ્યાશાખાઓના વિષયોમાં કાર્ય કરતા શિક્ષકને માન્ય મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા માટેના

ઑર્ડિ. ૬૫-એમ (૧) માં (ડી) તરીકે નીચેની જોગવાઈ ઉમેરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O. 65-M (1) :

(*d*) A Bachelor's degree in Pass Class and a Master's degree in Pass Class with ten years' teaching experience in degree classes in the subject concerned and five research papers or five articles of high quality or a monograph, as the case may be."

શ્રી. અંબુભાઈ દેસાઈનો પ્રસ્તાવ

"સંલગ્ન કૉલેજમાં શિક્ષકની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાત અનુસ્નાતક બીજો વર્ગ એમ યુનિવર્સિટીએ સ્વીકારેલું છે, તે પહેલાં નિમણૂક થયેલી હોય તેવા ત્રીજા વર્ગ ધરાવતા શિક્ષકોને તેમના શૈક્ષણિક અનુભવને ધ્યાનમાં લઈ માન્યતા આપવા યુનિવર્સિટીનાં હાલનાં ધારા-ધોરણમાં ફેરફાર કરવા આ સભા ઠરાવે છે."

(નોંધ. — શ્રી. અંબુભાઈ દેસાઈનો ઉપરનો પ્રસ્તાવ બી.યુ.ટી. અને આર.ની ભલામણ સાથે વિચારવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨-૪-૧૯૭૫ની સભામાં ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એમ (૧)ની પેટાકલમ (ડી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને ઉમેરવી અને સદરહુ સુધારેલા ઑર્ડિ. ૬૫-એમ (૧)ને તાત્કાલિક અમલમાં મૂકવો :

(*d*) " A Bachelor's degree in Pass Class and a Master's degree in Pass class with ten years' teaching experience in degree classes in the subject concerned and three research papers or five articles of high quality or a monograph, provided that his research papers or articles or monograph, as the case may be, are/is adjudged by a competent person to be appointed by the Vice-Chancellor of a sufficiently high quality."

૧૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૫-૫-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વાણિજ્યમાં ઇકોનોમિક ઍન્ડ કૉમર્શિયલ જોગ્રાફીના પ્રશ્નપત્રના વિકલ્પમાં સેલિંગ ઍન્ડ કન્ઝ્યુમર્સ રિલેશનશિપ અથવા ઇકોનોમિક ઍન્ડ કૉમર્શિયલ ઇન્ફરમેશન—એમ બે વિષયો રાખવા ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વૈકલ્પિક વિષયો દાખલ થતાં ઇકોનોમિક ઍન્ડ કૉમર્શિયલ જોગ્રાફી વિષય શીખવતા શિક્ષકને છૂટા કરી શકાશે નહીં તથા આ વિષય શીખવવાની લાયકાત ધરાવનાર શિક્ષક ઇકોનોમિક ઍન્ડ કૉમર્શિયલ ઇન્ફરમેશન વિષય શીખવી શકશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. ઇલેક્ટ્રોનિકલ એન્જિનિયરની જગ્યા માટે તા. ૧૨-૬-૧૯૭૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઈતિહાસ તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઈતિહાસ તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. શ્રી. ડી. એફ. રાવને તેમની નોકરીનું સાતત્ય જળવાય તે રીતે નોકરીમાં પાછા લેવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને, તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૧૬. જૂન ૧૯૭૬ થી નીચેની સંસ્થાઓ/કૉલેજો તરફથી તેમનાં નામ સામે જણાવેલી વિદ્યાશાખાઓની નવી કૉલેજ શરૂ કરવા, વિદ્યાશાખા ઉમેરવા તથા વિભાગીકરણ માટે આવેલ જોડાણઅરજીઓ અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત (need) નક્કી કરી અહેવાલ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-'૭૫ની સભામાં નીમેલી સમિતિના તા. ૧૮-૬-'૭૫ના અહેવાલ પર વિચારણા કરવામાં આવી :

તે પછી પ્રત્યેક અરજીના સંદર્ભમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. આથી ઠરાવવામાં આવે છે કે ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ગોધરા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આંબેડકર એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તૃત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે ચતુર્ભુજ લાજપતરાય એજ્યુકેશન, ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો પર વિચારણા કર્યા પછી આ સભાનું સ્પષ્ટ મંતવ્ય છે કે અમદાવાદ શહેરમાં વિનયન અને/અથવા વાણિજ્યની વિદ્યાશાખામાં વધુ કોઈ કૉલેજની જરૂરિયાત નથી.

૫. આથી ઠરાવવામાં આવે છે કે પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા, ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. આથી ઠરાવવામાં આવે છે કે સ્વામી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અરવિંદો એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત નથી અને નડિયાદમાં વાણિજ્ય વિદ્યાશાખાની વધુ એક કૉલેજની જરૂરિયાત સ્વીકારતી નથી તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. આથી ઠરાવવામાં આવે છે કે માનવ મંદિર, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. આથી ઠરાવવામાં આવે છે કે નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજના બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી વાણિજ્યની વધારાની વિદ્યાશાખાના જોડાણની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ અરજીમાં માંગેલ જોડાણ આપવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામના વિભાગીકરણની બાબતમાં સદરહુ સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ કૉલેજનું વિભાગીકરણ કરવા દેવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને તા. ૧૫-૬-૧૯૭૫ થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધી એક વર્ષ માટે બી.એસસી. (જનરલ)ના અભ્યાસક્રમો શીખવવા દેવા તદર્થ (ઍડ-હૉક) ધોરણે આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૮. સેકન્ડ બી.એસસી. નર્સિંગની ૧૯૭૬ના વર્ષની અંગ્રેજી વિષયની પરીક્ષા માટે 'Modern One Act Plays' Edited by Philip Wayne (Longmans) omitting Nos. 2 and 3 નિયત કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૯. વાણિજ્ય વિદ્યાશાખાએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભામાં વાણિજ્યની અભ્યાસસમિતિની તા. ૧૫-૫-૧૯૭૫ની સભાનો નીચેનો ઠરાવ મંજૂર કર્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વાણિજ્યના એલિમેન્ટરી બિઝનેસ મેથેમેટિક્સની હાલના ચાલુ અભ્યાસક્રમમાં સેકશન ૧ અને ૨ એ પ્રમાણે રાખીને ગુણનું વિભાગીકરણ નીચે મુજબ રાખી સંબંધકર્તા રેગ્યુ. પ્રી-કોમ. ૨ માં સુધારો કરી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા ભલામણ છે :

Section 1 (*a*)	1. Elementary Idea Verification	...	20 marks
	2. Rapid Methods.....Ratio	...	15 marks.
Section 2 (*b*)	Mathematical Motations-Mathematical symbols Simultaneous equations (Applications only)	...	35 marks"

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. પ્રી-કોમ. ૨ સુધારવો અને તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો.

૨૦. વાણિજ્યની વિદ્યાશાખાએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભામાં વાણિજ્યની અભ્યાસસમિતિની તા. ૧૫-૫-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.કોમ.ના કોમર્શિયલ કોરસપોન્ડન્સ વિષયના પ્રેસી રાઇટિંગના અગાઉ નિયત કરેલા મુદ્દાઓ પૈકી નં. ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૧૦, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૨૭, ૨૮, ૨૯, અને ૩૦ એમ કુલ ૨૧ મુદ્દાઓ ચાલુ રાખવા ભલામણ છે અને આ સાથે આપ્યા પ્રમાણેના ૯ નવા મુદ્દાઓ અભ્યાસક્રમ માટે નિયત કરી સંબંધકર્તા રેગ્યુ. કોમ.-૨માં સુધારો કરી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા ભલામણ છે"

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. કોમ.-૨ સુધારવો અને તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો.

(રેગ્યુલેશન કોમ.-૨ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૧. વાણિજ્ય વિદ્યાશાખાએ તેની તા. ૧૮-૬-૧૯૭૫ની સભામાં એકાઉન્ટિંગની અભ્યાસસમિતિની નીચેની ભલામણ મંજૂર કરી સંબંધકર્તા રેગ્યુ. કોમ.-૮માં સુધારો કરી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર

વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે એસ.વાય.બી.કોમ.ના અભ્યાસક્રમના પ્રેક્ટિસ ઍન્ડ પ્રોસીજર ઑફ ટેક્સેશનના પ્રશ્નપત્રમાં આપેલી નોંધ ૩ નીચે પ્રમાણે સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવી :

Note. 3 : Provisions of Law prevailing for the assessment year covered by the relevant academic year should be taken into consideration while teaching the various tax laws."

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. કોમ. ૮ સુધારવો અને તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકવો,

૨૨. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાના કોઈ પણ વિષયના અધ્યાપક મર્કન્ટાઈલ લૉ ભણાવવાની યુનિવર્સિટીએ નક્કી કરેલી ન્યૂનતમ લાયકાત ધરાવતા હોય તેમને તેમના વિષય ઉપરાંત મર્કન્ટાઈલ લૉ ભણાવવાની છૂટ આપવી."

(**નોંધ.**—મર્કન્ટાઈલ લૉ માટેના ઓછામાં ઓછા ખંડ સમયના અલગ વ્યાખ્યાતા હોય તે શરત પરિપૂર્ણ થતી હોય તો જ આ પરવાનગી આપવી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૨૪. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૬-૫-૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર સમાજશાસ્ત્રનો એમ.એ. ભાગ ૧ અને ભાગ ૨ નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ "ઘ" મુજબ સુધારી તેને જૂન ૧૯૭૫ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂક્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૫. ૧૯૭૫-૭૬ના શૈક્ષણિક વર્ષ માટે જે કૉલેજોમાં ઑર્ડિ. ૧૨૦-બી અન્વયેની ૧,૬૫૦ની ગુરુતમ વિદ્યાર્થીસંખ્યા થઈ ગઈ હોય તેવી કૉલેજોમાં વિદ્યાર્થીઓની કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિને કારણે અપવાદરૂપે વધારેમાં વધારે ત્રીસ વધુ વિદ્યાર્થીઓ કુલપતિશ્રીની પૂર્વમંજૂરીથી લેવાની જોગવાઈ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત .

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ખરેખર હાર્ડ કેસીસને સમાવવા માટે બીજો કોઈ વિકલ્પ ન હોય તો કોઈ પણ એક કક્ષાએ બધા વર્ગોમાં થઈને ૧૨૫ ઉપરાંત વધુમાં વધુ ૫ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે કુલપતિશ્રીની પૂર્વમંજૂરી લઈને વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજોને પરવાનગી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(**નોંધ.**—આ બધી વ્યવસ્થા ફક્ત ૧૯૭૫-૭૬ ના વર્ષ પૂરતી જ અમલમાં રહેશે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે મધ્યસ્થ પોલીસખાતાના અધિકારીના પુત્ર શ્રી ખેરાના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તેમને એક વધારાના વિદ્યાર્થી તરીકે દાખલ કરવા શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરાને પરવાનગી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૨. વાણિજ્યની વિદ્યાશાખાની તા. ૧૮-૬-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એક વાર એમ.કૉમ. ડિગ્રી મેળવ્યા પછી ફરીથી એમ.કૉમ. કરવાની જોગવાઈ કરવા અંગે ઠરાવવામાં આવે છે કે એમ.કૉમ.નું હાલનું માળખું બદલ્યા વિના એમ.કૉમ. ફરજિયાત પ્રશ્નપત્રોની પરીક્ષા પસાર કરી હોય તેના ગુણ કેરી ફોરવર્ડ કરી ફક્ત ઓપ્શનલ વિષય બદલી ફરીથી એમ.કૉમ. કરી શકે અને નિયમ અનુસાર વર્ગ આપવાની જોગવાઈ કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

અને

૨૬. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૪-૧૯૭૫ની સભાએ એક ગ્રુપ સાથે એમ.એ.-એમ.એસસી.ની પરીક્ષા પસાર કર્યા પછી બીજા ગ્રુપ સાથે પરીક્ષા આપવા અંગેના રેગ્યુ. એમ.એસસી. ૭ ને એમ.કૉમ. સહિતની અન્ય પરીક્ષાઓને લાગુ પાડવા અંગે સમગ્ર રીતે વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ આપવા માટે નીમેલી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

તે પછી બાબત નં. ૨૬ સાથે બાબત નં. ૨૨ એમ બેઉ બાબતો પર સાથે વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે ઉપર બાબત નં. ૨૬ માં જણાવેલ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૭. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ ડી. એસ. લૉ કૉલેજ, ભૂજ, તરફથી જૂન ૧૯૭૫ થી તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. શ્રી. એમ.એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૫થી જોડાણ મેળવવા માટેની અરજી પર ઍકેડેમિક કાઉન્સિલે મૂકેલી શરતો એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૪-૧૯૭૫ની સભામાં મંજૂર રાખી છે, પરંતુ સદરહુ કૉલેજને ફક્ત ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા ભલામણ કરેલી હોઈ જોડાણની શરતો પૈકી કેટલીક શરતો ડિગ્રી અભ્યાસક્રમોને લગતી છે એ મતલબના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં નીચેની શરતોનું પરિપાલન કરે તો સદરહુ કૉલેજની ડિપ્લોમા ઇન ફાર્મસી માટે એક વર્ષ

માટે એટલે કે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું જોડાણ આપવું :

૧. નીચે જણાવેલી નિમણૂકો કરવામાં આવે :
(અ) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા (એમ.ફાર્મ. પદવી ધરાવનાર)
(બ) ફાર્માકોગ્નોસીના વ્યાખ્યાતા
(ક) ફાર્માકોલોજી અને ફિઝિયોલોજીના વ્યાખ્યાતા.

૨. શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને તેમને ચૂકવવાની થતી સઘળી રકમ ચૂકવવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૨૯. ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝની સ્થાયી સમિતિએ નીચેના પ્રસ્તાવ અંગે અભિપ્રાય માંગ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"To consider the question of admission of Agricultural graduates to post-graduate courses in Basic Sciences and Humanities in traditional Universities and for appointments of Agricultural graduates as teachers in traditional Universities for Basic Sciences and Humanities Disciplines."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં બેઝિક સાયન્સીસમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે કૃષિવિદ્યાના સ્નાતકોને પાત્ર ગણવામાં આવે છે તેવો અભિપ્રાય ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝને મોકલી આપવો.

૩૦. ગુજરાત રાજ્યમાં હાયર સેકન્ડરી પરીક્ષા દાખલ થયા પછી તેના સંદર્ભમાં યુનિવર્સિટીના જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેનાં ધોરણો તથા તેને અનુલક્ષીને યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં તેમ જ અભ્યાસક્રમોમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તારીખ ૨૧-૬-૧૯૭૫ની સભાએ કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧-૬-૧૯૭૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧-૬-૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૨. પ્રથમ વર્ષ બી.એ. ૧૯૭૬ની પરીક્ષા માટે કલાસિકલ લેંગ્વેજ અથવા મોડર્ન યુરોપિયન લેંગ્વેજ (અંગ્રેજી સિવાય) ને બદલે વધારાના અંગ્રેજીના પ્રશ્નપત્ર માટે તથા પ્રી-યુનિ.ના સ્ટ્રીમ "બી" માટેના અંગ્રેજીના અભ્યાસક્રમ માટે તથા સ્ટ્રીમ "એ" માટે અંગ્રેજી કોમ્પોઝિશનના અભ્યાસક્રમમાં ફેરફાર અંગે અંગ્રેજીની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૧૭-૭-૧૯૭૫ના પત્રથી કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે અંગ્રેજીની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીનાં સૂચનો મંજૂર કરવાં.

(સદરહુ સૂચનોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૩. દ્વિતીય બી.એ. અંગ્રેજીના પ્રશ્નપત્ર ૫ની ૧૯૭૬માં લેવાનાર પરીક્ષા માટે નીચે મુજબ પુસ્તક નિયત કરવા અંગ્રેજીની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત :

Second B.A. (1976) Examination

Paper V—Prescribed text : Classical Literary Criticism (Penguin Books).

The following partitions of the book are prescribed

(*i*) Introduction

(*ii*) Aristotle : On the Art of Poetry
Introduction
Chapter 1–16 (Pages 31–54)
Chapter 19 (Pages 57–58)

(*iii*) Horace : On the Art of Poetry (pp. 79–95)

(*iv*) Longinus : On the Sublime
Introduction : Page 99
Chapter 1–15 (Pages 100—124)
Chapter 39–44 (Pages 150—158)

આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજીની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીનું સદરહુ સૂચન મંજૂર કરવું.

૩૪. દ્વિતીય બી.એ. અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાં નવો વિષય "એલિમેન્ટ્સ ઑફ મેથેમેટિકલ ઇકોનોમિકસ" તેમ જ તૃતીય વર્ષ બી.એ.માં "એલિમેન્ટ્સ ઑફ ઇકોનોમેટ્રિકસ" દાખલ કરેલ હોવાથી તે માટે શૈક્ષણિક લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવા અંગે અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તારીખ ૨૧-૬-૧૯૭૫ની ભલામણ તથા તારીખ ૧૯-૩-૧૯૭૪ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

[(૧) ડિપ્લોમા ઇન મેથેમેટિકલ ઇકોનોમિકસની પરીક્ષા પાસ કરી હોય

અથવા

(૨) અર્થશાસ્ત્ર વિષયમાં એમ.એ.માં ઇકોનોમેટ્રિકસનાં બે પેપર
(અ) મેથેમેટિકલ ઇકોનોમિકસ, અને
(બ) ઇકોનોમેટ્રિક પાસ કરેલ હોય

અથવા

(૩) અન્ય યુનિવર્સિટીની સમકક્ષ પરીક્ષાઓ પસાર કરી હોય

અથવા

(૪) એમ.એ.-એમ.એસસી. મેથેમેટિકસ કે સ્ટેટિસ્ટિકસ વિષય સાથે પાસ કરેલ હોય.]

આથી ઠરાવવામાં આવે છે કે અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. વિદ્યાસમાજ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૭૫થી શરૂ કરાનાર વિજ્ઞાનની કૉલેજને પ્રી-યુનિ. વિજ્ઞાનના અભ્યાસક્રમો, પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાસમાજ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજમાં ઇ.સ. ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષમાં જે શિક્ષકગણ (આચાર્ય સહિત) તેમ જ બિનશિક્ષકગણના કર્મચારીઓ સ્વામિનારાયણ સાયન્સ કૉલેજની સેવામાં ચાલુ હતા તે તમામને આ કૉલેજની સેવામાં તેમની જે તે જગ્યા પર સમાવી લેવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટયુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ — કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો

(૫) વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ, સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પ્રયોગશાળા માટેના ખંડો

(૯) પીવાના પાણી માટેનો ખંડ

(૧૦) શૌચાલય વગેરેની વ્યવસ્થા;

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૧,૫૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે અને વચગાળાના સમય દરમિયાન પ્રત્યેક વિષયના પ્રાયોગિક કાર્ય માટે તાકીદે ઘટતી વ્યવસ્થા કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	રૂ. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચોરસવાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૧૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે "ગ્રેચ્યુઇટી ફંડ" ઊભું કરવામાં આવે; અને

૧૪. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૩૬. જૂન ૧૯૭૫થી જોડાણ મેળવવા કરેલ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ તેમ જ શ્રેયાન સભ્યશ્રીનો પત્ર વંચાણમાં લઈ અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદની જોડાણની મુદત નક્કી કરવા અંગે આચાર્યશ્રીના તા. ૧૮-૭-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં આ સભાગૃહે તેની તા. ૨૨-૪-૧૯૭૫ની સભામાં કરેલા ઠરાવ પર પુનર્વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજની જોડાણઅરજી પર જોડાણ માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીની મુદત માટે ભલામણ કરી હતી તેને બદલે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીની મુદત માટે જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

૩૭. એમ.કૉમ.ના અભ્યાસક્રમમાં બિઝનેસ મૅનેજમેન્ટને વૈકલ્પિક વિષય તરીકે દાખલ કરીને તે અંગેનો અભ્યાસક્રમ મંજૂર કરવા માટે વાણિજ્ય વિદ્યાશાખાએ તેની તા. ૧૮-૬-૭૫ની સભામાં નીમેલી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.કૉમ.ની પરીક્ષા માટેના અભ્યાસક્રમમાં બિઝનેસ મૅનેજમેન્ટનો વિષય વૈકલ્પિક વિષય તરીકે દાખલ કરવો અને તે બાબતમાં સદરહુ સમિતિએ કરેલી ભલામણો મંજૂર કરવી.

૩૮. યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ડી.પી., ડી.પી.એસ.ડબલ્યુ., ડી.પી.ઓ.ટી., ડી.એમ. ઍન્ડ એસ.પી., ડી.એસ.ઈ.એન.સી. અને બી.એસસી.(એ.એસ.ટી.) પરીક્ષાઓના હાલના પાસિંગ ધોરણમાં જરૂરી સુધારા કરવા અંગે બી.એમ.ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના અધ્યક્ષશ્રીના તા. ૧૭-૭-૧૯૭૫ના પત્રમાં કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના અધ્યક્ષશ્રીનાં સદરહુ સૂચનો સ્વીકારવાં અને તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. D.P.S.W. 3, રેગ્યુ. D.P.O.T. 3, રેગ્યુ. D.M. & S.P. 3, રેગ્યુ. D.S.F.N.C. 3 અને રેગ્યુ. B.Sc. A.S.T. 5 ને સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. ઍકે. કાઉ./૦૧૭૪૩૭/૧૯૭૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
ઑગસ્ટ ૧૧, ૧૯૭૫.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪

M.Sc. PART I : PRACTICALS IN ORGANIC CHEMISTRY

(A) Separation

Separation and identification of organic mixture consisting of three components (Minimum Ten should be done):

(B) Preparations

Minimum Ten preparations should be performed. Not more than one from each group. (with 5 questions of substance as far as possible).

(*i*) *Acetylation* :

p—Nitroacetanilide from p-nitroaniline
Acetanilide from Aniline
Aspirin from Salicylic acid
Phenylacetate from Phenol.

(*ii*) *Bromination* :

2–4–6 Tribromoaniline from Aniline
p—Bromoacetanilide from Acetanilide

(*iii*) *Condensation* :

Benzoin from Benzaldehyde
Benzanilide from Aniline

(*iv*) *Diazotisation* :

Chlorobenzene from Aniline
o—or p—chlorotoluene from o—or p—toluidine
Phenol from Aniline
p—Iodonitrobenzene from p—nitroaniline

(*v*) *Esterification* :

Methyl salicylate from Salicylic acid

(*vi*) *Friedel Crafts Reaction* :

Acetophenone from Benzene

p–Chloroacetophenone from Chlorobenzene

Benzophenone from Benzene

Diphenylmethane from benzene

(*vii*) *Hydrolysis* :

p-Nitroaniline from p-nitroacetanilide

p-Bromoaniline from p-bromoacetanilide

(*viii*) *Nitration* :

Nitrobenzene from Benzene

m-Dinitrobenzene from nitrobenzene

p-Nitroacetanilide from Acetanilide

(*ix*) *Oxidation* :

Benzoic acid from Toluene or Acetophenone

o-or p–chlorobenzoic acid from o–or p–chlorotoluene

p-nitrobenzoic acid from p-nitrotoluene

Adipic acid from cyclohexanone

Anthraquinone from anthracene

Benzil from Benzoin.

(*x*) *Reduction* :

Aniline from Nitrobenzene

m-Nitroaniline from m-dinitrobenzene

(C) Estimations :

1. Equivalent weight of a carboxylic acid by standard alkali method, and titration in non–aqueous solvent.
2. Equivalent weight of a carboxylic acid by Silver salt method.
3. Molecular weight of an organic compound by Rast method.
4. Estimation of —OH gr. in alcohol, carbohydrate, and phenol by pyridine-acetic anhydride method.
5. Estimation of $-NH_2$ gr. in aromatic amines by pyridine acetic anhydride method, bromination method, and titration in non–aqueous solvents.
6. Estimation of $-NO_2$ group by $SnCl_2$ reduction method.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૭

External Examination of the Gujarat University Examination for the Degree of Master of Arts (External)

O. M.A. Ext. 1 :

A person, whose mother-tongue is Gujarati or who has resided in the Gujarat University area for not less than one year immediately preceding his application for registration shall be admitted to the M.A. (External) Degree Examination, if he has—

(*a*) passed the B.A. or B.A. (External) Degree Examination of the University or an Examination recognised as equivalent thereto;

(*b*) applied for registration as an External candidate before the 1st of August of the previous calendar year; and

(*c*) possessed at least five years' teaching experience after his graduation and before his application for registration for appearance at the M.A. (External) Degree Examination.

O. M.A. Ext. 2 :

Those of the candidates desiring to offer a subject, in which Practical work or dissertation is involved, at the M.A. (External) Degree examination shall produce a Certificate from the Professor-in-charge of a Post-graduate Department or Centre where such facilities for the teaching of the subject exist in respect of his having carried out the necessary practical work to the satisfaction of the Head of the P.-G. Department or Centre as the case may be. Such a candidate shall pay such fees as may be prescribed by the University for the Practical work required of him at the P.-G. Department of the Centre.

O. M.A. Ext. 3 :

A candidate for the M.A. (External) examination shall first pass the M.A. Part I Examination Degree and at least one year thereafter the Part II Examination,

each part comprising four papers out of the eight papers selected by him for the course as specified in Reg. M.A. 3.

O. M.A. Ext. :

(*i*) An external candidate registered for the M.A. (External) Degree Examination shall be exempted from regular attendance and keeping of the terms at the University.

(*ii*) The courses of studies, the books prescribed or recommended, the standard of passing, etc. at the examination for the M.A. (External) Degree shall be the same as those for the M.A. Examination of this University.

(*iii*) Candidates desiring to appear at the M.A. Degree Examination as external candidates shall be required to register afresh for each part of the Examination.

O. M.A. Ext. 4 :

An external candidate registered for M.A. (External) examination shall pay Rs. 200/- as registration fees and other fees for each part separately.

St. 177-B :

(**નોંધ.**—ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ ઉપરની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૧૯૭૫ની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૮-૩-૧૯૭૫ની સભામાં મંજૂર કરવામાં આવી છે:

"This faculty basically agrees with the principal of admitting students to Post-graduate courses of this University who has passed A.M.I.E. (INDIA) Section A and Section B Examination by papers.")

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરિંગ (ઇન્ડિયા), કલકત્તા દ્વારા લેવામાં આવતી એ.એમ.આઈ.ઈ.ની સેકસન "એ" અને "બી" પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં એમ.ઈ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા અને તે અંગે રેગ્યુ. ૭માં જરૂરી નોંધ કરવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૭. સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમોડા-ગણવાડા તરફથી લેવામાં આવતી "સ્નાતક" પદવી પરીક્ષાની માન્યતા અંગે તે સંસ્થાના સંચાલક તરફથી આવેલ તા. ૨૫-૨-૧૯૭૫ના પત્રાંક બી-૪૯-૭૪/૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"દક્ષિણ ગુજરાત યુનિ.ને ધોરણે વિચારવું જોઈએ તે જોતાં ગુજરાત યુનિ.માં બી.એ. સમકક્ષ માન્ય કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દક્ષિણ ગુજરાત યુનિ.એ ફક્ત ગ્રામ્ય અભ્યાસના અનુસ્નાતક વર્ગમાં પ્રવેશ માટે માન્યતા આપેલ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમોડા-ગણવાડા તરફથી લેવામાં આવતી સ્નાતક પદવી પરીક્ષાને આ યુનિ.માં ગ્રામ્ય અભ્યાસના અનુસ્નાતક અભ્યાસક્રમ અંગે કોઈ જોગવાઈ ન હોવાથી સદરહુ અભ્યાસક્રમને આગળ અભ્યાસ કરવા માટે માન્ય રાખવાનું બની શકે તેમ નથી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભા, મદ્રાસ તરફથી લેવામાં આવતી એમ.એ. અને પીએચ.ડી. પદવી પરીક્ષાઓની માન્યતા અંગે તે સ્થાના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૯-૧૦-૧૯૭૪ના પત્રાંક આર. ૧-૭૪ ઉપર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

(૧) "Can be considered as equivalent to M.A. and Ph,D. degrees of our Uniyersity in Hindi."

(૨) મુંબઈ યુનિ.એ તેમના તા. ૨૬-૧૧-૧૯૭૪ના પત્રથી જણાવેલ છે કે એમ.એ. પરીક્ષા હિંદી વિષયની માન્ય કરેલ છે, પરંતુ પીએચ.ડી. પરીક્ષા માન્ય કરેલ નથી.

(૩) આ સંસ્થા કોઈ યુનિ. નથી, પરંતુ ભારત સરકારના કાયદાથી રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી સંસ્થા તરીકે જાહેર થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભા, મદ્રાસ તરફથી લેવામાં આવતી એમ.એ. પરીક્ષા પસાર કરનારને પીએચ.ડી. માટે સંશોધન કરવા પાત્ર ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે તે સંસ્થા દ્વારા લેવામાં આવતી પીએચ.ડી. પરીક્ષાને માન્ય કરવી નહીં.

૯. રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે સંસ્થા તરફથી આવેલા તા. ૧૬-૧૧-૧૯૭૪ના પત્રાંક એસીડી-૯, ૧-આર., કે.એસ. ૭૪/૭૫ ઉપર વિચારણા કરવા બાબત :

૧. મધ્યમા	...	પ્રી-યુનિ. તુલ્ય
૨. શાસ્ત્રી	...	બી.એ.
૩. આચાર્ય	...	એમ.એ.
૪. શિક્ષાશાસ્ત્રી	...	બી.એડ.
૫. વિદ્યાવારિધિ	...	પીએચ.ડી.
૬. વાચસ્પતિ	...	ડી.લિટ.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીએ 'બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન સંસ્કૃત'ના ચેરમેનનો અભિપ્રાય લેવા જણાવ્યું હતું.

બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન સંસ્કૃતના ચેરમેનશ્રીનો અભિપ્રાય

"એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ એ સંસ્થાએ જે બે ઠરાવો પસાર કર્યા છે, બરાબર તે જ રીતે આપણાથી પણ આ પરીક્ષાઓને માન્યતા આપી શકાય.

ઠરાવ

" Resolved that the Shastri and Acharya Examinations conducted by the Rashtriya Sanskrit Sansthan in the 4 Kendriya Sanskrit Vidyapeethas be recognised as equivalent to similar courses conducted by other Indian Universities. Resolved further that the Shastri Examination of the Rashtriya Sanskrit Sansthan be recognised as equivalent to the Bachelor's degree of an Indian University provided the candidate passed in the subject of English of B.A. Standard.

Resolved also that the Acharya examination conducted by the Rashtriya Sanskrit Sansthan may be recognised as equivalent to the master's degree of an Indian University provided the candidates has passed the subject of English of B.A. Standard. "

આથી ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી પરીક્ષાઓની માન્યતા અંગેના એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીએ કરેલ ઠરાવો સ્વીકારવા અને તે અનુસાર તે પરીક્ષાઓને માન્ય કરવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. મગધ યુનિવર્સિટીની બી.એલ. (એલએલ.બી.) પદવી પરીક્ષા ખાનગી રાહે પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં એલએલ.એમ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા વિચારણા કરવા બાબત.

કાયદાની વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

" The applicant Shri S. C. Verma should be considered eligible for admission to the LL.M. Degree Course of our University. "

આથી ઠરાવવામાં આવે છે કે મગધ યુનિવર્સિટીની બી.એલ. (એલએલ.બી.) પદવી પરીક્ષા ખાનગી રાહે પસાર કરનાર શ્રી. વર્માને એલએલ.એમ. પદવીના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા નહીં તેમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાન-અજમેરની હાયર સેકન્ડરી પરીક્ષા વાણિજ્યના વિષયો લઈને ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીઓને ચાર વૈકલ્પિક વિષયોમાંથી ગમે તે ત્રણ વિષયો સાથે પાસ કરી હોય તો ફર્સ્ટ બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવામાં આવે છે. જેઓએ બે વૈકલ્પિક વિષયો રાખ્યા હોય તેમને બાકીનો એક વિષય આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટીના વાણિજ્યના વિષય તરીકે પસાર કરવાની શરતે ફર્સ્ટ બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા અંગે તે સંસ્થાના સેક્રેટરીશ્રી તરફથી પુનર્વિચારણા માટે આવેલા તા. ૪-૨-૧૯૭૫ના પત્રાંક ઈકયુ. ૧૪-૧૧૯-૧૯૦૭૦ ઉપર વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

" માન્યતા આપી શકાય નહીં. "

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાન-અજમેરની હાયર સેકન્ડરી પરીક્ષા વાણિજ્યના વિષયો પૈકી બે વૈકલ્પિક વિષયો રાખ્યા હોય તેમને બાકીનો વિષય એ

આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના વિષય તરીકે પસાર કરવાની શરતે ફર્સ્ટ બી.કોમ ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવાની તેમની પુનર્વિચારણા અંગેની વિનંતી માન્ય કરવી નહીં એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. શ્રી. નાનુભાઈ જોશીએ કાશી વિદ્યાપીઠની "સ્નાતક" તથા "માસ્ટર ઑફ સોશિયોલોજી"ની પદવી પરીક્ષા પાસ કર્યાના આધારે આ યુનિવર્સિટીમાં ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

કાયદાની વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"The candidate should considered eligible on ad-hoc basis."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નાનુભાઈ જોશી જેઓએ કાશી વિદ્યાપીઠની સ્નાતક તથા માસ્ટર ઑફ સોશિયોલોજીની પરીક્ષા પાસ કરી છે તેમને ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. નાગાલેન્ડ બોર્ડ ઑફ સ્કૂલ એજ્યુકેશન, કોહીમા તરફથી લેવામાં આવતી "હાઈસ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ" પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા માટે નાગાલેન્ડ સરકારના તા. ૧૪-૧૧-૧૯૭૪ના પત્રાંક ઈ.ડી.એસ.-૩-૧૮.૭૩ (પીટી)થી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નાગાલેન્ડ બોર્ડ ઑફ સ્કૂલ એજ્યુકેશન, કોહીમા તરફથી લેવામાં આવતી હાઈસ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણવા અને તે પરીક્ષા પસાર કરનારને આ યુનિવર્સિટીના સ્ટે. ૧૭૩ને આધીન પ્રી-યુનિવર્સિટીના જેવા વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. આ સાથેની યાદીમાં જણાવેલ વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસક્રમ માટે તદર્થ ધોરણે પ્રવેશપાત્ર ગણીને એલિજિબિલિટી સર્ટિફિકેટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ વિદ્યાર્થીઓને તદર્થ ધોરણે પ્રવેશપાત્ર ગણવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(સદરહુ યાદી **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૧૫. બોર્ડ ઑફ પબ્લિક પરીક્ષા, કેરાલા તરફથી લેવાતી સેકન્ડરી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષા જનરલ ગણિતના વિષય સાથે પસાર કરનાર વિદ્યાર્થીઓને આ યુનિ.માં પ્રી-યુનિ. વિજ્ઞાન તથા ફાર્મસી વિદ્યાશાખાના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા કે કેમ તે અંગેની વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

General Mathematics which is taught up to X covers portion which is little more than our Elementary Maths. but less than our Higher Maths. (Alg.-Gem.) But Additional Maths. Std. X covers Higher Algebra-Geometry.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે અન્ય યુનિવર્સિટી કે બોર્ડની પરીક્ષામાં જનરલ મેથ્સ., કોમ્પોઝિટ મેથ્સ. ટ્રેડિશન મેથ્સ. જેવાં નામાભિધાન હોઈ તે વિષયને હાયર મેથ્સ. કક્ષા ગણવા અંગે વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય મેળવવાનું રાખવું અને તે પરથી પ્રવેશપાત્રતા નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. પંજાબ યુનિવર્સિટીની પ્રી-એન્જિનિયરિંગ પરીક્ષા પસાર કરનાર શ્રી. પટેલ ચૈતન્ય બાલૂભાઈને બી.ઈ. સેમેસ્ટર ૩જા વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પટેલ ચૈતન્ય બાલૂભાઈને બી.ઈ. સેમેસ્ટર, ત્રણના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા નહીં.

૧૭. શ્રી. ડિસોઝા લેસલી જોસફને ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિલોસોફી ઍન્ડ રિલિજિયન, પૂનાની બી.પી.એચ. પરીક્ષા પસાર કર્યાના આધારે સેકન્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડિસોઝાને આ યુનિવર્સિટીના સેકન્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. શ્રી. ગજ્જર કાંતિભાઈ પૂંજીરામે એડવાઈઝરી કાઉન્સિલ ઑફ ધી સ્કૂલ ઑફ આર્કિટેકચર અમદાવાદની ડિપ્લોમા ઇન આર્કિટેકચર પરીક્ષા પસાર કર્યાના આધારે આ યુનિવર્સિટીના ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન આર્કિટેકચર પરીક્ષા પસાર કરનાર શ્રી. ગજ્જર કાંતિભાઈ પૂંજીરામને ફર્સ્ટ એલએલ બી.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. પી. શાહ,
કુલસચિવ વતી.

परिशिष्ट "अ"

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિ. અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિ. કાઢી આપ્યું તે
૧.	શાહ અંજના એન.	ફિલાડેફિયા, ન્યૂ જર્સીની અગિયારમા ધોરણની પરીક્ષા પાસ (યુ.એસ.એ.)	પ્રી-યુનિ. વિજ્ઞાન
૨.	શાહ હુસેની મહમંદ રોઝા	ઇરાનની થર્ડ ગ્રેડની	ફર્સ્ટ બીએસ.સી.
૩.	મયૂરકુમાર બાવીશી	એસ.એસ.સી. બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, આંધ્ર પ્રદેશ	પ્રી-યુનિ. વિજ્ઞાન
૪.	બ્રહ્મભટ્ટ હિમાંશુ એન.	ઈ.એ.સી.ઈ. ગણિત "એસ"	પ્રી-યુનિ. વિજ્ઞાન
૫.	કુ. ઓહીરા સુઝુકો	એમ.એલ. ડબલ્યુ., વોશિંગ્ટન યુનિ., યુ.એસ.એ.	પીએચ.ડી.
૬.	શ્રી. થોમસ વી. સી.	એમ.એસસી., પૂના	પીએચ.ડી.
૭.	કુ. સ્વાતિ પી. રોય	પ્રી-યુનિ. વિજ્ઞાન, ગૌહત્તી	ફર્સ્ટ બી.એસસી. (નર્સિંગ)
૮.	શ્રી. મજમુદાર સરજિત	એમ.એ., કલકત્તા	પીએચ.ડી.
૯.	શ્રી. એમ. થોમસ પાઉલ	એમ.એ., કેરાલા	પીએચ.ડી.
૧૦.	ક્લીમેન્ટ કુજુર	ઇન્ટર આર્ટ્સ, રાંચી	સેકન્ડ બી.એ.
૧૧.	શ્રી. કીરી રમેશ શાંતિલાલ	બી.ઈ. ૨, ઇન્દોર	બી.ઈ. ૩ (મિકે.)
૧૨.	શ્રીમતી શાહેરા એ. મલિક	ફર્સ્ટ એમ.બી.,બી.એસ., રાજસ્થાન	સેકન્ડ એમ.બી.,બી એસ.
૧૩.	શ્રી. શ્રીવાસ્તવ યશોવર્ધન	એમ.એસસી. (વેટરનરી ઍન્ડ મેડિસિન), યુ. પી. (એગ્રિ.) નૈનીતાલ	પીએચ.ડી.
૧૪.	શ્રી. ભટ્ટ દિનકરરાવ બાબુરાવ	ડિપ્લોમા ઇન એમ.ઈ. (પબ્લિક હેલ્થ), કલકત્તા	પીએચ.ડી.
૧૫.	શ્રી. પ્રવીણકુમાર કિશોરકુમાર જૈન	બી.કૉમ., પાર્ટ ૨, ઇન્દોર	થર્ડ બી.કૉમ

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિ. આગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિ. કાઢી આપ્યું તે
૧૬.	શ્રી. ગોર કિશ્રા ડી.	એમ.બી.,બી.એસ., રાંચી	એમ.ડી.
૧૭.	શ્રી. ગોયેલ રામકૃષ્ણદાસ	એમ.એસસી. (મેડિ.), ધી ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિ., ઑફ મેડિકલ સાયન્સ, ન્યૂ દિલ્હી	પીએચ.ડી.
૧૮	શ્રી. રોય દુર્ગાપ્રસાદ	લાઇસી નટિયેર ઇન મિકેનિક (એંજિ.), ગર્વનમેન્ટ ઑફ વેસ્ટ બેંગાલ	ફર્સ્ટ પી.ડી.ડી.સી.
૧૯.	શ્રી. સામંતા આમાલીન્દુ	એમ.એસસી. (ફિઝિયોલોજી), કલકત્તા	પીએચ.ડી.
૨૦.	શ્રી. ભાર્ગવ અરુણકુમાર	થર્ડ ઇયર (સિવિલ એન્ડ રૂરલ) જોધપુર ટેકનિકલ બોર્ડ	ફર્સ્ટ પી.ડી.ડી.સી.
૨૧.	શ્રી. ભટ્ટાચાર્ય સુનીલકુમાર	એમ.એસસી., કલકત્તા	પીએચ.ડી.
૨૨.	શ્રી. અર્જનાની હીરાલાલ બી.	ફાઇનલ પરીક્ષા એન્જિનિયરિંગ (ઇલેક્ટ્રિક) પાર્ટ ૨, અલ્હાબાદ યુનિ.	એમ.ઇ. (ઇલે.)
૨૩.	શ્રી. સાઇની સુરીન્દરલાલ	૮ સેમિ. (મિકે. એન્જિ.) ટેકનિકલ બોર્ડ, તામિલનાડુ	ફર્સ્ટ પી.ડી.ડી.સી.
૨૪.	શ્રી. શાસ્ત્રી નીતીનકુમાર આર.	ફર્સ્ટ એમ.બી., બી.એસ., બિહાર યુનિ.	સેકન્ડ એમ.બી., બી.એસ.
૨૫.	શ્રી. પટેલ હિંમતલાલ ઝેડ.	ન્યૂઝીલેન્ડ સ્કૂલ સર્ટિફિકેટ, ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુ., ન્યૂઝીલેન્ડ	પ્રી-યુનિ. વાણિજ્ય

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૨

17th July, 1975

The Registrar,
Gujarat University,
Ahmedabad.

Sub. — Additional English for the F.Y.B.A. Examination, March 1975—Syllabus.

Dear Sir,

With reference to your telephonic conversation a few days ago, I suggest the following syllabus and scheme of examination for one paper in Additional English for the F.Y.B.A. Examination. March 1976 in lieu of a paper in a Classical or Modern Language other than English :

Texts prescribed for detailed study

1. S. T. Coleridge : The Rime of the Ancient Mariner
2. Emily Bronte : Wuthering Heights (Unabridged)

Note.—The question-paper will contain *five* questions. Question 1 will require candidates to explain *four* passages from Text No. 1 with reference to the context (Six passages may be given to facilitate choice). Question 2 will give six topics for short notes, out of which candidates shall choose *three*. Question 3 will give two topics for essay-writing from Text No. 1 (*The Ancient Mariner*) out of which candidates shall choose *one*. Questions 4 and 5 will give topics from *Wuthering Heights* for essay-writing.

It may please be noted that since you want the syllabi urgently, I have no time to refer the matter to the Board of Studies.

Yours faithfully,

K. R. Chandrasekharan
Chairman, Board of Studies in English.

P. U. C. Compulsory English–Stream B

Language Work

Out of the total of 70 marks, 35 marks shall be allotted to the Language work and 35 marks to questions on the content of the text. In Language work, the distribution of marks shall be as follows :

Grammar	:	25 marks
Composition	:	10 marks

Since it is essential that the greatest possible attention should be paid to each grammar item, there should be great flexibility and, therefore there is no item-wise allocation of marks for the grammatical points.

Syllabus in Grammar

I. **General items not confined to the text-book**

(*a*) Tenses

(*i*) The simple present

(*ii*) The present continuous

(*iii*) The present perfect

(*iv*) The simple past

(*v*) The past continuous

(*vi*) The past perfect

(*vii*) The simple future.

Book recommended for reference : *A Practical English Grammar* by Thomson and Martinet.

Sections 160 to 192 for items *i* to *ii* and Sections 199 to 201 for item *vii.*

(*b*) 1. Questions

(*a*) Yes—No type

(*b*) Question word type

2. Affirmative and Negative sentences

II. **Items from the text-book, English Reader, Grade I.**

The grammatical points dealt with in the Exercises in the text-book *omitting* the following :

Lesson No.	*Exercise numbers omitted*
5	II, XI and XII
6	IV, V
7	III, IV
8	II to VI
9	II only
10	II to IV
11	II, IV to VIII
12	VI, VII and VIII.

Syllabus in Composition of Comprehension

1. Comprehension of an unseen passage of about 150 words. (5 marks)
2. *Either* Story-writing from a given outline *or* guided paragraph-writing (Narrative or descriptive, related to the experience of students).

(5 marks)

Pre-University Examination, March 1976
Compulsory English—Stream A

For the 1945 examination, Story-writing was the only item under composition.

The revised syllabus for the 1976 examination will be as follows :

Either Story-writing from a given outline *or* guided paragraph-writing (Narrative or descriptive, related to the experience of students).

K. R. Chandrasekharan
Chairman, Board of Studies in English.

પરિશિષ્ટ "ઝ"
ઠરાવ ક્રમાંક ૩૮

tatement giving details of existing and proposed regulations for the P.-G. Courses being conducted at the B. M. Institute

1. Name of Course : Diploma in Psychotherapy (D.P.)

Present Regulation	*Proposed Regulation :*
No regulation regarding grant of Exemption or Distinction	A successful student will be declared to have secured Distinction if he secures 75 % of the total marks.

2. Name of the Course : Diploma in Psychiatric Social Work (D.P.S.W.)

Present Regulation	*Proposed Regulation :*
No regulation regarding grant of Exemption or Distinction	(*i*) A student will be declared to have secured Exemption in any of the theory papers or in the project report if he secures 55 % of marks in the respective paper for the project report. There is no exemption in viva-voce. (*ii*) A successful student will be declared to have secured Distinction if he secures 75 % of the total markes in aggregate i.e. total of the marks obtained in theory papers plus project report plus viva-voce.

Name of the Course : Diploma in Psychiatric Occupational Therapy (D. P. O. T.)

Present Regulation :	*Proposed Regulation :*
No regulation regarding grant of Exemption or Distinction	(*i*) A student will be declared to have secured Exemption in any of the theory papers or in the project report if he secures 55 % of marks

in the respective paper or the project report. There is no exemption in viva-voce,

(*ii*) A successful student will be declared to have secured Distinction if he secures 75% of the total marks in aggregate i.e. total of the marks obtained in theory papers plus project report plus viva-voce.

4. **Name of the Course** : Diploma in Medical & Social Psychology (D. M. & S. P.).

Present Regulation :

No regulation regarding grant of Exemption or Distinction

Proposed Regulation :

(*i*) A student will be declared to have secured Exemption in any of the theory papers or in the project report if he secures 55% of marks in the respective paper of the project report. There is no exemption in viva-voce.

(*ii*) A successful student will be declared to have secured Distinction if he secures 75% of the total marks in aggregate i.e. total of the marks obtained in theory papers plus project report plus viva-voce.

5. **Name of the Course** : Diploma in Special Education for Non-normal Children (D.S.E.N.C.).

Present Regulation :

No regulation regarding grant of Exemption or Distinction

Proposed Regulation :

(*i*) A student will be declared to have secured Exemption in any of the theory papers or in the project report if he secures 55% of marks in the respective paper or the project report. There is no exemption in viva-voce.

(*ii*) A successful student will be declared to have secured Distinction if he secures 75% of the total marks in aggregate i.e. total of the marks obtained in theory papers plus project report, plus viva-voce.

6. Name of the Course : P.–G. Course leading to B.Sc. Audiology and Speech Therapy (B.Sc.–AST)

Present Regulation :

No regulation regarding grant of Exemption or Distinction

Proposed Regulation :

(*i*) A student will be declared to have secured Exemption if he secures 55% of the marks in each paper. For the purpose of this course a student will earn exemption only by securing 55% of marks separately in the theory papers and in the practicals in that paper.

(*ii*) A successful student will be declared to have secured Distinction if he secures 75% of the total marks in aggregate i.e. total of the marks obtained in theory papers plus practicals.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૫ના વર્ષની પાંચમી સભા ગુરુવાર, તા. ૧૪-૮-૧૯૭૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૪-૮-૧૯૭૫
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩.	પ્રિ. કે. એન. શાહ	હાજર
૪.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર
૫.	શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૬.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૭.	ડૉ. એસ. જે. દામાણી	હાજર
૮.	પ્રિ. સી. એસ. શાહ	હાજર
૯.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર
૧૦.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૧.	ડૉ. પરેશ એમ. મજમુદાર	ગેરહાજર
૧૨.	ડૉ. સી. જી. ખત્રી	હાજર
૧૩.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૪.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૧૫.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૬.	શ્રી. ડી. ડી. માલવાણિયા	ગેરહાજર
૧૭.	ડૉ. એ. એસ. પટેલ	હાજર
૧૮.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૧૯.	ડૉ. લીલાબહેન સી. શાહ	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૪-૮-૧૯૭૫
૨૦.	પ્રો. એ. ટી. દેસાઈ	હાજર
૨૧.	પ્રિ. જે. જે. ત્રિવેદી	હાજર
૨૨.	ડૉ. જી. ટી. પંડ્યા	હાજર
૨૩.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૨૪.	શ્રી. એમ. એન. શાહ	ગેરહાજર
૨૫.	પ્રો. એન. આર. દવે	હાજર
૨૬.	ડૉ. આર. એમ. ચોકસી	હાજર
૨૭.	ડૉ. એમ. બી. દેવાણી	હાજર
૨૮.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૨૯.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૩૦.	ડૉ. કે. ભાર્ગવ	ગેરહાજર
૩૧.	પ્રિ. આર. વી. શાસ્ત્રી	હાજર
૩૨.	ડૉ. સુમંત કે. મજમુદાર	હાજર
૩૩.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર.

૧. તા. ૧૮-૭-૧૯૭૫ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૫ના વર્ષની ચોથી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૮-૭-૧૯૭૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૫ના વર્ષની ચોથી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ઑકટોબર ૧૯૭૫માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક અંગે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ પ્રાશ્નિકો-પરીક્ષકોનાં નામોની કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ યાદીઓ આ સભાગૃહના સભ્યોને સભાનું કામકાજ શરૂ થતાં પહેલાં વહેંચવામાં આવી હતી અને તે યાદીઓ સાંજ પહેલાં કાર્યાલયને પરત કરવા સભ્યોને વિનંતી કરવામાં આવી હતી.

સદરહુ બાબત અંગે કુલપતિશ્રીએ સૂચવ્યું કે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ કરેલી ભલામણોની બાબતમાં જે કોઈ સભ્યને પોતાનાં સૂચનો કરવાનાં હોય તેમણે તે સૂચનો લેખિત સ્વરૂપે કુલપતિશ્રીને પહોંચાડવાં.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ભલામણો એકિઝકયુટિવ કાઉન્સિલને જરૂરી નિર્ણય માટે મોકલી આપવી.

૩. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ ડી. એસ. લૉ કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૭૫થી તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેના અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ ડી. એસ. લૉ કૉલેજ, ભૂજ (કચ્છ) નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને

સંતોષ થાય તે રીતે તા ૩૧-૮-૧૯૭૫ સુધીમાં કરે તો તેને તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫ થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પાત્રતા ધરાવતા આચાર્ય, અને

(૨) ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. કાયદાનાં પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પ્રથમ વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧ની ૧૯૭૬ની ગુજરાતી વિષયની પરીક્ષા માટે નિયત કરેલ પુસ્તકોમાંથી નીચે જણાવેલ નિશ્ચિત કાવ્યો તથા લેખો અભ્યાસક્રમ માટે નિયત કર્યાના :

પ્રથમ વર્ષ બી.એ. (ગુજરાતી)

"પરિક્રમા" (બાલમુકુન્દ દવે)માંથી અનુક્રમના સંખ્યાંક પ્રમાણે નીચેના સંખ્યાંકોવાળાં કાવ્યોનો અભ્યાસ :

૧, ૪, ૫, ૬, ૭, ૯, ૧૪, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૩૧, ૩૮, ૪૦, ૪૩, ૪૪, ૪૫, ૫૦, ૫૭, ૬૦, ૬૨, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૧, ૭૪, ૭૭, ૮૦, ૮૨, ૮૫, ૮૭, ૮૯, ૯૧, ૯૪, ૯૭, ૧૦૦, ૧૦૧, ૧૦૩ (કુલ ૪૦ કાવ્યો).

એમ.એ. ભાગ ૧ (ગુજરાતી)

પ્રશ્નપત્ર ૩ માટે નિયત થયેલ પુસ્તકોમાંના ઉત્તમલાલ ત્રિવેદીના 'ગદ્ય રિદ્ધિ'માંથી નીચેના દસ લેખોનો જ અભ્યાસ :

૧. "સરસ્વતીચંદ્ર" અને આપણો ગૃહસંસાર
૨. નર્મદાશંકરનું જાહેરજીવન
૩. મણિલાલ નભુભાઈની સાક્ષરપ્રવૃત્તિનું સ્વારસ્ય
૪. સ્વ. ગોવર્ધનભાઈ—એક નિરીક્ષણ
૫. સદ્‌ગત શ્રી. ગોવર્ધનરામનાં આચારસૂત્રો
૬. રંગભૂમિ
૭. પશ્ચિમના સુધારાનો દાવો
૮. ધી નેશનલ કોંગ્રેસ—તેનું સ્વરૂપ અને સાધ્ય
૯. સરકાર અને અસહકાર
૧૦. અમદાવાદનાં નાતજાતનાં મંડળોની પરિષદ;

(૨) ત્રીજા વર્ષ બી.કોમ.ની માર્ચ-એપ્રિલ ૧૯૭૬ની પરીક્ષા માટે બિઝનેસ મેનેજમેન્ટ ઑપ્શનલ પેપર ૪, પાર્ટ 'ઈ' ડિઝર્ટેશનના ટોપિક આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરી સંબંધકર્તા રેગ્યુ. કોમ. ૧૨માં સુધારો કર્યાના;

(૩) લલિતકળાની ઍડ-હૉક સમિતિની તા. ૧૭-૬-૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર બે વર્ષના ડિપ્લોમા ઇન ડ્રામાનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારી તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. ૧, ૨ અને ૩ને સુધારી તેને જૂન ૧૯૭૫થી અમલમાં મૂકયાના;

(૪) ડિપ્લોમા ઇન ફાઈન આર્ટ્સના અભ્યાસક્રમમાં એસ.એસ.સી.માં અંગ્રેજી સિવાયનાને પ્રવેશ અપાતો હોવાથી ઑર્ડિ. (ડિપ.) એફ.એ. (ડ્રામા)-૧ નીચે મુજબ સુધાર્યાના :

O. (Dip.) F.A. (Drama)-1 :

A candidate for the Diploma in Fine Arts (Dramatics) must have passed the S.S.C. Examination of the S.S.C. Board of the Gujarat State or an Examination considered equivalent thereto;

(૫) પ્રથમ વર્ષ બી.એ.ના અભ્યાસક્રમમાં "કલાસિકલ લેંગ્વેજ અથવા એ મોડર્ન યુરોપિયન લેંગ્વેજ (અંગ્રેજી સિવાય)"ના વિકલ્પમાં વધારાના અંગ્રેજીનો પ્રશ્નપત્ર તથા અભ્યાસક્રમ જૂન ૧૯૭૫થી નિયત કરવાનું એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૫ની સભામાં મંજૂર કર્યું હતું તે બાબતમાં સંસ્કૃતના શિક્ષકો તરફથી રજૂઆત થતાં વધારાના અંગ્રેજી વિષય દાખલ કર્યાની આ જોગવાઈ રદ કર્યાના;

(૬) વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૧-૭-૧૯૭૫ની સભામાં કરેલી ભલામણ અન્વયે તૃતીય વર્ષ બી.એસસી. વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમની ક્ષતિઓ દૂર કરી પ્રાયોગિક કાર્ય નિયત કરી તેને જૂન ૧૯૭૫થી અમલમાં લાવ્યાના;

(૭) યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરમાં તા. ૩૧-૧૦-૧૯૭૫ સુધીના સમય માટે એક હંગામી ક્લાર્ક-ટાઇપિસ્ટની નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

(ત્રીજા વર્ષ બી.કોમ.ના બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે અને બે વર્ષના ડિપ્લોમા ઇન ડ્રામાના અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૫. આંકડાશાસ્ત્રની તા. ૧-૮-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે તૃતીય વર્ષ બી.એસસી.ના આંકડાશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્રો ૭ અને ૮ : એનાલિસિસ ૧ અને એનાલિસિસ ૨ આંકડાશાસ્ત્રના પ્રાશ્નિકો કાઢે તેવી વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૬. આંકડાશાસ્ત્રની તા. ૧-૮-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે માસ્ટર્સ ડિગ્રી અને પીએચ.ડી. પદવીની વચ્ચે એમ ફિલ.ની પદવી(બે વર્ષના અભ્યાસક્રમ)ની સ્થાપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૯-૮-૧૯૭૫ની સભાએ બાબત નં. ૫ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૭. આંકડાશાસ્ત્રની તા. ૧-૮-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"એક્ચ્યુઅરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિક્સ તથા સ્ટેટિસ્ટિક્સની સંયુક્ત અભ્યાસ-સમિતિ જે વિષયોની પેનલો બનાવે તેના પરીક્ષકોની નિમણૂક બન્ને અભ્યાસસમિતિઓના પ્રતિનિધિઓ કરે તેમ આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આંકડાશાસ્ત્રના વિષય માટેની અભ્યાસસમિતિની જોગવાઈ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની સંયુક્ત વિદ્યાશાખાઓ હેઠળ કરવામાં આવેલી હોઈ વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ એક્ચ્યુઅરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિક્સની અભ્યાસસમિતિનું નામાભિધાન બદલીને તેને એક્ચ્યુઅરિયલ સાયન્સ અભ્યાસસમિતિનું નામાભિધાન આપવા માટે ભલામણ કરવી અને તે અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૮. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૬થી કેમિકલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ નિમણૂકો

અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.ઈ.(કેમિકલ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૬ થી તા. ૧૪—૬—૧૯૭૭ સુધી વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો જરૂરિયાત પ્રમાણે કરવામાં આવે :

(૧) એક પ્રાધ્યાપક (વિભાગના વડા)
(૨) પાંચ આસિ. પ્રાધ્યાપક
(૩) સાત ટેકનિકલ વ્યાખ્યાતા
(૪) બે નૉન-ટેકિનકલ વ્યાખ્યાતા
(૫) આઠ ટીચિંગ આસિસ્ટન્ટ (ટીચિંગ)
(૬) ચાર ટીચિંગ આસિસ્ટન્ટ (નૉનટીચિંગ)
(૭) એક ફોરમૅન
(૮) ચાર ઇન્સ્ટ્રક્ટર
(૯) મુલાકાતી પ્રાધ્યાપક–વ્યાખ્યાતા;

૨. સ્થાનિક તપાસસમિતિના અહેવાલના પરિશિષ્ટ "સી" માં દર્શાવ્યા પ્રમાણે કેમિકલ એન્જિનિયરિંગના પદવી અભ્યાસક્રમ માટે ૩૩૧૮૦ સ્કવેર ફીટ જગાવાળું મકાન તૈયાર કરવામાં આવે;

૩. સ્થાનિક તપાસસમિતિના અહેવાલના પરિશિષ્ટ "બી" માં દર્શાવ્યા પ્રમાણેની સાધનસામગ્રી વસાવવામાં આવે;

(**નોંધ.**—સ્થાનિક તપાસસમિતિએ આ માટેનો અંદાજી ખર્ચ રૂ. ૧૨ થી ૧૪ લાખનો દર્શાવ્યો છે.)

૪. રસાયણવિજ્ઞાનની ચાલુ પ્રયોગશાળાની સુવિધા ખેવડી કરવામાં આવે;

૫. રાચરચીલાં માટે રૂપિયા ૧ લાખની રકમની જોગવાઈ કરવામાં આવે;

૬. એન્જિનિયરિંગ અને તેને સંબંધક વિષયોનાં એબસ્ટ્રેક્ટો અને જર્નલ્સનાં પાછળનાં વૉલ્યુમ્સ અને પુસ્તકો માટે રૂ. ૧,૫૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે; અને

૯. બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૯. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના સ્ટ્રીમ-બી ના ૬ વિદ્યાર્થીઓને સ્થાનિક કૉમર્સ કૉલેજમાં સ્ટ્રીમ-બી ના વર્ગમાં બેસવા દેવાની પરવાનગી માગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ કૉલેજો એ જુદી કૉલેજો હોઈ તેમની વિનંતી મંજૂર કરી શકાય એમ નથી તેમ તેમને જણાવવું.

૧૦. વનસ્પતિવિજ્ઞાનની તા. ૨૧-૭-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"ત્રીજા વર્ષ બી.એસસી. વનસ્પતિવિજ્ઞાનના પ્રશ્નપત્ર ૧૦ : એસે.ના ટોપિકસ નીચે મુજબ નિયત કરી તેને જૂન ૧૯૭૫થી અમલમાં લાવી તેને લગતો સંબંધકર્તા રેગ્યુ. સાયન્સ ૧૫ સુધારવા ભલામણ છે :

1. Energy Transfer systems in plants
2. Laws of Thermodynamics as applied to Ecosystem
3. Pollution
4. Origin of Angiosperms
5. Life cycles in Algae
6. Hetrospory and Seed habit
7. The nutrition of embryo
8. The Gene
9. Plants and Drugs
10. Vegetation of Gujarat
11. Plant diseases-their causes and cures
12. Growth and development in plants
13. Symbiosis
14. Hetrotropic Batution in Plants
15. Origin and evolution of Bryophyta
16. Carboniferous Flora
17. Mutation
18. Plantation
19. Stelar Evolution
20. Sporesin Fungi."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. સાયન્સ ૧૫ સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૫-૫-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વાણિજ્યમાં ઇકોનોમિક ઍન્ડ કોમર્શિયલ જોગ્રાફીના પ્રશ્નપત્રના વિકલ્પમાં સેલિંગ ઍન્ડ કન્ઝયુમર્સ રિલેશનશિપ અથવા ઇકોનોમિક ઍન્ડ કોમર્શિયલ ઇન્ફરમેશન-એમ બે વિષયો રાખવા ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વૈકલ્પિક વિષયો દાખલ થતાં ઇકોનોમિક ઍન્ડ કોમર્શિયલ જોગ્રાફી વિષય શીખવતા શિક્ષકને છૂટા કરી શકાશે નહીં તથા આ વિષય શીખવવાની લાયકાત ધરાવનાર શિક્ષક ઇકોનોમિક ઍન્ડ કોમર્શિયલ ઇન્ફરમેશન વિષય શીખવી શકશે."

કેટલીક ચર્ચાવિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના અભ્યાસક્રમમાં 'સેલિંગ ઍન્ડ કન્ઝયુમર્સ રિલેશનશિપ' અથવા 'ઇકોનોમિક ઍન્ડ કોમર્શિયલ ઇન્ફરમેશન' એમ બે વિષયો 'ઇકોનોમિક ઍન્ડ કોમર્શિયલ જોગ્રાફી'ના વિકલ્પે સૂચવવામાં આવ્યા છે; તો અન્ય કોઈ વિષયના વિકલ્પે તે સૂચવી શકાય કે કેમ તેની પણ શક્યતા તપાસીને પોતાની ભલામણ કરવા માટે સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૧૨. પ્રા. એ. ટી. દેસાઈના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન (શિક્ષણ સહિતની) વિદ્યાશાખાઓમાં જો વિદ્યાર્થીએ સ્નાતક કક્ષાએ તેના મુખ્ય વિષય કે ગૌણ વિષયમાં પાસ વર્ગ મેળવ્યો હોય તો તેવા વિદ્યાર્થીઓને તે મુખ્ય વિષય કે ગૌણ વિષયના અનુસ્નાતક વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા અને તેને અનુલક્ષીને ઑર્ડિનન્સ એમ.એ. ૧, એમ.એસસી. ૧ અને એમ.કોમ. ૧ સુધારવા આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) યુનિવર્સિટી પરીક્ષામાં કોઈ પણ એક પરીક્ષકને એકથી વધુ પરીક્ષામાં નિયત કરવા નહીં અને જો તેમ કરવાની પરિસ્થિતિ ઊભી થાય તો તેવા કેસ જુદા પાડી તે અંગેની જરૂરિયાત માટેનાં કારણો સાથેની અલગ ભલામણો જે તે વિષયની પરીક્ષા સમિતિ તૈયાર કરીને ઍકેડેમિક કાઉન્સિલ તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવામાં આવે તેવી પ્રવર્તમાન નિયમોમાં જોગવાઈ કરવા અને તેનો અમલ માર્ચ ૧૯૭૬ની પરીક્ષાને લાગુ પાડવા આ સભા ઠરાવે છે.

(૩) અત્યારે કેટલાક વિષયમાં એક જ પરીક્ષકને બે કે તેથી વધુ પરીક્ષામાં પરીક્ષણકાર્ય અપાય છે અને વિદ્યાર્થીસંખ્યા મોટી હોય છે ત્યાં એક પરીક્ષકને ૩૦૦થી વધુ ઉત્તરવહીઓ તપાસવા આપવાનું લગભગ સર્વસામાન્ય બનતું જાય છે અને તેથી પરીક્ષણકાર્યનું ધોરણ જાળવવું મુશ્કેલ બન્યું છે. આ પરિસ્થિતિમાં બીજા વધુ નવા પરીક્ષકોને આ કાર્યમાં સામેલ કરી શકાય તે માટે પરીક્ષકની નિમણૂક અંગેના પ્રવર્તમાન નિયમો જોઈતપાસીને તેમાં જરૂરી ફેરફાર કરવા એક સમિતિ નિયુક્ત કરવાનું આ સભા ઠરાવે છે. વધુમાં કોઈ પણ પરીક્ષકને કોઈ પણ પરિસ્થિતિમાં ૩૦૦થી વધુ ઉત્તરવહીઓ તપાસવાનું સોંપવામાં આવે નહીં તે અંગે નિયમમાં જોગવાઈ કરવા આ સભા ઠરાવે છે.

(૪) અનુસ્નાતક કક્ષાએ જે વિષયના અભ્યાસક્રમમાં ડિઝર્ટેશન-વિલેજ સર્વેની જોગવાઈ છે તેમાં બીજા પ્રશ્નપત્રોની જેમ બે વિભાગ પાડીને જુદા જુદા પરીક્ષકોને તેનું પરીક્ષણકાર્ય સોંપી શકાતું નહીં હોવાથી અપવાદ તરીકે ડિઝર્ટેશન-વિલેજ સર્વેના પેપરની પરીક્ષાનું બેવડું પરીક્ષણ કરવાની પ્રથા અગાઉ જેમ હતી તેમ ચાલુ રાખવા આ સભા ઠરાવે છે.

(૫) કૉલેજમાં જે વિષયો મુખ્ય વિષય તરીકે શીખવાય છે તેનો કુલ કાર્યભાર સંભાળવા મોટા ભાગના વિષય-વિભાગમાં ૩ શિક્ષકોની નિમણૂક થતી હોય છે, તેથી કૉલેજમાં અનુસ્નાતક કેન્દ્રની માન્યતા માટે બે અનુસ્નાતક શિક્ષક અને એક મદદનીશ અનુસ્નાતક શિક્ષક હોય તો તે પર્યાપ્ત ગણાવું જોઈએ. આ અંગે હાલના નિયમોમાં જરૂરી ફેરફાર કરવા આ સભા યુનિવર્સિટીનાં જે તે સત્તામંડળોને ભલામણ કરે છે.

(૬) અનુસ્નાતક કેન્દ્ર માટે વહીવટી ખર્ચ પેટે પ્રવર્તમાન નિયમો પ્રમાણે માત્ર કેન્દ્ર દીઠ રૂ. ૨૦૦ આપવામાં આવે છે. પરંતુ વહીવટી કાર્યનો બોજો જોતાં એક પૂરા સમયના કલાર્કનું કામ જેટલો બોજો થાય છે. તેથી વહીવટી ખર્ચ માટે કેન્દ્ર દીઠ માસિક રૂ. ૧૦૦ જેટલી રકમ બેઝિક મિનિમમ તરીકે કેન્દ્રને આપી શકાય તેવી નિયમોમાં જોગવાઈ કરવા આ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે.

(૭) કૉલેજમાં અધ્યાપકોની નિમણૂકો અંગે તેમ જ તેમની જે તે વિષયમાં કૉલેજે મેળવવાની માન્યતા અંગે છેલ્લાં વર્ષોમાં કૉલેજોએ આચરેલી કેટલીક ગંભીર ગેરરીતિઓ બહાર આવી છે. વર્ષો સુધી શિક્ષકોની માન્યતા જ ન લીધી હોય અથવા તો કોઈ એક હોદ્દા માટે માન્યતા લીધી હોય અને છતાં કૉલેજમાં બીજા કોઈ હોદ્દાની હેસિયતથી શિક્ષક પાસે કામ લેવાતું હોય તેવી માહિતી બહાર આવી છે. આ પરિસ્થિતિમાં હાલના નિયમોમાં નીચે પ્રમાણેની જોગવાઈ કરવા આ સભા યુનિવર્સિટીનાં જે તે સત્તામંડળોને ભલામણ કરે છે :

(૧) ઑ. ૯૬ પ્રમાણે કૉલેજે યુનિવર્સિટીને શિક્ષકના કાર્યભાર સંબંધી અને તેની ફાળવણી સંબંધી મોકલવાની માહિતી સાચી માહિતી છે તે અંગે જે તે શિક્ષકની સહી સાથેની માહિતી યુનિવર્સિટીને મોકલવામાં આવે.

(૨) કૉલેજમાં શિક્ષકની નિમણૂક કરવામાં આવે અથવા તો બઢતી આપવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર તેવા દરેક શિક્ષકની માન્યતા મેળવી લેવામાં આવે તે પછી અરજી સ્વીકારવામાં આવશે નહીં.

(૩) યુનિવર્સિટી કૉલેજ શિક્ષકોને માન્યતા આપે તેની જાણ પત્રથી કૉલેજને કરવામાં આવે તે સાથે અલગ પત્રથી જે તે શિક્ષકને પણ તેની જાણ કરવામાં આવે.

સદરહુ પ્રસ્તાવો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઉપરનો પ્રસ્તાવ નં. ૧ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૯-૮-૧૯૭૫ની સભામાં બાબત નં. ૫ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવો;

(૨) સદરહુ સૂચન વિદ્યાશાખાઓના અધ્યક્ષોના ધ્યાન ઉપર લાવવું;

(૩) પરીક્ષકોની નિમણૂંક કરતી વખતે સદરહુ સૂચન ધ્યાન ઉપર રાખવું;

(૪) સદરહુ પ્રસ્તાવનો વિગતે વિચાર કરી કાર્યાલય ઘટતો નિર્ણય કરે અને એ નિર્ણયની જાણ આ સભાને યથાસમયે કરે;

(૫) સદરહુ પ્રસ્તાવ નં. ૧માં જણાવેલી સમિતિને મોકલવો;

(૬) સદરહુ પ્રસ્તાવ સ્વીકારી શકાય તેમ નથી; અને

(૭) સદરહુ પ્રસ્તાવ એકિઝક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

૧૩. ગુજરાત એસ.એસ.સી. બોર્ડના સને ૧૯૪૮ના કાયદાની સુધારેલી કલમ ૨(બી)ની જોગવાઈ અનુસાર બોર્ડ ઉપર યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા અંગે શિક્ષણ અને મજૂર વિભાગના ઉપસચિવશ્રી તરફથી આવેલ તા. ૨૯-૭-૧૯૭૫ના પત્રાંક એસ.એસ.સી. ૧૦૭૧-૧૩૦૮૧-ગ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. જી. દેસાઈને નીમવા.

૧૪. એમ.એ. પદવીના અભ્યાસક્રમમાં પાર્ટ ૧ અને પાર્ટ ૨ એવી શિક્ષણવ્યવસ્થા હાલ પ્રવર્તમાન છે તેમાં ફેરફાર કરવા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૯-૮-૧૯૭૫ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

ભલામણ

"એમ.એ. પદવી માટેના વિષયોમાં જ્યાં એમ.એ. પાર્ટ ૧ અને પાર્ટ ૨ એવી શિક્ષણ-વ્યવસ્થા હાલમાં પ્રવર્તમાન છે તેમાં ફેરફાર કરી પાર્ટ ૧ અને પાર્ટ ૨ પેપરોનું શૈક્ષણિક કાર્ય એકસાથે થાય તેવી શિક્ષણવ્યવસ્થા કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી અને જે તે અભ્યાસસમિતિને ચાલુ સત્રના અંત સુધીમાં પોતપોતાના વિષયો માટેની આ અંગેના અભ્યાસક્રમોની યોજના ઘડીને રજૂ કરવા જણાવવું. દરમિયાન તત્ત્વજ્ઞાનના વિષય માટે ચાલુ વર્ષે આ યોજના અભ્યાસસમિતિના અધ્યક્ષ સાથે વિચારવિમર્શ કરીને અમલમાં મૂકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ અંગે સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૨. ડૉ. કે. જી. દેસાઈ
૩. પ્રો. ડી. એન. પાઠક
૪. પ્રો. કે. આર. ચંદ્રશેખરન
૫. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૬. પ્રો. અંબુભાઈ દેસાઈ
૭. ડૉ. જે. એ. યાજ્ઞિક.

૧૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં નિમાતા પ્રશ્નિક-પરીક્ષકો અને મોડરેટરોની નિમણૂક અંગેના અગ્રતાક્રમ અંગે આપવામાં આવતા ગુણાંકન અંગે સુચિંતિત અહેવાલ તૈયાર કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧-૧-૧૯૭૫ની સભામાં નીમેલ સમિતિની તા. ૧૩-૮-૧૯૭૫ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૬. શ્રી પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કામર્સ કૉલેજ, પ્રાંતીજનું જોડાણ પાછું સોંપવા (સરેન્ડર કરવા) અંગે સદરહુ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૧૪-૮-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતના વિશિષ્ટ સંજોગોના ઉપલક્ષમાં વખતોવખત ઊભી થતી પરિસ્થિતિ મુજબ આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૭. અભ્યાસક્રમમાં પુનર્રચના (Restructuring of courses)ની બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૮-૮-૧૯૭૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરવો અને એના અમલ માટેની સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ

૪. આચાર્ય ય: પ્રા. શુક્લ.

૫. ડૉ. ધીરુભાઈ ઠાકર

૬. ફાધર ડાયસ

૭. ડૉ. એમ. એન. દેસાઈ

૮. પ્રો. ડી. એન. પાઠક.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકે. કાઉ. / ૩૩૪૮૮ / ૧૯૭૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
સપ્ટેંબર ૧૫, ૧૯૭૫.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪(૨)

Topics for Dissertations at T.Y.B.Com. for Business Management

Paper IV : Part-E. for 1976 Examination

(1) Profile of any Industrial Unit.

(2) The study of purchasing functions in any Unit.

(3) Tools of Financial analysis.

(4) The Public Deposit System in Indian Industries.

(5) Recruitment Practices in any industry.

(6) Promotional Policies of any Unit.

(7) The Distributing channels at the Textile Industry.

(8) Market Research in Specific Indian firm.

(9) Quality control in any industrial Unit.

(10) Working capital financing procedure of a Commercial Bank.

Notes.—

(1) Candidates must submit one type-written copy on each of the dissertations on at least two topics to be selected from topics listed above.

(2) Each dissertation will not be exceeding 20 type-written full-scap pages.

(3) Candidates will be required to submit their dissertation through the Principal of the respective college before 15th March of every year.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪(૩)

Two Years Diploma Course in Dramatic Arts
(In force from June 1975)

FIRST YEAR

Paper I—Literature :

(1) Study of Gujarati Dramatic Literature with special reference to the styles of Dalpatram, Ranchhodbhai Udayram, Ramanbhai Nilkanth, Narmad, Nanalal, K. M. Munshi, C. C. Mehta and Shivkumar Joshi.
(2) Study of the history of the last hundred years of the Gujarati Theatre.
(3) General study of the Gujarati Folk form 'Bhavai'.
(4) Detailed study of two full-length original Gujarati Plays.
(5) Writing of Radio play.

Paper II—Acting :

(1) Study of the four main divisions of Abhinaya by Bharat in Natyashastra.
(2) Study of various Theories of Acting.
(3) Study of elementary principles of Psychology, Bhav, Rasa and Concept to conflict.
(4) Place at the Actor's Art in the Theatre, the general requirements of an Actor, the objective of an Actor's Art.
(5) The Nature and Development of Acting.
(6) Scope and nature of training Relaxation, Imagination, Memory and Concentration.

Practice :

(1) Training in direction, pronunciation and swaras.
(2) Rhythmic Exercises.
(3) Recitation of twenty Prose passages and Poems.
(4) Exercises of Relaxation, concentration, memory, Imagination and suppleness etc.
(5) Improvisation exercises.

Paper III—Production :

(1) Stage Geography, Planning and designing sets, Properties and business, Floor Plans, drawings.

(2) Composition, Movements.

(3) Purpose and requirements of costumes. Stage lighting.

(4) **Theatre Architecture :**

(*a*) Classical Indian Theatre.
(*b*) Greek Theatre.
(*c*) Elizabethan Theatre.

(5) Study of Natya Dharmi and Lok-Dharmi-Styles of Production of Plays :

(1) Naturalistic, (2) Realistic, (3) Non-realistic, (4) Technic of Radio Play.

Practice : Production of two one-act plays and preparing their production scripts with amphasis on movements, grouping and composition.

Practical Training through Educational Tour

Students should witness two to three Theatre Centres including certain Folk fairs also.

Gujarat University should consider Drama students' trips as Educational tour and University should make it a part and parcel of the regular curriculum in Dramatic Arts.

SECOND YEAR

Paper I — Literature :

(1) General study of Sophocles or Shakespeare, Moliere and Ibsen, Chekhov or Shaw.

(2) Study of any two of the following :
Bhas, Shudraka, Kalidas.

(3) Study of Modern Indian play wrights : Tagore, Adyarangachariya, Mohanrakesh, Vijay Tenduker or Dharmavir Bharti and Badal Sarkar or Laxminarayanlal.

(4) Various *Forms of Drama :*

(*a*) Tragedy, Comedy, Melodrama, Farce and relative study of stage *play with Radio Play & Television Play*

(*b*) Complete study of Folk. Form of Gujarati 'Bhavai'

(5) Study of life and work of any three great Actors.

(6) Writing of T.V. Plays

Books for reference

Shakespeare by S. R. Bhatt
Molier by C. C. Mehta
Drama in Rural India by J. C. Mathur.

Paper II — Acting :

1. Principles of Stanislavsky system of Acting.

(*a*) Character and characterisation, Building a character, External aids and creative approach, Tempo and Rhythm.